કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૨

(અધ્યાય–૧ : પાદ–૪)
(અધ્યાય–૨ : પાદ–૧)
નામપ્રકરણ

: સંપાદિકા :
પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રી નીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૨

અધ્યાય-૧, પાદ-૪ • અધ્યાય-૨, પાદ-૧
નામપ્રકરણ

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય**નીતિસૂરીશ્વરજી મ.સા.**

: આશીર્વાદધારા :
જીરાવલાતીર્થપ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજયમુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

: સંપાદિકા :
પૂ.સા. શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ.શ્રી વિજયનીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

સુરત

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- **રાજુભાઈ બી. શેઠ**
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494
- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814
- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

- **સંજયભાઈ શાહ**
  એસ.આર. ક્રિએશન્સ, 227/જી, ઝવેરબાગ, પહેલે માળ,
  ઓફિસ નં. 16, નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
  (M) 98202 29419

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનના કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા સિંચન કરીને રત્નત્રયીમાં
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
ચરણકમલમાં

સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજયનીતિસૂરીશ્વરજી મ.સા. દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દિ વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્
વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના
સદુપદેશથી
શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ
આચાર્યશ્રી **વિજયનીતિસૂરિ આરાધના ભવન**
કતારગામ, સુરત
તથા
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.,
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
સદુપદેશથી
શ્રી લાવણ્ય સોસાયટી જૈન સંઘ-શ્રાવિકા ઉપાશ્રય
અમદાવાદ
જ્ઞાનદ્રવ્યમાંથી

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.નું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - પોથી, પંડિત અને પ્રતિમા.

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોના જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીના પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનના બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પં. ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવીપ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષના વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયના ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

●●●

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુના ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યભગવંતે** એના માટે જ "શ્રી સિદ્ધહેમ વ્યાકરણ" જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે **સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.**ના શિષ્યા સા.શ્રી **આર્યયશા મ.સા.**એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તે છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો, જેમાં નિયમો, સાધનિકાઓ ને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, છપાઈ છે. તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાના વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિના ધર્મલાભ

પ્રાસ્તાવિકમ્

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ રાજ્યાવસ્થાની અંદર વ્યવહારસ્થિતિના સ્થાપનને માટે કળા, શિલ્પ, ભાષા, લિપી વિ. શિખવાડીને લોકોને સુચારૂ રીતે સંસ્કારિત કર્યા. તેમાં પ્રભુએ શીખવેલી ભાષા અને લિપિના સમન્વયથી સુંદર અને સંસ્કારિત ભાષા તરીકે સંસ્કૃત ભાષા શીખવી.

દરેક તીર્થંકર પ્રભુ અર્ધમાગધી ભાષામાં દેશના આપે છે. ગણધરોએ આર્ય-પ્રાકૃત ભાષામાં સૂત્રોની રચના કરી તેના ઉપર પૂર્વાચાર્યોએ સંસ્કૃત ભાષામાં અનેક ટીકાગ્રંથોનું સર્જન કર્યું. જૈન શાસનના મોટા ભાગના ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખાયા. તે ભાષાના જ્ઞાન વિના ગ્રંથોના બોધથી વંચિત ન રહી જવા માટે સંસ્કૃત ભાષાનું જ્ઞાન અનિવાર્ય છે.

વ્યાકરણથી વ્યુત્પત્તિ લાભ થાય છે. વ્યુત્પત્તિ લાભથી શબ્દનો સમ્યગ્ વિન્યાસ થાય છે. સમ્યગ્ વિન્યાસથી યથાર્થ અત્યંત ઉપાદેયતા સુધી પહોંચી શકાય છે. માટે વ્યાકરણ છે.

વ્યાકરણોનું સર્જન ભગવાન મહાવીરના સમયથી ચાલુ થયું. તેમાં પ્રાચીન વ્યાકરણ પાણિનિઋષિએ બનાવેલું પાણિનિવ્યાકરણ, સરસ્વતીકંઠાભરણ, કાતંત્રવ્યાકરણ, લઘુભોજવ્યાકરણ આદિ અનેક વ્યાકરણો હોવા છતાં સિદ્ધરાજ રાજાની પ્રેરણાથી કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજીએ સરળ, સંક્ષેપ, સુખબોધ અને કાળને અનુરૂપ એવા શ્રી સિદ્ધહેમવ્યાકરણ શબ્દાનુશાસન આદિ પાંચ અનુશાસનની રચના કરી. તેમાં આ શબ્દાનુશાસનનું બાળજીવોને સુખે બોધ થાય માટે

લઘુવૃત્તિ-મધ્યમવૃત્તિ-બૃહદ્વૃત્તિ-ન્યાસ આદિ વિભાગોમાં વહેંચીને જીવોની જિજ્ઞાસાનુસાર વર્ગીકરણ કર્યું.

પૂ.નીતિસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી **"હેમબૃહદ્પ્રક્રિયા"** નામનો ગ્રંથ આ જ વ્યાકરણના સૂત્રોને પ્રક્રિયા પદ્ધતિથી બોધ કરાવતો પ્રકાશિત થયેલો તેમજ વાક્યના વિશેષ બોધને અર્થે કારક પ્રક્રિયાને લક્ષમાં રાખીને **"વાક્યપ્રકાશ"** નામનો ગ્રંથ પણ તૈયાર કરાવેલ. તેમજ પૂ.નીતિસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પંન્યાસપ્રવર શ્રી મુક્તિવિજયજી ગણિવરે સંસ્કૃતથી ગુજરાતી શબ્દનો બોધ થાય માટે **"શ્રી શબ્દરત્નમહોદધિ"** નામના શબ્દકોશનું સંસ્કરણ કર્યું.

આવા અનેક ગ્રંથો સંસ્કૃત ભાષાના સુખબોધને માટે પ્રકાશિત થયેલા.

તેમાં એક નવું નજરાણું ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની સા.શ્રી **નિરૂપમાશ્રીજી મ.સા.**ના પ્રશિષ્યા સા.શ્રી **પરમયશાશ્રીજી**એ લઘુવૃત્તિ વ્યાકરણ તેમજ બૃહદ્વૃત્તિ ન્યાસ આદિમાંથી પણ ઉપયોગી લાગતા પદાર્થો સહિત ગુર્જર ભાષામાં વર્તમાનકાલીન અધ્યેતાઓના શીઘ્રજ્ઞાન માટે વિવરણ તૈયાર કર્યું છે. તેનો આ બીજો ભાગ, જેમાં સ્યાદિપ્રકરણ યાને શબ્દરૂપોની પ્રક્રિયાનું વર્ણન છે, અભ્યાસુઓને લાભદાયી થાય તેવી અભ્યર્થના.

આ.શ્રી નીતિસૂરિ આરાધના ભવન,
કતારગામ, સુરત
મહા સુદ-૧૩

આચાર્યશ્રી વિજય
મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.

• • •

પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિ.હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્ત્તિની સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા. આર્યયશાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આ. શ્રી વિજયનીતિસૂરી આરાધના ભવન કતારગામ-સુરત તેમજ શ્રી લાવણ્ય સોસાયટી જૈન સંઘ-અમદાવાદ જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

વિ.સં.૨૦૭૮
કા.સુ.૧૦

લિ.
આ. શ્રીવિજયનીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

સંપાદકીય નિવેદન

કલિકાલસર્વ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે બીજો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વિ. પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગમાં પરિશિષ્ટ-૨માં વિવેચન અંતર્ગત કેટલીકવિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભ સ્થાનો પ.પૂ.આ.શ્રીવિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસ વિ. ટીકાથી યુક્ત શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પુસ્તકાધારે લખેલ છે.

અત્યંત સહકાર આપીને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

'મિચ્છામિ દુક્કડમ્'

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

• • •

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પત્રક્રમ
૧.	સંકેતસૂચિ	—
૨.	નામ પ્રકરણ (૧/૪)	૧
૩.	અભ્યાસ-૧	૧૫૪
૪.	તત્સંબંધી/ઉભયસંબંધીનું કોષ્ટક	૧૫૬
૫.	નામ પ્રકરણ (૨/૧)	૧૫૯
૬.	અભ્યાસ-૨	૩૭૯
૭.	તત્સંબંધી/ઉભયસંબંધીનું કોષ્ટક	૩૮૧
૮.	પરિશિષ્ટ-૧ (ન્યાયનાં અર્થ)	૩૮૪
૯.	પરિશિષ્ટ-૨ (કેટલાંક સંદર્ભ સ્થાન)	૩૯૧

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

प्रथमेऽध्याये चतुर्थः पादः

नाम प्रकरणम्

अत आः स्यादौ जस्-भ्याम्-ये १/४/१

अ.अ.सू. : स्यादौ जस्-भ्याम्-ये अतः आः ।

અર્થ : સ્યાદિ એવા જસ્, ભ્યામ્ અને ય પ્રત્યય પર છતાં પૂર્વનાં અ નો આ થાય છે.

સ. : **जस्-भ्याम्-ये→**जस् च भ्याम् च य च इति, जसभ्याम्यम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **देवाः→**દેવો. અધાતુ-વિભક્તિ૦૧.૧.૨૭થી દેવને **नामसंज्ञा.**[1]
સ્યૌ-જસમૌ૦૧.૧.૧૮થી જસ્ને **प्रथमा संज्ञा.**
સ્ત્યાદિ૦૧.૧.૧૯થી જસ્ને **विभक्ति संज्ञा.**
નામ્નઃ૦૨.૨.૩૧થી જસ્→દેવ+**जस्**
અપ્રયોગીત્ ૧.૧.૩૭થી જ્ને **ईत्संज्ञा→**દેવ+અસ્
આ સૂત્રથી પૂર્વનાં અનો આ→**देवा**+અસ્

---

૧. અધાતુવિભક્તિ૦૧.૧.૨૭ વિ. સંજ્ઞા સૂત્રો, નામ્નઃ૦૨.૨.૩૧ વિ. વિભક્તિનાં સૂત્રો, સ્યૌ-જસમૌ૦૧.૧.૧૮, સો રુઃ ૨.૧.૭૨, રઃ પદાન્તે૦૧.૩.૫૩ વિ. કેટલાંક સૂત્રો રૂપોની સાધનિકામાં વારંવાર પુનરાવર્ત્તિત થતાં હોવાથી આગામી સૂત્રોમાં વિદ્યાર્થીએ સ્વયં જ યથાયોગ્ય જાણી લેવા.

समानानां०१.२.१थी दीर्घ→देवास्
तदन्तं०१.१.२०थी देवास्ने **पदसंज्ञा.**
सो रुः २.१.७२थी स्नो रु→देवारु
अप्रयोगीत् १.१.३७थी उने **ईत्संज्ञा**→देवार्
रः पदान्ते०१.३.५३थी र् नो विसर्ग→देवाः ।

(२) **आभ्याम्**→આ બે વડે इदम्+भ्याम्
अनक् २.१.३६थी इदम् नो अ→**अ**+भ्याम्
आ सूत्रथी भ्याम् પર છતાં अ नो आ→**आ**भ्याम्

(૩) **सुखाय**→સુખ માટે सुख+ङे
ङे-ङस्यो०१.४.६थी ङेनो य→सुख+**य**
आ सूत्रथी य પર છતાં अनो आ→सु**खाय** ।

પ્ર.ઉદા. स्यादाविति किम् ? बाणजः→બાણોને ફેંકનાર.
बाणान् जस्यतीति क्विप् (जसूच् मोक्षणे १२२३)
क्विप् ५.१.१४८थी क्विप्→बाण+जस्+**०**+सि
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→बाणजस्
तदन्तं०१.१.२०थी बाणजस्ने **पदसंज्ञा.**
सो रुः २.१.७२थी स्नो रु→बाणजर्
रः पदान्ते०१.३.५३थी विसर्ग→बाण**जः** ।

★ અહીં સ્યાદિ એવો जस् નથી માટે આ સૂત્ર લાગ્યું નહીં.

વિશેષતા :

(૧) जस् અને भ्याम् સ્યાદિ પ્રત્યય છે. અને जस्-भ्याम्નાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव**[1] ૨/૬ ન્યાયાનુસારે સ્યાદિ એવા

१. ન્યાયનાં અર્થ માટે પરિશિષ્ટ-૧માં તથા વિશેષ અર્થ માટે સં.સૌ.માં જોવું.

જ યનું ગ્રહણ થાય છે. કૃદંત, તદ્ધિત કે કર્મણિ સંબંધી યનું ગ્રહણ થતું નથી.

(૨) અહીંથી નામ પ્રકરણની શરૂઆત થાય છે. આ પ્રકરણમાં ગ્રંથકાર ભગવંતે મ.વૃ.વિ.માં તત્સંબંધી અને ઉભયસંબંધી (તત્સંબંધી+અન્ય સંબંધી)નો મહત્ત્વપૂર્ણ પદાર્થ જણાવ્યો છે. જેને વિદ્યાર્થીવર્ગ ખાસ સમજે એવી અપેક્ષાથી સર્વ પ્રથમ અહીં એની વ્યાખ્યા રજૂ કરાય છે.

(a) **તત્સંબંધી** : સમાસાદિ કાર્ય દ્વારા અન્યપદનું વિશેષણ બન્યા બાદ સૂત્રગત તમામ શરતો પૂરી ન થતી હોવાથી જે સૂત્રની પ્રવૃત્તિ તેવા સ્થાને ન થાય તે સૂત્ર તત્સંબંધી કહેવાય છે.

(b) **ઉભયસંબંધી** : સમાસાદિ કાર્ય દ્વારા અન્યપદનું વિશેષણ બન્યા બાદ સૂત્રગત તમામ શરતો પૂરી ન થતી હોવા છતાં જે સૂત્રની પ્રવૃત્તિ તેવા સ્થાને પણ થાય તે સૂત્ર ઉભયસંબંધી કહેવાય છે.

યદ્યપિ દરેક સૂત્રોનો સમાવેશ તત્સંબંધી કે ઉભયસંબંધીમાં થવાનો જ છે. પરંતુ કેટલાંક અન્યસંબંધી પ્રયોગોમાં પણ તમામ શરત યથોક્ત રીતે ઘટતી હોવાથી સૂત્ર પ્રવૃત્તિ થાય જ છે. પણ ત્યાં આ વિચારણા નિષ્પ્રયોજન હોવાથી વ્યાકરણ સાહિત્યમાં જણાવેલ નથી. તેવું વિચારી શકાય છે. (ઉદા.અત આઃ૦૧.૪.૧ની અપેક્ષાએ પ્રિયકમલાઃ।)

જિ. : **प्रत्यया-ऽप्रत्ययय़ोः प्रत्ययस्यैव** ૨/૨ ન્યાયાનુસારે સ્યાદિ એવા જસ્નું જ ગ્રહણ થવાનું હતું. છતાં સૂત્રમાં 'સ્યાદૌ'નું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : ણ-ષમસત્પરે૦૨.૧.૬૦માં નિર્દિષ્ટ સ્યાદિ વિધિની શરૂઆત કયા સૂત્રથી કરવી તે જણાવવા માટે 'સ્યાદૌ'નું ગ્રહણ છે.

જિ. : સ્યાદિ પ્રત્યયોમાં યનો નિર્દેશ નથી છતાં સ્યાદિ એવા યનું ગ્રહણ કેવી રીતે થાય ?

સમા. : સ્થાનીવાડ્વર્ણ૦૭.૪.૧૦૯ પરિભાષાનુસારે સ્થાનીનો આદેશ સ્થાનીવત્ મનાય છે. તેથી સ્યાદિ એવા ચ.એ.વ. ડેનો ડે-ડસ્યો૦૧.૪.૬થી થયેલ ય આદેશ પણ સ્યાદિનો જ મનાય છે.

જિ. : દેવ+અસ્ અહીં સમાનાનાં૦૧.૨.૧થી દેવાઃ સિદ્ધ થાય જ છે. તો આ સૂત્રમાં જસ્નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો આ સૂત્રમાં જસ્નું ગ્રહણ ન કર્યું હોત તો પરસૂત્ર લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી થતો અનો લોપ બળવાન થતાં 'દેવઃ' આવું અનિષ્ટ રૂપ થાય. માટે આ સૂત્રથી અનો આ કરીને સમાનાનાં૦૧.૨.૧થી સંધિ કરેલ છે.

જિ. : સુખ+ડે અહીં ડેડસ્યો૦૧.૪.૬થી અનાં નિમિત્તે ડેનો ય આદેશ થયો છે. અને **સન્નિપાતલક્ષણો વિધિરનિમિત્તં તદ્વિઘાતસ્ય ૧/૧૯** ન્યાયાનુસારે તે ય પોતાનાં કારણભૂત અનો ઘાત કરનારો થતો નથી. તો આ સૂત્ર દ્વારા યનાં નિમિત્તે અનો આ કેવી રીતે થશે ?

સમા. : સૂત્રમાં ગ્રહણ કરેલ 'યે' પદ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, **'ન્યાયાઃ સ્થવિરયષ્ટિ પ્રાયાઃ'** ૩/૧૮ ન્યાયાનુસારે **સન્નિપાત૦૧/૧૯** ન્યાય અનિત્ય થાય છે.

ભિસ ઐસ્ ૧/૪/૨

અ.અ.સૂ. : **અતઃ સ્યાદેઃ ભિસઃ ઐસ્ ।**

અર્થ : અકારથી પર રહેલ સ્યાદિ એવા ભિસ્ પ્રત્યયનો ઐસ્ આદેશ થાય છે.

ઉદા. (૧) **देवैः**→દેવો વડે. देव+भिस्
આ સૂત્રથી અ થી પર રહેલ ભિસ્નો ઐસ્→देव+**ऐस्**
ऐदौत्०૧.૨.૧૨થી અ+ઐ=ઐ→**देवैस्**
પદસંજ્ઞા વિ.→**देवैः** ।

વિશેષતા :

જિ. : અહીં ઉપરોક્ત સૂત્ર દ્વારા 'अतः' એ પ્રમાણે ષષ્ઠ્યન્ત અને 'स्यादौ' એ પ્રમાણે સપ્તમ્યન્તની અનુવૃત્તિ આવે છે. છતાં પણ સૂત્રાર્થમાં આ પદોની અનુક્રમે પંચમ્યન્ત અને ષષ્ઠ્યન્ત અનુવૃત્તિ ગ્રહણ કેવી રીતે કરી ?

સમા. : **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે અર્થનાં કારણે 'अतः' ષષ્ઠ્યન્ત પદ પંચમ્યન્તમાં અને 'स्यादौ' સપ્તમ્યન્ત પદ ષષ્ઠ્યન્તમાં પરિવર્ત્તન પામ્યું છે.

જિ. : षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે અહીં ભિસ્નાં સ્નો જ ઐસ્ થાય તો સંપૂર્ણ ભિસ્નો ઐસ્ આદેશ કેવી રીતે કર્યો ?

સમા. : જ્યારે પ્રત્યયને ષષ્ઠી વિભક્તિ હોય ત્યારે प्रत्ययस्य ૭.૪.૧૦૮ પરિભાષાનુસારે પ્રત્યયનાં અન્ત્યનો આદેશ ન થતાં સંપૂર્ણ પ્રત્યયનો આદેશ કરવો.

જિ. : દેવ+ભિસ્ અહીં દેવ+એસ્ કરીએ તો પણ **देवैः** સિદ્ધ થવાનું જ હતું તો સૂત્રમાં એસ્ આદેશ ન કરતાં ઐસ્ આદેશ શા માટે કર્યો ?

સમા. : જો એસ્ કરીએ તો लुगस्यादे०૨.૧.૧૧૩થી એસ્ પર છતાં પૂર્વનાં અનો લોપ થાય અને **देवेः** આવું અશુદ્ધ રૂપ થવાની આપત્તિ આવે. માટે ઐસ્ આદેશ કર્યો છે.

જિ. : જો અહીં ગ્રંથકારશ્રીને દેવેઃ રૂપ ઈષ્ટ હોય તો સૂત્રમાં એસ્ કે ઐસ્ આદેશ ન કરતાં ઇસ્ આદેશ કરે. તથા તે સિવાય એસ્ આદેશ કરવાથી પણ સૂત્રમાં વિધાન-સામર્થ્યથી જ લુગસ્યાદે૦૨.૧.૧૧૩ સૂત્ર ન લાગે. અને ઐદૌત્૦૧.૨.૧૨થી દેવૈઃ આવું રૂપ સિદ્ધ થઈ જાય.

સમા. : **ऐस्करणाद् अतिजरसैः→अतिजरसैः** પ્રયોગ ઐસ્ આદેશથી જ સિદ્ધ થાય છે. તે આ રીતે, જરામતિક્રાન્ત ઇતિ અતિજરઃ, અતિજર+ભિસ્ સ્થાને **एकदेशविकृतमनन्यवत् ૧/૭** ન્યાયાનુસારે જર તે જરા સ્વરૂપે મનાતાં જરાયા૦૨.૧.૩થી અતિજરમાં રહેલ જરનો જરસ્ આદેશ થાય છે. અને આ સૂત્રથી અથી પર રહેલ ભિસ્નો ઐસ્ થાય છે.

હવે, અતિજરસ્+ઐસ્ સ્થાને જો એસ્ આદેશ કરીએ તો, અતિજરસેઃ આવો અશુદ્ધ પ્રયોગ થવાની આપત્તિ આવે.

યદ્યપિ **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य ૧/૧૯** ન્યાયાનુસારે ઐસ્ આદેશનાં નિમિત્તભૂત અતિજરનો અતિજરસ્ ન થાય. પરંતુ અહીં આ ન્યાયની પ્રવૃત્તિ અનિત્ય જાણવી.

इदमदसोऽक्येव ૧/૪/૩

અ.અ.સૂ. : **अकि एव इदमदसः अतः स्यादेः भिसः ऐस् ।**

અર્થ : અક્ હોતે છતે જ ઇદમ્ અને અદસ્નાં અકારથી પર સ્યાદિ એવા ભિસ્ પ્રત્યયનો ઐસ્ આદેશ થાય છે.

સ. : **इदमदसः→**इदं च अदस् च इति इदमदः, तस्येति ।

ઉદા. (૧) **इमकैः→**આ નિન્દ્ય(લોકો) વડે.

कुत्सितैः एभिरिति । ઇદમ્+ભિસ્ સ્થાને,

त्यादि-सर्वादेः०७.३.२९थी अक्→इद्+**अक्**+अम्+भिस्
आ द्वेरः २.१.४१थी म्नो अ→इद्+अक्+**अअ**+भिस्
लुगस्यादे०२.१.११३थी अनो लोप→इदक+भिस्
दो मः०२.१.३९थी द्नो म्→**इम**क+भिस्
आ सूत्रथी भिस्नो ऐस्→इमक+**ऐस्**
ऐदौत्०१.२.१२थी अ+ऐ=ऐ→इम**कैस्**
पदसंज्ञा वि.→इम**कैः** ।

(२) **अमुकैः**→आ निन्द्य(लोको) वडे. कुत्सितैः अमीभिरिति ।
अदस्+भिस् स्थाने, पूर्व प्रमाणे अदक+भिस्
मोऽवर्णस्य २.१.४५थी द्नो म्→**अम**क+भिस्
आ सूत्रथी भिस्नो ऐस्→अमक+**ऐस्**
ऐदौत्०१.२.१२थी अ+ऐ=ऐ→अम**कैस्**
मादुवर्णोऽनु २.१.४७थी म्नां अनो उ→अ**मुकैस्**
पदसंज्ञा वि.→अमुकैः ।

प्र.उदा. : **अक्येवेति किम् ?**

(१) **एभिः**→आ(लोको) वडे. इदम्+भिस्
अनक् २.१.३६थी इदम्नो अ→**अ**+भिस्
एद् बहुस्०१.४.४थी अनो ए→**ए**+भिस्
पदसंज्ञा वि.→एभिः ।

(२) **अमीभिः**→आ(लोको) वडे. अदस्+भिस्
आ द्वेरः २.१.४१थी स्नो अ→अद**अ**+भिस्
लुगस्यादे०२.१.११३थी अनो लोप→अद+भिस्
मोऽवर्ण०२.१.४५थी द्नो म्→**अम**+भिस्
एद् बहु०१.४.४थी अनो ए→**अमे**+भिस्

बहुष्वेरीः २.१.४९थी एनो ई→**अमी**भिस्
पदसंज्ञा वि.→अमीभिः ।

- અહીં अक् પ્રત્યય ન હોવાથી આ સૂત્ર લાગ્યું નહીં.

વિશેષતા :

જિ. : इमक+भिस् સ્થાને અકારથી પર भिस्નો ऐस् આદેશ પૂર્વસૂત્રથી થવાનો જ હતો છતાં આ સૂત્રની રચના શા માટે કરી ?

સમા. : **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયાનુસારે આ સૂત્રની રચના નિયમ માટે થઈ છે. **નિયમ :** इदम् કે अदस् સંબંધી અકારથી પર भिस्નો ऐस् આદેશ अक् હોતે છતે જ થાય છે.

જિ. : **सिद्धे सत्यारम्भो०૧/૨૫** ન્યાયથી નિયમનું ગ્રહણ થઈ જ જાય છે. તો શા માટે સૂત્રમાં 'एव'નું ગ્રહણ કર્યું ?

સમા. : અહીં નિયમ બે રીતે સંભવી શકે છે.

(૧) अक्ની ઉપસ્થિતિમાં इदम्-अदस्નાં જ અકારથી પર भिस्નો ऐस् કરવો.

(૨) अक्ની ઉપસ્થિતિમાં જ इदम्-अदस्નાં અકારથી પર भिस्નો ऐस् કરવો.

સૂત્રમાંના 'एव' પદ દ્વારા બીજો નિયમ સિદ્ધ થાય છે. તેથી तकैः, विश्वकैः આવા પણ પ્રયોગો થઈ શકે છે.

एद् बहुस्भोसि ૧/૪/૪

અ.અ.સૂ. : स्यादौ बहुस्भोसि अतः एत् ।

અર્થ : બ.વ.માં વર્ત્તતાં સ્યાદિ એવા સ્કારાદિ અને भ्કારાદિ પ્રત્યય તેમજ ओस् પ્રત્યય પર છતાં પૂર્વનાં अનો એ થાય છે.

સ. : **बहुस्भोसि→**स् च भ् च इति स्भौ, बहुत्वे स्भौ इति बहुस्भौ, बहुस्भौ च ओस् च इति बहुस्भोस्, तस्मिन्निति ।

ઉદા. (૧) **एषु→**આ(લોકો)ને વિષે. इदम्+सुप्
अनक् २.१.૩૬થી इदम्નો अ→**अ**+सु
આ સૂત્રથી सुप् પર છતાં अનો ए→**ए**सु
नाम्यन्तस्था०२.૩.૧૫થી स्નો ष्→**एषु** ।

(૨) **एभिः→**આ(લોકો) વડે. इदम्+भिस्
આની સાધનિકા ૧.૪.૩ સૂત્ર પ્રમાણે જાણવી.

(૩) **देवयोः→**બે દેવોનું. देव+ओस्
આ સૂત્રથી ओस् પર છતાં अનો ए→**देवे**+ओस्
एदैतोऽ०१.२.२૩થી अय्→**देवय्**+ओस्
પદસંજ્ઞા વિ.→देवयोः ।

વિશેષતા :

(૧) પૂર્વ સૂત્રમાં 'अतः' પદ પંચમ્યન્ત રૂપે વિવક્ષિત હતું. છતાં આ સૂત્રમાં **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે તેની ષષ્ઠ્યન્ત રૂપે અનુવૃત્તિ લીધેલ છે.

(૨) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫ ન્યાયાનુસારે બહુ શબ્દ દ્વન્દ્વ સમાસગત स् અને भ् બન્ને પદ સાથે જોડાય છે.

જિ. : देव+भिस् આ અવસ્થામાં भिस ऐस् ૧.૪.૨ અને આ સૂત્ર એ પ્રમાણે બન્ને સૂત્રની પ્રાપ્તિ છે તો આ સૂત્ર પર હોવાથી સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે આ સૂત્રની જ પ્રવૃત્તિ થવી જોઈએ તો भिस ऐस् ૧.૪.૨ સૂત્રની જ પ્રવૃત્તિ કેમ કરી ?

સમા. : આ સૂત્ર બ.વ.નાં भ्કારાદિ કે સ્કારાદિ દરેક પ્રત્યયનાં વિષયમાં પ્રવર્ત્તે છે. જ્યારે ભિસ૦૧.૪.૨ સૂત્ર માત્ર ભિસ્નાં જ વિષયમાં પ્રવર્ત્તે છે. તેથી આ સૂત્ર સાવકાશ છે. અને ભિસ૦૧.૪.૨ સૂત્ર નિરવકાશ છે. માટે **निरवकाशं सावकाशात्** ૧/૪૩ ન્યાયાનુસારે ભિસ ઐસ્ ૧.૪.૨થી જ ભિસ્નો ઐસ્ આદેશ થાય છે.

જિ. : આ સૂત્રથી અનો એ કર્યા બાદ પણ **भूतपूर्वकस्तद्वदुपचारः** ૧/૮ ન્યાયાનુસારે એને અ સ્વરૂપ માનીને ભિસ ઐસ્ ૧.૪.૨ની પ્રવૃત્તિ થઈ શકે છે.

સમા. : **'सम्भवति मुख्ये गुणकल्पनाया अयोगः'**→મુખ્ય અર્થી ૫૨ ભિસ્નો ઐસ્ સંભવતો હોવાથી **भूतपूर्वकस्तद्वदुपचारः** ૧/૮ ન્યાયને આશ્રયીને એ રૂપે રહેલ ગૌણ અની કલ્પના કરીને ઐસ્ આદેશ કરવો અયોગ્ય કહેવાય છે. અન્યથા અહીં देवयैः આવો અનિષ્ટ પ્રયોગ થાય.

टा-ङसोरिन-स्यौ ૧/૪/૫

અ.અ.સૂ. : अतः स्याद्योः टा-ङसोः इन-स्यौ ।

અર્થ : અકારથી ૫૨ રહેલાં સ્યાદિ એવા ટા અને ઙસ્ પ્રત્યયનો અનુક્રમે ઇન અને સ્ય આદેશ થાય છે.

સ. : (૧) **टा-ङसोः**→टा च ङस् च इति टाङसौ, तयोरिति ।
(૨) **इन-स्यौ**→इनश्च स्यश्च इति ।

ઉદા. (૧) **तेन**→તેના વડે. तद्+**टा**
આ દ્વેરઃ ૨.૧.૪૧થી દ્નો અ→**त अ**+આ
लुगस्यादे૦૨.૧.૧૧૩થી અનો લોપ→त+આ

આ સૂત્રથી ટાનો ઇન→ત+**ઇન**
અવર્ણસ્યે૦૧.૨.૬થી અ+ઇ=એ→**તેન** ।

(૨) **યસ્ય**→જેનું. યદ્+ઙસ્
આ દ્વેરઃ ૨.૧.૪૧ વિ.થી→**ય**+અસ્
આ સૂત્રથી ઙસ્નો સ્ય→**યસ્ય** ।

વિશેષતા :

(૧) जरामतिक्रान्तः→અતિજરઃ, અતિજર+ટા આ અવસ્થામાં અન્ય વ્યાકરણકારો પહેલાં જરા થી પર ટાનો ઇન કરે છે. પછી જરસ્ આદેશ કરે છે. તેથી તેમના મતે 'અતિજરસિન' આવો પ્રયોગ સિદ્ધ થાય છે.

(૨) પરંતુ અતિજર+ટા સ્થાને ગ્રંથકારશ્રી કહે છે કે, 'આ સ્થાને આ સૂત્ર અને જરાયા૦૨.૧.૩ બન્ને સૂત્રની પ્રાપ્તિ છે. પણ ટા કે ઇન પર છતાં જરાનો જરસ્ આદેશ થવાનો જ છે. તેથી જરાયા૦૨.૧.૩ સૂત્ર નિત્યસૂત્ર છે. માટે **બલવન્નિત્યમનિત્યાત્ ૧/૪૧** ન્યાયાનુસારે જરાયા૦૨.૧.૩ સૂત્ર બળવાન બનતાં પહેલાં જરસ્ આદેશ થાય છે. પછી ટા પ્રત્યય તે અકારથી પર ન રહેતાં તેનો ઇન આદેશ થતો નથી. તેથી 'અતિજરસા' આવો પ્રયોગ થાય છે.' (તેવું ઙે, ઙસિ માટે પણ સમજવું.)

(૩) આ સૂત્રમાં 'ટા-ઙસોઃ' સ્થાની અને 'ઇન-સ્યૌ' કાર્ય બન્નેની વચન અને સંખ્યાની સદૃશતા હોવાથી **યથાસઙ્ખ્યમનુદેશઃ સમાનામ્ ૧/૧૦** ન્યાયાનુસારે તે બન્ને વચ્ચે અનુક્રમ જાણવો. તે પ્રમાણે ઉત્તરના બે સૂત્રમાં પણ જાણવું.

ઙે-ઙસ્યોર્યા-ઽઽતૌ ૧/૪/૬

અ.અ.સૂ. : અતઃ સ્યાદ્યોઃ ઙે-ઙસ્યોઃ યાઽઽતૌ ।

અર્થ : અકારથી પર રહેલ સ્યાદિ એવા ઙે અને ઙસિ પ્રત્યયનો અનુક્રમે ય અને આત્ આદેશ થાય છે.

સ. : (૧) **ङे-ङस्योः→**ङे च ङसि च इति ङे-ङसी, तयोरिति ।

(૨) **यातौ→**य च आत् च इति ।

ઉદા. (૧) **देवाय→**દેવ માટે. देव+**ङे**

આ સૂત્રથી ङेનો य→देव+**य**

अत आः૦૧.૪.૧થી અનો આ→**देवाय** ।

(૨) **देवात्→**દેવ પાસેથી. देव+**ङसि**

આ સૂત્રથી ङसिનો आत्→देव+**आत्**

समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**देवात्** ।

વિશેષતા :

જિ. : देव+ङसि અહીં જો देव+अत् કરીએ તો પણ देवात् સિદ્ધ થવાનું જ હતું તો સૂત્રમાં अत् આદેશ ન કરતાં आत् આદેશ શા માટે કર્યો ?

સમા. : જો अत् આદેશ કરીએ તો लुगस्यादे૦૨.૧.૧૧૩થી अत् પર છતાં પૂર્વનાં અનો લોપ થાય અને देवत् આવું અશુદ્ધ રૂપ થવાની આપત્તિ આવે માટે आत् આદેશ કર્યો છે જેથી હવે लुगस्यादे૦૨.૧.૧૧૩ સૂત્ર લાગશે નહીં.

જિ. : જો અહીં ગ્રંથકારશ્રીને देवत् આવું રૂપ ઈષ્ટ હોય તો સૂત્રમાં अत् કે आत् આદેશ ન કરતાં त् આદેશ કરે. તથા તે સિવાય अत् આદેશ કરવાથી પણ સૂત્રનાં વિધાનસામર્થ્યથી જ लुगस्यादे૦૨.૧.૧૧૩ સૂત્ર ન લાગતાં समानानां૦૧.૨.૧થી દીર્ઘ થઈ देवात् આવો પ્રયોગ સિદ્ધ થઈ જાય.

સમા. : પાણિની વિ. અન્ય વ્યાકરણકારો अतिजरसात् વિ. પ્રયોગો માને છે. તેનો સમાવેશ કરવા अत् થી સ્વપ્રયોગ સિદ્ધ હોવા છતાં પણ आत्નું ગ્રહણ કર્યું છે.

सर्वादेः स्मै-स्मातौ १/४/७

अ.अ.सू. : अतः सर्वादेः स्याद्योः ङे-ङस्योः स्मै-स्मातौ ।

अर्थ : अकारान्त सर्वादि संबंधी स्यादि એવા ङे અને ङसि પ્રત્યયનો અનુક્રમે स्मै અને स्मात् આદેશ થાય છે.

स. : (१) **सर्वादेः**→सर्व आदिर्यस्याऽसौ इति सर्वादिः, तस्येति ।

(२) **स्मै-स्मातौ**→स्मैश्च स्मात् च इति ।

ઉદા. (१) **सर्वस्मै**→સર્વ માટે. सर्व+ङे
આ સૂત્રથી ङेનો स्मै→सर्व**स्मै** ।

(२) **सर्वस्मात्**→સર્વ પાસેથી. सर्व+ङस् ।
આ સૂત્રથી ङसिનો स्मात्→सर्व**स्मात्** ।

વિશેષતા :

(१) આ સૂત્ર ङेङस्यो०१.४.६નું અપવાદ સૂત્ર છે.

(२) **सर्वादि**[1] **ગણ :** सर्व, विश्व, उभ, उभयट्, अन्य, अन्यतर, इतर, डतर, डतम, त्व, त्वत्, नेम, सम-सिमौ सर्वार्थौ, पूर्व-परा-ऽवर-दक्षिणोत्तरा-ऽपरा-ऽधराणि व्यवस्थायाम्, स्वम् अज्ञाति-धनाख्यायाम्, अन्तरं बहिर्योगोपसंव्यानयोरपुरि, त्यद्, तद्, यद्, अदस्, इदम्, एतद्, एक, द्वि, युष्मद्, भवतु, अस्मद्, किम् इत्यसंज्ञायां सर्वादिः ।→આ શબ્દો અસંજ્ઞામાં હોય ત્યારે જ સર્વનામ સંજ્ઞાને પામે છે.

(३) **અહીં सर्वादि ગણપાઠમાં :**

(१) સર્વનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** २/६ ન્યાયાનુસારે 'विश्व'નો પણ સર્વ અર્થ લેવો.

(२) उभ(બે)નાં રૂપો द्वि.व.માં જ થાય છે.

---

१. આકૃતિગણનાં અર્થ માટે સં.સૌ.માં જોવું.

(૩) ઉભયટ્નાં રૂપો સ્વભાવથી જ એ.વ. અને બ.વ.માં પણ થાય છે. અને તેમાં ટ્ ઈત્ સ્ત્રીલિંગમાં ङी કરવા માટે છે.

(૪) અન્યતરનો સમાવેશ डतर પ્રત્યયાન્તમાં થવાનો જ હતો. છતાં પૃથક્ ગ્રહણ દ્વારા અન્યતમને સર્વનામ સંજ્ઞાનો નિષેધ કરવામાં આવે છે. તેથી અન્યતરનાં રૂપો સર્વ પ્રમાણે અને અન્યતમનાં રૂપો દેવ પ્રમાણે થશે.

પરંતુ કેટલાંક વ્યાકરણકારો અન્યતરને डतर પ્રત્યયાન્ત ન માનતાં ઉણાદિ નિષ્પન્ન માને છે. તેથી તેમનાં મતે અન્યતરનાં ગ્રહણથી અન્યતમનાં સર્વાદિત્વનો નિષેધ થતો નથી માટે અન્યતમેનાં સ્થાને अन्यतमस्मिन् જેવાં પ્રયોગો સિદ્ધ થાય છે.

(૫) इतर તે डतर પ્રત્યયાન્ત નથી. પણ ઉણાદિ-૪૩૮થી तर લાગીને બનેલ છે.

(૬) **प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम् ૨/૧** ન્યાયાનુસારે 'અન્ય' પ્રકૃતિનાં ગ્રહણથી સ્વાર્થિક પ્રત્યયાન્ત અન્યતરનું ગ્રહણ થવાનું જ હતું. છતાં પૃથક્ ગ્રહણથી डतर અને डतम સિવાયનાં અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત નામોને સર્વાદિત્વનો નિષેધ થાય છે.

(૭) પૂર્વ, પરા, અવરા, દક્ષિણા, ઉત્તરા, અપર અને અધર આ શબ્દો વ્યવસ્થા અર્થમાં દિશા, દેશ, કાળ અને સ્વભાવ અર્થમાં જ સર્વનામ જાણવા.

(૮) જ્ઞાતિ અને ધન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં स्वનો સર્વાદિ ગણપાઠમાં સમાવેશ થાય છે.

(૯) तद्, अदस्, इदम्, एतद् માં,

इदमस्तु सन्निकृष्टं, समीपतरवर्त्ति चैतदो रुपम् ।
अदसस्तु विप्रकृष्टं, तदिति परोक्षे विजानीयात् ॥

इदम् સર્વનામ સન્નિકૃષ્ટ = નજીકમાં રહેલાં પદાર્થ માટે વપરાય છે. વધુ નજીકમાં રહેલ પદાર્થ માટે एतद् સર્વનામ વપરાય છે. કંઈક દૂર રહેલા પ્રત્યક્ષ પદાર્થ માટે अदस् સર્વનામ વપરાય છે. જ્યારે પરોક્ષમાં રહેલ પદાર્થ માટે तद् સર્વનામ વપરાય છે.

(૧૦) ગામ-નગર સિવાયનો બહારનો યોગ અને ઉપરનું વસ્ત્ર આ બે અર્થમાં વર્ત્તતાં अन्तर શબ્દનો સર્વાદિ ગણમાં સમાવેશ થાય છે.

(૪) યદ્યપિ સર્વાદિ ગણ અંતર્ગત युष्मद्-अस्मद् વિ.થી આ સૂત્રમાં જણાવ્યા મુજબ स्मै, स्मात् આદેશ થતો નથી. પરંતુ સર્વાદિ ગણ સંબંધી અન્ય કાર્ય કરવા માટે તેમનો પણ સર્વાદિ ગણમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- **સર્વાદિ ગણપાઠ સંબંધી કાર્યો :**
  - (i) सर्वादेः सर्वाः ૨.૨.૧૧૯થી હેતુવાચક શબ્દનાં યોગમાં સર્વવિભક્તિની પ્રાપ્તિ.
  - (ii) त्यादि-सर्वादेः૦૭.૩.૨૯થી अक्‌ની પ્રાપ્તિ.
  - (iii) त्यदादिः ૩.૧.૧૨૦થી એકશેષ વૃત્તિની પ્રાપ્તિ.
  - (iv) વિશેષણ-सर्वादेः૦૩.૧.૧૫૦થી બહુવ્રીહિસમાસમાં પૂર્વનિપાત.
  - (v) सर्वादयो૦૩.૨.૬૧થી પુંવદ્ભાવની પ્રાપ્તિ.
  - (vi) सर्वादि-विश्वग्૦૩.૨.૧૨૨થી ડદ્રિ આગમની પ્રાપ્તિ.
  - (vii) त्यदाद्यन्य૦૫.૧.૧૫૨થી टक् પ્રત્યયની પ્રાપ્તિ.
  - (viii) त्यदादिः ૬.૧.૭થી दुःસંજ્ઞા કરી अवृद्धाद्૦૬.૧.૧૧૦થી आयनिञ् અને दोरीयः ૬.૩.૩૨થી ईયની પ્રાપ્તિ.
  - (ix) त्यदादेर्म૦૬.૩.૧૫૯થી मयट्‌ની પ્રાપ્તિ.

(૫) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયસર્વાય વિ. સ્થાને આ સૂત્રથી ઙેનો સ્મૈ આદેશ થતો નથી.

ङेः स्मिन् १/४/८

અ.અ.સૂ. : अतः सर्वादेः स्यादेः ङेः स्मिन् ।

અર્થ : અકારાન્ત સર્વાદિ સંબંધી સ્યાદિ એવા ઙિ પ્રત્યયનો સ્મિન્ આદેશ થાય છે.

ઉદા. : **सर्वस्मिन्**→સર્વમાં. સર્વ+ઙિ ।
આ સૂત્રથી ઙિનો સ્મિન્→સર્વ**स्मिन्** ।

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયસર્વે વિ. સ્થાને આ સૂત્રથી ઙિનો સ્મિન્ આદેશ થતો નથી.

જિ. : સૂત્રમાં દર્શાવિલ ષષ્ઠ્યન્ત 'ઙે' પદ દ્વારા ચ.એ.વ. ઙે પ્રત્યયનું ગ્રહણ ન કરતાં સ.એ.વ. ઙિ પ્રત્યયનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : 'अस्मिन्' એ પ્રમાણે तदस्यास्त्य०७.२.१ માં નિર્દેશ કરેલ છે. તે નિર્દેશથી જણાય છે કે, 'અહીં સ્મિન્ આદેશ સ.એ.વ. ઙિનો જ કરવો. ચ.એ.વ. ઙેનો નહીં.'

जस इः १/४/९

અ.અ.સૂ. : अतः सर्वादेः स्यादेः जसः इः ।

અર્થ : અકારાન્ત સર્વાદિ સંબંધી સ્યાદિ એવા જસ્ પ્રત્યયનો ઇ આદેશ થાય છે.

ઉદા. **सर्वे**→सर्व. सर्व+जस्
આ સૂત્રથી જસ્નો इ→सर्व+**इ**
अवर्णस्येवर्णादि०१.२.६थी अ+इ=ए→**सर्वे** ।

વિશેષતા :

(૧) પ્રત્યયસ્ય ૭.૪.૧૦૮ પરિભાષાનુસારે જસ્નાં અન્ત્યનો इ ન થતાં સંપૂર્ણ જસ્ પ્રત્યયનો इ આદેશ થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી प्रियसर्वाः વિ. સ્થાને આ સૂત્રથી જસ્નો इ આદેશ થતો નથી.

જિ. : नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् ૧/૧૬ ન્યાયાનુસારે કોઈપણ લિંગમાં વર્ત્તતાં અકારાન્ત સર્વાદિ નામોથી પર રહેલ જસ્ પ્રત્યયનો આ સૂત્ર દ્વારા इ આદેશ થવો જોઈએ તો सर्वाणि कुलानि સ્થાને નપું.માં વર્ત્તતાં सर्व+जस् માં इ આદેશ કેમ ન થયો ?

સમા. : નપુંસકસ્ય૦૧.૪.૫૫ પર સૂત્ર છે. તેથી સ્પર્દ્ધે૦૭.૪.૧૧૯ પરિભાષાનુસારે નપુંસકસ્ય૦૧.૪.૫૫ બળવાન થતાં જસ્નો शि આદેશ પહેલાં થાય છે. માટે જસ્ પ્રત્યય જ ન રહેતાં इ આદેશ થયો નથી.

नेमा-ऽर्द्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य वा ૧/૪/૧૦

અ.અ.સૂ. : अतः नेमा-ऽर्द्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य स्यादेः जसः इः वा ।

અર્થ : અકારાન્ત નેમ, અર્દ્ધ, પ્રથમ, ચરમ, તયપ્રત્યયાન્ત, અય-પ્રત્યયાન્ત, અલ્પ અને કતિપય નામ સંબંધી સ્યાદિ એવા જસ્ પ્રત્યયનો इ આદેશ વિકલ્પે થાય છે.

સ. : **नेमा-ऽर्द्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य→**नेमश्च अर्द्धश्च प्रथमश्च चरमश्च तयश्च अयश्च अल्पश्च कतिपयश्च इति नेमा-ऽर्द्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयः, तस्येति ।

ઉદા. (૧) **नेमे/नेमाः→**અડધું. नेम+जस्
આ સૂત્રથી વિકલ્પે जस्નો इ→नेम+**इ**
अवर्णस्ये०१.२.६થી अ+इ=ए→**नेमे** ।
વિકલ્પે : जस्નો इ ન થાય ત્યારે, नेम+जस्
अत आः०१.४.१થી अનો आ→**नेमा**+अस्
समानानां०१.२.१થી દીર્ઘ→**नेमा**स्
પદસંજ્ઞા વિ.→नेमाः ।

(૨) **अर्द्धे/अर्द्धाः→**અડધું. अर्द्ध+जस्

(૩) **प्रथमे/प्रथमाः→**પહેલાં प्रथम+जस्

(૪) **चरमे/चरमाः→**છેલ્લાં. चरम+जस्

(૫) **द्वितये/द्वितयाः→**બે અવયવવાળું द्वौ प्रकारो येषां ते इति ।
अवयवात्०७.१.१५१थી तयट्→द्वि+**तय**
પ્રથમા जस् વિ. પૂર્વ પ્રમાણે જાણવું.

(૬) **त्रये/त्रयाः→**ત્રણ અવયવવાળું. त्रयोऽवयवो येषां ते इति ।
द्वि-त्रिभ्या०७.१.१५२થી अयट्→त्रि+**अय**
अवर्णेवर्ण०७.४.६८થી इનો લોપ→त्रय
પ્રથમા जस् વિ. પૂર્વ પ્રમાણે જાણવું.

(૭) **अल्पे/अल्पाः→**થોડાં. अल्प+जस्

(૮) **कतिपये/कतिपयाः→**કેટલાંક. कतिपय+जस्

વિશેષતા :

(૧) અહીં નેમ શબ્દથી જસ ઃ ૧.૪.૯ સૂત્ર દ્વારા જસ્નાં ઇની નિત્ય પ્રાપ્તિ હતી. અન્ય નામોથી પ્રાપ્તિ ન હતી. તે બન્નેને આ સૂત્રથી વિકલ્પે પ્રાપ્તિ થઈ માટે આ સૂત્ર **'प्राप्ता-ऽप्राप्तविभाषा'** સ્વરૂપ જાણવું.

(૨) અહીં સૂત્રમાં તય અને અયનો નિર્દેશ કરેલ છે. પરંતુ **न केवला प्रकृति प्रयोक्तव्याः** ૩/૧૩ ન્યાયાનુસારે માત્ર તય અને અય ધાતુ પરથી બનેલાં શબ્દોથી જસ્નો ઇ થતો નથી. પણ તય-અય પ્રત્યયાન્ત દ્વિતય શબ્દ સંબંધી જસ્ પ્રત્યયનો ઇ થાય છે. તથા, અહીં અયટ્ પ્રત્યયાન્ત ઉભયટ્નું ગ્રહણ થશે નહીં.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયનેમાः વિ. સ્થાને આ સૂત્રથી જસ્નો વિકલ્પે ઇ આદેશ થતો નથી.

જિ. : અર્દ્ધ સંબંધી જો જસ્ પ્રત્યયનો ઇ થાય તો અજ્ઞાતા અર્દ્ધા इति अर्द्धकाः અહીં **प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम्** ૨/૧ ન્યાયાનુસારે અર્દ્ધક સંબંધી જસ્નો ઇ કેમ ન કર્યો ?

સમા. : સર્વાદિ ગણપાઠમાં સ્વાર્થિક ડતર-ડતમ પ્રત્યયનું ઉપાદાન કરવા દ્વારા પૂર્વે જ જણાવી દીધું કે, ડતર-ડતમ સિવાયની અન્ય સ્વાર્થિકપ્રત્યયાન્ત પ્રકૃતિનો સર્વાદિ ગણમાં સમાવેશ થતો નથી. તેથી સ્વાર્થિક ક પ્રત્યયાન્ત અર્દ્ધક શબ્દનાં જસ્ પ્રત્યયનો ઇ થાય નહીં.

द्वन्द्वे वा १/४/११

अ.अ.सू. : अतः द्वन्द्वे सर्वादेः स्यादेः जसः इः वा ।

अर्थ : अकारान्त द्वन्द्व समासमां २हेल सर्वादि संबंधी स्यादि એવા जस् प्रत्ययनो इ आदेश विકલ્પે थाय छे.

उदा. : **पूर्वोत्तरे/पूर्वोत्तराः**→पूर्व अने उत्त२(दिश).
पूर्वे च उत्तरे च इति । चार्थे०३.१.११७थी द्वन्द्व समास.
प्रथमा जस्→पूर्वोत्तर+**अस्**
आ सूत्रथी विકલ્પે जस्नो इ→पूर्वोत्तर+**इ**
अवर्णस्येवर्णादि०१.२.६थी अ+इ=ए→पूर्वोत्तरे
विકલ્પે : जस्नो इ न थाय त्यारे, पूर्वोत्तर+जस्
अत आः०१.४.१थी अनो आ→पूर्वोत्त**रा**+अस्
समानानां०१.२.१थी दीर्घ→पूर्वोत्त**रास्**
पदसंज्ञा वि.→पूर्वोत्तराः ।

विशेषता :

(१) आ सूत्रनी प्रवृत्ति मात्र तत्संबंधी प्रयोगमां थती होवाथी प्रियपूर्वोत्तराः वि. स्थाने आ सूत्रथी जस्नो विકલ્પે इ थतो नथी.

न सर्वादिः १/४/१२

अ.अ.सू. : द्वन्द्वे सर्वादिः सर्वादिः न ।

अर्थ : द्वन्द्व समासमां सर्व वि. सर्वादि थतां नथी.

उदा. (१) पूर्वापराय→पूर्व अने पश्चिम(दिश) माटे.
पूर्वश्च अपरश्च एतयोः समाहार इति पूर्वापरम्, तस्मै इति ।

चार्थे०३.१.११७ वि.थी समास वि.→पूर्वापर
चतुर्थी ङे→पूर्वापर+**ए**
आ सूत्रथी द्वन्द्वसमास पूर्वापरनां **सर्वादित्वनो निषेध.**
तेथी, ङेङस्यो०१.४.६थी ङेनो य→पूर्वापर+**य**
अत आः०१.४.१थी अनो आ→पूर्वापर**ाय** ।

(२) **पूर्वापरात्**→पूर्व अने पश्चिम(देश)मांथी.
समास वि. पूर्व प्रमाणे→पूर्वापर+ङसि
आ सूत्रथी पूर्वापरनां **सर्वादित्वनो निषेध.** तेथी, ङेङस्यो०१.४.६थी ङसिनो आत्→पूर्वापर+ **आत्**
समानानां०१.२.१थी दीर्घ→पूर्वापर**ात्**

(३) **पूर्वापरे**→पूर्व अने पश्चिम(देश)मां.
पूर्व प्रमाणे समास वि.→पूर्वापर+ङि
आ सूत्रथी पूर्वापरनां **सर्वादित्वनो निषेध.** तेथी, अवर्णस्ये०१.२.६थी अ+इ=ए→पूर्वापरे ।

(४) **कतरकतमानाम्**→केट-केटलाओनुं ?
कतरे च कतमे च इति कतरकतमा, तेषामिति ।
चार्थे०३.१.११७ वि. थी समास वि.→कतरकतम
ષષ્ઠી आम्→कतरकतम+**आम्**
आ सूत्रथी द्वन्द्वसमास कतरकतमनां **सर्वादित्वनो निषेध.**
ह्रस्वा०१.४.३२थी आम्नो नाम्→कतरकतम+ **नाम्**
दीर्घो नाम्य०१.४.४७थी दीर्घ→कतरकत**मा**नाम् ।

(५) **कतरकतमकाः**→अज्ञात એવા केट-केटलाओनुं ?
अज्ञाताः कतरकतमे इति ।

આ સૂત્રથી કતરકતમનાં **सर्वादित्वनो निषेध.**
તેથી, પ્રાગ્ નિત્યાત્૦, ૭.૩.૨૮થી કપ્→કતરકતમ+**क**
પ્રથમા જસ્→કતરકતમક+**अस्**
અત આ:૦૧.૪.૧થી આ→કતરકતમ**का**+અસ્
સમાનાનાં૦૧.૨.૧થી દીર્ઘ→કતરકતમ**कास्**
પદસંજ્ઞા વિ.→કતરકતમકા: ।

- અહીં દ્વન્દ્વસમાસ કતરકતમનાં સર્વાદિત્વનો નિષેધ થવાથી અજ્ઞાત વિ.અર્થમાં ત્યાદિ-સર્વાદે:૦૭.૩.૨૯થી અક્ પ્રત્યય ન થતાં પ્રાગ્ નિત્યાત્ ૭.૩.૨૮થી કપ્ થયો છે. અને કપ્ પ્રત્યયાન્ત નામનો સર્વાદિ ગણમાં સમાવેશ ન હોવાથી જસ્ પ્રત્યયનો ઇ થયો નથી.

વિશેષતા :

(૧) પૂર્વનાં સૂત્રમાં માત્ર જસ્નો જ ઇ દર્શાવવાનો હતો. તેથી ત્યાં સમાસનો વિગ્રહ ઈતરેતરમાં જ કર્યો છે. અહીં સ્મૈ, સ્માત્ વિ. એ.વ.નાં આદેશોનો પણ નિષેધ દર્શાવવો છે. માટે પૂર્વાપરનો સમાહાર સમાસ કર્યો છે.

(૨) આ સૂત્રથી દ્વન્દ્વ સમાસમાં રહેલ સર્વ વિ.નાં સર્વાદિત્વનો નિષેધ થવાથી :

(a) ઙે; ઙસ્ અને ઙિનો અનુક્રમે સ્મૈ, સ્માત્ અને સ્મિન્ આદેશ નહીં થાય.

(b) જસ્નો ઇ વિકલ્પે થશે.

(c) પૂર્વે જણાવેલ સર્વ વિભક્તિની પ્રાપ્તિ વિ. કાર્યોનો પણ નિષેધ થઈ જશે.

જિ. : આ સૂત્ર દ્વારા દ્વન્દ્વ સમાસમાં સર્વ વિ.ને સર્વાદિપણાનો નિષેધ થાય છે. તો દ્વન્દ્વ સમાસમાં સર્વાદિ સંબંધી જસ્નો ઇ પૂર્વ સૂત્ર દ્વારા વિકલ્પે શી રીતે થાય ?

સમા. : આ સૂત્રનાં અભાવમાં જસ૦૧.૪.૯ સૂત્રથી નિત્ય ઇ આદેશની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્ર દ્વારા દ્વન્દ્વ સમાસમાં સર્વાદિત્વનો નિષેધ થવાથી પૂર્વસૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા જ તે સૂત્રથી વિકલ્પે જસ્નો ઇ કરવો.

तृतीयान्तात् पूर्वा-ऽवरं योगे १/४/१३

અ.અ.સૂ. : तृतीयान्तात् पूर्वा-ऽवरं योगे सर्वादिः न ।

અર્થ : તૃતીયાન્ત નામથી પર રહેલ પૂર્વ અને અવરનો (તૃતીયાન્ત નામની સાથે) યોગ હોતે છતે (પૂર્વ, અવર) સર્વાદિ થતાં નથી.

સ. : (૧) **तृतीयान्तात्**→तृतीया अन्ते यस्याऽसौ इति तृतीयान्तः, तस्मादिति ।

(૨) **पूर्वा-ऽवरम्**→पूर्वश्च अवरश्च इति पूर्वा-ऽवरम् ।

ઉદા. (૧) **मासेन पूर्वाय**→માસથી મોટા(ભાઈ) માટે. मासेन+पूर्व+ङे

આ સૂત્રથી પૂર્વને **સર્વાદિત્વનો નિષેધ.**

તેથી, ङेऽङस्यो૦૧.૪.૬થી ङे નો य→मासेन+पूर्व+**य**

अत आः૦૧.૪.૧થી અનો આ→मासेन **पूर्वाय** ।

(૨) **मासपूर्वाय**→માસથી મોટા (ભાઈ) માટે. मासेन पूर्वाय इति ।

ऊनार्थ०૩.૧.૬૭ વિ.થી સમાસ વિ.→માસપૂર્વ+ઙે
આ સૂત્રથી માસપૂર્વનાં **સર્વાદિત્વનો નિષેધ.**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **દિનેનાઽવરાય→**દિવસથી નાના(ભાઈ) માટે. દિનેન+ અવર+ઙે ।

(૪) **દિનાઽવરાય→**દિવસથી નાના(ભાઈ) માટે. દિનેન અવરાય इति ।

(૫) **દિનેનાઽવરા:→**દિવસથી નાનો(ભાઈ) દિનેન+અવર+જસ્ ।

(૬) **દિનાઽવરા:→**દિવસથી નાનો(ભાઈ) દિનેન અવરા इति ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. तृतीयान्तादिति किम् ? પૂર્વસ્મૈ માસેન→મહિનાથી મોટા (ભાઈ) માટે.

આ સૂત્રમાં તૃતીયાન્ત નામથી પર પૂર્વનો યોગ સ્થાની તરીકે છે. જ્યારે અહીં પૂર્વ શબ્દ તૃતીયાન્ત નામથી પૂર્વમાં છે માટે આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થયો નહીં અને सर्वादे:૦૧.૪.૭થી ઙેનો સ્મૈ આદેશ થયો છે.

વિશેષતા :

જિ. : અહીં સૂત્રમાં તૃતીયાન્ત નામથી પર જ પૂર્વ અને અવરનું ગ્રહણ કરવું જ હતું તો સૂત્રમાં 'योग' પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં 'योग' પદનાં ઉપાદાન દ્વારા અન્ય વ્યાકરણકારોનાં મતને દર્શાવવામાં આવે છે. કેટલાંક વ્યાકરણકારો તૃતીયાન્ત નામથી અનંતર પર રહેલાં જ પૂર્વ અને અવરનાં

સર્વાદિત્વનો નિષેધ ન કરતાં સામાન્યતયા તૃતીયાન્ત નામથી પૂર્વ કે પરમાં રહેલાં પૂર્વ-અવર પર સર્વાદિત્વનો નિષેધ કરે છે. તેથી તેઓનાં મતે, માસેન પૂર્વાય પ્રયોગ થાય પણ સાથે-સાથે પૂર્વાય માસેન આવો પણ પ્રયોગ થાય છે.

જિ. : માસપૂર્વાય વિ. સ્થાને સમાસ અંતર્ગત પૂર્વપદની તૃતીયા વિભક્તિનો લોપ થતાં આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ શી રીતે થાય ?

સમા. : માસપૂર્વાય વિ.સ્થાને ઐકાર્થ્યે ૩.૨.૮થી તૃતીયાવિભક્તિનો લોપ થાય છે. અને તેનો સ્થાનીવાડવર્ણવિધૌ ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે સ્થાનીવદ્ભાવ મનાતાં માસને તૃતીયાન્ત માનીને આ સૂત્ર દ્વારા પૂર્વ શબ્દનાં સર્વાદિત્વનો નિષેધ થયો છે.

तीयं ङित्कार्ये वा १/४/१४

અ.અ.સૂ. : **तीयं स्यादौ ङित्कार्ये सर्वादिः न ।**

અર્થ : તીય પ્રત્યયાન્ત નામ સ્યાદિ એવા ઙિત્ (ઙે-ઙસિ-ઙસ્-ઙિ) કાર્યમાં સર્વાદિ વિકલ્પે થાય છે.

સ. : **ङित्कार्ये**→ઙિતાં કાર્ય ઇતિ ઙિત્કાર્યમ્, તસ્મિન્નિતિ ।

ઉદા. (૧) **द्वितीयस्मै/द्वितीयाय**→બીજાની માટે. द्वयोः पूरण इति द्वितीयः, तस्मै इति ।
द्वेस्तीयः ૭.૧.૧૬૫થી તીય→द्वि+**तीय**
ચતુર્થી ઙે→द्वितीय+**ए**
આ સૂત્રથી વિકલ્પે દ્વિતીયનાં **સર્વાદિત્વની પ્રાપ્તિ.**
તેથી, સર્વાદેઃ૦૧.૪.૭થી ઙેનો સ્મૈ→द्वितीय**स्मै** ।

વિકલ્પે : સર્વાદિત્વની પ્રાપ્તિ ન થાય ત્યારે, દ્વિતીય+ઙે ઙેઙસ્યો૦૧.૪.૬ વિ.થી ય વિ. દ્વિતી**याय** ।

(૨) **द्वितीयस्यै/द्वितीयायै→**બીજી(સ્ત્રી)ની માટે. द्वयोः पूरण इति द्वितीय, तस्यै इति ।
तीय વિ. પૂર્વ પ્રમાણે→**द्वितीय+ङे**
आत् ૨.૪.૧૮થી आप्→द्वितीय+**आ**+ए
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→द्वितीया+ए
आपोऽङितां૦૧.૪.૧૭થી ङेનો यै→द्वितीया+**यै**
આ સૂત્રથી દ્વિતીયને **सर्वादित्वनी प्राप्ति.**
सर्वादे૦૧.૪.૧૮થી डस्पूर्वकનો यै→द्वितीया+ **डस्**+यै
ङित्यन्त्य૦૨.૧.૧૧૪થી આનો લોપ→द्वितीयस्यै ।
વિકલ્પે : સર્વાદિત્વની પ્રાપ્તિ ન થાય ત્યારે,
પૂર્વ પ્રમાણે द्वितीया+यै→द्वितीयायै ।

પ્ર.ઉદા. ङित्कार्य इति किम् ? द्वितीयकाय→અજ્ઞાત એવા બીજા માટે.
अज्ञातः द्वितीय इति द्वितीयकः, तस्मै इति ।
प्राग् नित्यात्૦૭.૩.૨૮થી कप्→द्वितीय+**क**
ચતુર્થી ङे→द्वितीयक+**ङे**
ङेઙस्यो૦૧.૪.૬ વિ.થી ङेનો ય વિ.→द्वितीय**काय** ।

આ સૂત્રમાં માત્ર ङित्कार्यમાં જ સર્વાદિત્વનું વિધાન છે. જ્યારે અહીં અજ્ઞાત અર્થમાં પ્રત્યય સ્વરૂપ કાર્ય કરવું છે. તેથી આ સૂત્રથી તીય પ્રત્યયાન્ત નામ સર્વાદિ થયું નથી. તેમજ, कप् પ્રત્યય સ્વાર્થિક હોવાથી તત્પ્રત્યયાન્ત નામ પણ સર્વાદિ ન થતાં सर्वादेः૦ ૧.૪.૭થી ङेનો स्मै આદેશ થયો નથી.

વિશેષતા :

આ સર્વાદિ સંબંધી સૂત્ર હોવાથી અન્ય તમામ સર્વાદિ સૂત્રોની જેમ જ આ સૂત્રની પ્રવૃત્તિ પણ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ સંભવિત જણાય[1] છે. તેથી પ્રિયદ્વિતીયાય વિ. સ્થાને આ સૂત્રથી ઙેનો સ્મૈ વિ. આદેશ સંભવશે નહીં.

જિ. : વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે વિશેષણભૂત એવા જ પ્રત્યયમાં અન્તનું ગ્રહણ છે. જ્યારે 'तीयं' એ પ્રમાણે પદનું કોઈ વિશેષ્ય ન હોવાનાં કારણે એમાં વિશેષતા પ્રાપ્ત થતી નથી તો 'तीय' પ્રત્યયાન્ત અર્થ કેવી રીતે ગ્રહણ કર્યો ?

સમા. : પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫ પરિભાષાનુસારે પ્રત્યય તે પ્રકૃતિ-પ્રત્યયરૂપ સમુદાયનું અને પ્રકૃતિનું વિશેષણ બને છે. તેથી અહીં વિશેષ્યનું ગ્રહણ ન હોવા છતાં પણ 'तीयं' તે 'नाम'નું વિશેષણ બને છે. માટે વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે 'तीयं' પદ દ્વારા તીય પ્રત્યયાન્ત નામનું જ ગ્રહણ થાય છે.

આ વાત આગળનાં સૂત્રોમાં પણ જાણી લેવી.

अवर्णस्याऽमः साम् ૧/૪/૧૫

અ.અ.સૂ. : अवर्णस्य सर्वादेः स्यादेः आमः साम् ।

અર્થ : અવર્ણાન્ત સર્વાદિ સંબંધી સ્યાદિ એવા આમ્ પ્રત્યયનો સામ્ આદેશ થાય છે.

---

૧. 'સંભવિત જણાય છે.' - એ પ્રમાણે ઉલ્લેખ દ્વારા જે વિધાન દર્શાવવામાં આવશે તે બૃહદ્વૃત્તિ વિ. પાઠનાં અભાવે યથાક્ષયોપશમ વિચારણા જાણવી.

ઉદા. (૧) **सर्वेषाम्**→બધાઓનું सर्व+आम्
આ સૂત્રથી आम्નો साम्→सर्व+**साम्**
एद् बहु०१.४.४થી અનો ए→**सर्वे**+साम्
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→सर्वे**षाम्** ।

(૨) **विश्वासाम्**→બધી(સ્ત્રી)ઓનું विश्व+**आम्**
आत् २.४.१८થી आप्→विश्व+**आ**+आम्
समानानां०१.२.१થી દીર્ઘ→वि**श्वा**+आम्
આ સૂત્રથી आम्નો साम्→विश्वा**साम्** ।

વિશેષતા :

(૧) **न्यायाः स्थविरयष्टि प्रायाः** ૩/૧૮ ન્યાયાનુસારે **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** ૧/૧૯ ન્યાય અનિત્ય થતાં सर्व+आम् વિ. સ્થાને અનાં કારણે થયેલ साम् આદેશ તેનાં નિમિત્તભૂત અનો બાધ કરી एद् बहु०१.४.४થી ए થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી प्रियसर्वाणाम् વિ. સ્થાને આ સૂત્રથી आम्નો साम् આદેશ થયો નથી.

नवभ्यः पूर्वेभ्यः इ-स्मात्-स्मिन् वा ૧/૪/૧૬

અ.અ.સૂ. : पूर्वेभ्यः नवभ्यः स्यादौ इ-स्मात्-स्मिन् वा ।

અર્થ : પૂર્વ વિ. નવ (पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्वम् અને अन्तर) શબ્દોથી સ્યાદિ એવા (जस् વિ.નાં સ્થાને) જે इ, स्मात् અને स्मिन् આદેશો કહેલાં છે, (તે સ્થાને) તે આદેશો વિકલ્પે થાય છે.

સ. : **इ-स्मात्-स्मिन्**→इश्च स्मात् च स्मिन् च इति ।
(प्रथमा जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. (૧) **पूर्वे/पूर्वाः**→પૂર્વ(લોકો). પૂર્વ+જસ્
આ સૂત્રથી જસ્નો ઇ→પૂર્વ+**ઇ**
અવર્ણસ્યે૦૧.૨.૬થી એ→**પૂર્વે** ।
વિકલ્પે : ઇ ન થાય ત્યારે, પૂર્વ+જસ્
અત આઃ૦૧.૪.૧ વિ.થી આ વિ.પૂર્વ પ્રમાણે→ **પૂર્વાઃ** ।

(૨) **पूर्वस्मात्/पूर्वात्**→પૂર્વ(દેશ)માંથી પૂર્વ+ઙસિ
આ સૂત્રથી ઙસિનો સ્માત્→પૂર્વ**સ્માત્** ।
વિકલ્પે : સ્માત્ ન થાય ત્યારે, પૂર્વ+ઙસિ
ઙેઙસ્યો૦૧.૪.૬ વિ.થી આત્ વિ.પૂર્વ પ્રમાણે→ પૂર્વાત્ ।

(૩) **पूर्वस्मिन्/पूर्वे**→પૂર્વ(દેશ)માં. પૂર્વ+ઙિ
આ સૂત્રથી ઙિનો સ્મિન્→પૂર્વ**સ્મિન્** ।
વિકલ્પે : સ્મિન્ ન થાય ત્યારે, પૂર્વ+ઙિ
અવર્ણસ્યે૦૧.૨.૬થી અ+ઇ=એ→**પૂર્વે** ।

પ્ર.ઉદા. **नवभ्य इति किम् ? त्ये**→તેઓ. ત્યદ્+જસ્
આ દ્વેરઃ ૨.૧.૪૧થી દ્નો અ→ત્ય**અ**+અસ્
લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી અનો લોપ→ત્ય+અસ્
જસ ઇ : ૧.૪.૯થી જસ્નો ઇ→ત્ય+**ઇ**
અવર્ણસ્યે૦૧.૨.૬થી એ→**ત્યે** ।

વિશેષતા :

(૧) સૂત્રમાં 'नवभ्यः पूर्वेभ्यः' એ પ્રમાણે બ.વ. પૂર્વ વિ. નવ શબ્દોનું સર્વાદિ ગણપાઠમાં દર્શાવેલ ક્રમ પ્રમાણે ગ્રહણ થાય તે માટે છે.

(૨) સર્વનામથી ઇ, સ્માત્ અને સ્મિન્ આદેશ કરનારાં સૂત્રોની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગોમાં થતી હોવાથી આ સૂત્રમાં અન્ય સંબંધી પ્રયોગની પ્રાપ્તિ જ રહેતી નથી.

आपो ङितां यै-यास्-यास्-याम् १/४/१७

અ.અ.સૂ. : आपः स्यादीनां ङितां यै-यास्-यास्-याम् ।

અર્થ : આબન્ત સંબંધી સ્યાદિ એવા ઙિત્ પ્રત્યયોનો અનુક્રમે યૈ, યાસ્, યાસ્ અને યામ્ આદેશ થાય છે.

સ. : **यै-यास्-यास्-याम्→**यैश्च यास् च यास् च याम् चेति । (પ્રથમા जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. (૧) **खट्वायै→**ખાટલા માટે. खट्वा+ङे
આ સૂત્રથી ङेનો यै→खट्वा**यै** ।

(૨) **खट्वायाः→**ખાટલામાંથી/નું. खट्वा+ङसि/ङस्
આ સૂત્રથી ङसि-ङस्નો यास्→खट्वा**यास्**
પદસંજ્ઞા વિ.→खट्वायाः ।

(૩) **खट्वायाम्→**ખાટલાને વિષે. खट्वा+ङि
આ સૂત્રથી ङिનો याम्→खट्वा**याम्** ।

વિશેષતા :

(૧) અહીં यै-यास्-यास्-याम् માં जस् પ્રત્યયનો લોપ થયેલ છે. તેથી કાર્યી ઙિતાં અને યૈ વિ. કાર્યમાં વચન અને સંખ્યાની સદૃશતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०**ન્યાયાનુસારે તે બન્ને વચ્ચે અનુક્રમ થાય છે. એ પ્રમાણે ઉત્તરસૂત્રમાં પણ જાણવું.

(૨) યદ્યપિ સમાસાદિ કાર્ય થતાં અન્ય સંબંધીનું વિશેષણ બનતાં खट्वा આદિ गोश्चान्ते०२.४.८६ સૂત્રથી હ્રસ્વાન્ત થાય છે.

પરંતુ **एकदेशविकृतमनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે તે પણ આપ્ પ્રત્યયાન્ત મનાતાં ત્યાં સૂત્ર પ્રવૃત્તિની પ્રાપ્તિ છે. પણ આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયખટ્વેન આવા પણ પ્રયોગોમાં આ સૂત્રથી ङे વિ.નાં યૈ વિ. આદેશો થતાં નથી.

सर्वादेर्डस्पूर्वाः ૧/૪/૧૮

અ.અ.સૂ. : आपः सर्वादेः स्यादीनां ङितां यै-यास्-यास्-याम् डस्पूर्वाः ।

અર્થ : આપ્ પ્રત્યયાન્ત સર્વાદિ સંબંધી સ્યાદિ એવા ङित् (ङे, ङसि, ङस् અને ङि) પ્રત્યયોનો અનુક્રમે જે યૈ, યાસ્, યાસ્ અને યામ્ આદેશ થાય છે તે डस् પૂર્વક થાય છે. (डस्यै, डस्यास्, डस्यास् અને डस्याम् આદેશો થાય છે.)

સ. : **डस्पूर्वाः**→डस् पूर्वो येषां ते इति ।

ઉદા. (૧) **सर्वस्यै**→બધી(સ્ત્રીઓ) માટે. सर्व+ङे
आत् ૨.૪.૧૮થી आप्→सर्व+**आ**+ए
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**सर्वा**+ए
આ સૂત્રથી ङेનો डस् પૂર્વક यै→सर्वा+**डस्**+यै
ङित्यन्त्य૦૨.૧.૧૧૪થી આનો લોપ→सर्वस्यै ।

(૨) **सर्वस्याः**→બધી(સ્ત્રીઓ)માંથી/નું.
પૂર્વ પ્રમાણે→सर्वा+ङसि/ङस्
આ સૂત્રથી ङसि/ङस्નો डस् પૂર્વક यास्→
सर्वा+**डस्**+ यास्
ङित्यन्त्य૦૨.૧.૧૧૪થી આનો લોપ→सर्वस्यास्
પદસંજ્ઞા વિ.→सर्वस्याः ।

(૩) **सर्वस्याम्→**બધી(સ્ત્રી)ઓને વિષે.
પૂર્વ પ્રમાણે→सर्वा+ङि
આપો ङितां०૧.૪.૧૭થી याम्→सर्वा+**याम्**
આ સૂત્રથી ङिનો डस् પૂર્વક याम्→सर्वा+**डस्**+याम्
डित्यन्त्य०૨.૧.૧૧૪થી આ ના લોપ→सर्वस्याम् ।

વિશેષતા :

(૧) આપો ङितां०૧.૪.૧૭ સૂત્ર દ્વારા सर्वादेः स्मै०૧.૪.૭થી ચાલી આવતી 'सर्वादेः'ની અનુવૃત્તિ અટકી ગઈ. તેથી આ સૂત્રમાં પુનઃ 'सर्वादेः'નું ગ્રહણ કરેલ છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયસર્વાયૈ વિ. સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

टौस्येत् ૧/૪/૧૯

અ.અ.સૂ. : आपः स्यादौ टौसि एत् ।

અર્થ : આપ્ પ્રત્યય સંબંધી સ્યાદિ એવા ટા અને ઓસ્ પ્રત્યય પર છતાં અંત્ય આનો એ થાય છે.

સ. : **टौसि→**टाश्च ओस् च इति टौस्, तस्मिन्निति ।

ઉદા. (૧) **बहुराजया→**ઘણાં છે રાજા જેમાં એવી(નગરી) વડે.
बहवः राजानः यस्यां सा इति बहुराजा, तयेति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→बहुराजन्
ताभ्यां वाऽप्०૨.૪.૧૫થી ડાપ્→बहुराजन्+**आ**
तृतीया टा→बहुराजन्+आ+**आ**
डित्यन्त्य०૨.૧.૧૧૪થી अन्નો લોપ→बहुराजा +आ

આ સૂત્રથી આપ્નાં આનો એ→બહુરા**જે**+આ
એદૈતોऽ૦૧.૨.૨૩થી અય્→બહુરા**જયા** ।

(૨) **બહુરાજયોઃ**→ઘણાં રાજાવાળી બે(નગરીઓ)નું.
બહવઃ રાજાનઃ યયોઃ તે ઇતિ બહુરાજે, તયોરિતિ ।
સમાસ વિ. પૂર્વ પ્રમાણે→બહુરાજ્+આ(ડાપ્)+ઓસ્
આ સૂત્રથી આ નો એ→બહુરા**જે**+ઓસ્
એદૈતોऽ૦૧.૨.૨૩થી અય્→બહુરા**જયો**સ્
પદસંજ્ઞા વિ.→બહુરાજયોઃ ।

વિશેષતા :

(૧) બહુરાજા+ટા વિ. સ્થાને સમાનાનાં૦૧.૨.૧થી દીર્ઘત્વની તેમજ, બહુરાજા+ઓસ્ વિ. સ્થાને ઐદૌત્૦૧.૨.૧૨થી ઔની પ્રાપ્તિ હતી તેનો નિષેધ કરી આ સૂત્રથી એત્વ થયેલ છે માટે આ સૂત્ર સમાનાનાં૦૧.૨.૧ અને ઐદૌત્૦૧.૨.૧૨નાં અપવાદરૂપે છે.

(૨) અહીં અનુવૃત્તિથી આવતાં 'આપઃ' પદનું આપ્ પ્રત્યયાન્ત એવો અર્થ ગ્રહણ કરવો તથા તે પદ ષષ્ઠ્યન્ત હોવાથી ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે અન્ત્ય આનું જ સ્થાની તરીકે ગ્રહણ કરવું.

(૩) ૧.૪.૧૭ માં દર્શાવ્યા પ્રમાણે આ સૂત્રની પ્રવૃત્તિ અન્ય સંબંધીમાં સંભવિત છે. પણ આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ દર્શાવી હોવાથી બહુખટ્વેન વિ. સ્થાને આ સૂત્રથી આનો એ થયો નથી.

જિ. : સૂત્રમાં 'ટૌસ્યેત્' એ પ્રમાણે ત્કારનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો त्કારનું ગ્રહણ ન કરીએ તો 'टौस्ये' આવું સૂત્ર બનતાં આનો इ કાર્ય કરવું કે इનો ए કાર્ય કરવું. એની સ્પષ્ટતા ન થાય. તેથી કાર્યોની સ્પષ્ટતા કરવા સૂત્રમાં त्કારનું ગ્રહણ છે.

औता १/४/२०

અ.અ.સૂ. : आपः स्यादिना औता एत् ।

અર્થ : આપ્ પ્રત્યયાન્ત નામ સંબંધી સ્યાદિ એવા औની સાથે મળીને આનો ए થાય છે.

ઉદા. (૧) माले स्तः→બે માળા છે. माला+औ
આ સૂત્રથી आ+औ=ए→**माले** ।

(૨) **माले पश्य→**તું બે માળાને જો. माला+औ

વિશેષતા :

(૧) આ સૂત્રમાં 'औता' એ પ્રમાણે તૃતીયા વિભક્તિ હોવાથી નિમિત્ત પર છતાં એવો અર્થ ન કરતાં નિમિત્ત औ ની સાથે મળી आ નું કાર્ય ए થાય છે. તેવો અર્થ કરવો.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી બહુખટ્વૌ વિ. સ્થાને આ સૂત્રથી आ+औ=ए થતો નથી.

इदुतोऽस्त्रेरीदूत् १/४/२१

અ.અ.સૂ. : अस्त्रेः इदुतः स्यादिना औता ईदूत् ।

અર્થ : સ્ત્રિ શબ્દ સિવાયનાં ઇકારાન્ત અને ઉકારાન્ત નામનાં इ અને उનો સ્યાદિ એવા औ પ્રત્યયની સાથે મળીને અનુક્રમે ई અને ऊ થાય છે.

સ. : (૧) **अस्त्रेः**→न स्त्री इति अस्त्री, तस्या इति ।
(૨) **इदुतः**→इत् च उत् च इति इदुत्, तस्येति ।
(૩) **ईदूत्**→ईत् च ऊत् च इति ।

ઉદા. (૧) **मुनी**→બે મુનિભગવંતો. મુનિ+ઔ
આ સૂત્રથી इ+औ=ई→**मुनी** ।

(૨) **साधू**→બે સાધુભગવંતો. સાધુ+ઔ
આ સૂત્રથી उ+औ=ऊ→**साधू** ।

પ્ર.ઉદા. **अस्त्रेरिति किम् ? अतिस्त्रियौ नरौ** →
સ્ત્રીને ઓળંગી જનારા બે પુરૂષો स्त्रियमतिक्रान्तौ इति ।
પ્રાત્યવ-પરિ૦૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अति+**स्त्री**
ગોશ્ચાન્તે૦૨.૪.૯૬થી હ્રસ્વ→अति**स्त्रि**
પ્રથમા औ→अतिस्त्रि+**औ**
स्त्रियाः ૨.૧.૫૪થી इय्→अति**स्त्रियौ** ।

આ સૂત્રમાં સ્ત્રિ શબ્દનું વર્જન કરેલ છે. તેથી અહીં આ સૂત્રથી इ+औ=ई થયો નથી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં 'સ્ત્રિ' પદ દ્વારા 'નારી' અર્થવાચક શબ્દનું ગ્રહણ કરેલ છે. તેથી **अर्थवदग्रहणे नाऽनर्थकस्य ૧/૧૪** ન્યાયાનુસારે शस्त्री વિ. શબ્દ અંતર્ગત અનર્થક એવા સ્ત્રિ શબ્દનું ગ્રહણ થશે નહીં. તેથી शस्त्रीमतिक्रान्तौ इति अतिशस्त्री नरौ વિ. સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થતો નથી.

(૨) અહીં સ્થાની અને કાર્ય બન્નેની વચન અને સંખ્યાની સદૃશતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે સ્થાની 'इदुतः' અને કાર્ય 'ईदूत्' વચ્ચે અનુક્રમ જાણવો. આ વાત આગળનાં સૂત્રોમાં પણ જાણવી.

જિ. : આ સૂત્ર હ્રસ્વ ઇકારાન્ત નામોને લાગે છે. જ્યારે સ્ત્રી શબ્દ દીર્ઘ ઈકારાન્ત જ છે. યદ્યપિ गोश्चान्ते०२.४.९६થી હ્રસ્વ થાય તો પણ પર એવા स्त्रियाः २.१.५४ સૂત્રથી इय् જ થવાની પ્રાપ્તિ છે છતાં 'स्त्री' શબ્દનું વર્જન શા માટે કર્યું ?

સભા. : **'परेणापीयादेशेनेत् कार्यं न बाध्यते'** । પંક્ત્યનુસારે પર એવો પણ इय् આદેશ આ સૂત્રથી થતાં ई કાર્યનો બાધ કરી શકતો નથી. તેથી अतिस्त्रि+औ વિ. સ્થાને આ સૂત્ર લાગી अतिस्त्री એવું અનિષ્ટ રૂપ થવાની આપત્તિ આવે. માટે 'स्त्री' શબ્દનું વર્જન કર્યું છે.

जस्येदोत् १/४/२२

અ.અ.સૂ. : **इदुतः स्यादौ जसि एदोत्** ।

અર્થ : ઇકારાન્ત અને ઉકારાન્ત નામનાં અન્ત્ય इ અને उનો સ્યાદિ એવો जस् પ્રત્યય પર છતાં અનુક્રમે ए અને ओ થાય છે.

સ. : **एदोत्**→एत् च ओत् च इति ।

ઉદા. (૧) **मुनयः**→मुनि ભગવંતો. मुनि+**जस्**
આ સૂત્રથી इનો ए→**मुने**+अस्
एदैतोऽ०१.२.२३થી अय्→मुन**यस्**
પદસંજ્ઞા વિ.→मुनयः ।

(૨) **साधवः**→साधुભગવંતો. साधु+जस्
આ સૂત્રથી उનો ओ→साधो+अस्
ओदौतोऽ०१.२.२४થી अव्→साध**वस्**
પદસંજ્ઞા વિ.→साधवः ।

વિશેષતા :

પૂર્વે જણાવ્યા મુજબ **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તેમજ, आसन्नः ७.४.१२० પરિભાષાનુસારે પણ તાલવ્ય સ્થાનાસન્ન ઇકારનો એ અને ઓષ્ઠ્યસ્થાનાસન્ન ઉકારનો ઓ આદેશ થાય છે. તેવું ઉત્તરસૂત્રમાં પણ જાણવું.

डित्यदिति १/४/२७

અ.અ.સૂ. : अदिति स्यादौ ङिति इदुतः एदोत् ।

અર્થ : દ્ ઈત્વાળા પ્રત્યયો સિવાયનાં સ્યાદિ એવા ङित् (ङे, ङसि, ङस् અને ङि) પ્રત્યય પર છતાં ઇકારાન્ત અને ઉકારાન્ત નામોનાં અન્ત્ય इ અને उનો અનુક્રમે એ અને ઓ થાય છે.

સ. : (૧) **ङिति→**ङ् इत् अनुबन्धो यस्याऽसौ ङित्, तस्मिन्निति ।

(૨) **अदिति→**द् इत् अनुबन्धो यस्याऽसौ दित्, न दित् इति अदित्, तस्मिन्निति ।

ઉદા. (૧) **अतिस्त्रये→**સ્ત્રીને ઓળંગી જનારા માટે.
स्त्रीमतिक्रान्त इति अतिस्त्रि, तस्मै इति ।
સમાસ વિ. પૂર્વ પ્રમાણે→अतिस्त्रि+ङे
આ સૂત્રથી इ નો ए→अति**स्त्रे**+ए(ङे)
एदैतोऽ०१.२.२७થી अय्→अति**स्त्रये** ।

(૨) **साधवे→**साधु માટે. साधु+ङे
આ સૂત્રથી उનો ओ→**साधो**+ए
ओदौतोऽ०१.२.२४થી अव्→**साधवे** ।

(૩) **अतिस्त्रेः आगतम्**→સ્ત્રીને ઓળંગી જનારા પાસેથી આવેલું.
સમાસ વિ. પૂર્વ પ્રમાણે→अतिस्त्रि+ङसि
આ સૂત્રથી ઇનો એ→अतिस्त्रे+अस्
एदोद्भ्यां०१.४.૩૫થી अस्નો र्→अतिस्त्रे+**र्**
પદસંજ્ઞા વિ.→अतिस्त्रेः ।

(૪) **अतिस्त्रेः स्वम्**→સ્ત્રીને ઓળંગી જનારાનું ધન.

(૫) **साधोः आगतम्**→સાધુની પાસેથી આવેલું. साधु+ङसि
આ સૂત્રથી उનો ओ→**साधो**+अस्
एदोद्भ्यां०१.४.૩૫થી अस्નો र्→साधोर्
रःपदान्ते०१.૩.૫૩થી र्નો વિસર્ગ →साधोः ।

(૬) **साधोः स्वम्**→સાધુનું ધન. साधु+ङस्

પ્ર.ઉદા. (A) **अदितीति किम् ?**

(૧) **बुद्ध्याः**→બુદ્ધિમાંથી. बुद्धि+**ङसि**
स्त्रिया ङितां०१.४.૨૮થી ङसिનો दास्→बुद्धि+**आस्**
इवर्णादे०१.૨.૨૧થી ઇનો य्→बुद्ध्यास्
પદસંજ્ઞા વિ.→बुद्ध्याः ।

(૨) **धेन्वाः**→ગાયમાંથી धेनु+ङसि
સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ इवर्णादे० १.૨.૨૧થી उનો व् કરવો.

- આ સૂત્રમાં द् ઈત્વાળા આદેશોનું વર્જન કરેલું છે. જ્યારે અહીં द् ઈત્વાળો दास् આદેશ થયો છે. માટે આ સૂત્રથી इ અને उનો અનુક્રમે ए અને ओ થયો નથી.

(B) **स्यादावित्येव→शुची स्त्री→**પવિત્ર સ્ત્રી. શુચિ+**सि**
इतोऽक्त्यर्थात् ૨.૪.૩૨થી ङी→શુચિ+**ई**+સ્
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**शुची**+સ્
दीर्घङ्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→શુચી ।

- અહીં ङ् ઈત્વાળો ङी પ્રત્યય છે. જે સ્યાદિનો નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

(૧) સ્ત્રિયા ङિતાં૦૧.૪.૨૮ વિ.થી થતાં દૈ વિ. આદેશો दित् મનાય છે.

જિ. : બુદ્ધિ+ङે વિ. સ્થાને આ સૂત્ર અને સ્ત્રિયા ङિતાં૦૧.૪.૨૮ બે સૂત્રની પ્રાપ્તિ છે આ બે સૂત્રમાંથી આ સૂત્રનું કાર્ય પ્રકૃતિ આશ્રિત હોવાથી અંતરંગ છે અને ૧.૪.૨૮નું કાર્ય પ્રત્યયાશ્રિત હોવાથી બહિરંગ છે. **अन्तरङ्गं बहिरङ्गात्** ૧/૪૨ ન્યાયાનુસારે દૈ વિ. આદેશની પૂર્વે જ આ સૂત્રથી ए અને ओની પ્રાપ્તિ હતી. છતાં આ સૂત્રમાં 'अदिति' પદનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : સ્થાનીવાऽવર્ણવિધૌ ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે इ અને उનો ए અને ओ આદેશ સ્થાનીવત્ મનાવવાથી ૧.૪.૨૮ વિ.થી સ્યાદિ ङિત્ પ્રત્યયનાં दित् આદેશ થવાની પ્રાપ્તિ છે. તેનો નિષેધ કરવા માટે 'अदिति' પદનું ગ્રહણ છે.

टः पुंसि ના ૧/૪/૨૪

અ.અ.સૂ. : **पुंसि इदुतः स्यादेः टः ना ।**

અર્થ : પુંલિંગ વિષયક इકારાન્ત અને उકારાન્ત નામથી પર રહેલ સ્યાદિ એવા टા પ્રત્યયનો ના આદેશ થાય છે.

ઉદા. (૧) **अतिस्त्रिणा→**સ્ત્રીને ઓળંગી જનારા વડે.
પૂર્વ પ્રમાણે સમાસ વિ.→अतिस्त्रि+टा
આ સૂત્રથી ટાનો ના→अतिस्त्रि+**ना**
र-पृवर्णान्नो०૨.૩.૬૩થી न्નો ण्→अतिस्त्रि**णा** ।

(૨) **अमुना→**આના વડે. अदस्+**टा**
આ દ્વેરः ૨.૧.૪૧થી अ→अद**अ**+आ
लुगस्यादे०૨.૧.૧૧૩થી अनो लोप→अद+आ
मोऽवर्णस्य०૨.૧.૪૫થી दनो म्→अ**म**+आ
मादुवर्णोऽ०૨.૧.૪૭થી अनो उ→अ**मु**+आ
આ સૂત્રથી ટાનો ના→अमु**ना** ।

પ્ર.ઉદા. **पुंसीति किम् ? बुद्ध्या→**બુદ્ધિ વડે. बुद्धि+टा
इवर्णादे०૧.૨.૨૧થી इनो य्→बुद्ध्**या** ।

- અહીં બુદ્ધિ શબ્દ સ્ત્રી. હોવાથી પું.વિષયક ટા નથી. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

પુંલિંગ વિષયક શબ્દો જ્યારે અન્ય સંબંધી બને છે ત્યારે સ્ત્રી કે નપું.માં પુલિંગ વિષયક ટા જ ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિની અન્ય સંબંધી પ્રયોગોમાં પ્રાપ્તિ જ રહેતી નથી. માટે अतिमुन्या स्त्रिया વિ. સ્થાને આ સૂત્રથી ટાનો ના થતો નથી.

ङिर्डौ ૧/૪/૨૫

અ.અ.સૂ. : इदुतः अदित् स्यादिः ङिः डौ ।

અર્થ : ઇકારાન્ત અને ઉકારાન્ત નામથી પર રહેલ द् ઈત્વાળો પ્રત્યય સિવાયનો સ્યાદિ એવો ङि પ્રત્યય डौ રૂપે થાય છે.

ઉદા. (૧) **મુનૌ→**મુનિભગવંતને વિષે. મુનિ+**ઙિ**
આ સૂત્રથી ઙિનો ઙૌ→મુનિ+**औ**
ઙિત્યન્ત્ય૦૨.૧.૧૧૪થી ઇનો લોપ→**મુનૌ** ।

(૨) **ધેનૌ→**ગાયને વિષે. ધેનુ+ઙિ
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **અદિદિત્યેવ→બુદ્ધ્યામ્→**બુદ્ધિને વિષે. બુદ્ધિ+**ઙિ**
સ્ત્રિયા ઙિતાં૦૧.૪.૨૮થી ઙિનો દામ્→બુદ્ધિ+**આમ્**
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઇનો ય્→**બુદ્ધ્યામ્** ।

- અહીં સૂત્ર વર્જીત દિત્ એવા ઙિનું ગ્રહણ છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

જિ. : અહીં ઙિનો ઙૌ આદેશ થાય છે તે જ પ્રમાણેનો ભાવ હોય તો સૂત્રમાં ઙેર્ઙૌ એ પ્રમાણે ષષ્ઠ્યન્તનો નિર્દેશ ન કરતાં 'ઙિર્ઙૌ' એ પ્રમાણે પ્રથમાન્તનો નિર્દેશ કેમ કર્યો ?

સમા. : જો ષષ્ઠ્યન્ત ઙેનો ઉલ્લેખ કરવામાં આવે તો કોઈ ચતુર્થીનાં ઙેનું ગ્રહણ કરી લે જ્યારે અહીં સપ્તમીનાં ઙિનું ગ્રહણ કરવાનું છે માટે ષષ્ઠ્યન્ત ન કહેતાં પ્રથમાન્ત ઙિનો નિર્દેશ કરેલ છે.

જિ. : પૂર્વનાં સૂત્રમાં 'અદિતિ'ની અનુવૃત્તિ ગ્રહણ કરી નથી તો આ સૂત્રમાં કેવી રીતે આવી ?

સમા. : અદિતિ તે ઙિતાં (ઙે-ઙસિ-ઙસ્ અને ઙિ)નું વિશેષણ છે. અને ટા પ્રત્યય ઙિત્ નથી માટે **अपेक्षातोऽधिकारः ૧/૧૨** ન્યાયાનુસારે પૂર્વ સૂત્રમાં ગ્રહણ નહીં કરેલાં 'અદિતિ' પદનું અહીં ગ્રહણ થાય છે.

केवलसखिपतेरौ १/४/२६

अ.अ.सू. : इदुतः केवलसखिपतेः स्यादिः अदिति ङिः औ ।

અર્થ : ઇકારાન્ત એવા કેવલ સખિ અને પતિ શબ્દથી પર રહેલો સ્યાદિ એવો ङि પ્રત્યય औ રૂપે થાય છે.

સ. : **केवलसखिपतेः**→सखा च पतिश्च इति सखिपतिः, केवलं च तत् सखिपतिश्च इति केवलसखिपतिः, तस्मादिति ।

ઉદા. (૧) **सख्यौ**→મિત્રને વિષે. सखि+ङि
આ સૂત્રથી ङिનો औ→सखि+**औ**
इवर्णादे०१.२.२१થી इનો य्→सख्**यौ** ।

(૨) **पत्यौ**→પતિને વિષે. पति+ङि
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (A) इत इत्येव→

(૧) **सख्यि**→મિત્રને ઈચ્છના૨માં. सखीयतीति क्विप्
सखायमिच्छतीति सखीयति ।
अमाव्ययात्०३.४.२३થી क्यन्→सखि+**य**
वर्त्तमाना०३.३.६૧થી तिव्→सखि+य+**ति**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→सखि+य+**अ**+ति
लुगस्यादे०२.१.११३થી अनो लोप→सखियति
दीर्घश्चि०४.३.१०८થી દીર્ઘ→स**खी**यति ।
હવે, सखीयतीति क्विप् सखीः, तस्मिन्निति ।
क्विप् ५.१.१४८થી क्विप्→सखीय+०+ङि
अतः ४.३.८२થી अनो लोप→सखीय्+इ
य्वोःप्वय्०४.४.१२१થી य्નો लोप→सखी+इ

क्विबन्ता धातुत्वं नोज्झन्ति, शब्दत्वं च प्रतिपद्यन्ते २/४८ न्यायानुसारे,

योऽनेकस्वर०२.१.५६थी ईनो य्→सख्य्+इ→सख्यि ।

- આ સૂત્રમાં હ્રસ્વ ઇકારાન્ત સખિ શબ્દનું ગ્રહણ કર્યું છે. જ્યારે અહીં દીર્ઘ ઈકારાન્ત સખી શબ્દ છે. માટે આ સૂત્રથી ङि પ્રત્યયનો औ થયો નથી.

(B) **केवलेति किम् ?**

(૧) **प्रियसखौ**→પ્રિય મિત્રવાળાને વિષે.

प्रियः सखा यस्याऽसौ इति प्रियसखिः, तस्मिन्निति ।

एकार्थं०३.१.२२ वि.थी સમાસ વિ.→प्रियसखि

સપ્તમી ङि→प्रियसखि+**इ**

ङिर्ङौ १.४.२५थी ङिનો ङौ→प्रियसखि+**औ**

डित्यन्त्य०२.१.११४थी इનો લોપ→प्रियसखौ ।

(૨) **नरपतौ**→રાજાને વિષે. नराणां पतिरिति नरपतिः, तस्मिन्निति ।

षष्ठ्यत्ना०३.१.७६ વિ.થી સમાસ વિ.→नरपति

સપ્તમી ङि વિ. પૂર્વ પ્રમાણે સાધનિકા જાણવી.

- આ સૂત્રની પ્રવૃત્તિ કેવલ સખિ અને પતિ શબ્દથી થાય છે. જ્યારે અહીં પ્રિય અને નર શબ્દ સાથે જોડેલો સખિ અને પતિ શબ્દ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

(૧) **सूत्रत्वात् समाहारः** પંક્ત્યનુસારે સમાહાર દ્વન્દ્વ થતાં 'केवलसखिपतिनः' એ પ્રમાણે નપું. પ્રયોગ થવો જોઈએ. પણ માત્રા લાઘવ માટે અહીં 'केवलसखिपतेः' એ પ્રમાણે પુલિંગ પ્રયોગ દર્શાવ્યો છે.

(૨) સૂત્રમાં માત્ર ઇકારાન્ત સખિ અને પતિ શબ્દનું ગ્રહણ છે. તેથી પૂર્વસૂત્રથી 'इदुतः'ની અનુવૃત્તિ આવતી હોવા છતાં પણ ઉકારાન્ત શબ્દમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૩) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫ ન્યાયાનુસારે કેવલ શબ્દ સખિ અને પતિ બન્ને સાથે જોડાય છે.

(૪) આ સૂત્ર ङिर्ङौ ૧.૪.૨૫નું અપવાદ સૂત્ર છે.

(૫) દુર્ગસિંહ શ્રુતપાલ વ્યાકરણકાર પતિ+ङि અવસ્થામાં ङिर्ङौ ૧.૪.૨૫ સૂત્રની પ્રવૃત્તિ દ્વારા पतौ પ્રયોગ ઈચ્છે છે. જ્યારે પાણિની વ્યાકરણકારો બહુ પ્રત્યય પૂર્વક પતિ શબ્દથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે बहुपत्यौ પ્રયોગો થાય છે.

(૬) આ સૂત્રમાં કેવલ શબ્દનો પ્રયોગ હોવાથી અન્ય સંબંધી પ્રયોગમાં આ સૂત્રની પ્રાપ્તિ જ રહેતી હતી. માટે अतिसखौ/अतिसख्याम् स्त्रियाम् વિ. સ્થાને આ સૂત્રથી ङि નો औ થતો નથી.

જિ. : અહીં સખિ+ङि આ અવસ્થામાં આ સૂત્રથી ङિનો औ કર્યા બાદ इदुतोऽ०૧.૪.૨૧થી દીર્ઘ ई ન થતાં इवर्णादेः० ૧.૨.૨૧ની પ્રવૃત્તિ શા માટે કરી ?

સમા. : આ સૂત્રમાં દર્શાવેલ औ કાર્યનાં વિધાનસામર્થ્યથી જ હવે औનો ई નહીં થાય. જો ગ્રંથકારશ્રીને ईની જ પ્રવૃત્તિ ઈષ્ટ હોય તો આ સૂત્રમાં औ ન કરતાં ई જ આદેશ કર્યો હોત.

न नाङिदेत् ૧/૪/૨૭

અ.અ.સૂ. : **इदुतः केवलसखिपतेः स्यादौ नाङिदेत् न ।**

અર્થ : ઇકારાન્ત કેવલ સખિ અને પતિ થી પર (૧.૪.૨૪થી) સ્યાદિ એવા ટાનો ના અને ङित् પ્રત્યયો પર છતાં

(૧.૪.૨૩થી) પૂર્વનાં इનો ए આદેશ કહેલો છે તે થતો નથી.

સ. : **ना-ङिदेत्**→ङिति एत् इति ङिदेत्, नाश्च ङिदेत् इति ।

ઉદા. (૧) **सख्या**→મિત્ર વડે. सखि+टा
टः પુંસિ૦૧.૪.૨૪થી પ્રાપ્ત ટાનાં નાનો આ સૂત્રથી નિષેધ થવાથી,
इવર્ણાદે૦૧.૨.૨૧થી इનો य→**सख्या** ।

(૨) पत्या→પતિ વડે. पति+टा

(૩) **सख्ये**→મિત્ર માટે. सखि+ङे
ङित्यदिति ૧.૪.૨૩થી પ્રાપ્ત इનાં એનો આ સૂત્રથી નિષેધ થવાથી,
इવર્ણાદે૦૧.૨.૨૧થી इનો य्→**सख्ये** ।

(૪) **पत्ये**→પતિ માટે. पति+ङे

(૫) **सख्युः आगतम्**→મિત્ર પાસેથી આવેલું. सखि+ङसि
ङित्य૦૧.૪.૨૩થી પ્રાપ્ત इનાં એનો આ સૂત્રથી નિષેધ થવાથી,
इવર્ણાદે૦૧.૨.૨૧થી इનો य्→सख्य्+अस्
खि-ति૦૧.૪.૩૬થી ङसिનો उर्→सख्य्+**उर्**
પદસંજ્ઞા વિ.→सख्युः ।

(૬) **सख्युः स्वम्**→મિત્રનું ધન. सखि+ङस्

(૭) **पत्युः आगतम्**→પતિની પાસેથી આવેલું. पति+ङसि

(૮) **पत्युः स्वम्**→પતિનું ધન. पति+ङस्
આ સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૯) **सख्यौ→**મિત્રને વિષે. सखि+ङि
ङित्यदि०१.४.२૩થી પ્રાપ્ત इનાં એનો નિષેધ થવાથી,
केवलसखि०१.४.२૬થી ङिનો औ→सखि+**औ**
इवर्णादे०१.२.२१થી इનો य्→**सख्यौ** ।

(૧૦) **पत्यौ→**પતિને વિષે. पति+ङि

પ્ર.ઉદા. ङिदिति किम् ? पतयः→સ્વામીઓ. पति+जस्
जस्येदोत् १.४.२२થી इનો ए→**पते**+अस्
एदैतोऽ०१.२.२૩થી अय्→**पतय**स्
પદસંજ્ઞા વિ.→पतयः ।

- સૂત્રમાં ङित् પ્રત્યય પર છતાં થતાં એનો નિષેધ છે. જ્યારે અહીં जस् પ્રત્યય છે માટે આ સૂત્રથી इનાં એનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) सखि/पति+औ આ અવસ્થામાં સ્થાનીવાડ્વર્ણવિધૌ ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે केवलसखि०१.४.२૬થી થયેલ औ પણ ङित् જ મનાય છે. તેથી ङित्य० १.४.२૩થી इનો ए થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. તેથી આ સૂત્ર ङित्य० १.४.२૩ અને टः पुंसि०१.४.२४નું નિષેધ સૂત્ર છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો સમાસ પામેલાં सखि અન્તવાળા નામથી પર પણ આ સૂત્રની તેમજ, केवलसखि० १.४.२૬ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે बहवः सख्यो यस्य स इति बहुसखिः, તેનેતિ बहुसख्या વિ. અને १.४.२૬ના કારણે बहुसख्यौ પ્રયોગ પણ થાય છે. જ્યારે કેટલાંક વ્યાકરણકારો बहु પ્રત્યય પૂર્વકનાં पति શબ્દમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે बहुपत्या વિ. પ્રયોગો થાય છે.

(૩) પૂર્વની જેમ આ સૂત્રમાં પણ 'केवल०'ની અનુવૃત્તિ હોવાથી અન્ય સંબંધી પ્રયોગમાં આ સૂત્રની પ્રાપ્તિ જ રહેતી નથી. अतिसखेः વિ. સ્થાને આ સૂત્રથી इનાં એનો નિષેધ થતો નથી.

स्त्रिया ङितां वा दै-दास्-दास्-दाम् १/४/२८

અ.અ.સૂ. : स्त्रियाः इदुतः स्यादीनां ङितां दै-दास्-दास्-दाम् वा ।

અર્થ : સ્ત્રીલિંગમાં વર્ત્તતાં ઇકારાન્ત અને ઉકારાન્ત નામથી પર રહેલ સ્યાદિ એવા ङित् (ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયનો અનુક્રમે દૈ, દાસ્, દાસ્ અને દામ્ આદેશ થાય છે.

સ. : **दै-दास्-दास्-दाम्→**दैश्च दास् च दास् च दाम् च इति । (પ્રથમા जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. (૧) **बुद्ध्यै/बुद्धये→**બુદ્ધિ માટે. बुद्धि+ङे
આ સૂત્રથી ङેનો વિકલ્પે दै→बुद्धि+**ऐ**
इवर्णादे०१.२.२१થી इનો य→बुद्ध्**यै** ।
વિકલ્પે : दै આદેશ ન થાય ત્યારે, बुद्धि+**ङे**
ङित्य०१.४.२૩થી इનો ए→बुद्ध्**े**+ए
एदैतोऽ०१.२.२૩થી अय्→बुद्ध**ये** ।

(૨) **बुद्ध्याः/बुद्धेः आगतम्→**બુદ્ધિ પાસેથી આવેલું. बुद्धि+ङसि
આ સૂત્રથી ङसिનો વિકલ્પે दास्→बुद्धि+**आस्**
इवर्णादे०१.२.२१થી इનો य्→बुद्ध्**यास्**
પદસંજ્ઞા વિ.→बुद्ध्याः ।
વિકલ્પે : ङसिનો दास् ન થાય ત્યારે, बुद्धि+अस्

ङित्यदिति १.४.२३थी इनो ए→**बुद्धे**+अस्
एदोद्भ्यां०१.४.३५थी ङसिनो र्→बुद्धे+**र्**
पदसंज्ञा वि.→बुद्धेः ।

(૩) **बुद्ध्याः/बुद्धेः स्वम्**→બુદ્ધિનું ધન. बुद्धि+ङस्

(૪) **बुद्ध्याम्/बुद्धौ**→બુદ્ધિને વિષે. बुद्धि+ङि
આ સૂત્રથી ङिनो दाम्→बुद्धि+**आम्**
इवर्णादे०१.२.२१थी इनो य्→बुद्ध्याम् ।
વિકલ્પે : दाम् આદેશ ન થાય ત્યારે, बुद्धि+इ
ङिर्डौ १.४.२५थी ङिनो डौ→बुद्धि+**औ**
डित्यन्त्य०२.१.११४थी इनो लोप→बुद्धौ ।

(૫) **धेन्वै/धेनवे**→ગાય માટે. धेनु+ङे

(૬) **धेन्वाः/धेनोः**→ગાય પાસેથી/ગાયનું. धेनु+ङसि/ङस्

(૭) **धेन्वाम्/धेनौ**→ગાયને વિષે. धेनु+ङि
આ ઉદા.ની સાધનિકા બુદ્ધિ પ્રમાણે જાણવી. પરંતુ કાર્યી उ હોવાથી તેનું इवर्णादे०१.२.२१ વિ.થી व्, ओ વિ. યથાયોગ્ય કાર્ય કરવું.

(૮) **प्रियबुद्ध्यै/प्रियबुद्धये पुंसे**→प्रिया बुद्धिः यस्य स पुमान्, तस्मै इति ।

(૯) **प्रियबुद्ध्यै/प्रियबुद्धयै स्त्रिये**→प्रिया बुद्धिः यस्याः सा स्त्री, तस्यै इति ।
બુદ્ધિની પ્રિયતાવાળા પુરૂષ/સ્ત્રી માટે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) ચંદ્રગોમી વ્યાકરણકાર સામાસિક શબ્દથી વાચ્ય પદાર્થ પુંલિંગ હોય તેવા સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી તેથી તેમનાં મતે પ્રિયબુદ્ધયે પુરુષાય જેવાં પ્રયોગો સિદ્ધ થાય છે. જ્યારે ક્ષીરસ્વામી વ્યાકરણકાર સામાસિક શબ્દથી વાચ્ય પદાર્થ પુંલિંગ હોય તેવા સ્થાને જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. પણ સ્ત્રીલિંગ હોય ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેમના મતે अतिशकट्यै/अतिशकटये पुरुषाय, अतिशकटये स्त्रियै જેવા પ્રયોગો જ સિદ્ધ થાય છે.

(૨) સૂત્રમાં નિર્દિષ્ટ 'ङितां' સ્થાની અને 'दै...' કાર્ય વચ્ચે વચન અને સંખ્યાની સદૃશતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બન્ને વચ્ચે અનુક્રમ જાણવો. આ પ્રમાણે ઉત્તરનાં બે સૂત્રોમાં પણ જાણવું.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયબુદ્ધ્યૈ/પ્રિયબુદ્ધયે પુંસે વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : પૂર્વસૂત્રથી 'केवलसखिपतेः' અને 'इदुतः' બન્ને અધિકાર આવતો હોવા છતાં પણ આ સૂત્રગત स्त्रियाः પદનો અન્વય વિશેષ્યભૂત 'केवलसखिपतेः' સાથે ન કરતાં વિશેષ્યભૂત માત્ર 'इदुतः' સાથે શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે, પરંતુ पत्युर्नः ૨.૪.૪૮ સૂત્રમાં पति શબ્દથી પર રહેલાં ङसि-ङस्નો उर् આદેશ કરી पत्युः એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. પરંતુ આ સૂત્રથી दास् આદેશ કર્યો નથી. તે સૂત્રગત નિર્દેશથી જ જણાય કે, અહીં 'स्त्रियाः' પદનો પૂર્વસૂત્રથી અનુવૃત્ત केवलसखिपतेःની સાથે અન્વય ન કરતાં માત્ર 'इदुतः'ની સાથે અન્વય કરેલ છે.

स्त्रीदूतः १/४/२९

અ.અ.સૂ. : स्त्रीदूतः स्यादीनां ङितां दै-दास्-दास्-दाम् ।

અર્થ : નિત્ય સ્ત્રીલિંગ એવા ઈકારાન્ત અને ઊકારાન્ત નામથી પર રહેલ સ્યાદિ એવા ડિત્ પ્રત્યયનો અનુક્રમે દૈ, દાસ્, દાસ્ અને દામ્ આદેશ થાય છે.

સ. : **स्त्रीदूतः**→ईत् च ऊत् च इति ईदूत्, स्त्रियामीदूत् इति स्त्रीदूत्, तस्मिन्निति ।

ઉદા. (૧) **नद्यै**→નદી માટે. नदी+ङे
આ સૂત્રથી ङેનો दै→नदी+**ऐ**
इवर्णादे०१.२.२१થી ઈનો य्→**नद्यै** ।

(૨) **नद्याः**→નદીમાંથી/નદીનું. नदी+ङसि/ङस्
આ સૂત્રથી ङसि, ङस्નો दास्→नदी+**आस्**
इवर्णादे०१.२.२१થી ઈનો य्→**नद्यास्**
પદસંજ્ઞા વિ.→नद्याः ।

(૩) **नद्याम्**→નદીને વિષે. नदी+ङि
આ સૂત્રથી ङि નો दाम्→नदी+**आम्**
इवर्णादे०१.२.२१થી ઈનો य्→**नद्याम्**

(૪) **कुर्वै**→કુરુરાજાની બાલિકા માટે. कुरू+ङे

(૫) **कुर्वाः**→કુરુરાજાની બાલિકા પાસેથી/નું. कुरू+ङसि/ङस्

(૬) **कुर्वाम्**→કુરુરાજાની બાલિકા વિષે. कुरू+ङि

(૭) **अतिलक्ष्म्यै पुंसे**→लक्ष्मीमतिक्रान्तः पुमान्, तस्मै इति ।

(૮) **अतिलक्ष्म्यै स्त्रियै**→लक्ष्मीमतिक्रान्ता स्त्री, तस्यै इति ।

ઉપરોક્ત ઉદા.ની સાધનિકાઓ નદી પ્રમાણે જાણવી. પરંતુ ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઉ સ્થાનીનો વ્ કરવો.

પ્ર.ઉદા. સ્ત્રીતિ કિમ્ ?

(૧) **ગ્રામણ્યે સ્ત્રિયૈ→**ગામની નાયિકા(સ્ત્રી)
ગ્રામં નયતીતિ ક્વિપ્ ગ્રામણીઃ, તસ્યૈ ઇતિ ।
ઙસ્યુક્તં૦૩.૧.૪૯ વિ.થી સમાસ વિ.→ગ્રામની
ગ્રામાગ્રા૦૨.૩.૬૫થી ન્નો ણ્→**ગ્રામણી**
ચતુર્થી ઙે→ગ્રામણી+**ए**
ક્વિબ્વૃત્તે૦૨.૧.૫૮થી ઈનો ય્→**ગ્રામણ્યે** ।

(૨) **ખલપ્વે સ્ત્રિયૈ→**ખળું સાફ કરનાર સ્ત્રી માટે.
ખલં પુનાતીતિ ક્વિપ્ ખલપૂઃ,
સમાસ વિ. સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ સ્થાની ઊનો ક્વિબ્વૃત્તે૦૨.૧.૫૮થી વ્ કરવો.

- આ સૂત્રમાં નિત્ય સ્ત્રી. ઈકારાન્ત-ઊકારાન્ત નામોનું ગ્રહણ છે. જ્યારે અહીં ક્રિયા પ્રવૃત્તિ નિમિત્તક ઈ-ઊકારાન્ત નામો છે. તેથી તે નિત્ય સ્ત્રીલિંગ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

વિશેષતા :

(૧) **નિત્ય સ્ત્રીલિંગ :** જે સ્ત્રીલિંગ શબ્દ વિશેષ્યનાં વશથી પુંલિંગ કે નપુંસકલિંગમાં મૂળ સ્વરૂપે વપરાતું ન હોય તે શબ્દ નિત્ય સ્ત્રીલિંગ કહેવાય છે.

જે શબ્દો વિશેષ્યનાં વશથી ત્રણે લિંગે હોવા છતાં'ય પોતાનાં રૂપને બદલતાં નથી તે નિત્ય સ્ત્રીલિંગ ગણાતાં નથી.

અહીં ધ્યાનમાં લેવું કે, ક્વિપ્ પ્રત્યયાન્ત દરેક ઈકારાન્ત-ઊકારાન્ત શબ્દોને આ સૂત્રનો વિષય બનાવવામાં આવ્યાં નથી

પણ જે ગ્રામણી વિ. જેવા ક્રિયાપ્રવૃત્તિ નિમિત્તક સિવાયનાં વર્ષાભૂ વિ. સંજ્ઞામાં રૂઢ થયેલાં શબ્દોમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભય સંબંધી પ્રયોગમાં થતી હોવાથી અતિલક્ષ્મ્યૈ પુંસે વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : પૂર્વસૂત્રથી 'સ્ત્રિયાઃ'નો અધિકાર ચાલુ જ હતો તો સૂત્રમાં પુનઃ 'સ્ત્રી' પદનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : નિત્ય સ્ત્રીલિંગ શબ્દમાં જ આ સૂત્ર નિર્દિષ્ટ કાર્યની પ્રવૃત્તિ કરવા માટે 'સ્ત્રી' શબ્દનું પુનઃ ગ્રહણ છે.

જિ. : સ્ત્રિયૈ વિ. સ્થાને સ્ત્રી શબ્દમાં ૫૨ સૂત્ર સ્ત્રિયાઃ ૨.૧.૫૪થી ઇય્ થવાની પ્રાપ્તિ છે. અને ઇય્ આદેશ થયા બાદ સ્ત્રી શબ્દ દીર્ઘ ઈકારાન્ત ન રહેતાં ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થશે ?

સમા. : **परादपि इयुव-यत्वादि कार्यात् प्रागेव स्त्रीदूदाश्रितं कार्यं भवति** પંક્ત્યનુસારે ૫૨ રહેલાં ઇય્ અને ઉવ્ આદેશો પૂર્વે રહેલાં દૈ વિ. આદેશ સ્વરૂપ કાર્યનો બાધ કરતાં નથી. તેથી આ સૂત્રની પ્રાપ્તિ સ્ત્રી શબ્દમાં જાણવી.

वेयुवोऽस्त्रियाः १/४/३०

અ.અ.સૂ. : **इयुवः अस्त्रियाः स्त्रीदूतः स्यादीनां ङित्तां दै-दास्-दास्-दाम् वा ।**

અર્થ : જેનાં ઈનો ઇય્ અને ઊનો ઉવ્ આદેશ થાય છે તેવા સ્ત્રી સિવાયનાં નિત્ય સ્ત્રીલિંગ ઈકારાન્ત અને ઉકારાન્ત શબ્દથી ૫૨માં રહેલાં સ્યાદિ એવા ङित् પ્રત્યયનાં સ્થાને અનુક્રમે દૈ, દાસ્, દાસ્ અને દામ્ આદેશ થાય છે.

સ. : **इयुवः**→इय् च उव् च इति इयुव्, तस्येति ।

ઉદા. (૧) **श्रियै/श्रिये**→લક્ષ્મી માટે. श्रयतीति क्विप् इति श्रीः, तस्यै इति ।
क्विप् ५.१.१४८થી क्विप्→श्री
ચતુર્થી ङे→श्री+**ङे**
क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते ૨/૪૮ ન્યાયાનુસારે,
संयोगात् २.१.५२થી ईનો इय्→**श्रिय्**+ङे
આ સૂત્રથી ङेનો दै→श्रिय्+**ऐ**→श्रियै ।
વિકલ્પે : दै આદેશ ન થાય ત્યારે,
क्विप् વિ. પૂર્વ પ્રમાણે થતાં श्रिय्+ए→श्रिये ।

(૨) **श्रियाः/श्रियः**→લક્ષ્મી પાસેથી/નું.
પૂર્વ પ્રમાણે श्री+ङसि/ङस्
આ સૂત્રથી ङसि/ङस्નો दास्→श्री+**आस्**
क्विबन्ता० ૨/૪૮ ન્યાયાનુસારે,
संयोगात् २.१.५२થી ईનો इय्→**श्रियास्**
પદસંજ્ઞા વિ.→श्रियाः ।
વિકલ્પે : ङसि/ङस्નો दास् ન થાય ત્યારે,
પૂર્વ પ્રમાણે - **श्रिय्**+अस्
પદસંજ્ઞા વિ.→श्रियः ।

(૩) **श्रियाम्/श्रियि**→લક્ષ્મીને વિષે.
પૂર્વ પ્રમાણે→श्री+ङि
क्विबन्ता० ૨/૪૮ ન્યાયાનુસારે,
संयोगात् २.१.५२થી इय्→श्रिय् +ङि
આ સૂત્રથી ङिનો दाम्→श्रिय्+**आम्**→श्रियाम् ।
વિકલ્પે : ङिનો दाम् ન થાય ત્યારે,
પૂર્વ પ્રમાણે→श्रिय्+इ→श्रियि ।

(૪) **अतिश्रियै/अतिश्रिये पुंसे→**श्रियमतिक्रान्तः पुमान्, तस्मै इति ।

अतिश्रियै/अतिश्रिये स्त्रियै→श्रियमतिक्रान्ता स्त्री, तस्यै इति ।

લક્ષ્મીને ઓળંગી જનાર પુરૂષ/સ્ત્રી માટે.

(૫) **भ्रुवै/भ्रुवे→**ભ્રુકુટી માટે. भ्रू+ङे

(૬) **भ्रुवाः/भ्रुवः→**ભ્રુકુટીમાંથી/નું. भ्रू+ङसि/ङस्

(૭) **भ्रुवाम्/भ्रुवि→**ભ્રુકુટીને વિષે. भ्रू+ङि

(૮) **अतिभ्रुवै/अतिभ्रुवे पुंसे→**भ्रुवमतिक्रान्तः पुमान्, तस्मै इति ।

अतिभ्रुवै/अतिभ्रुवे स्त्रियै→भ्रुवमतिक्रान्ता स्त्री, तस्यै इति ।

ભ્રુકુટીને ઓળંગી ગયેલ પુરૂષ/સ્ત્રી માટે.

આ બધાની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ भ्रूમાં संयोगात् ૨.૧.૫૨ને બદલે भ्रू-श्नोः ૨.૧.૫૩ સૂત્રથી उव् કરવો.

પ્ર.ઉદા. (૧) **इयुव इति किम् ? आध्यै→**સારી રીતે ધારણ કરનારી (બુદ્ધિશાળી) સ્ત્રી માટે.

आदधातीति क्विप् आधीः, तस्मै इति ।

दिद्युद्-ददृद्०५.२.८૩થી ધાનો धी→आ+**धी**

ङस्युक्तं०૩.૧.૪૯થી સમાસ→आधी

ચતુર્થી ङे→आधी+ङे

स्त्रीदूतः ૧.૪.૨૯થી ङेનો दै→आधी+**ऐ**

क्विब्वृत्ते०૨.૧.૫૮થી ईનો य्→आध्**यै** ।

- આ સૂત્રમાં इय् અને उव् આદેશવાળા ઈ-ઊકારાન્ત નામોનું ગ્રહણ છે. જ્યારે અહીં क्विप्वृत्ति હોવાથી इय् આદેશ થતો નથી. માટે આ સૂત્રથી વિકલ્પે दै આદેશ થયો નથી.

  (૨) **अस्त्रिया इति किम् ? स्त्रियै→**સ્ત્રીની માટે. स्त्री+ङे
  स्त्रीदूतः ૧.૪.૨૯થી ङेનો दै→स्त्री+**ऐ**
  स्त्रियाः ૨.૧.૫૪થી ઈનો इय्→**स्त्रि**य्+ऐ→स्त्रियै ।

- અહીં સૂત્રવર્જિત સ્ત્રી શબ્દ છે માટે આ સૂત્રથી ङेનો વિકલ્પે दै આદેશ થયો નથી.

વિશેષતા :

(૧) ૧.૪.૨૮માં કહ્યાં પ્રમાણે કેટલાંક વ્યાકરણકારો સામાસિક શબ્દ પુંલિંગ હોય ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. અને સ્ત્રીલિંગ હોય ત્યારે ઈચ્છતાં નથી. તેથી તેમનાં મતે अतिश्रियै/अतिश्रिये पुरुषाय, अतिश्रिये स्त्रियै વિ. પ્રયોગો સિદ્ધ થાય છે. જ્યારે કેટલાંક વ્યાકરણકારો આનાથી વિપરીત માને છે. તેથી તેમનાં મતે अतिश्रियै/अतिश्रिये स्त्रियै, अतिश्रिये पुरुषाय વિ. પ્રયોગો જ સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतिश्रियै/अतिश्रिये વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

आमो नाम् वा ૧/૪/૩૧

અ.અ.સૂ. : इयुवः अस्त्रियाः स्त्रीदूतः स्यादेः आमः नाम् वा ।

અર્થ : જેનાં અન્ત્ય ઈનો इय् અને ઊનો उव् આદેશ થાય છે. તેવા સ્ત્રી શબ્દને છોડીને નિત્ય સ્ત્રી. દીર્ઘ ઈકારાન્ત અને દીર્ઘ ઊકારાન્ત શબ્દથી પર રહેલ સ્યાદિ એવા आम् પ્રત્યયનો नाम् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **श्रीणाम्/श्रियाम्→**લક્ષ્મીઓનું. પૂર્વ પ્રમાણે, શ્રી+આમ્
આ સૂત્રથી આમ્નો નામ્→શ્રી+**નામ્**
ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી ન્નો ણ્→**શ્રીણા**મ્ ।
વિકલ્પે : આમ્નો નામ્ ન થાય ત્યારે, શ્રી+આમ્
ક્વિબન્તા૦૨/૪૮ ન્યાયાનુસારે,
સંયોગાત્ ૨.૧.૫૨થી ઇય્→**શ્રિયા**મ્ ।

(૨) **भ्रूणाम्/भ्रुवाम्→**ભ્રુકુટીઓનું. ભ્રૂ+આમ્

(૩) **अतिश्रीणां/अतिश्रियां नॄणाम्→**श्रियमतिक्रान्तः પુમાન્, તેષામિતિ ।

(૪) **अतिश्रीणां/अतिश्रियां स्त्रीणाम्→**श्रियमतिक्रान्ता સ્ત્રી, તાસામિતિ ।
લક્ષ્મીને ઓળંગી જનારા પુરૂષ/સ્ત્રીઓનું.

(૫) **अतिभ्रूणां/अतिभ्रुवां नॄणाम्→**भ्रुवमतिक्रान्तः પુમાન્, તેષામિતિ ।

(૬) **अतिभ्रूणां/अतिभ्रुवां स्त्रीणाम्→**भ्रुवमतिक्रान्ता સ્ત્રી, તાસામિતિ ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ સંયોગાત્ ૨.૧.૫૨નાં સ્થાને भ्रूश्नोः ૨.૧.૫૩થી ઉવ્ કરવો.

પ્ર.ઉદા. **इयुव इत्येव→प्रधीनाम्→**સારું ધ્યાન ધરનારી સ્ત્રીઓનું.
प्रदधातीति क्विप् प्रधीः,
दिद्युद्-ददृद्०૫.૨.૮૩થી ધાનો ધી આદેશ→પ્ર+**ધી**
ષષ્ઠી આમ્→પ્રધી+**આમ્**
હ્રસ્વાઽડપ૦૧.૪.૩૨થી આમ્નો નામ્→પ્રધી**નામ્** ।

- આ સૂત્રમાં इय् અને उव् આદેશવાળા સ્ત્રી નામનું ગ્રહણ છે. જ્યારે અહીં પ્રધી ક્વિબન્તવૃત્તિ હોવાથી क्विब्वृत्ते०२.१.५८થી य् અને व् આદેશ થાય છે. માટે આ સૂત્રથી આમ્નો નામ્ વિકલ્પે થયો નહીં.

વિશેષતા :

(૧) ચન્દ્ર વિ. વ્યાકરણકારો श्रीणाम् પ્રયોગોને અમુક ચોક્કસ રચનામાં જ ઈચ્છે છે. અન્યત્ર સર્વસ્થાને श्रियाम् પ્રયોગ જ ઈચ્છે છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગોમાં થતી હોવાથી अतिश्रीणाम्/अतिश्रियाम् વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

ह्रस्वा-ऽऽपश्च १/४/३२

અ.અ.સૂ. : ह्रस्वापः च(स्त्रीदूतः) स्यादेः आमः नाम् ।

અર્થ : હ્રસ્વસ્વરાન્ત, आप् પ્રત્યયાન્ત તેમજ નિત્ય સ્ત્રીલિંગ ઈકારાન્ત અને ઊકારાન્ત નામથી પર રહેલ સ્યાદિ એવા आम् પ્રત્યયનો नाम् આદેશ થાય છે.

સ. : **ह्रस्वापः**→ह्रस्वश्च आप् च इति ह्रस्वाप्, तस्मादिति ।

ઉદા. (૧) **देवानाम्**→દેવોનું. देव+आम्
આ સૂત્રથી હ્રસ્વ સ્વરાન્તથી પર आम्નો नाम्→देव+ **नाम्**
दीर्घो नाम्य०१.४.४७થી દીર્ઘ→**देवा**नाम् ।

(૨) **मालानाम्**→માળાઓનું. माला+आम्
આ સૂત્રથી आप् પ્રત્યયાન્તથી आम्નો नाम्→माला**नाम्** ।

(૩) **स्त्रीणाम्**→સ્ત્રીઓનું. स्त्री+आम्
આ સૂત્રથી નિત્યસ્ત્રી. ઈકારાન્તથી પર आम्નો नाम्→ स्त्री**ना**म्
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→स्त्री**णा**म् ।

(૪) **वधूनाम्**→વહુઓનું. वधू+आम्
આ સૂત્રથી નિત્યસ્ત્રી. ઊકારાન્તથી પર આમ્નો નામ્→ વધૂ**નામ્** ।

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં 'ह्रस्वापः'નો અધિકાર શરૂ થવાથી 'स्त्रीदूतः'નો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧ ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારથી પૂર્વે રહેલ ષષ્ઠ્યન્ત 'ह्रस्वापः'થી પૂર્વસૂત્રગત સજાતીય ષષ્ઠ્યન્ત 'स्त्रीदूतः'નો અધિકાર ગ્રહણ કરેલ છે.

તેમજ, **चानुकृष्टं नानुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ 'स्त्रीदूतः'નો અધિકાર હવે પછીનાં સૂત્રમાં નહીં આવે.

(૨) **सर्वत्राऽपि विशेषेण सामान्यं बाधते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે इय्-उव् આદેશવાળાં શબ્દોમાં આ સૂત્રથી आम् પ્રત્યયનો नाम् નિત્ય ન થતાં વિશેષ એવા પૂર્વસૂત્રથી વિકલ્પે થાય છે.

(૩) હ્રસ્વસ્વરાન્ત અને आप् પ્રત્યયાન્ત પ્રયોગો જ્યારે અન્ય સંબંધી બને છે. ત્યારે સૂત્રની તમામ શરતો પૂર્ણ થતી હોવાથી તે પ્રયોગો અન્ય સંબંધી બનતાં જ નથી. પરંતુ નિત્ય સ્ત્રી. દીર્ઘ ઈકારાન્ત-ઊકારાન્ત શબ્દોનાં વિષયમાં પૂર્વ સૂત્રની જેમ જ અહીં પણ ઉભય સંબંધી પ્રયોગોમાં પ્રવૃત્તિ જાણવી. માટે अतिलक्ष्मीनाम् पुरुषाणाम् વિ. પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

संख्यानां र्ण्णाम् ૧/૪/૩૩

અ.અ.સૂ. : र्ण्णां संख्यानां स्यादेः आमः नाम् ।

અર્થ : રકારાન્ત, ષકારાન્ત અને નકારાન્ત સંખ્યાવાચી શબ્દો સંબંધી સ્યાદિ એવા आम् પ્રત્યયનો नाम् આદેશ થાય છે.

સ. : **ष्र्णाम्→**र् च ष् च न् च इति ष्र्ण, तेषामिति ।

ઉદા. (૧) **चतुर्ण्णाम्→**ચારનું. चतुर्+आम्
આ સૂત્રથી चतुर् સંબંધી आम्નો नाम्→चतुर्+**नाम्**
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्નો ण्→चतुर्+**णाम्**
र्हादर्ह०૧.૩.૩૧થી ण्નું द्वित्व→चतु**र्ण्**र्णाम् ।

(૨) **षण्णाम्→**છનું. षष्+आम्
આ સૂત્રથી षष् સંબંધી आम्નો नाम्→षष्+**नाम्**
नाम सिदय्०૧.૧.૨૧ને षष्ने **पदसंज्ञा** થવાથી,
धुटस्तृतीयः ૨.૧.૭૬થી ष्નો ड्→**षड्**+नाम्
प्रत्यये च ૧.૩.૨થી ड्નો ण्→**षण्**+नाम्
तवर्गस्य०૧.૩.૬૦થી न्નો ण्→षण्**णाम्** ।

(૩) **पञ्चानाम्→**પાંચનું. पञ्चन्+आम्
આ સૂત્રથી पञ्चन् સંબંધી आम्નો नाम्→पञ्चन्+**नाम्**
नाम सिदय्०૧.૧.૨૧થી पञ्चन्ने **पदसंज्ञा** થવાથી,
नाम्नो नो०૨.૧.૯૧થી न्નો लोप→पञ्च+नाम्
दीर्घो नाम्य०૧.૪.૪૭થી दीर्घ→पञ्**चा**नाम् ।

(૪) **अष्टानाम्→**આઠનું. अष्टन्+आम्
वाऽष्टनः०૧.૪.૫૨થી न्નो आ→अष्ट**आ**+आम्
समानानां०૧.૨.૧થી दीर्घ→अष्टा+आम्
આ સૂત્રથી अष्टन् સંબંધી आम्નો नाम्→अष्टा**नाम्** ।

વિશેષતા :

प्रियचतुराम् વિ. સ્થાને બહુવ્રીહિ સમાસ થવાથી તે અન્યનું વિશેષણ બને છે. માટે તેમાં સંખ્યાની વાચ્યતા રહેતી નથી માટે આ સૂત્રથી आम्નો नाम् આદેશ થતો નથી. તેમજ, સૂત્રમાં પ્રકૃતિ

આશ્રિત કાર્ય ન હોવા છતાં ષષ્ઠ્યન્તથી પ્રકૃતિનો નિર્દેશ સંબંધ અર્થમાં કરેલો છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ તત્સંબંધી પ્રયોગમાં જ થાય છે.

જિ. : અષ્ટન્+આમ્ સ્થાને વાऽષ્ટનઃ૦૧.૪.૫૨થી આ આદેશ કર્યા બાદ તે ન્કારાન્ત રહેતો નથી છતાં ત્યાં આ સૂત્રથી આમ્ પ્રત્યયનો નામ્ આદેશ કેવી રીતે થાય ?

સમા. : સૂત્રમાં દર્શાવેલ 'ર્ણામ્' બ.વ.થી નિર્દિષ્ટ વ્યાપ્તિ દ્વારા ભૂતપૂર્વમાં ન્કારાન્તને આશ્રયીને પણ આ સૂત્રનું કાર્ય થાય છે.

त्रेस्त्रयः १/४/३४

અ.અ.સૂ. : **स्यादेः आमः त्रेः त्रयः ।**

અર્થ : સ્યાદિ એવા આમ્ પ્રત્યય સંબંધી ત્રિ નામનો ત્રય આદેશ થાય છે.

ઉદા. (૧) **त्रयाणाम्**→ત્રણનું. ત્રિ+આમ્
આ સૂત્રથી આમ્ સંબંધી ત્રિનો ત્રય→**त्रय**+આમ્
હ્રસ્વાપ૦૧.૪.૩૨થી આમ્નો નામ્→ત્રય+**નામ્**
દીર્ઘો નામ્ય૦૧.૪.૪૭થી દીર્ઘ→**त्रया**નામ્
ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી ન્નો ણ્→ત્રયા**ણા**મ્ ।

(૨) **परमत्रयाणाम्**→શ્રેષ્ઠ એવા ત્રણનું.
परमाश्च ते त्रयश्च इति परमत्रयः, तेषामिति ।
विशेषणं विशेष्ये૦૩.૧.૯૬ સમાસ વિ.→परमत्रि
ષષ્ઠી આમ્→परमत्रि+**आम्**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સ્ત્રી.માં વર્ત્તતાં ત્રિ+આમ્ સ્થાને આ સૂત્રથી ત્રય આદેશ ન થતાં સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પર એવા ત્રિ-ચતુર૦૨.૧.૧ સૂત્રથી તિસૃ આદેશ થાય છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગોમાં માનતા હોવાથી તેમનાં મતે અતિત્રયાણામ્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૩) પરંતુ સ્વમતે આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ થતી હોવાથી અતિત્રીણામ્ વિ. સ્થાને આ સૂત્રથી ત્રિનો ત્રય આદેશ થતો નથી.

एदोद्भ्यां ङसि-ङसो रः १/४/३५

અ.અ.સૂ. : एदोद्भ्यां स्यादेः ङसि-ङसः रः ।

અર્થ : એકાર અને ઓકારથી પર રહેલ સ્યાદિ એવા ઙસિ અને ઙસ્ (દરેક) પ્રત્યયનો ર્ આદેશ થાય છે.

સ. : (૧) **एदोद्भ्याम्→**एत् च ओत् च इति एदोतौ, ताभ्यामिति ।

(૨) **ङसि-ङसः→**ङसिश्च ङस् च इति ङसि-ङस्, तस्येति ।

ઉદા. (૧) **मुनेः→**મુનિ પાસેથી/મુનિનું. मुनि+ङसि/ङस्
ङित्यदिति ૧.૪.૨૩થી ઇનો ए→**मुने**+अस्
આ સૂત્રથી ઙસિ અને ઙસ્નો ર્→**मुनेर्**
પદસંજ્ઞા વિ.→**मुनेः** ।

(૨) **धेनोः→**ગાય પાસેથી/ગાયનું. धेनु+ङसि/ङस्
અહીં સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પણ ઉનો ઓ કરવો.

(૩) **गोः**→બળદ પાસેથી/બળદનું. गो+ङसि/ङस्

(૪) **द्योः**→સ્વર્ગથી/સ્વર્ગનું. द्यो+ङसि/ङस्
આ સૂત્રથી ङसि અને ङस्નો र्→गो/द्यो+र्
પદસંજ્ઞા વિ.→गोः/द्योः

વિશેષતા :

(૧) गो વિ.માં સ્વાભાવિક ओ છે. પણ मुनेः, धेनोः માં ङित्यदिति ૧.૪.૨૩થી પ્રાપ્ત લાક્ષણિક એ-ઓ છે. અહીં સૂત્રમાં एत्, ओत् એ પ્રમાણે त्કારનું ગ્રહણ **'तकारः स्वरुपपरिग्रहार्थः'** પંક્ત્યનુસારે સ્વરૂપ માત્રનાં ગ્રહણ માટે છે. તેથી, સ્વાભાવિક અને લાક્ષણિક બન્ને પ્રકારનાં ए અને ओ થી આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) 'एदोद्भ्याम्' દ્વિ.વ. અને 'ङसि-ङस्' એ.વ. આવો વચનભેદ **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયનાં નિષેધ માટે છે. અન્યથા एत् થી પર ङसि પ્રત્યયનો ર્ અને ओत् થી પર ङस् પ્રત્યયનો र् થવાની આપત્તિ આવે.

આ જ વાત જણાવવા લઘુવૃત્તિકાર ભગવંતે 'प्रत्येकम्' પદનું ગ્રહણ કર્યું છે.

खि-ति-खी-तीय उर् ૧/૪/૩૯

અ.અ.સૂ. : खि-ति-खी-तीयः अदिति स्यादेः ङसि-ङसः उर् ।

અર્થ : ખિ, તિ, ખી અને તી સંબંધી ય થી પર રહેલ જેનાં दित् આદેશ ન થાય તેવા સ્યાદિ ङसि અને ङस् પ્રત્યયનો उर् આદેશ થાય છે.

સ. : **खि-ति-खी-तीयः**→खिश्च तिश्च खीश्च तीश्च इति खितिखीत्यः, खितिखीत्यां यः इति । खितिखीतीय् तस्मादिति ।

ઉદા. (૧) **सख्युः**→મિત્ર પાસેથી/મિત્રનું. सखि+ङसि/ङस्
न नाङिदेत् ૧.૪.૨૭થી ङित् સંબંધી इ નાં ए નો નિષેધ થવાથી,
इवर्णादे०૧.૨.૨૧થી इનો य्→**सख्य्**+अस्
આ સૂત્રથી खिસંબંધી यથી પર રહેલ ङसि/ङस्નો उर्→ सख्य्+**उर्**
પદસંજ્ઞા વિ.→**सख्युः** ।

(૨) **पत्युः**→પતિ પાસેથી/પતિનું. पति+ङसि/ङस्

(૩) **सख्युः**→સખીને ઈચ્છનારથી/ઈચ્છનારનું.
सखायमिच्छतीति क्विप् सखीयति ।
૧.૪.૨૬ પ્રમાણે→सखी+ङसि/ङस्
क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते ૨/૪૮ ન્યાયાનુસારે, योऽनेक०૨.૧.૫૬થી ईનો य्→सख्य्+अस्
આ સૂત્રથી खी સંબંધી य् થી પર ङसि/ङस्નો उर्→ सख्य्+**उर्**
પદસંજ્ઞા વિ.→**सख्युः** ।

(૪) **पत्युः**→પતિને ઈચ્છનારથી/ઈચ્છનારનું. पतिमिच्छतीति क्विप् पतीः, तस्मात्, तस्येति ।

અહીં पत्युःની સાધનિકા તેની પૂર્વે દર્શાવેલ **सख्युः** પ્રમાણે યથાયોગ્ય જાણવી.

પ્ર.ઉદા. य इति किम् ?

(૧) **अतिसखेः**→મિત્રને ઓળંગી જનારથી.
सखायमतिक्रान्तः इति अतिसखिः, तस्मादिति
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतिसखि

પંચમી ङसि→अतिसखि+ङसि
ङित्यदिति ૧.૪.૨૩થી ए→अतिसख**े**+अस्
एदोद्भ्यां०૧.૪.૩૫થી ङसिનો र्→अतिसखेर्
પદસંજ્ઞા વિ.→अतिसखेः ।

(૨) **अधिपतेः**→અધિપતિ(રાજા) પાસેથી.
अधिकः पतिरिति अधिपतिः तस्मादिति ।
विशेषणं०૩.૧.૯૬ વિ.થી સમાસ વિ.→अधि+पति
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

- અહીં કેવલ सखि/पति શબ્દ ન હોવાથી ન नाङिदेत् ૧.૪.૨૭થી એનો નિષેધ ન થતાં ङित्यदिति ૧.૪.૨૩થી एत्व થયેલ છે. અને इવર્ણ અંતે ન રહેતાં य् થતો નથી. માટે खि-ति વિ. સંબંધી य् થી ૫૨ પ્રત્યય ન આવતાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

વિશેષતા :

(૧) કેટલાંક રત્નમતિ વિ. વ્યાકરણકારો सखि-पति શબ્દથી ૫૨ રહેલાં જ ङसि-ङस्નો उर् આદેશ ઈચ્છે છે. તેથી તેમના મતે આ સૂત્રથી सख्युः, पत्युः એ પ્રમાણે બે જ પ્રયોગ સિદ્ધ થાય છે. लुन्युः, क्रीत्युः એ પ્રમાણે પ્રયોગો સિદ્ધ થતાં નથી.

(૨) આ સૂત્રમાં 'अदिति' પદની અનુવૃત્તિ આવે છે. તેથી ङी પ્રત્યયાન્ત सखी+दास् અવસ્થામાં **भाविनि भूतवदुपचारः** ૧/૯ ન્યાયાનુસારે તેને ङसि-ङस् માનીને उर् આદેશ થતો નથી. તેથી सख्याः, पत्याः એ પ્રમાણે પણ પ્રયોગો સિદ્ધ થાય છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગોમાં સંભવિત જણાય છે તેથી अतिपून्युः વિ. પ્રયોગો પણ સિદ્ધ થઈ શકે છે.

જિ. : સખિ અને પતિ શબ્દને ક્યન્ અને ક્વિપ્ પ્રત્યય લાગતાં દીર્ઘ થયેલ સખી, પતી **एकदेशविकृतमनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે સખિ-પતિ સ્વરૂપ મનાય છે. તેથી ત્યાં આ સૂત્ર દ્વારા ઉર્ આદેશ થઈ જ જવાનો હતો તો સૂત્રમાં 'ખી-તી' પદનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : સખી અને પતી શબ્દ જેમ સખિ અને પતિને ક્યન્+ક્વિપ્ લાગીને બને છે તેમ સખ અને પતને પણ ક્યન્+ક્વિપ્ લાગીને બને છે. ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી છે માટે 'ખી-તી' પદનું ગ્રહણ કર્યું છે.

ऋतो ङुर् ૧/૪/૩૭

અ.અ.સૂ. : ऋतः स्यादेः ङसि-ङसः ङुर् ।

અર્થ : ઋકારથી પર રહેલ સ્યાદિ એવા ઙસિ અને ઙસ્ પ્રત્યયનો ઙુર્ આદેશ થાય છે.

ઉદા. (૧) पितुः→પિતા પાસેથી/પિતાનું. પિતૃ+ઙસિ/ઙસ્
આ સૂત્રથી ઙસિ/ઙસ્નો ઙુર્→પિતૃ+**ઉર્**
डित्यन्त्य૦૨.૧.૧૧૪થી ઋનો લોપ→પિત્+ઉર્
પદસંજ્ઞા વિ.→**पितुः** ।

વિશેષતા :

ऋकारापदिष्टं कार्यं लृकारस्याऽपि ૨/૧૪ ન્યાયાનુસારે લૃકારથી પર પણ ઙસિ-ઙસ્નો ઙુર્ થવાની પ્રાપ્તિ છે તેથી ૧.૨.૩ સૂત્રગત क्लृऋकारः ઉદા.માં સમાસનો વિગ્રહ कुः ऋकारः આવો પણ થઈ શકે છે.

तृ-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होत्तृ-पोत्तृ-प्रशास्त्रो घुट्यार् १/४/३८

अ.अ.सू. : तृ-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होत्तृ-पोत्तृ-प्रशास्त्रः ऋतः स्यादौ घुटि आर् ।

અર્થ : तृच, तृन् प्रत्ययान्त तथा स्वसृ, नप्तृ, नेष्टृ, त्वष्टृ, क्षत्तृ, होतृ, पोतृ अने प्रशास्तृ शब्दनां ऋनो स्यादि એवो घुट् प्रत्यय પર છતાં आर् थाय छे.

स. : **तृस्वसृनप्तृनेष्टृत्वष्टृक्षत्तृहोतृपोतृप्रशास्त्रः→**ता च स्वसा च नप्ता च नेष्टा च त्वष्टा च क्षता च होता च पोता च प्रशास्ता च इति तृ....प्रशास्तृ, तस्येति ।

ઉદા. (१) **कर्त्तारम्→**કર્ત્તા. कर्तृ+अम्
पुं.स्त्रियोः०१.१.२૯થી अम्ने **घुट्संज्ञा.**
આ સૂત્રથી अम् પર છતાં ऋનો आर्→**कर्तार**म्
र्हादर्ह०१.३.३१થી त्नुं द्वित्व→**कर्त्तार**म् ।

(२) **स्वसारम्→**બહેનને. स्वसृ+अम्

(३) **नप्तारम्→**પૌત્રને. नप्तृ+अम्

(४) **नेष्टारम्→**યજ્ઞ કરનારને. नेष्टृ+अम्

(५) **त्वष्टारम्→**સુથારને. त्वष्टृ+अम्

(६) **क्षत्तारम्→**સારથિને. क्षत्तृ+अम्

(७) **होतारम्→**હોમ કરનારને. होतृ+अम्

(८) **पोतारम्→**પવિત્ર કરનારને. पोतृ+अम्

(९) **प्रशास्तारम्→**શાસન કરનારને. प्रशास्तृ+अम्
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. घुटीति किम् ? कर्तृ कुलं पश्य→કરનાર એવા કુળને તું જો.

- આ સૂત્રની પ્રવૃત્તિ ઘુટ્સંજ્ઞક પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં અઘુટ્ એવો અમ્ પ્રત્યય છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી. પરંતુ અનતો૦૧.૪.૫૯થી અમ્નો લોપ થયેલ છે.

વિશેષતા :

(૧) શાકટાયન પાલ્યકીર્ત્તિ વ્યાકરણકાર ઉણાદિ નિષ્પન્ન શબ્દોને વ્યુત્પન્ન માને છે અને પાણિની વ્યાકરણકાર અવ્યુત્પન્ન માને છે.

(૨) સરસ્વતી કંઠાભરણ શ્રી ભોજ આ સૂત્રથી ઉણાદિ નિષ્પન્ન પ્રસ્તોતૃ, ઉન્નેતૃ, ઉદગાતૃ, પ્રતિહર્તૃ, પ્રતિસ્થાતૃ શબ્દોનાં પણ ઋનો આર્ ઈચ્છે છે. તેથી તેમનાં મતે પ્રસ્તોતારમ્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૩) સૂત્રમાં તૃનાં ગ્રહણથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે સાનુબંધ એવા તૃચ્ અને તૃન્ બન્નેનું ગ્રહણ થાય છે.

(૪) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી અતિકર્ત્તારમ્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : સૂત્રમાં નિરનુબંધ તૃનું ગ્રહણ કર્યું છે. જેનાથી નપ્તૃ વિ.નું ગ્રહણ થઈ જાય છે. તો અહીં પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : નપ્તૃ વિ. શબ્દો ઉણાદિ નિષ્પન્ન છે. ઉણાદિનાં બે પક્ષ છે.

(a) અવ્યુત્પન્ન પક્ષ : उणादयोऽव्युत्पन्नानि नामानि ૨/૪૬ ન્યાયાનુસારે ઉણાદિ નિષ્પન્ન શબ્દો અવ્યુત્પન્ન માનીએ તો નપ્તૃ વિ. શબ્દો અનર્થક તૃ વાળા થાય તેથી **अर्थवदग्रहणे नाऽनर्थकस्य ૧/૧૪** ન્યાયાનુસારે સાર્થક એવા તૃચ્નાં ગ્રહણથી નપ્તૃ વિ.નું ગ્રહણ થતું નથી. તેનાં ગ્રહણ માટે અહીં નપ્તૃ વિ. શબ્દનું પૃથક્ ગ્રહણ કરેલ છે.

(b) व्युत्पन्न पक्ष : ઉણાદિ નિષ્પન્ન શબ્દો વ્યુત્પન્ન માનીએ તો યદ્યપિ નપ્તૃ વિ. શબ્દોનું ગ્રહણ થઈ જાય પણ **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયાનુસારે આ સૂત્રની રચનાથી નિયમ થશે કે, ઉણાદિ નિષ્પન્ન શબ્દોમાં નપ્તૃ વિ. શબ્દનું જ ગ્રહણ કરવું. અન્ય માતૃ વિ. શબ્દનું નહીં.

જિ. : કર્તૃ+શિ વિ. સ્થાને શિ પ્રત્યય ઘુટ્ છે. તો ત્યાં આ સૂત્રથી આર્ કેમ ન થયો ?

સમા. : કર્તૃ+શિ વિ. સ્થાનોમાં સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સ્વરાચ્છૌ ૧.૪.૬૫ સૂત્રથી ન્ આગમ પહેલાં થાય છે. તેથી કર્તૃ+ન્+શિ આ અવસ્થામાં ન્ વ્યવધાયક બનતાં આ સૂત્રથી ઋનો આર્ થતો નથી.

જિ. : કર્તૃ+સિ (સંબો.એ.વ.) અહીં આર્ કેમ ન થયો ?

સમા. : **सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે તથા સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે બળવાન એવા હ્રસ્વસ્ય૦૧.૪.૪૧ની પ્રવૃત્તિ પહેલાં થાય છે. માટે આ સૂત્રથી આર્ થતો નથી.

अङौ च १/४/३९

અ.અ.સૂ. : ऋतः स्यादौ ङौ च(घुटि) अर् ।

અર્થ : ઋકારાન્ત શબ્દોનાં ઋનો સ્યાદિ એવો ઙિ અને ઘુટ્ પ્રત્યય પર છતાં અર્ થાય છે.

ઉદા. (૧) नरि→માણસને વિષે. નૃ+ઙિ
આ સૂત્રથી ઙિ પર છતાં ઋનો અર્→**नरि** ।

(૨) **नरम्→**મનુષ્યને. नृ+अम्
પું-સ્ત્રિયોઃ૦૧.૧.૨૯થી अम्ને **धुट्संज्ञा.**
આ સૂત્રથી अम् પર છતાં ऋનો अर्→**नरम्** ।

વિશેષતા :

યદ્યપિ સૂત્રગત 'ङौ' પદનાં ગ્રહણથી 'ઘુટિ'નો અધિકાર અટકી જાય પણ, **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧ ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલ ચકારથી પૂર્વે રહેલાં સપ્તમ્યન્ત ङौ થી પૂર્વસૂત્રગત સજાતીય સપ્તમ્યન્ત ઘુટિનો અધિકાર ગ્રહણ થાય છે.

તેમજ, **चानुकृष्टं नानुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ 'ઘુટિ'ની અનુવૃત્તિ નીચેનાં સૂત્રમાં નહીં આવે.

मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये ૧/૪/૪૦

અ.અ.સૂ. : आमन्त्र्ये पुत्रे मातुः स्यादिना सिना मातः, अर्हे ।

અર્થ : આમન્ત્યવાચી પુત્ર અર્થમાં વર્ત્તતાં માતૃ શબ્દનો સ્યાદિ એવા સિ પ્રત્યયની સાથે મળીને માત આદેશ થાય છે. જો પ્રશંસા સાથે જણાતો હોય તો.

ઉદા. (૧) हे गार्गीमात !→હે ગાર્ગીમાતાવાળા પુત્ર !
गार्गी माता यस्य स, तत्संबोधने इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ. થી સમાસ વિ.→गार्गीमातृ
આમન્ત્યમાં પ્રથમા સિ→गार्गी मातृ+**स्**
આ સૂત્રથી પુત્ર વાચી માતૃનો માત આદેશ→गार्गी**मात** !

પ્ર.ઉદા. (A) पुत्र इति किम् ?

(૧) **हे मातः !→**હે માતા ! मातृ+सि
ह्रस्वस्य०૧.૪.૪૧થી ऋ+सिः ગુણ→**मातर्**
પદસંજ્ઞા વિ.→मातः !

- આ સૂત્રની પ્રવૃત્તિ પુત્ર વાચી માતૃ શબ્દ હોય ત્યાં જ થાય છે. જ્યારે અહીં માતૃ શબ્દ પુત્ર વાચી નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) **हे गार्गीमातृके वत्से** !→હે ગાર્ગીમાતાવાળી પુત્રી.
गार्गी माता यस्याः सा, तत्संबोधने इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→गार्गीमातृ
આમન્ત્યમાં પ્રથમા સિ→गार्गीमातृ+स्
ऋन्नित्य०૭.૩.૧૭૧થી कच्→गार्गीमातृ+**क**+स्
आत् ૨.૪.૧૮થી आप्→गार्गीमातृक+**आ**+स्
एदापः ૧.૪.૪૨થી अ+सि=ए→गार्गीमातृ**के** !

- અહીં પણ પૂર્વની જેમ માતૃ શબ્દ પુત્રીવાચી છે. પુત્રવાચી નથી માટે આ સૂત્ર લાગ્યું નહીં.

(B) **अर्ह इति किम् ? अरे गार्गीमातृकः** !→અરે ! ગાર્ગીમાતા વાળો પુત્ર !
गार्गी माता यस्य स इति ।
સમાસ વિ. પૂર્વ પ્રમાણે→गार्गीमातृक+स्
अदेतः०૧.૪.૪૪થી સિનો લોપ→गार्गीमातृक !

- આ સૂત્રની પ્રવૃત્તિ પ્રશંસા અર્થ જણાતે છતે જ થાય છે. જ્યારે અહીં નિંદા અર્થ છે. પ્રશંસા અર્થ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

વિશેષતા :

(૧) નિંદા સિવાયનાં અર્થમાં વર્ત્તતાં આમન્ત્યવાચી गार्गीमातृ વિ. સ્થાને પણ આ સૂત્ર દ્વારા ऋन्नित्य०૭.૩.૧૭૧થી થતાં कच् પ્રત્યયનો બાધ કરીને આ સૂત્રથી मातः આદેશ થાય છે.

(૨) બહુવ્રીહિ સમાસમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થતી હોવાથી આ સૂત્ર માત્ર અન્ય સંબંધી પ્રયોગમાં જ પ્રવૃત્ત થાય છે.

ह्रस्वस्य गुणः १/४/४१

અ.અ.સૂ. : आमन्त्र्ये ह्रस्वस्य स्यादिना सिना गुणः ।

અર્થ : આમન્ત્ર્ય અર્થમાં વર્ત્તતાં હ્રસ્વ સ્વરાન્ત નામોનાં હ્રસ્વ સ્વરનો સ્યાદિ એવા સિ પ્રત્યયની સાથે મળીને ગુણ થાય છે.

ઉદા. (૧) **हे पितः !**→હે પિતા ! પિતૃ+સિ
આ સૂત્રથી ऋ+સિ=ગુણ→**पितर्**
પદસંજ્ઞા વિ.→**पितः** !

(૨) **हे मुने!**→હે મુનિ ભગવંત ! મુનિ+સિ
આ સૂત્રથી ઇ+સિ=ગુણ→**मुने** !

एदापः १/४/४२

અ.અ.સૂ. : आमन्त्र्ये आपः स्यादिना सिना एत् ।

અર્થ : આમન્ત્ર્યવાચી અર્થમાં વર્ત્તતાં આપ્ પ્રત્યયાન્ત નામોનાં આનો સ્યાદિ એવા સિ પ્રત્યયની સાથે મળીને એ થાય છે.

ઉદા. (૧) **हे माले !**→હે માળા ! માલા+સિ
આ સૂત્રથી આ+સિ=એ→**माले** !

(૨) **हे बहुराजे !**→હે ઘણા રાજાવાળી નગરી !
बहवः राजानः यस्यां सा इति बहुराजा, तत्संबोधने इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→बहुराजन्

ताभ्यां वाऽप्०२.४.१५थी डाप्→बहुराजन्+**आ**
डित्यन्त्य०२.१.११४थी अन्नो लोप→बहुराजा
आमन्त्र्यमां प्रथमा सि→बहुराजा+**स्**
आ सूत्रथी आ+सि=ए→बहुराजे !

विशेषता :

१.४.१७मां जणाव्या प्रमाणे आ सूत्रनी प्रवृत्ति अन्य संबंधीमां संभवित छे. पण पूर्वनी जेम आ सूत्रनी प्रवृत्ति तत्संबंधी प्रयोगमां जणाती होवाथी हे बहुखट्व ! स्थाने आ सूत्रथी आ+सि=ए थयो नथी.

नित्यदिद्-द्विस्वरा-ऽम्बार्थस्य ह्रस्वः १/४/४३

अ.अ.सू. : आमन्त्र्ये नित्यदिद्-द्विस्वरा-ऽम्बार्थस्य स्यादिना सिना ह्रस्वः ।

अर्थ : आमन्त्र्य अर्थमां वर्त्तता नित्य दित् आदेशवाळां (जेना ङे वि. प्रत्ययोनां स्त्री०१.४.२९ सूत्रथी नित्य दै वि. आदेश थाय छे तेवा) नामोनां तेमज द्विस्वरी अम्बा अर्थवाळां आप् प्रत्ययान्त नामोनां आनो स्यादि एवा सिनी साथे मळीने ह्रस्वादेश थाय छे.

स. : **नित्यदिद्-द्विस्वरा-ऽम्बार्थस्य→**नित्यं दित् येभ्यस्ते इति नित्यदित्, द्वौ स्वरौ येषां ते इति द्विस्वराः, अम्बा लक्षणोऽर्थो येषां ते इति अम्बार्थाः, द्विस्वराश्च अम्बार्थाश्च इति द्विस्वरा-ऽम्बार्थाः, नित्यदितश्च द्विस्वरा-ऽम्बार्थाश्च एतयोः समाहारः इति नित्यदिद्-द्विस्वरा-ऽम्बार्थः, तस्येति ।

ઉદા. (૧) **हे स्त्रि !**→હે સ્ત્રી. स्त्री+सि
આ સૂત્રથી ई+सि=હ્રસ્વ इ→**स्त्रि !**

(૨) **हे लक्ष्मि !**→હે લક્ષ્મી ! लक्ष्मी+सि

(૩) **हे श्वश्रु !**→હે સાસુ ! श्वश्रू+सि

(૪) **हे वधु !**→હે વહુ ! वधू+सि

(૫) **हे अम्ब !**→હે માતા ! अम्बा+सि

(૬) **हे अक्क !**→હે માતા ! अक्का+सि

ઉપરોક્ત બે ઉદા.માં દ્વિસ્વરી आप् પ્રત્યયાન્ત अम्बा અને अम्बा અર્થવાળો अक्का શબ્દ છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે.

પ્ર.ઉદા. (૧) **नित्यदिदिति किम् ? हे हूहूः !**→હે ગંધર્વ દેવો.

- આ સૂત્રમાં नित्यदित् નામોથી સૂત્રપ્રવૃત્તિ થાય છે. જ્યારે અહીં हूहू શબ્દ પુંલિંગ હોવાથી તે नित्यदित् નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

(૨) **द्विस्वरेति किम् ? हे अम्बाडे !**→હે માતા !
अम्बाडा+सि एदापः ૧.૪.૪૨થી ए→**अम्बाडे** !

- આ સૂત્રમાં દ્વિસ્વરી अम्बाअર્થક નામથી પ્રવૃત્તિ થાય છે. જ્યારે અહીં अम्बाडा દ્વિસ્વરી નામ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

(૩) **आप इत्येव→ हे मातः !**→હે માતા ! मातृ+सि
ह्रस्वस्य०૧.૪.૪૧થી ગુણ→**हे मातः** !

- આ સૂત્રની પ્રવૃત્તિ आप् પ્રત્યયાન્ત अम्बा અર્થક નામથી થાય છે. જ્યારે અહીં ઋકારાન્ત मातृ શબ્દ છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

વિશેષતા :

(૧) एदापः ૧.૪.૪૨ સૂત્રથી आप् પ્રત્યયાન્ત નામોનાં आનાં એની પ્રાપ્તિ હતી પણ અમ્બા અર્થવાળા દ્વિસ્વરી आप् પ્રત્યયાન્ત નામોમાં એનો બાધ કરી આ સૂત્રથી હ્રસ્વ કરેલ છે.

(૨) યદ્યપિ આ સૂત્રમાં રહેલ 'नित्यदिद्-द्विस्वराऽम्बार्थस्य' સમાસ ઉપરોક્ત અનુવૃત્ત 'आपः' પદનું વિશેષણ છે. પણ 'नित्यदिद्' નામો 'आप्' પ્રત્યયાન્ત સંભવતાં નથી માટે **संभवे-व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭ ન્યાયાનુસારે સમાસગત દ્વિસ્વરા-મ્બાર્થ પદ જ आप् પ્રત્યયાન્તનું વિશેષણ બને છે.

(૩) નિત્ય સ્ત્રી. ઈકારાન્ત-ઊકારાન્ત નામોથી ઉભય સંબંધી દૈ વિ. द् ઈતવાળા આદેશો થાય છે. તેથી તે દરેક પ્રયોગો नित्यदित् મનાતાં આ સૂત્રનાં नित्यदित् પદની અપેક્ષાએ અન્ય સંબંધી પ્રયોગો સંભવતાં નથી. પરંતુ મ.વૃ.માં પ્રિયામ્બ પ્રયોગ દર્શાવેલ હોવાથી अम्बार्थस्य પદની અપેક્ષાએ આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે.

अदेतः स्यमोर्लुक् ૧/૪/૪૪

અ.અ.સૂ. : आमन्त्र्ये अदेतः स्याद्योः स्यमोः लुक् ।

અર્થ : આમન્ત્ર્ય અર્થમાં વર્ત્તતાં અકારાન્ત અને એકારાન્ત નામથી પર રહેલાં સ્યાદિ એવા સિ અને अम् પ્રત્યયનો લોપ થાય છે.

સ. : (૧) **अदेतः**→अत् च एत् च इति अदेत्, तस्मादिति ।
(૨) **स्यमोः**→सिश्च अम् च इति स्यमौ, तयोरिति ।

ઉદા. (૧) **हे देव !**→હે દેવ ! देव+सि
આ સૂત્રથી સિનો લોપ→देव !

(૨) **हे उपकुम्भ !**→હે કુંભની પાસે कुम्भस्य समीपमिति उपकुम्भ, तत्संबोधने इति ।
विभक्ति-समीप०૩.૧.૩૯ વિ.થી સમાસ વિ.→उपकुम्भ+सि
अमव्ययी०૩.૨.૨થી સિનો अम्→उपकुम्भ+**अम्**
આ સૂત્રથી अम्નો લોપ→उपकुम्भ !

(૩) **हे अतिहे !**→હે 'હે'ને ઓળંગી ગયેલ. हेमतिक्रान्तः इति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतिहे+सि
આ સૂત્રથી સિનો લોપ→अतिहे !

વિશેષતા :

જિ. : સિ ને સ્થાને થયેલ अम् स्थानीवाऽऽ०૭.૪.૧૦૯ પરિભાષાનુસારે સિ રૂપે મનાય છે. તેથી સિનાં લોપ દ્વારા अम्નો લોપ સિદ્ધ જ હતો તો अम् નેં પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : पञ्चतोऽन्यादेः०૧.૪.૫૮ વિ. દ્વારા સિનાં द् વિ. અન્ય આદેશો પણ થાય છે. તથા અમવ્યયી૦૩.૨.૨થી દરેક સ્યાદિનો अम् થાય છે. તેથી સિની સાથે अम्નાં વિધાન સામર્થ્યથી સિ નાં अम् આદેશનો જ લોપ થશે પણ સિનાં સ્થાને द् વિ.નો તેમજ औ, जस् વિ. સ્થાને થયેલ अम्નો લોપ થશે નહીં.

दीर्घङ्याब्-व्यञ्जनात् सेः १/४/४५

અ.અ.સૂ. : दीर्घङ्याब्-व्यञ्जनात् स्यादेः सेः लुक् ।

અર્થ : દીર્ઘ ङी અને आप् પ્રત્યયાન્ત તેમજ વ્યંજનાન્ત નામથી પર રહેલ સ્યાદિ એવા सि પ્રત્યયનો લોપ થાય છે.

સ. : **दीर्घङ्याब्व्यञ्जनात्→**ङीश्च आप् च इति ङ्यापौ, दीर्घौ च तौ ङ्यापौ च इति दीर्घङ्यापौ, दीर्घङ्यापौ च व्यञ्जनं च इति दीर्घङ्याब्व्यञ्जनम्, तस्मादिति ।

ઉદા. (૧) **दीर्घङी→नदी→**નદી. नदी+सि
આ સૂત્રથી સિનો લોપ→नदी ।

(૨) **आप्→माला→**માળા. माला+सि

(૩) **व्यंजनान्त→राजा→**રાજા. राजन्+सि
આ સૂત્રથી સિનો લોપ→राजन्
तदन्तं०१.१.२०થી राजन् ને **पदसंज्ञा** થવાથી,
नाम्नो नो०२.१.९१થી न्नो લોપ→राज
नि दीर्घः १.४.८५થી દીર્ઘ→**राजा** ।

પ્ર.ઉદા. दीर्घेति किम्→

(૧) **निष्कौशाम्बिः→**કૌશાંબીમાંથી નીકળેલ.
निर्गतः कौशाम्ब्याः इति ।
प्रात्यव-परि०३.१.४७ વિ.થી સમાસ વિ.→निर्+कौशाम्बी
गोश्चान्ते०२.४.९६થી હ્રસ્વ→निर्+कौशाम्बि
निर्दुर्बहि०२.३.९थी र्नो ष्→निष्कौशाम्बि
પ્રથમા सि→निष्कौशाम्बि+सि
પદસંજ્ઞા વિ.→निष्कौशाम्बिः ।

- આ સૂત્રથી દીર્ઘ ङी પ્રત્યયાન્ત નામથી પર જ સિનો લોપ થાય છે. જ્યારે અહીં ङी પ્રત્યયાન્ત નામ હ્રસ્વ થયેલ છે માટે આ સૂત્રથી સિનો લોપ થયો નહીં.

(૨) **अतिखट्वः**→ખાટલાને ઓળંગી ગયેલ. खट्वामतिक्रान्तः इति ।

प्रात्यव-परि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अति+खट्वा
गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→अतिखट्व
प्रथमा सि वि.→अतिखट्वः ।

- આ સૂત્રની પ્રવૃત્તિ દીર્ઘ आप् પ્રત્યયાન્ત નામથી જ થાય છે. જ્યારે અહીં आप् પ્રત્યયાન્ત નામ હ્રસ્વ થયેલ છે. માટે આ સૂત્રથી સિનો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં સિનું પુનઃ ગ્રહણ હોવાથી 'आमन्त्र्ये'ની અનુવૃત્તિ અટકતાં પ્ર.એ.વ.નાં સિનું ગ્રહણ થશે.

(૨) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે સૂત્રમાં દ્વન્દ્વ સમાસની આદિમાં રહેલ 'દીર્ઘ' પદ સમાસગત 'ङी' અને 'आप्' બન્ને સાથે જોડવું.

(૩) નપુંસકલિંગ શબ્દોથી પર સિ આવતાં સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે અનતો०૧.૪.૫૯થી સિનો લોપ થાય છે. આ સૂત્રથી નહીં.

(૪) અહીં ઉલ્લેખનીય છે કે, જે अवी, तन्त्री, स्तरी, लक्ष्मी, तरी, धी, ह्री, श्री અને भी આ નવ શબ્દો દીર્ઘ ઈકારાન્ત હોવા છતાં ङी પ્રત્યયાન્ત ન હોવાથી તે નામથી પર સિનો લોપ ક્યારેય થતો નથી.

अवी-तन्त्री-स्तरी-लक्ष्मी-तरी-धी-ह्री-श्रियां-भियः ।
अङ्यन्तत्वात् स्त्रियामेषां न सिलोपः कदाचन ॥

જિ. : ङी અને आप् પ્રત્યયાન્ત શબ્દો દીર્ઘ જ હોવાની સંભાવના છે. તો સૂત્રમાં તેનાં વિશેષણ તરીકે 'दीर्घ' પદનું ઉપાદાન શા માટે કર્યું ?

સમા. : સમાસાદિને અંતે રહેલાં ङी અને आप् પ્રત્યયાન્ત શબ્દોનો અન્ત્યસ્વર गोश्चान्ते०२.४.९६થી હ્રસ્વ થાય છે. જ્યારે **एकदेशविकृतमनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે તે શબ્દો ङी અને आप् પ્રત્યયાન્ત જ મનાતાં હોવાથી આ સૂત્ર દ્વારા તેનાથી પર પણ સિનો લોપ થવાની આપત્તિ આવે તેનું વારણ કરવા સૂત્રમાં 'दीर्घ' પદનું ઉપાદાન કર્યું છે.

જિ. : વ્યંજનાન્ત શબ્દથી સિ પ્રત્યય આવતાં पदस्य २.१.८९થી સિનો લોપ થઈ જ જવાનો હતો છતાં 'व्यञ्जने' પદનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : જો સૂત્રમાં व्यञ्जने પદ ન મૂકીએ તો, नाम सिदय्० १.१.२१ સૂત્રથી નકારાન્ત નામોને પદસંજ્ઞા થવાથી नाम्नो० २.१.९१થી નનો લોપ થઈ સિનો વિસર્ગ થવાની આપત્તિ આવે. તેમજ, उखास्त्रंस्+सि સ્થાને संयोगस्यादौ० २.१.८८થી આદિ સ્નો (નામનાં સ્નો) લોપ થતાં स्त्रंस्-ध्वंस्० २.१.६८થી સ્નો દ્ ન થવાની આપત્તિ આવે.

समानादमोऽतः १/४/४६

અ.અ.સૂ. : **समानात् स्यादेः अमः अतः लुक् ।**

અર્થ : સમાનસંજ્ઞક સ્વરથી પર રહેલ સ્યાદિ એવા अम् પ્રત્યયનાં અનો લોપ થાય છે.

ઉદા. (૧) **देवम्→**દેવને. देव+अम्
આ સૂત્રથી અથી પર રહેલ અમ્નાં અનો લોપ→देवम् ।

(૨) **मालाम्→**માળાને. माला+अम्

(૩) **मुनिम्→**મુનિ ભગવંતને. मुनि+अम्

(૪) **नदीम्→**નદીને. नदी+अम्

(૫) **साधुम्→**સાધુ ભગવંતને. साधु+अम्

(૬) **वधूम्→**વહુને. वधू+अम्

વિશેષતા :

(૧) અહીં દ્વિ.એ.વ.નાં अम् ઉપરાંત अतःस्यमो०૧.૪.૫૭થી થતાં સિનાં अम्નું પણ ગ્રહણ થાય છે. જેથી वनम् વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) देवम् વિ. સ્થાને देव+अम् આ અવસ્થામાં लुगस्यादे० ૨.૧.૧૧૩થી અનો લોપ સિદ્ધ જ હતો. પરંતુ આ સૂત્રની રચના દ્વારા પ્રક્રિયા લાઘવ થયું. તેમજ, मुनिम् વિ. પ્રયોગો સિદ્ધ થયા.

જિ. : पितरम् વિ. સ્થાને पितृ+अम् આ અવસ્થામાં ऋ સમાન સ્વરથી પર अम् છે. તેથી સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે अर्ङौच ૧.૪.૩૯થી પર એવા આ સૂત્રથી અનો લોપ કેમ ન થયો ?

સમા. : अर्ङौ च ૧.૪.૩૯ સૂત્ર માત્ર ऋકારાન્ત નામો માટે વિશેષ વિધિ છે. જ્યારે આ સૂત્રથી થતું કાર્ય સમાનસ્વર સંબંધી હોવાથી સામાન્ય વિધિ છે. માટે **सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે આ સૂત્ર દ્વારા સામાન્ય વિધિ (અનો લોપ)

ન થતાં अर्ङौ च ૧.૪.૩૯ સૂત્રથી વિશેષવિધિ (ऋનો अर्) થાય છે.

दीर्घो नाम्यतिसृ-चतसृ-ष्रः ૧/૪/૪૭

અ.અ.સૂ. : अतिसृ-चतसृ-ष्रः समानस्य स्यादौ नामि दीर्घः ।

અર્થ : તિસૃ, ચતસૃ, ષ્કારાન્ત અને ર્કારાન્ત સંખ્યાવાચી સિવાયનાં સમાનસ્વરાન્ત નામોનાં સમાન સ્વરનો સ્યાદિ એવો नाम् પ્રત્યય પર છતાં દીર્ઘાદેશ થાય છે.

સ. : **अतिसृ-चतसृ-ष्रः→**तिसा च चतसा च ष् च र् च इति तिसृ-चतसृ-ष्र, न तिसृ-चतसृ-ष्र् इति अतिसृ-चतसृ-ष्र, तस्येति ।

ઉદા. (૧) **वनानाम्→**અરણ્યોનું. वन+आम्
ह्रस्वाऽऽप०૧.૪.૩૨થી आम्નો नाम्→वन+**नाम्**
આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ→**वना**नाम् ।

(૨) **मुनीनाम्→**મુનિ ભગવંતોનું. मुनि+आम्

(૩) **साधूनाम्→**સાધુ ભગવંતોનું. साधु+आम्

(૪) **पितॄणाम्→**પિતાઓનું. पितृ+आम्

પ્ર.ઉદા. अतिसृ-चतसृ-ष्र इति किम् ?

(૧) **तिसृणाम्→**ત્રણ(સ્ત્રીઓ)નું.
त्रि-चतुर्०૨.૧.૧.થી त्रिનો तिसृ→**तिसृ**+आम्
ह्रस्वाऽऽप०૧.૪.૩૨થી आम्નો नाम्→तिसृ+**नाम्**
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्નો ण्→तिसृ**णाम्** ।

(૨) **चतसृणाम्→**ચાર(સ્ત્રીઓ)નું.

(૩) **षण्णाम्→**છનું. षष्+आम्

(૪) **चतुर्ण्णाम्→**ચારનું. चतुर्+आम्
સાધનિકા ૧.૪.૩૩ પ્રમાણે જાણવી.

- આ સૂત્રમાં तिसृ વિ.નો નિષેધ છે. માટે અહીં નામ્ પર છતાં तिसृ વિ.નો સ્વર દીર્ઘ થયો નહીં.

વિશેષતા :

(૧) यद्यपि तिसृ વિ.નો સૂત્રમાં નિષેધ છે. પરંતુ આ નિષેધ તત્સંબંધી હોવાથી પ્રિયતિસૃ+નામ્ વિ. સ્થાને આ સૂત્રથી દીર્ઘની પ્રાપ્તિ થાય છે.

(૨) **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે પંચમ્યન્ત 'समानात्' પદની ષષ્ઠ્યન્ત રૂપે અનુવૃત્તિ લીધેલ છે.

(૩) तिसृ-चतसृનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે 'ष्र्' પણ સંખ્યાવાચી નામ સંબંધી જ ગ્રહણ કરવો.

જિ. : ર્કારાન્ત, ષ્કારાન્ત નામો વ્યંજનાન્ત જ હોય છે. તેથી તેનાં અન્ત્યમાં સમાન સ્વરની પ્રાપ્તિ જ નથી તો સૂત્રમાં તેનું વર્જન શા માટે કર્યું ?

સમા. : **'अष्र इति प्रतिषेधेन नकारेण व्यवहितेऽपि नामि दीर्घो ज्ञाप्यते'** अष्र् એ પ્રમાણે દર્શાવેલ પ્રતિષેધ દ્વારા ન્કારથી વ્યવહિત પણ નામ્ પ્રત્યય પર છતાં સમાન સ્વર દીર્ઘ થાય છે. તેવું જણાવાય છે. આથી તાત્પર્ય છે કે, 'આ સૂત્ર આમ્નો નામ્ આદેશ થાય પછી જ લાગે છે. તેમજ, ર્, ષ્ અને ન્ અન્તવાળા સંખ્યાવાચી નામ સિવાય કોઈ પણ વ્યંજનાન્ત નામથી પરમાં આમ્ પ્રત્યયનો નામ્ આદેશ થતો નથી. અને ર્-ષ્નું આ સૂત્રમાં વર્જન કર્યું છે. માટે વ્યવધાનપૂર્વક સૂત્રપ્રવૃત્તિ માત્ર ન્કારાન્ત

નામોથી જ થશે. તેથી નામ્ પ્રત્યય અને પૂર્વનાં સમાન સ્વર વચ્ચે ન્નું વ્યવધાન હોય તો પણ સૂત્રની પ્રવૃત્તિ થાય. તેથી પઞ્ચાનામ્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

नुर्वा १/४/४८

અ.અ.સૂ. : नुः समानस्य स्यादौ नामि दीर्घः वा ।

અર્થ : नृ શબ્દનાં સમાન સ્વરનો સ્યાદિ એવો નામ્ પ્રત્યય પર છતાં દીર્ઘદિશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) नृणाम्/नॄणाम्→મનુષ્યોનું. नृ+आम्
ह्रस्वाऽऽ०१.४.૩૨થી आम्નો नाम्→नृ+**नाम्**
र-षृवर्णान्नो०२.૩.६૩થી न्નો ण्→नृ+**णाम्**
આ સૂત્રથી નામ્ પર છતાં ऋ વિકલ્પે દીર્ઘ→**नॄ**णाम्
વિકલ્પે : દીર્ઘ ન થાય ત્યારે, नृणाम् ।

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રમાં 'समानस्य'ની અનુવૃત્તિ આવતી હોવાથી સમાન સ્વરનું જ કાર્યી તરીકે ગ્રહણ થવું જોઈએ. પરંતુ नृ શબ્દમાં ऋ સિવાયનાં સમાન સ્વરનો સંભવ જ ન હોવાથી અહીં કાર્યી તરીકે ऋનું જ ગ્રહણ કરવું.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જણાય છે. તેથી પ્રિયનૃણામ્ વિ. સ્થાને આ સૂત્રથી વિકલ્પે દીર્ઘ થશે નહીં. મ.વૃ.માં દર્શાવેલ अतिनॄणाम्નો વિગ્રહ अतिशयिताः नराः એ પ્રમાણે અવચૂરિકાશ્રીએ જણાવેલ છે. માટે આ કર્મધારય સમાસ હોવાથી સૂત્ર પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ જાણવી.

शसोऽता सश्च नः पुंसि १/४/४९

अ.अ.सू. : स्यादेः शसः अता समानस्य दीर्घः, पुंसि च सः नः ।

अर्थ : स्यादि એવા शस् પ્રત્યયનાં અની સાથે મળીને પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય છે. અને (જ્યારે દીર્ઘ થાય ત્યારે) પુંલિંગમાં शस् પ્રત્યયનાં સ્નો ન્ થાય છે.

ઉદા. (૧) देवान्→દેવોને. देव+शस्
આ સૂત્રથી અ દીર્ઘ અને शस्નાં સ્નો ન્→देवान्

(૨) **मुनीन्→**મુનિ ભગવંતોને. मुनि+शस्

(૩) **वातप्रमीन्→**મૃગોને. વ્રાતપ્રમી+शस्

(૪) **साधून्→**સાધુ ભગવંતોને. साधु+शस्

(૫) **हूहून्→**ગંધર્વોને. हूहू+शस्

(૬) **पितॄन्→**પિતાઓને. पितृ+शस्

પ્ર.ઉદા. पुंसीति किम् ? शालाः→શાળા. शाला+शस्

- સૂત્રમાં પુંલિંગમાં વર્ત્તતાં નામથી જ शस्નાં સ્નો ન્ થાય છે. જ્યારે અહીં સ્ત્રીલિંગમાં વર્ત્તતું નામ હોવાથી शस् પ્રત્યયનો ન્ થયો નથી.

વિશેષતા :

(૧) वन+शस् વિ. સ્થાને સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે બળવાન એવા नपुंसकस्य०१.४.५५ સૂત્રથી शस्નો शि આદેશ થાય છે. પણ આ સૂત્રનું કાર્ય થતું નથી.

(૨) સૂત્રગત પુંસિ પદ દ્વારા દર્શાવેલ 'ન્' આદેશનું કાર્ય તત્સંબંધી પ્રયોગમાં જ જણાય છે. કારણ કે પુંલિંગ વિષયક શબ્દો

જ્યારે અન્યસંબંધી બને છે. ત્યારે પુંલિંગમાં વર્ત્તતાં શસ્‌ની પ્રાપ્તિ થતી નથી. માટે પ્રિયમુનીઃ બાલાઃ સ્થાને દીર્ઘ થયું હોવા છતાં પણ ન્‌ આદેશ થતો નથી.

જિ. : **एतान् गा पश्य** સ્થાને આ-અમ્‌૦૧.૪.૭૫થી ગોનાં ઓનો શસ્‌નાં અની સાથે આ આદેશ થયો છે. પરંતુ આ સૂત્ર દ્વારા શસ્‌નો ન્‌ કેમ ન થયો ?

સભા. : સૂત્રમાં દર્શાવેલ ચકાર તે બે કાર્યનાં સમુચ્ચય માટે છે. તેથી **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः ૧/૩૦** ન્યાયાનુસારે અહીં પુંલિંગ એવા ગો શબ્દમાં આ સૂત્ર દ્વારા દીર્ઘદિશ ન થાય તો તત્સહકથિત સ્‌નો પણ ન્‌ થાય નહીં. માટે ગાઃ પ્રયોગ સિદ્ધ થાય છે.

જિ. : મતિ+શસ્‌ સ્થાને પુંલિંગ ન હોવાથી શસ્‌નાં સ્‌નો ન્‌ થતો નથી. તો **सन्नियोग० ૧/૩૦** ન્યાયાનુસારે દીર્ઘત્વ પણ કેવી રીતે થાય ?

સભા. : આ સૂત્રમાં ચકાર અન્વાચય માટે છે. અન્વાચય=ગૌણરૂપે કાર્યનો સમુચ્ચય કરવો. અહીં દીર્ઘ સ્વરૂપ કાર્ય પ્રધાન છે. અને પુંલિંગમાં ન્‌ આદેશ રૂપ કાર્ય ગૌણ છે. તેથી **नान्वचीयमाननिवृत्तौ प्राधानस्य ૧/૩૧** ન્યાયાનુસારે પુંલિંગમાં ન્‌ આદેશ રૂપ કાર્ય ન થવા છતાં પણ પ્રધાન એવા દીર્ઘત્વની નિવૃત્તિ થતી નથી.

જિ. : ચર્ચ્વાઃ પુરુષાન્‌ પશ્ય વિ. સ્થાને ચર્ચ્વા શબ્દ પુંલિંગનું વિશેષણ હોવા છતાં આ સૂત્રથી શસ્‌નાં સ્‌નો ન્‌ કેમ ન થયો ? તથા ભ્રકુંસાન્‌ સ્ત્રીઃ પશ્ય વિ. સ્થાને ભ્રકુંસ શબ્દ સ્ત્રીલિંગનું વિશેષણ હોવા છતાં પણ આ સૂત્રથી શસ્‌નાં સ્‌નો ન્‌ કેવી રીતે થયો ?

સમા. : કેટલાંક વિશેષણો વિશેષ્યને આશ્રયીને પણ સ્વલિંગનો ત્યાગ કરતાં નથી તેથી અહીં પુરુષ અને સ્ત્રી શબ્દ અનુક્રમે પુંલિંગ અને સ્ત્રી. હોવા છતાં પણ તેમનાં વિશેષણભૂત चञ्चा અને भ्रकुंस શબ્દ અનુક્રમે સ્ત્રી. અને પું.માં જ વર્ત્તે છે. માટે સ્ત્રી.માં વર્ત્તતાં चञ्चा શબ્દથી દીર્ઘ કાર્ય જ થયું. અને પું.માં વર્ત્તતાં भ्रकुंस શબ્દથી દીર્ઘત્વ સહિત न्नुं કાર્ય પણ થયું.

संख्या-साय-वेरह्नस्याऽहन् ङौ वा १/४/५०

અ.અ.સૂ. : संख्या-साय-वेः अह्नस्य स्यादौ ङौ अहन् वा ।

અર્થ : સંખ્યાવાચી શબ્દો, साय અને वि થી પર રહેલ અહ્નનો સ્યાદિ એવો ङि પ્રત્યય પર છતાં अहन् આદેશ વિકલ્પે થાય છે.

સ. : **सङ्ख्या-साय-वेः→**सङ्ख्या च सायं च विश्च इति सङ्ख्यासाचवि, तस्मादिति । (अत एव निपातनात् सायंशब्दस्य मकारलोपः ।)

ઉદા. (૧) **द्व्यह्नि/द्व्यहनि/द्व्यह्ने→**બે દિવસમાં થનાર.
द्वयोः अह्नोः भव इति ।
संख्या-समाहारे०૩.૧.૯૯ વિ. થી સમાસ વિ.→द्वि+अहन्
सर्वाँश संख्या०૭.૩.૧૧૮થી अत् અને अहन् આદેશ→ द्व्यहन्
भवे ६.૩.૧૨૩થી अण्→द्व्यहन्+**अ**
द्विगोरनपत्ये०६.૧.૨૪થી अण्નો લોપ→द्व्यहन्
હવે, સપ્તમી ङि→द्व्यहन्+**इ**

આ સૂત્રથી અહન્ આદેશ→**द्व्यहन्**+इ
ईङौ वा २.१.१०९थी अन्नां अनो लोप→**द्व्यह्नि** ।
विकल्पे : ईङौ० २.१.१०९थी अनो लोप न थाय त्यारे, **द्व्यहनि** ।
विकल्पे : आ सूत्रथी अहन् आदेश न थयो त्यारे. द्व्यहन्+इ अवर्णस्ये०१.२.६थी ए→द्व्यहने

(२) **सायाह्नि/सायाहनि/सायाह्ने**→सांजे.
सायमहः इति सायाह्नः, तस्मिन्निति ।
साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु सायाह्ना०३.१.५३थी समास करवो.

(३) **व्यह्नि/व्यहनि/व्यह्ने**→गयेलां दिवसे.
विगतमहः इति व्यह्नः, तस्मिन्निति ।
साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु प्रात्यवपरि० ३.१.४७थी समास करवो.

विशेषता :

(१) **सूत्रत्वात् समाहारः** पंक्त्यनुसारे संख्यासायविनः आवो नपुं. पं.ए.व.नो प्रयोग थवो जोईए पण अहीं लाघव माटे संख्यासायवेः आम, पुं.पं.ए.व.नो प्रयोग करेल छे.

(२) आ सूत्रनी प्रवृत्ति संख्यावाची वि.थी पर रहेल अहन् विषयक होवाथी बीजा स्थाने आ सूत्रनी प्रवृत्ति थती नथी.

जि. : अहन्नुं ष.ए.व. अहनः आवो प्रयोग थाय छे. तो अहनस्यनो सूत्रमां शी रीते प्रयोग कर्यो ?

समा. : आ सूत्रमां द्वयह्नि वि. प्रयोगोमां सर्वांश०७.३.११८ सूत्रथी अट् समासान्त थाय छे त्यारे अहन्नो अहन आदेश

થાય છે. અને આ સૂત્રગત ઉદા.માં અટ્ પ્રત્યયની પ્રાપ્તિ નિત્ય છે. તેથી અટ્ સમાસાન્ત અહન્નાં અનુકરણરૂપે સૂત્રમાં અહનસ્ય પ્રયોગ કરવામાં આવ્યો છે.

निय आम् ૧/૪/૫૧

અ.અ.સૂ. : नियः स्यादेः ङेः आम् ।

અર્થ : नी નામથી પર રહેલ સ્યાદિ એવા ङि પ્રત્યયનો आम् આદેશ થાય છે.

ઉદા. (૧) **नियाम्**→લઈ જનારમાં.
नयतीति क्विप् नीः, तस्मिन्निति (णींग् प्रापणे-८८८)
क्विप् ५.१.१४८थी क्विप्→नी+०
સપ્તમી ङि→नी+**इ**
આ સૂત્રથી ङिનો आम्→नी+**आम्**
क्विबन्ता धातुत्वं० २/४८ ન્યાયાનુસારે,
धातोरिवर्णो०२.१.५०थी ईનો इय्→**नियाम्** ।

(૨) **ग्रामण्याम्**→ગામનાં નાયકને વિષે.
ग्रामं नयतीति क्विप् ग्रामणीः, तस्मिन्निति ।
क्विप् ५.१.१४८थी क्विप्→ग्राम+अम्+नी+०
ङस्युक्तं०३.१.४९ વિ.થી સમાસ વિ.→ગ્રામની
ग्रामाग्रा०२.३.७१थी न्નો ण्→ग्रामणी
સપ્તમી ङि→ग्रामणी+**इ**
આ સૂત્રથી ङिનો आम्→ग्रामणी+**आम्**
क्विब्वृत्ते०२.१.५८थी ईનો य्→ग्रामण्याम् ।

વિશેષતા :

(૧) લઘુવૃત્તિમાં 'नियः ई' (નીનાં ઈ થી ૫૨માં) એ પ્રમાણે દીર્ઘ ઈનું ગ્રહણ કર્યું હોવાથી क्लीबे २.४.८७થી જ્યારે સ્વર હ્રસ્વ થાય છે ત્યારે આ સૂત્રથી નિ, ગ્રામણિ વિ. થી ૫૨ ડિનો આમ્ થતો નથી. તેથી નિનિ, ગ્રામણિનિ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) પરંતુ સરસ્વતી કંઠાભરણ વ્યાકરણકાર **भूतपूर्वकस्तद्वदुपचारः** ૧/૮ ન્યાયાનુસારે નિ વિ.થી ૫૨ પણ ડિનો આમ્ માને છે. તેથી તેમનાં મતે તે સ્થાનોમાં પણ નિયામ્, ગ્રામણ્યામ્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૩) **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે સપ્તમ્યન્ત 'ङौ' પદની ષષ્ઠ્યન્ત અનુવૃત્તિ લીધી છે.

(૪) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભય સંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે. તેથી પ્રિયગ્રામજ્યામ્ વિ. પ્રયોગો પણ થવા જોઈએ.

જિ. : સૂત્રમાં નીનું ગ્રહણ છે જ્યારે ગ્રામણી વિ. પ્રયોગમાં णी થી ૫૨ આ સૂત્રથી ડિનો આમ્ કેમ ન થયો ?

સમા. : ગ્રામણી વિ. પ્રયોગમાં ગ્રામાગ્રા૦૨.૩.૭૧થી થતો न् નો ण् ण-षमसत्परे૦૨.૧.૬૦થી असत् માનવામાં આવ્યો છે. તેથી ની માનીને આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

वाऽष्टनः आः स्यादौ ૧/૪/૫૨

અ.અ.સૂ. : **अष्टनः स्यादौ आः वा ।**

અર્થ : अष्टन् નામનાં न् નો સિ વિ. પ્રત્યય ૫૨ છતાં વિકલ્પે આ થાય છે.

ઉદા. (૧) **अष्टाभिः/अष्टभिः**→આઠ વડે. अष्टन्+भिस्
આ સૂત્રથી ન્નો આ→अष्ट**आ**+भिस्
समानानां०૧.૨.૧થી દીર્ઘ→अ**ष्टा**+भिस्
પદસંજ્ઞા વિ.→अष्टाभिः ।
વિકલ્પે : આ સૂત્રથી ન્નો આ ન થાય ત્યારે, अष्टन्+भिस्
નામ સિદય્૦૧.૧.૨૧થી अष्टन्ને **પદસંજ્ઞા.** તેથી,
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્નો લોપ→अष्ट+भिस्
પદસંજ્ઞા વિ.→अष्टभिः ।

(૨) **प्रियाष्टाः/प्रियाष्टा**→આઠ પ્રિય છે જેને તે.
प्रिया अष्टौ यस्य स इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→प्रियाष्टन्
પ્રથમા સિ→प्रियाष्टन्+**स्**
આ સૂત્રથી ન્નો આ→प्रियाष्ट**आ**+स्
समानानां०૧.૨.૧થી દીર્ઘ→प्रिया**ष्टा**+स्
પદસંજ્ઞા વિ.→प्रियाष्टाः ।
વિકલ્પે : ન્ નો આ ન થાય ત્યારે, प्रियाष्टन्+स्
पुं-स्त्रियोः०૧.૧.૨૯ને સિને **धुट्संज्ञा.**
नि दीर्घः ૧.૪.૮૫થી ન્ની પૂર્વનો સ્વર દીર્ઘ→
प्रिया**ष्टा**न्+स्
दीर्घङ्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→प्रियाष्टान्
नाम्नोनो०૨.૧.૯૧થી ન્નો લોપ→प्रियाष्टा ।

વિશેષતા :

(૧) પાણિનીય વિ. વ્યાકરણકારો સ્કારાદિ, ભ્કારાદિ પ્રત્યય પર છતાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. પણ जस्-शस् પર છતાં ઉત્તર સૂત્રનાં વિધાન સામર્થ્યથી જ આ કરે છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ અન્ય સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયાષ્ટાઃ/પ્રિયાષ્ટા વિ. પ્રયોગ સિદ્ધ થાય છે.

જિ. : આ સૂત્રમાં પૂર્વ સૂત્રથી સ્યાદિની અનુવૃત્તિ આવી રહી છે. તેથી **अर्थवशात्०१/१૩** ન્યાયાનુસારે સપ્તમ્યન્ત સ્યાદૌનો અધિકાર આવે છે. છતાં સૂત્રમાં 'સ્યાદૌ' પદનું પુનઃ ગ્રહણ કેમ કર્યું ?

સમા. : આ સૂત્રની પ્રવૃત્તિ તમામ સ્યાદિ પ્રત્યય પર છતાં થાય છે. અને પૂર્વ સૂત્રથી આવતી સ્યાદિની અનુવૃત્તિ ङિનાં વિશેષણ સ્વરૂપે છે. તેથી અહીં ङિનું ગ્રહણ ન થઈ જાય તે માટે 'સ્યાદૌ'નું પુનઃ ગ્રહણ કર્યું છે.

अष्ट औ जस्-शसोः १/४/५૩

અ.અ.સૂ. : **अष्टः स्यावोः जस्-शसोः औ ।**

અર્થ : જેનાં અન્ત્ય न् નો આ આદેશ કર્યો છે તેવા અષ્ટા નામથી પર રહેલ સ્યાદિ એવા जस् અને शस् પ્રત્યયનો औ આદેશ થાય છે.

સ. : **जस्-शसोः**→जस् च शस् च इति जस्-शासौ, तयोरिति ।

ઉદા. (૧) **अष्टौ/अष्ट**→આઠ/આઠને. अष्टन्+जस्/शस्
वाऽष्टनः०१.४.५२થી न्નો आ→अष्ट**आ**+अस्
समानानां०१.२.१થી દીર્ઘ→अष्**टा**+अस्
આ સૂત્રથી जस्/शस्નો औ→अष्टा+**औ**
ऐदौत्०१.२.१२થી औ→**अष्टौ** ।
વિકલ્પે : આ સૂત્રથી औ ન થાય ત્યારે, अष्टन्+अस्

ડતિષ્ણઃ૦૧.૪.૫૪થી જસ્/શસ્નો લોપ→અષ્ટન્
प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ૩/૯ ન્યાયાનુસારે,
તદન્તં૦૧.૧.૨૦થી અષ્ટન્ને **પદસંજ્ઞા.** તેથી,
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્નો લોપ→અષ્ટ ।

વિશેષતા :

(૧) શાકટાયન, દેવનન્દી, ચન્દ્ર વિ. વ્યાકરણકારો ણિચ્+ક્વિપ્ પ્રત્યયાન્ત અષ્ટ્ સંબંધી પણ જસ્/શસ્નો ઔ ઈચ્છે છે.

(૨) અહીં સૂત્રમાં અષ્ટઃ પદનાં ગ્રહણ દ્વારા સ્વ અને પર બન્ને મતનો નિર્દેશ કર્યો છે તે આ પ્રમાણે, (a) આકારાન્ત અષ્ટાનું ષષ્ઠ્યન્ત અષ્ટઃ થી સ્વમત. (b) વ્યંજનાન્ત અષ્ટ્નું ષષ્ઠ્યન્ત અષ્ટઃ થી શાકટાયનનો મત.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયાષ્ટા+જસ્ સ્થાને આ સૂત્રથી ઔ ન થતાં પૂર્વ સૂત્રમાં દર્શાવ્યા મુજબ પ્રિયાષ્ટાઃ વિ. પ્રયોગ સિદ્ધ થાય છે.

ડતિ-ષ્ણઃ સંખ્યાયા લુપ્ ૧/૪/૫૪

અ.અ.સૂ. : ડતિ-ષ્ણઃ સંખ્યાયાઃ સ્યાદ્યોઃ જસ્-શસોઃ લુપ્ ।

અર્થ : ડતિ અન્તવાળા, ષ્કારાન્ત અને ન્કારાન્ત એવા સંખ્યાવાચી નામો સંબંધી જસ્ અને શસ્ પ્રત્યયનો લોપ થાય છે.

સ. : **ડતિ-ષ્ણઃ**→ડતિશ્ચ ષ્ ચ ન્ ચ ઇતિ ડતિષ્ણ્, તસ્યેતિ ।

ઉદા. (૧) કતિ→કેટલાંક/કેટલાંકને.
યત્-તત્૦૭.૧.૧૫૦ સૂત્રથી ડતિ→કિમ્+**અતિ**
ડિત્યન્ત્ય૦૨.૧.૧૧૪થી ઇમ્નો લોપ→કતિ

પ્રથમા/દ્વિતીયા જસ્/શસ્→કતિ+**અસ્**
આ સૂત્રથી જસ્/શસ્નો લોપ→કતિ ।

(૨) **ષટ્→**છ/છને. ષષ્+જસ્/શસ્
આ સૂત્રથી જસ્/શસ્નો લોપ→ષષ્
પ્રત્યયલોપેઽપિ પ્રત્યયલક્ષણં૦૩/૯ ન્યાયાનુસારે,
તદન્તં૦૧.૧.૨૦થી ષષ્ને **પદસંજ્ઞા.** તેથી,
ધુટસ્તૃતીયઃ ૨.૧.૭૬થી ષ્નો ડ્→**ષડ્**
વિરામે વા ૧.૩.૫૧થી ડ્નો ટ્→**ષટ્** ।

(૩) **પઞ્ચ→**પાંચ/પાંચને. પઞ્ચન્+જસ્/શસ્
આ સૂત્રથી જસ્/શસ્નો લોપ→પઞ્ચન્
પ્રત્યયલોપેઽપિ૦૩/૯ ન્યાયાનુસારે,
તદન્તં૦૧.૧.૨૦થી પઞ્ચન્ને **પદસંજ્ઞા.**
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્નો લોપ→પઞ્ચ ।

વિશેષતા :

(૧) કેટલાંક વામન વિ. વ્યાકરણકારો ડતિ પ્રત્યયાન્ત કતિ થી જ પરમાં જસ્-શસ્નો લોપ ઈચ્છે છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયકતયઃ વિ. સ્થાને આ સૂત્રથી જસ્-શસ્નો લોપ થતો નથી.

જિ. : સંખ્યાવાચી શત વિ. થી પર જસ્/શસ્નો શિ આદેશ થાય ત્યારે શત+શિ અવસ્થામાં સ્વરાચ્છૌ ૧.૪.૬૫થી ન્ નો આગમ થતાં સંખ્યાવાચી ન્કારાન્ત નામ (શતન્+શિ) થાય છે. ત્યારે સ્થાનીવાઽવર્ણ૦૭.૪.૧૦૯ પરિભાષાનુસારે શિ પ્રત્યય જસ્ રૂપે મનાતાં આ સૂત્રથી શિ પ્રત્યયનો લોપ કેમ ન થયો ?

સમા. : અહીં ન્નો આગમ શિનાં કારણે થયેલ છે. **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** ૧/૧૯ ન્યાયાનુસારે તે જ ન્ શિનાં લોપનો કારણ બનતો નથી. માટે આ સૂત્રથી શિ રહેતાં शतानि વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : અત્યાર સુધીનાં સૂત્રમાં લોપનો નિર્દેશ કરવા માટે 'लुक्' પદનું ગ્રહણ થતું હતું તો આ સૂત્રમાં 'लुप्' પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : **लुप्यव्वृक्लेनत्**[1] ૭.૪.૧૧૨ પરિભાષાનુસારે 'लुप्' દ્વારા લોપનાં સ્થાનીવદ્ભાવનો નિષેધ થાય છે તે જણાવવા 'लुप्'નું ગ્રહણ છે.

જિ. : તો ઉપરોક્ત કથનાનુસારે અહીં 'लुप्' પદથી નિર્દિષ્ટ લોપનો षष् વિ. ઉદા.માં સ્થાનીવદ્ભાવ મનાશે નહીં તો षष् વિ.ને પદસંજ્ઞા કેવી રીતે થશે ?

સમા. : **प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते** ૩/૯ ન્યાયાનુસારે लुप्यव्वृक्लेनत् ૭.૪.૧૧૨ પરિભાષાથી થતાં સ્થાનીવદ્ભાવનાં નિષેધમાં પણ પ્રત્યયનો લોપ થયે છતે પદસંજ્ઞા જેવું પ્રત્યય સંબંધી કાર્ય થાય છે.

नपुंसकस्य शिः ૧/૪/૫૫

અ.અ.સૂ. : नपुंसकस्य स्याद्योः जस्-शसोः शिः ।

અર્થ : નપુંસક નામ સંબંધી સ્યાદિ એવા જસ્ અને શસ્ પ્રત્યયનો શિ આદેશ થાય છે.

---

૧. लुप्यव्वृक्लेनत् ૭.૪.૧૧૨→'लुप्' પદથી નિર્દેશ પ્રત્યયનો લોપ વ્વૃત્, લ અને એનદ્ કાર્યને છોડીને અન્ય કાર્યમાં સ્થાનીવત્ મનાતો નથી. અર્થાત્ લુકથી નિર્દિષ્ટ લોપ સ્થાનીવત્ મનાય છે.

ઉદા. (૧) **कुण्डानि→**કુંડો/બે કુંડોને कुण्ड+जस्/शस्
આ સૂત્રથી जस्/शस्નો शि→कुण्ड+**इ**
स्वराच्छौ ૧.૪.૬૫થી न् આગમ→कुण्ड+**न्**+इ
शिर्घुट् ૧.૧.૨૮થી शिને **घुट्संज्ञा** થવાથી,
नि दीर्घः ૧.૪.૮૫થી न्ની પૂર્વનો સ્વર દીર્ઘ→**कुण्डानि** ।

(૨) **पयांसि→**દૂધ/દૂધને. पयस्+जस्/शस्
આ સૂત્રથી जस्/शस्નો शि→पयस्+**इ**
धुटां प्राक् ૧.૪.૬૬થી न् આગમ→पयन्स्+इ
शिर्घुट् ૧.૧.૨૮થી शिને **घुट्संज्ञा** થવાથી,
न्समहतोः ૧.૪.૮૬થી સ્વર દીર્ઘ→**पयान्सि**
शिड्-हे०૧.૩.૪૦થી અનુસ્વાર→**पयांसि** ।

વિશેષતા :

(૧) शि માં श् ઈત્ शौ વા ૪.૨.૯૫ વિ.થી થતાં शित् કાર્ય માટે છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી प्रियकुण्डाः વિ. સ્થાને આ સૂત્રથી जस्/शस्નો शि થતો નથી.

औरी ૧/૪/૫૬

અ.અ.સૂ. : नपुंसकस्य स्यादिः औः ई ।

અર્થ : નપુંસક નામ સંબંધી સ્યાદિ એવો औ પ્રત્યય તે ई રૂપે થાય છે.

ઉદા. (૧) **कुण्डे→**બે કુંડ/બે કુંડને. कुण्ड+**औ**
આ સૂત્રથી औનો ई→कुण्ड+**ई**
अवर्णस्येवर्णादि०૧.૨.૬થી अ+ई=ए→**कुण्डे** ।

(૨) **पयसी→**બે પ્રકારનાં દૂધ/દૂધને. પયસ્+**औ**
આ સૂત્રથી औનો ई→પયસ્+**ई→पयसी** ।

વિશેષતા :

આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ થતી હોવાથી પ્રિયકુણ્ડૌ પુરુષૌ વિ. સ્થાને આ સૂત્રથી औનો ई નહીં થાય.

अतः स्यमोऽम् ૧/૪/૫૭

અ.અ.સૂ. : अतः नपुंसकस्य स्यादेः स्यमः अम् ।

અર્થ : અકારાન્ત નપુંસક નામ સંબંધી સ્યાદિ એવા સિ અને અમ્ પ્રત્યયનો અમ્ આદેશ થાય છે.

સ. : **स्यमः→**सिश्च अम् च इति स्यम्, तस्येति ।

ઉદા. (૧) **कुण्डम्→**કુંડ/કુંડને. કુણ્ડ+સિ/અમ્
આ સૂત્રથી સિ/અમ્નો અમ્→કુણ્ડ+**अम्**
સમાનાદ૦૧.૪.૪૬થી અમ્નાં અનો લોપ→કુણ્ડમ્ ।

(૨) **हे कुण्ड!→**હે કુંડ ! કુણ્ડ+સિ
આ સૂત્રથી સિનો અમ્→કુણ્ડ+**अम्**
अदेतः स्यमो૦૧.૪.૪૪થી અમ્નો લોપ→કુણ્ડ !

વિશેષતા :

આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી કાર્યમાં થતી હોવાથી પ્રિયકુણ્ડઃ પુરુષઃ વિ. સ્થાને આ સૂત્રથી સિનો અમ્ થયો નથી.

જિ. : કુણ્ડમ્ વિ.માં સમાનાદ૦૧.૪.૪૬થી અમ્નાં અનો લોપ થાય જ છે. તેથી અહીં કાર્ય તરીકે માત્ર મ્નું જ ગ્રહણ કર્યું હોત તો પણ કાર્ય સિદ્ધ થાય છે. છતાં અમ્નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : अतिजरसम् વિ. પ્રયોગોમાં जरायाः०२.१.૩ સૂત્રથી સ્વરાદિ પ્રત્યય પર છતાં જ जरानो जरस् આદેશ થાય છે. અને म् આદેશ સ્વરાદિ ન હોવાથી जरस् આદેશ ન થવાની આપત્તિ આવે માટે अम्નું ગ્રહણ કર્યું છે.

જિ. : અહીં સિ પ્રત્યયનો अम् આદેશ સમજાય છે પણ अम्નો अम् આદેશ કરવાનું પ્રયોજન શું ?

સમા. : ઉત્તર સૂત્રમાં સિ અને अम् બન્નેની સાથે અનુવૃત્તિ લેવી છે માટે બન્ને પદનું ગ્રહણ કર્યું છે.

पञ्चतोऽन्यादेरनेकतरस्य दः १/४/५८

અ.અ.સૂ. : नपुंसकस्य अन्यादेः पञ्चतः स्यादेः स्यमः दः, अनेकतरस्य ।

અર્થ : નપુંસકલિંગ સંબંધી अन्य વિ. પાંચ (अन्य, अन्यतर, इतर, डतरप्रत्ययान्त, डतमप्रत्ययान्त) નામથી પર સ્યાદિ એવા સિ અને अम् પ્રત્યયનો द् આદેશ થાય છે. જો એકતર નામ ન હોય તો,

સ. : (૧) **अन्यादेः→**अन्य आदिर्यस्याऽसौ इति अन्यादिः, तस्मादिति ।
(૨) **अनेकतरस्य→**न एकतरः इति अनेकतरः, तस्येति ।

ઉદા. (૧) **अन्यत्→**બીજું/બીજાને. अन्य+सि/अम्
આ સૂત્રથી सि/अम्નો द्→अन्य+**द्**
વિરામે વા ૧.૩.૫૧થી द्નો त्→**अन्यत्** ।

(૨) **अन्यतरत्→**બેમાંથી કોઈ ? अन्यतर+सि/अम्

(૩) **इतरत्→**બેમાંથી કોઈ ? इतर+सि/अम्

(૪) **कतरत्→**બેમાંથી કોણ ? कतर+सि/अम्

(૫) **कतमत्→**ઘણામાંથી કોણ ? कतम+सि/अम्
ઉપરોક્ત તમામ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अनेकतरस्येति किम् ? एकतरम्→**બેમાંથી એક. एकतर+सि

આ સૂત્રમાં एकतरનું વર્જન છે. માટે અહીં एकतरથી પર રહેલ सि પ્રત્યયનો द् આદેશ થયો નથી.

વિશેષતા :

(૧) સૂત્રમાંનાં 'दः' પદમાં અકાર ઉચ્ચારણ માટે છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં થતી હોવાથી प्रियान्यम् વિ. સ્થાને આ સૂત્રથી द् થયો નથી.

अनतो लुप् ૧/૪/૫૯

અ.અ.સૂ. : अनतः नपुंसकस्य स्यादेः स्यमः लुप् ।

અર્થ : અકારાન્ત સિવાયનાં નપુંસક નામ સંબંધી સ્યાદિ એવા सि અને अम् પ્રત્યયનો લોપ થાય છે.

સ. : **अनतः→**न अत् इति अनत्, तस्येति ।

ઉદા. (૧) **कर्तृ→**કર્તા/કર્તાને. कर्तृ+सि/अम्
આ સૂત્રથી सि/अम्નો લોપ→कर्तृ

(૨) **पयः→**દૂધ/દૂધને. पयस्+सि/अम्
આ સૂત્રથી सि/अम्નો લોપ→पयस्
प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं० ૩/૯ ન્યાયાનુસારે,
तदन्तं०૧.૧.૨૦થી पयस्ને **पदसंज्ञा.**
सो रुः ૨.૧.૭૨ વિ.થી→पयः ।

વિશેષતા :

(૧) સૂત્રગત 'अनतः' પદમાં રહેલ नञ् પ્રસજ્ય नञ् જાણવો. કારણ કે **तद्भिन्न तद्सदृग्ग्राही** એવા પર્યુદાસ नञ्નું ગ્રહણ કરીએ તો અથી ભિન્ન અન્ય સ્વરોનું જ ગ્રહણ થાય. જેથી अ સિવાયનાં અન્ય સ્વરાન્ત શબ્દથી જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય. જે ગ્રંથકારશ્રીને ઇષ્ટ નથી. માટે અહીં પ્રસજ્ય નञ् દ્વારા વ્યંજનાન્ત વિ.નામોથી પર પણ સિનો લોપ થતાં पयः વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે તેથી प्रियकुण्डः पुरुषः વિ.સ્થાને આ સૂત્રથી સિનો લોપ થતો નથી.

जरसो वा ૧/૪/૬૦

અ.અ.સૂ. : जरसः नपुंसकस्य स्यादेः स्यमः लुप् वा ।

અર્થ : જરસ્ અન્તે હોય તેવા નપુંસક નામ સંબંધી સ્યાદિ એવા સિ અને અમ્ પ્રત્યયનો લોપ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) अतिजरः/अतिजरसम्→વૃદ્ધાવસ્થાને ઓળંગી જનાર કુળ/કુળને. जरामतिक्रान्तमिति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.अति+जरा
क्लीबे૨.૪.૯૭થી હ્રસ્વ→अति**जर**
પ્રથમા/દ્વિતીયા સિ/अम्→अतिजर+स्/अम्
अतः स्यमो०૧.૪.૫૭થી अम्→अतिजर+**अम्**
આ સૂત્રથી अम्નો લોપ→अतिजर
प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं० ૩/૯ ન્યાયાનુસારે,
जरायाः०૨.૧.૩થી जरस् આદેશ→अति**जरस्**
પદસંજ્ઞા વિ.→अतिजरः ।

વિકલ્પે : આ સૂત્રથી અમ્નો લોપ ન થાય ત્યારે,
जरायाः०२.१.૩થી જરસ્ આદેશ→અતિ**जरसम्** ।

વિશેષતા :

(૧) ઉત્પલ વિ. કેટલાંક વ્યાકરણકારો જરસ્ અન્તવાળા નપુંસક નામથી પર દ્વિ.એ.વ. અમ્ પ્રત્યયનાં સ્થાને જે અમ્ આદેશ થાય છે. તેનાં લુપ્નાં વિકલ્પને ઈચ્છે છે. પણ સિનાં સ્થાને થતાં અમ્નો લોપ કરતાં નથી. તેથી તેમના મતે સિ પર છતાં अतिजरः પ્રયોગ નહીં થાય પણ अतिजरसम् પ્રયોગ જ થશે.

(૨) જરસ્ શબ્દ સ્ત્રી. હોવાથી બહુવ્રીહિ સમાસાદિ દ્વારા જ નપુંસકલિંગમાં પ્રવર્ત્તે છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર અન્યસંબંધી પ્રયોગોમાં જ જાણવી.

नामिनो लुग् वा १/४/६१

અ.અ.સૂ. : नामिनः नपुंसकस्य स्यादेः स्यमः लुग् वा ।

અર્થ : નામી સ્વરાન્ત નપુંસકલિંગ નામ સંબંધી સ્યાદિ એવા સિ અને અમ્ પ્રત્યયનો લુક્ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **हे वारे !/हे वारि !**→હે પાણી ! वारि+सि
આ સૂત્રથી સિનો લુક્→वारि
લુક્ હોવાથી સિનો સ્થાનીવદ્ભાવ થવાથી,
ह्रस्वस्य०१.४.४१થી इ+सि=गुण→**वारे** !
વિકલ્પે : આ સૂત્રથી સિનો લુક્ ન થાય ત્યારે,
अनतो०१.४.५૯થી સિનો લોપ→हे वारि !

(૨) **प्रियतिसृ/प्रियत्रि कुलम्**→ત્રણ સ્ત્રીઓ પ્રિય છે જેમાં એવા કુળ/કુળને.
प्रियाः तिस्रो यस्य तत् इति ।

एकार्थं०३.१.२२ वि.थी समास वि.→प्रिया+त्रि
परतः स्त्री०३.२.४९थी प्रियानो पुंवद्भाव→**प्रिय**+त्रि
प्रथमा/द्वितीया सि/अम्→प्रियत्रि+**सि/अम्**
आ सूत्रथी सि/अम्नो लुक्→प्रियत्रि
लुक् होवाथी स्थानीवद्भाव मनातां,
त्रि-चतुर०२.१.१थी तिसृ आदेश→प्रिय**तिसृ**
विकल्पे : आ सूत्रथी लुक् न थाय त्यारे,
अनतो०१.४.५९थी सिनो लोप→प्रियत्रि ।

विशेषता :

(१) देवनन्दी वि. व्याकरणकारो नाम्यन्त नपुंसक नामथी पर द्वि.ए.व.नो अम् प्रत्ययनो लुक् निर्दिष्ट लोपने ईच्छतां नथी. तेथी तेमना मते लुप् निर्दिष्ट लोप थया पछी प्रत्यय स्थानीवत् न मनातां प्रियत्रि एक ज प्रयोग थाय छे.

(२) केटलांक व्याकरणकारो चतुर् शब्दथी सिनो लोप विकल्पे ईच्छे छे. तेथी तेमना मते, प्रियचतसृ कुलम्, प्रियचतुष्कुलम् वि. प्रयोगो थाय छे.

(३) आ सूत्रनी प्रवृत्ति मात्र तत्संबंधी प्रयोगमां संभवित जणाय छे. तेथी प्रियवारिः वि.स्थाने आ सूत्रथी सिनो लोप थशे नहीं.

वाऽन्यतः पुमांष्टादौ स्वरे १/४/९२

अ.अ.सू. : अन्यतः नामिनः स्यादौ टादौ स्वरे पुमान् वा ।

अर्थ : विशेष्यनां कारणे (अन्यतः)नपुंसक थयेल नामी स्वरान्त नामो स्यादि एवा टा वि. स्वरादि प्रत्ययो पर छतां

પુંવદ્‌ભાવે વિકલ્પે થાય છે. (તૃતીયાથી સ્વરાદિ પ્રત્યય પર છતાં પું.નપું. બન્નેમાં રૂપો થાય છે.)

સ. : **टादौ**→टा आदिर्यस्याऽसौ इति टादिः, तस्मिन्निति ।

ઉદા. (૧) **ग्रामण्या/ग्रामणिना कुलेन**→ગામનાં નાયક એવા કુળ વડે.

ग्रामं नयतीति क्विप् (णींग् प्रापणे-८८४)

क्विप् ५.१.१४८थी क्विप्→ग्राम+अम्+नी+०

ङस्युक्तं०३.१.४९ वि.थी સમાસ વિ.→ग्राम+नी

ग्रामाग्रा०२.४.७१ वि.थी न्‌નો ण्→ग्राम**णी**

क्लीबे २.४.९७थी હ્રસ્વ→ग्राम**णि**

તૃતીયા टा→ग्रामणि+**आ**

આ સૂત્રથી પુંવદ્‌ભાવ થવાથી, अनाम्०१.४.६४थी न् આગમનો નિષેધ.

તેથી, क्विब्वृत्ति०२.१.५८थी इનો य्→ग्राम**ण्या** ।

વિકલ્પે : આ સૂત્રથી પુંવદ્‌ભાવ ન થાય ત્યારે, ग्रामणि+आ अनाम् १.४.६४थी न् आगम→ग्रामणि**ना** ।

(૨) **कर्त्रोः/कर्तृणोः कुलयोः**→કરતા એવા બે કુળનું.

कर्तृ+ओसः

આ સૂત્રથી પુંવદ્‌ભાવ થવાથી, अनाम्०१.४.६४थी न् આગમનો નિષેધ.

તેથી, इवर्णादे०१.२.२१थी ऋનો र्→कर्त्रो**स्**

પદસંજ્ઞા વિ.→कर्त्रोः ।

વિકલ્પે : આ સૂત્રથી પુંવદ્‌ભાવ ન થાય ત્યારે, कर्तृ+ओस्

अनाम्०१.४.६४थी न् आगम→कर्तृ+**न्**+ओस्
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→कर्तृ**णोस्**
पदसंज्ञा वि.→कर्तृणोः ।

प्र.ઉદા. (१) अन्यत इति किम् ? पीलुने फलाय→પીલુ ફળ માટે.
પીલુ+ડે અવસ્થામાં, અનામ્૦૧.૪.૬૪થી ન્ આગમ→
પીલુ**ને** ।

★ આ સૂત્રમાં વિશેષ્યનાં કારણે થયેલ નપું. નામના પુંવદ્ભાવનું વિધાન છે. જ્યારે અહીં સ્વયં નપુંસકલિંગમાં વર્ત્તતું પીલુ શબ્દ છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(२) **टादाविति किम् ? शुचिनी कुले→**પવિત્ર બે કુળો.
શુચિ+ઔ અવસ્થામાં. ઔરી ૧.૪.૫૬થી ઈ→શુચિ+**ઈ**
અનામ્ સ્વરે૦૧.૪.૬૪થી ન્ આગમ→શુચિ**ની** ।

★ આ સૂત્રમાં ટાદિ પ્રત્યયનું ગ્રહણ છે. જ્યારે અહીં ઔ પ્રત્યય છે. જેનો ટા વિ.માં સમાવેશ થતો નથી. માટે આ સૂત્રથી પુંવદ્ભાવ વિકલ્પે થયો નથી.

(३) **नपुंसक इत्येव→कल्याण्यै स्त्रियै→**કલ્યાણકારી સ્ત્રી માટે. કલ્યાણી+ડે અવસ્થામાં,
સ્ત્રીદૂતઃ ૧.૪.૨૯થી દૈ→ કલ્યાણી+**ઐ**
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઈનો ય્→કલ્યાણ્**યૈ** ।

★ આ સૂત્રમાં વિશેષ્યનાં કારણે થયેલ નપુંસક નામોનું ગ્રહણ છે. જ્યારે અહીં કલ્યાણી શબ્દ વિશેષ્યનાં કારણે સ્ત્રીલિંગ થયેલ છે. માટે આ સૂત્રથી વિકલ્પે પુંવદ્ભાવ થયો નથી.

વિશેષતા :

(૧) પીલુ શબ્દ વૃક્ષવાચી હોય ત્યારે પુંલિંગમાં વર્ત્તે છે. અને ફળવાચી હોય ત્યારે નપુંસક લિંગમાં વર્ત્તે છે. અહીં પ્ર.ઉદા.માં નપુંસક લિંગનું પ્રયોજન હોવાથી 'फलाय' પદનો પ્રયોગ કરેલો છે.

(૨) **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે પૂર્વસૂત્રથી અનુવૃત્ત ષષ્ઠ્યન્ત 'नपुंसकस्य'નાં અધિકારને અહીં પ્રથમાન્તમાં ગ્રહણ કરેલ છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે. તેથી પ્રિયશુચયે/પ્રિયશુચિને કુલાય વિ. પ્રયોગો સિદ્ધ થશે.

दध्यस्थिसक्थ्यक्ष्णोऽन्तस्याऽन् ૧/૪/૬૩

અ.અ.સૂ. : नपुंसकस्य दध्यस्थिसक्थ्यक्ष्णः नामिनः अन्तस्य स्यादौ टादौ स्वरे अन् ।

અર્થ : નપુંસકલિંગ નામ સંબંધી દધિ, અસ્થિ, સક્થિ, અક્ષિ આ નામી સ્વરાન્ત નામોનાં અન્ત્ય વર્ણનો સ્યાદિ ટા વિ. સ્વરાદિ પ્રત્યય પર છતાં अन् થાય છે.

સ. : **दध्यस्थिसक्थ्यक्ष्णः**→दधि च अस्थि च सक्थि च अक्षि च इति दध्यस्थिसक्थ्यक्षि, तस्येति ।

ઉદા. (૧) दध्ना→દહીં વડે. दधि+टा
આ સૂત્રથી इનો अन्→**दधन्**+आ
अनोऽस्य ૨.૧.૧૦૮થી अनो લોપ→दध्ना ।

(૨) **अतिदध्ना**→દહીંને ઓળંગી જનાર (પુરૂષ) વડે.
दधि अतिक्रान्त इति अतिदधि, तेनेति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतिदधि

તૃતીયા ટા→અતિદધિ+**આ**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **અસ્થ્ના→**હાડકાં વડે. અસ્થિ+**ટા**

(૪) **અત્યસ્થ્ના→**હાડકાંને ઓળંગી જનાર વડે.
અસ્થિ અતિક્રાન્ત ઇતિ અત્યસ્થિ, તેનેતિ । અત્યસ્થિ + ટા

(૫) **સક્થ્ના→**સાથળ વડે. સક્થિ+ટા

(૬) **અતિસક્થ્ના→**સાથળને ઓળંગી જનાર વડે.
સક્થિ અતિક્રાન્ત ઇતિ અતિસક્થિ, તેનેતિ । અતિસક્થિ + ટા

(૭) **અક્ષ્ણા→**આંખ વડે. અક્ષિ+ટા

(૮) **અત્યક્ષ્ણા→**આંખને ઓળંગી જનાર વડે.
અક્ષિ અતિક્રાન્ત ઇતિ અત્યક્ષિ, તેનેતિ । અત્યક્ષિ + ટા

ઉપરોક્ત તમામ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં દધ્યન્ત વિ. નામનાં અન્ત્યનો અન્ કરવાનો નિર્દેશ છે. પણ **આદ્યન્તવદેકસ્મિન્ ૧/૫** ન્યાયાનુસારે દધિ વિ. શબ્દ પણ દધ્યન્ત વિ. જેવા મનાતાં આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી અતિદધ્ના વિ. પ્રયોગો સિદ્ધ કરેલ છે.

જિ. : ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭.૪.૧૦૬ પરિભાષાનુસારે દધિ વિ.નાં અન્ત્યનો જ અન્ થવાની પ્રાપ્તિ હતી છતાં સૂત્રમાં અન્ત પદનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : જો સૂત્રમાં અન્ત પદનું ગ્રહણ ન કરીએ તો, કોઈ દધ્યસ્થિસક્થ્યક્ષ: આને પંચમ્યન્ત રૂપે ગ્રહણ કરી લે તો

अनन्तः पञ्चम्या०१.१.३८थी अन्ने प्रत्ययसंज्ञा थाय જે ઈષ્ટ નથી. તેમજ, अनेकवर्णः०७.४.१०७ પરિભાષાનુસારે સંપૂર્ણ પ્રકૃતિનો अन् આદેશ થવાની આપત્તિ આવે.

अनाम् स्वरे नोऽन्तः १/४/६४

અ.અ.સૂ. : नामिनः नपुंसकस्य स्यादौ अनाम् स्वरे नः अन्तः ।

અર્થ : નામી સ્વરાન્ત નપુંસક નામને અન્તે નામ્ સિવાયનાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં ન્ આગમ થાય છે.

સ. : **अनाम्→**न नाम् इति ।

ઉદા. (૧) **वारिणी→**બે પ્રકારનાં પાણી. वारि+**औ**
औरी ૧.૪.૫૬થી ई→वारि+**ई**
આ સૂત્રથી ન્ આગમ→वारि**न्**+ई
र-षृवर्णान्नो०२.३.६३થી ન્ નો ण्→वारि**णी** ।

(૨) **वारिणः→**પાણીથી वारि+ङसि
આ સૂત્રથી ન્ આગમ→वारि**न्**+अस्
र-षृवर्णान्नो०२.३.६३થી ન્ નો ण्→वारि**णस्**
પદસંજ્ઞા વિ.→वारिणः ।

(૩) **कर्तृणी→**બે કર્ત્રા. कर्तृ+औ

(૪) **कर्तृणः→**કર્ત્રા પાસેથી. कर्तृ+ङसि
ઉપરોક્ત ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૫) **प्रियतिसृणः→**પ્રિય છે ત્રણ સ્ત્રીઓ જેમાં એવા કુળમાંથી. प्रियाः तिस्रः यस्य तदिति प्रियतिसृ, तस्मादिति ૧.૪.૬૧ પ્રમાણે प्रियतिसृ+ङसि જાણવું. અને આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **अनामिति किम् ? वारीणाम्**→પાણીનું. વારિ+આમ્
હ્રસ્વાપ૦૧.૪.૩૨થી આમ્નો નામ્→વારિ+**નામ્**
દીર્ઘો નામ્ય૦૧.૪.૪૭થી દીર્ઘ→**વારી**નામ્
ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી ન્નો ણ્→વારી**ણા**મ્ ।

★ આ સૂત્રમાં નામ્ પ્રત્યયનું વર્જન છે જ્યારે અહીં નામ્ પ્રત્યય હોવાથી આ સૂત્રથી ન્ આગમ થયો નથી.

(૨) **स्वर इति किम् ? हे वारे !**→હે પાણી ! વારિ+સિ
નામિનો લુગ્ વા ૧.૪.૪૧થી સિનો લુક્→વારિ
(સિનો સ્થાનીવદ્ભાવ થવાથી,)
હ્રસ્વસ્ય૦૧.૪.૪૧થી ઇ+સિ=ગુણ→**વારે** !

★ આ સૂત્રમાં સ્વરાદિ પ્રત્યય પર છતાં કાર્ય થાય છે. જ્યારે અહીં સિ પ્રત્યય સ્વરાદિ નથી માટે આ સૂત્રથી ન્ આગમ થયો નહીં.

(૩) **स्यादावित्येव→तौम्बुरवं चूर्णम्**→તુંબરુ(કાંટાવાળા વૃક્ષ વિશેષ)નું ચૂર્ણ. तुम्बुरुणः इदमिति ।
પ્રાણ્યૌષધિ૦૬.૨.૩૧થી અણ્→ તુમ્બુરુ+**અ**
વૃદ્ધિઃ સ્વરેષ્વા૦૭.૪.૧થી વૃદ્ધિ→**તૌ**મ્બુરુ+અ
અસ્વયંભુવો૦૭.૪.૭૦થી ઉનો અવ્→તૌમ્બુ**રવ**
પ્રથમા સિ વિ.→તૌમ્બુરવમ્ ।

★ આ સૂત્રમાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યયનું ગ્રહણ છે. જ્યારે અહીં અણ્ પ્રત્યય તદ્ધિતનો છે સ્યાદિનો નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં 'अन्त'નું ગ્રહણ अनन्तः पञ्चम्याः૦ ૧.૧.૩૮થી થતી પ્રત્યય સંજ્ઞાનાં નિષેધ માટે છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે. તેથી અતિવારી પુરુષે વિ.સ્થાને આ સૂત્રથી ન્ આગમ થયો નથી.

જિ. : **आदेशादागमः ૧/૫** ન્યાયાનુસારે પ્રિયત્રિ+ङसि સ્થાને પહેલાં ન્ આગમ થાય છે તેથી સ્વરાદિ પ્રત્યય અવ્યવહિત પરમાં ન હોવાથી ન્ આગમનું વ્યવધાન હોવા છતાં પણ प्रियतिसृणः પ્રયોગમાં त्रि-चतुर०२.१.१થી तिसृ આદેશ કેવી રીતે થયો ?

સમા. : त्रि-चतुर०२.१.१ સૂત્રથી સંપૂર્ણ ત્રિનો तिसृ આદેશ થાય છે. તેથી **आगमात् सर्वादेशः ૧/૫૧** ન્યાયાનુસારે પહેલાં तिसृ આદેશ થશે. પછી ન્ આગમ થશે.

જિ. : અહીં પૂર્વસૂત્રથી 'टादौ स्वरे'ની અનુવૃત્તિ હોવા છતાં 'स्वरे'નું પુનઃ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : આ સૂત્રની પ્રવૃત્તિ તમામ સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં થાય છે. અને પૂર્વ સૂત્રથી આવતું 'स्वरे' પદનો સંબંધ માત્ર ટાદિ પ્રત્યય સાથે જ છે. તેથી અહીં માત્ર સ્વરાદિ ટાદિ પ્રત્યયનું ગ્રહણ ન થઈ જાય તેથી स्वरे પદનું ગ્રહણ કર્યું છે.

स्वराच्छौ ૧/૪/૬૫

અ.અ.સૂ. : स्वरात् नपुंसकात् स्यादौ शौ नः अन्तः ।

અર્થ : સ્વરાન્ત નપુંસક નામથી પર સ્યાદિ એવા शि પ્રત્યય હોતે છતે (નામને) અન્તે ન્ આગમ થાય છે.

ઉદા. (૧) **कुण्डानि→**કુંડો/કુંડોને. कुण्ड+जस्/शस्
આની સાધનિકા ૧.૪.૫૫ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **स्वरादिति किम् ? चत्वारि→**ચાર/ચારને. चतुर्+जस्/शस् नपुंसकस्य०૧.૪.૫૫થી शि→चतुर्+**इ**
वाः शेषे ૧.૪.૮૨થી उनो वा→चत्वारि ।

★ આ સૂત્રમાં સ્વરાન્ત નામથી પર ન્ આગમનું વિધાન છે. જ્યારે અહીં चतुर् વ્યંજનાન્ત નામ છે માટે આ સૂત્રથી ન્ આગમ થયો નહીં.

વિશેષતા :

જિ. : इ વિ. નામ્યન્ત નપુંસક નામથી शि પર છતાં अनाम्० ૧.૪.૬૪થી ન્ આગમ થાય છે. તથા આકારાન્ત નામ ક્લીબે ૨.૪.૯૭થી હ્રસ્વ થાય છે. તેથી આ સૂત્રનાં વિષય તરીકે અકારાન્ત નામો જ રહે છે તો સૂત્રમાં 'स्वरात्'ને બદલે 'अतः'નું ગ્રહણ કેમ ન કર્યું ?

સમા. : નીચેનાં સૂત્રમાં 'स्वरात्' પદની અનુવૃત્તિની આવશ્યકતા છે. તેથી લાઘવ માટે 'अतः' નું ગ્રહણ ન કરતાં 'स्वरात्'નું ગ્રહણ કર્યું છે.

धुटां प्राक् ૧/૪/૬૬

અ.અ.સૂ. : **स्वरात् (धुटां) नपुंसकस्य स्यादौ शौ धुटां प्राक् नः अन्तः ।**

અર્થ : સ્વરથી પર ધુટ્ જાતિ (એક કે અનેક ધુટ્ વર્ણો) હોય તેવા ધુટ્ જાત્યન્ત નપુંસક નામો સંબંધી સ્યાદિ એવો शि પ્રત્યય પર છતાં ધુટ્ જાતિની પૂર્વમાં જ ન્ આગમ થાય છે.

ઉદા. (૧) **पयांसि→**દૂધ. पयस्+जस/शस्
આની સાધનિકા ૧.૪.૫૬ પ્રમાણે જાણવી.

(૨) **अतिजरांसि→**વૃદ્ધાવસ્થાને ઓળંગી જનારા(કુળો)

जरामतिक्रान्तानि इति ।

प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अति+जरा

क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વ→अति**जर**

પ્રથમા जस्→अतिजर+**अस्**

नपुंसकस्य०૧.૪.૫૫થી शि→अतिजर+**ई**

एकदेशविकृतमनन्यवत् ૧/૭ ન્યાયાનુસારે, जर તે जरा રૂપે મનાતાં,

जराया०૨.૧.૩થી जरस् આદેશ→अति**जरस्**+इ

આ સૂત્રથી धुट् स्नी પૂર્વે न् આગમ→अतिजरन्स्+इ

न्स्महतोः ૧.૪.૮૬થી દીર્ઘ→अतिज**रान्सि**

शिड्हे०૧.૩.૪૦થી અનુસ્વાર→अतिज**रांसि** ।

(૩) **काष्ठत्वङ्क्षि**[1] **→**કાષ્ઠને છોલનારાં(કુળો).

काष्ठानि त्वक्षन्ति इति क्विप् [त्वक्षौ तनूकरणे-૫૭૨]

क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→काष्ठ+त्वक्ष्+०

ङस्युक्तं०૩.૧.૪૯ વિ.થી સમાસ વિ.→काष्ठत्वक्ष्

પ્રથમા जस्→काष्ठत्वक्ष्+**अस्**

शि વિ. પૂર્વ પ્રમાણે→काष्ठत्वन्क्षि

म्नां धुड्वर्गे०૧.૩.૩૯થી न्नो ङ्→काष्ठत्व**ङ्क्षि** ।

પ્ર.ઉદા. स्वरादित्येव→गोमन्ति→ગાયવાળા કુળો.

गावः सन्ति येषां तानीति । गोमत्+जस्

नपुंसकस्य०૧.૪.૫૫થી शि→गोमत्+**इ**

---

૧. અહીં **काष्ठतङ्क्षि** ઉદા. પણ મળે છે.

शिर्घुट् १.१.२८थी शिने **घुट्संज्ञा** थवाथी,
ऋदुदितः १.४.७०थी न् आगम→**गोमन्ति** ।

★ આ સૂત્રમાં ઘુટ્ જાતિની પૂર્વે સ્વરથી પર ન્નો આગમ થાય છે. જ્યારે અહીં ऋदुदितः १.४.७०थी न् આગમ થવાનાં કારણે સ્વરથી અનંતર પર ઘુટ્ ન હોવાથી આ સૂત્રથી ન્ આગમ થયો નથી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં બ.વ. ઘુટ્ જાતિને ગ્રહણ કરવા માટે છે. તેથી ઘુટ્ જાતિ (અનેક ઘુટ્ વર્ણ) પર છતાં પણ સ્વરથી પર અને ઘુટ્ જાતિની પૂર્વે ન્ આગમ થાય છે. ઉદા. काष्ठत्वड्क्षि ।

र्लोवा १/४/६७

અ.અ.સૂ. : र्लः(घुटां) नपुंसकस्य स्यादौ शौ घुटां प्राक् नः अन्तः ।

અર્થ : ર્ અને લ્થી પર ઘુટ્ જાતિ હોય તેવા નપુંસક નામ સંબંધી સ્યાદિ એવો શિ પ્રત્યય પર છતાં ઘુટ્ જાતિની પૂર્વે ન્ આગમ થાય છે.

સ. : **र्लः**→र् च ल् च इति र्ल्, तस्मादिति ।

ઉદા. (૧) बर्हूञ्जि/बर्हूंजि→ઘણી શક્તિવાળા(કુળો).
बह्वः ऊर्जः येषु तानीति ।
एकार्थं०३.१.२२ वि.थी समास वि.→बहूर्ज्
प्रथमा जस्→बहूर्ज+**अस्**
नपुंसकस्य०१.४.५५थी शि→बहूर्ज+**इ**
आ सूत्रथी न् आगम→बहून्र्ज्+इ
म्नां धुड्वर्गे०१.३.३९थी न् नो ञ् + बहूर्ञ्जि
વિકલ્પે : આ સૂત્રથી ન્ આગમ ન થાય ત્યારે, बहूर्जि ।

(૨) **सुवल्ङ्ग/सुवल्गि→**સુંદર ચાલવાળા(કુળો).
સુષ્ઠુ વલ્ગન્તિ ઇતિ ક્વિપ્ (વલ્ગ ગતૌ०७७)
સમાસ વિ. પૂર્વ પ્રમાણે જાણવું.

પ્ર.ઉદા. र्ल इति किम् ? काष्ठत्वड्क्षि→કાષ્ઠને છોલનારાં(કુળો).
સાધનિકા પૂર્વ સૂત્ર પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં र्લથી પર ધુટ્ જાતિનું વિધાન છે જ્યારે અહીં ધુટ્ વર્ણ સ્વરથી પરમાં છે માટે આ સૂત્રથી વિકલ્પે ન્ આગમ ન થયો.

(૨) **धुटामित्येव→सुफुल्लि→**સારી રીતે ખીલેલાં પુષ્પો.
સુષ્ઠુ ફુલ્લન્તિ ઇતિ ક્વિપ્ [ફુલ્લ વિકસને०૪૨૯]
ગતિક્વન્ય०૩.૧.૪૨ વિ.થી સમાસ વિ.→સુફુલ્લ્
પ્રથમા જસ્→સુફુલ્લ્+**अस्**
નપુંસકસ્ય०૧.૪.૫૫થી શિ→સુફુલ્લ્+**इ→**સુફુલ્લિ ।

★ આ સૂત્રમાં ર્ અને લ્થી પર ધુટ્ વર્ણ ઇષ્ટ છે. જ્યારે અહીં લ્ થી પર લ્ છે જે ધુટ્ નથી માટે આ સૂત્રથી ન્ આગમ ન થયો.

ઘુટિ ૧/૪/૬૮

અર્થ : આ પાદ પૂર્ણ ન થાય ત્યાં સુધી હવે પછીનાં સૂત્રોમાં જે કોઈ નિમિત્ત વિશેષનું કથન ન કર્યું હોય ત્યાં જે કાર્ય કહેવાશે તે કાર્ય ધુટ્ પર છતાં જાણી લેવું.

વિશેષતા :

(૧) આ અધિકાર સૂત્ર છે. આગળનાં દરેક સૂત્રોમાં વિવક્ષિત પદનો નિર્દેશ ન કરવો પડે અર્થાત્ અનિર્દિષ્ટ તે પદ

પછીનાં દરેક સૂત્રોમાં સ્વતઃ ઉપસ્થિત થઈ જાય તે માટે અધિકાર સૂત્રની રચના કરવામાં આવે છે. તેથી ઘણું લાઘવ થઈ જાય છે.

(૨) આ અધિકાર સૂત્ર હોવાથી અહીં પ્રાસંગિક રીતે આ વ્યાકરણશાસ્ત્રમાં દર્શાવેલ અધિકાર ગ્રહણ કરવાની ત્રણ શૈલી જણાવવામાં આવી છે. તે આ પ્રમાણે છે :

(a) સ્વતંત્ર સૂત્ર રચના દ્વારા અધિકાર ગ્રહણ કરવામાં આવે છે તે વિશેષ સૂત્રોમાં જ પ્રવર્ત્તે છે અને પાદની પૂર્ણાહુતિ સુધી હોય છે. **ઉદા.** ઘુટિ ૧.૪.૬૮ સૂત્રથી 'ઘુટ્ પ્રત્યય પર છતાં' આવો અધિકાર.

(b) ચોક્કસ નિમિત્ત સાથે સ્વતંત્ર રીતે સૂત્ર રચના કરવામાં આવે છે. જે તેમાં દર્શાવેલાં મર્યાદા સૂચક નિમિત્તને અનુસરે છે. અને પાદની પૂર્ણાહુતિ પછી પણ પ્રવર્ત્તે છે.

ઉદા. પ્રાગ્ જિતાદણ્ ૬.૧.૧૩થી આવતો અણ્નો અધિકાર.

(c) સ્વતંત્ર સૂત્ર રચના વિના જ પ્રકરણ સાધક સૂત્રમાં જ જેનું ગ્રહણ કરવામાં આવે આ અધિકાર પૂર્વ-પૂર્વ સૂત્રથી ગ્રહણ થતો હોય છે તેને અટકાવવા માટે વિશેષ કથન થાય છે.
ઉદા. એદોતઃ૦૧.૨.૨૮થી આવતો પદાન્તેનો અધિકાર.

अचः १/४/६७

અ.અ.સૂ. : (धुटां) अचः स्यादौ घुटि धुटां प्राक् नः अन्तः ।

અર્થ : ધુટ્ વર્ણાન્ત અઞ્ચ્ ધાતુને અન્તે સ્યાદિ એવો ઘુટ્ પ્રત્યય પર છતાં ધુટ્ જાતિની પૂર્વે ન્ આગમ થાય છે.

ઉદા. (૧) **प्राङ्**→પૂર્વદિશા સંબંધી (વ્યક્તિ). प्राञ्चतीति क्विप् (અઞ્ચૂ ગતૌ૦૧૦૫) क्विप् ૫.૧.૧૪૮થી→પ્ર+અઞ્ચ્૦+સિ **क्विबन्ता०२/४८** ન્યાયાનુસારે, ધાતુપણું રહેતાં,

अञ्चोऽनर्चा०४.२.४६थी ञ्नो लोप→प्र+अच्+स्
पुं-स्त्रियोः०१.१.२९थी सिने **घुट् संज्ञा** थवाथी,
आ सूत्रथी च्नी पूर्वे न् आगम→प्र+अन्च्+स्
दीर्घङ्याब्०१.१.४५थी सिनो लोप→प्र+अन्च्
तदन्तं०१.१.२०थी प्र+अन्च्ने **पदसंज्ञा** थवाथी,
पदस्य २.१.८९थी च्नो लोप→प्र+अन्
समानानां०१.२.१थी दीर्घ→**प्रान्**
युजञ्च०२.१.७१थी न्नो ङ्→**प्राङ्** ।

(२) **अतिप्राङ्**→पूर्व दिशा संबंधीने ओळंगी जनार.
प्राञ्चमतिक्रान्त इति ।
प्रात्यवपरि०३.१.४७ वि.थी समास वि.→अतिप्राञ्च्+सि

(३) **प्राञ्चौ**→पूर्वदिशा संबंधी बे(व्यक्ति). प्राञ्च्+औ

(४) **प्राञ्चि कुलानि**→पूर्वदिशा संबंधी(कुळो). प्राञ्च्+जस्
नपुंसकस्य०१.४.५५थी शि→प्राञ्च+**इ**
शिर्घुट् १.१.२८थी शिने **घुट्संज्ञा.**

ઉપરોક્ત તમામ ઉદા.ની સાધનિકામાં અञ्चोऽ०४.२.४६ વિ.થી થતાં કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

વિશેષતા :

(१) अञ्चू गतौ च-१०५ આ भ्वादि ગણનો ધાતુ છે. તે પૂજા અને ગમન બે અર્થમાં વર્ત્તે છે. સૂત્રમાં 'अचः' પદ દ્વારા જણાવવામાં આવે છે કે, 'આ સૂત્ર જ્યારે अञ्च्નાં न्नो લોપ થશે ત્યારે જ લાગશે. અને अञ्चोऽनर्चा०४.२.४६थी પૂજા ભિન્ન અર્થમાં વર્ત્તતાં अञ्च्નાં न्नो લોપ થાય છે. તેથી ગમન અર્થક अञ्च् ધાતુથી જ આ સૂત્રકાર્ય થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतिप्राङ् જેવા પ્રયોગો સિદ્ધ કરેલ છે.

ऋदुदितः १/४/७०

અ.અ.સૂ. : (धुटां)ऋदुदितः स्यादौ धुटि धुटां प्राक् नः अन्तः ।

અર્થ : ધુટ્ વર્ણાન્ત એવા ઋ અને ઉ ઈત્વાળાં શબ્દોથી પર સ્યાદિ એવા ધુટ્ પ્રત્યય હોતે છતે ધુટ્ જાતિની પૂર્વે ન્ આગમ થાય છે.

સ. : **ऋदुदितः**→ऋत् च उत् च इति ऋदुतौ, ऋदुतौ इत् अनुबन्धो यस्य स इति । ऋदुदित्, तस्येति ।

ઉદા. (૧) कुर्वन्→કરતો. करोतीति (डुकृंग् करणे-८८८)
शत्रानशा०५.२.२०થી शतृ→कृ+**अत्**
कृग्-तनादे०३.४.८३થી उ→कृ+**उ**+अत्
नामिनो०४.३.१થી गुण→**कर्**+उ+अत्
अतः शित्युत् ४.२.८९થી अनो उ→**कुरु**+अत्
इवर्णादे०१.२.२१થી उनो व्→**कुर्वत्**
પ્રથમા सि→कुर्वत्+**स्**
पुं-स्त्रियोः०१.१.२९થી સિને **धुट्संज्ञा** થવાથી,
આ સૂત્રથી ન્ આગમ→कुर्वन्**त्**+स्
दीर्घङ्याब्०१.४.४५થી સિનો લોપ→कुर्वन्त्
तदन्तं०१.१.२०થી **पदसंज्ञा** થવાથી,
पदस्य २.१.८९થી त्नो લોપ→कुर्वन् ।

(૨) **विद्वान्**→જાણનાર. वेत्तीति (विदंक् ज्ञाने०१०९९)
वा वेत्तेः०५.२.२२થી क्वसु→विद्+**वस्**
પ્રથમા सि→विद्वस्+**स्**

આ સૂત્રથી ન્ આગમ→વિદ્વન્સ્+સ્
પું-સ્ત્રિયોઃ૦૧.૧.૨૯થી સિને **ઘુટ્સંજ્ઞા** થવાથી,
અભ્વાદેરત્વસઃ૦૧.૪.૯૦થી દીર્ઘ→વિદ્વાન્સ્+સ્
દીર્ઘડ્યાબ્૦૧.૪.૪૫ વિ.થી પૂર્વ પ્રમાણે→વિદ્વાન્ ।

(૩) **ગોમાન્**→ગોવાળ. ગાવઃ સન્તિ યસ્ય
તદસ્યાસ્તિ૦૭.૨.૧થી મતુ→ગો+**મત્**
આ સૂત્રથી ન્ આગમ વિ. પૂર્વ પ્રમાણે જાણવું.

પ્ર.ઉદા. ઘુટીત્યેવ→ગોમતા→ગોવાળ વડે. ગાવઃ સન્તિ યસ્ય ।
તદસ્યાસ્તિ૦૭.૨.૧થી મતુ→ગો+**મત્**
તૃતીયા ટા→ગોમત્+**આ**→ગોમતા ।

★ આ સૂત્રમાં ઘુટ્ પ્રત્યય પર છતાં ન્ આગમનું વિધાન છે. જ્યારે અહીં તૃતીયા ટા પ્રત્યય ઘુટ્ નથી માટે આ સૂત્રથી ન્ આગમ થયો નથી.

વિશેષતા :

(૧) **દ્વન્દ્વાત્પરઃ પ્રત્યેકમભિસમ્બધ્યતે** ૩/૧૫ ન્યાયાનુસારે 'ઇત્' પદ તે 'ઋત્' અને 'ઉત્' આ બન્ને પદ સાથે જોડાય છે.

(૨) બૃ.વૃ.માં સુદન્ બાલઃ આવો પ્રયોગ દર્શાવ્યો હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભય સંબંધી પ્રયોગોમાં જાણવી.

જિ. : રાજૃગ્ વિ. ધાતુઓનાં વિષયમાં રાજતે ઇતિ ક્વિપ્ એ પ્રમાણે રાજ્ નામથી ઘુટ્ પ્રત્યય પર છતાં ઘુટ્ તેવા જ્ની પૂર્વે આ સૂત્રથી ન્ આગમ સંભવિત જણાય છે. તો પણ ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ શા માટે થઈ નથી ?

સમા. : તમે જે પ્રવૃત્તિ કહો છો તેવી જ પ્રવૃત્તિ ઉ ઈત્વાળા ધાતુમાં ઉદિતઃ૦૪.૪.૯૮થી કરવામાં આવ્યો છે. ત્યાં ઉ

ઈત્વાળા ધાતુનું ગ્રહણ કરવામાં આવ્યું છે. અને અહીં પણ ઉદિત્ પ્રકૃતિનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તે ઉદિત્ કરતાં આ ઉદિત્ ને ભિન્ન દર્શાવવા દ્વારા આ સૂત્રથી ગ્રંથકારશ્રી તે સૂત્રમાં દર્શાવેલ કાર્ય જેવું કાર્ય કરવાનો નિષેધ બતાવે છે. તેથી राजृग् વિ. क्विबन्त ધાતુનાં સૂત્ર પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય.

युञ्जोऽसमासे ૧/૪/૭૧

અ.અ.સૂ. : असमासे(धुटां)युञ्जः स्यादौ घुटि धुटां प्राक् नः अन्तः ।

અર્થ : અસમાસમાં વર્ત્તતાં ધુટ્ વર્ણાન્ત યુજ્ (युजृंपी योगे० ૧૪૭૬) ધાતુ સંબંધી સ્યાદિ એવા ધુટ્ પ્રત્યય પર છતાં ધુટ્ વર્ણની પૂર્વે ન્ આગમ થાય છે.

સ. : **असमासे→**न समास इति असमासः, तस्मिन्निति ।

ઉદા. (૧) **युङ्→**જોડનાર. युनक्ति, इति क्विप् (युजृंपी योगे०૧૪૭૬) क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→युज्+०+सि
पुं-स्त्रियोः०૧.૧.૨૯થી સિને **धुट्संज्ञा** થવાથી,
આ સૂત્રથી ન્ આગમ→युन्ज्+सि
दीर्घङ्याब्०૧.૪.૪૫ વિ.થી→युज्
युजञ्च०૨.૧.૭૧થી ङ्→**युङ्** ।

(૨) **युञ्जौ→**બે જોડનારા. युज्+औ पुं-स्त्रियोः०૧.૧.૨૯થી औને **धुट्संज्ञा.**
આ સૂત્રથી ન્ આગમ→युन्ज्+औ
म्नां धुड्वर्गे०૧.૩.૩૯થી न्नो ञ्→युञ्जौ ।

(૩) **युञ्जि कुलानि→**જોડનારાં (કુળો). युज्+जस्
नपुंसकस्य०१.४.५५થી शि→युज्+**इ**
शिर्घुट् १.१.२८થી शिને **घुट्संज्ञा** થવાથી,
આ સૂત્રથી न् આગમ→युन्ज्+इ
म्नां धुड्वर्गे०१.३.३९થી न्નો ञ्→युञ्जि ।

(૪) **बहुयुङ्→**કંઈક જોડનાર. ईषद्/अपरिसमाप्तः युङ् इति ।
नाम्नः પ્રાગ્૦૭.૩.૧૨થી બહુ પ્રત્યય→बहु+युज्+सि
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **असमास इति किम् ? अश्वयुक्→**ઘોડાને જોડનાર.
अश्वं युनक्ति इति क्विप्
क्विप् ५.१.१४८થી क्विप्→अश्वम्+युज्+०+सि
ङस्युक्तं०३.१.४९ વિ.થી સમાસ વિ.→अश्वयुज्
પ્રથમા सि→अश्वयुज्+**स्**
दीर्घङ्याब्०१.४.४५થી सिનો લોપ→अश्वयुज्
च-जः क०२.१.८६થી ज्નો ग्→अश्वयु**ग्**
विरामे०१.३.५१થી ग्નો क्→अश्वयु**क्** ।

★ આ સૂત્રથી સમાસગત युज् શબ્દમાં પ્રવૃત્તિનો નિષેધ કરેલ છે. જ્યારે અહીં સમાસગત युज् શબ્દ હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

(૨) **युज् इति किम् ? युजमापन्नाः मनुयः→**સમાધિને પામેલાં (મુનિ ભગવંતો)
युज्यते इति क्विप् ? युक्, तमिति । (युजिच् समाधौ० १२५४)
क्विप् ५.१.१४८થી क्विप्→युज्+०+**अम्→**युजम्

★ આ સૂત્રમાં યુજૃંપી-૧૪૭૬ ધાતુનું ગ્રહણ છે જ્યારે અહીં યુર્જિચ્-૧૨૫૪ ધાતુ છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

(૧) સૂત્રમાં નિમિત્તરૂપે દર્શાવેલ સ્યાદિ ઘુટ્ પ્રત્યય નામને જ લાગે છે. તેથી **न केवला प्रकृति प्रयोक्तव्याः** ૩/૧૩ ન્યાયાનુસારે અહીં યુજ્ ધાતુ હોવા છતાં નામનું વિશેષણ બને છે. અને विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાથી યુજ્ અન્તવાળા સમાસમાં પણ ન્ આગમની પ્રાપ્તિ થાય. આ આપત્તિનાં વારણ માટે સૂત્રમાં 'असमासे' પદનું ગ્રહણ કર્યું છે.

તેમજ, 'असमास' પદ સૂચવે છે કે, સ્યાદિ વિધિ પ્રકરણમાં તદન્તવિધિ પણ થાય છે. અર્થાત્ તે તે સૂત્રમાં ગ્રહણ થતું નામ સમાસમાં અન્તે હોય તો તે સૂત્રનું કાર્ય તે સમાસમાં પણ પ્રવર્ત્તે છે.

(૨) સૂત્રમાં 'असमासे' પદનું ગ્રહણ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ સંભવે છે. તેથી अश्वयुक् વિ. સ્થાને આ સૂત્રથી ન્ આગમ થયો નથી.

જિ. : અહીં માત્ર યુજ્ ધાતુનું ગ્રહણ કર્યું છે. તેનું ષ.એ.વ.નું રૂપ युञ्जः કેવી રીતે થયું ?

સમા. : 'युञ्जः' યુજૃનું ષ.એ.વ.નું રૂપ છે. યુજ્ ધાતુ બે છે.

(a) યુર્જિચ્૦ ૧૨૫૨ ગણ-૪ અને

(b) યુજૃંપી૦ ૧૪૭૬ ગણ-૭

અહીં ઋદિત્વાળા યુજૃનું ગ્રહણ દ્વારા સાતમા ગણનાં યુજ્ ધાતુનું વિધાન કરેલ છે. પણ ચોથા ગણનો નહીં.

अनडुहः सौ १/४/७२

अ.अ.सू. : अनडुहः स्यादौ सौ धुटां प्राक् नः अन्तः ।

अर्थ : धुट् वर्णान्त अनडुह् शब्दथी स्यादि એवो सि प्रत्यय પર છતાં ધુટ્ જાતિની પૂર્વે ન્ આગમ થાય છે.

ઉદા. (૧) अनड्वान्→બળદ. अनडुह्+सि
આ સૂત્રથી ન્ આગમ→अनडुन्ह्+स
वाः शेषे ૧.૪.૮૨થી उ નો वा→अनड्**वान्**ह्+स
પૂર્વ પ્રમાણે दीर्घङ्याब्०૧.૪.૪૫ વિ.થી सि, હ્નો લોપ→ अनड्वान् ।

(૨) **प्रियानड्वान्→**પ્રિય બળદવાળો. प्रियाः अनड्वाहो यस्य स इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→પ્રિય+અનડુહ્
પ્રથમા સિ→પ્રિયાનડુહ્+**સ્**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયાનડ્વાન્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् ૧/૧૬ ન્યાયાનુસારે અનડુહ્નાં ગ્રહણથી અનડુહીનું ગ્રહણ થઈ જાય છે. છતાં અનડુહી+સિ સ્થાને ધુટ્ હ્ ની પૂર્વે ન્ આગમ કેમ ન થયો ?

સમા. : सप्तम्या पूर्वस्य ૭.૪.૧૦૫ પરિભાષાનુસારે સિ પ્રત્યયની અવ્યવહિત પૂર્વમાં જ રહેલાં હ્ની પૂર્વે ન્ આગમ થાય. અહીં હ્ અને સિ વચ્ચે ડીનું વ્યવધાન છે. યદ્યપિ **नामग्रहणे०**

૧/૧૬ ન્યાયાનુસારે ङी વ્યવધાયક બનતો નથી પણ અનડુહી શબ્દ ધુટ્ વર્ણાન્ત ન હોવાથી આ સૂત્રથી ન્ આગમ થતો નથી.

તથા, અનડુહી શબ્દ ગૌરાદિ ગણમાં આવતો હોવાથી નિપાતનથી સિદ્ધ છે માટે તે અનડુહ્થી પૃથક્ બની જાય છે.

पुंसोः पुमन्स् ૧/૪/૭૩

અ.અ.સૂ. : पुंसोः स्यादौ घुटि पुमन्स् ।

અર્થ : પુમ્સ્ શબ્દનો સ્યાદિ એવા ધુટ્ પ્રત્યય પર છતાં પુમન્સ્ આદેશ થાય છે.

ઉદા. (૧) पुमान्→પુરુષ. પુમ્સ્+સિ
આ સૂત્રથી પુમન્સ્ આદેશ→**पुमन्स्**+સ્
ન્સ્મહતોः ૧.૪.૮૬થી દીર્ઘ→**पुमा**ન્સ્+સ્
પૂર્વ પ્રમાણે દીર્ઘઙ્યાબ્૦૧.૪.૪૫ વિ.થી→પુમાન્ ।

(૨) **प्रियपुमान्→**પ્રિય છે પુરુષો જેને તે.
પ્રિયાः પુમાંસો યસ્ય સ ઇતિ ।
એકાર્થં૦૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→પ્રિયપુમ્સ્
પ્રથમા સિ→પ્રિયપુમ્સ્+**સિ**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **प्रियपुमांसि→**પ્રિય છે પુરુષો જેને તેવા કુળો.
પ્રિયાः પુમાંસો યેષુ તાનીતિ ।
એકાર્થં૦૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→પ્રિયપુમ્સ્
પ્રથમા જસ્→પ્રિયપુમ્સ્+**અસ્**

नपुंसकस्य०१.४.५५थी शि→प्रियपुम्स्+**इ**
शिर्घुद् १.१.२८थी शिने **घुट्संज्ञा** थवाथी,
आ सूत्रथी पुम्स्नो पुमन्स् आदेश→प्रियपु**मन्स्**+इ
न्स्महतोः १.४.८६थी दीर्घ→प्रियपु**मान्सि**
शिड्-हे०१.३.४०थी अनुस्वार→प्रियपु**मांसि** ।

विशेषता :

આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયપુમાન્ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

ओत औः १/४/७४

अ.अ.सू. : ओतः स्यादौ घुटि औः ।

अर्थ : ओ નો સ્યાદિ એવા ઘુટ્ પ્રત્યય પર છતાં औ આદેશ થાય છે.

ઉદા. (१) **गौः**→ગાય. गो+सि
पुं-स्त्रियोः०१.१.२९थी सिने **घुट्संज्ञा** थवाथी,
आ सूत्रथी ओ नो औ→**गौ**+स्
पदसंज्ञा वि.→**गौः** ।

(२) **गावौ**→બે ગાય. गो+**औ**
पुं-स्त्रियोः०१.१.२९थी औ ने **घुट्संज्ञा** थवाथी,
आ सूत्रथी ओ नो औ→**गौ**+औ
ओदौतोऽ०१.२.२४थी आव्→**गावौ** ।

(३) **द्यौः**→સ્વર્ગ. द्यो+सि

(४) **द्यावौ**→બે સ્વર્ગ. द्यो+औ

(૫) **प्रियद्यावौ**→પ્રિય છે સ્વર્ગ જેને એવા તે બે.

प्रियाः द्यौः ययोस्तौ इति ।

एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→પ્રિયદ્યો

પ્રથમા औ→પ્રિયદ્યો+**औ**

ઉપરોક્ત તમામ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **ओत इति किम् ? चित्रगू**→વિવિધ પ્રકારની ગાયોવાળા બે.

चित्रा गौर्ययोः तौ इति ।

एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→चित्रा+गो

परतः स्त्रीपुं० ૩.૨.૪૯થી चित्रानो चित्र→**चित्र**+गो

गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→चित्रगु

પ્રથમા औ→चित्रगु+**औ**

इदुतोऽस्त्रे०૧.૪.૨૧થી उ+औ=ऊ→चित्र**गू** ।

★ આ સૂત્રમાં ओનાં औનું વિધાન છે. જ્યારે અહીં ओ નથી માટે આ સૂત્રથી औ થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્ર જ્યાં સાક્ષાત્ ओકાર હોય ત્યાં જ પ્રવર્ત્તે છે. જેથી भानो+जस् અહીં આ સૂત્રથી ओનો औ થયો નથી.

આ अम्-शसोऽता ૧/૪/૭૫

અ.અ.સૂ. : ओतः स्यादेः अम्-शसः अता आः ।

અર્થ : ओનો સ્યાદિ એવા अम् અને शस् પ્રત્યયનાં અની સાથે મળીને આ થાય છે.

સ. : **अम्-शसः**→अम् च शस् च इति अम्-शस्, तस्येति ।

ઉદા. (૧) **गाम्→**ગાયને. ગો+અમ્
આ સૂત્રથી ઓ+અ=આ→**गाम्** ।

(૨) **सुगाम→**સારી ગાયને. શોભના गौः इति सुगौः, तामिति વિશેષણં૦૩.૧.૯૬ વિ.થી સમાસ વિ.→સુગો+અમ્
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **गाः→**ગાયોને. ગો+શસ્
આ સૂત્રથી ઓ+અ=આ→**गास्**
પદસંજ્ઞા વિ.=गाः ।

(૪) **सुगाः→**સારી ગાયોને. શોભના गावः इति सुगावः, तानिति સમાસ વિ. સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૫) **द्याम्→**સ્વર્ગને. દ્યો+અમ્

(૬) **अतिद्याम्→**સ્વર્ગને ઓળંગી જનારને. द्यामतिक्रान्तः, तामिति ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ પ્રાત્યવપરિ૦૩.૧.૪૭થી સમાસ કરવો.

(૭) **द्याः→**સ્વર્ગોને. દ્યો+શસ્

(૮) **सुद्याः→**સારા સ્વર્ગોને. શોભના द्यावः इति सुद्यावः, तानिति
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : સૂત્રમાં માત્ર ગોનાં ઓનો જ આ થાય છે એટલું જ કથન કરતાં પણ गाम्, गाः પ્રયોગ સિદ્ધ થઈ જ જાય છે. છતાં 'अता' (અની સાથે)નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : गा+शस् વિ. સ્થાને પુંલિંગમાં शसोऽता०१.४.४९ સૂત્ર દ્વારા गोનાં आનાં આ સહિત પ્રત્યયનાં स्નો न् થવાની પણ આપત્તિ આવે. અને સ્ત્રી.માં लुगातोऽ०२.१.१०७થી गાનાં आનો લોપ થઈ गः આવું અનિષ્ટ રૂપ થાય માટે 'अता' પદનાં ગ્રહણ દ્વારા તે બન્ને સૂત્રની પ્રવૃત્તિનો બાધ કરવામાં આવ્યો છે.

पथिन्-मथिनृभुक्षः सौ १/४/७९

અ.અ.સૂ. : पथिन्-मथिनृभुक्षः स्यादौ घुटि सौ आः ।

અર્થ : નકારાન્ત એવા પથિન્, મથિન્ અને ઋભુક્ષિન્નાં અન્ત્યનો સ્યાદિ એવો સિ પ્રત્યય પર છતાં આ થાય છે.

સ. : **पथिन्मथिनृभुक्षः→**पन्थाश्च मन्थाश्च ऋभुक्षा च इति पथिन्-मथिनृभुक्षि, तस्येति ।

ઉદા. (૧) पन्थाः→માર્ગ. पथिन्+सि
આ સૂત્રથી न्નો आ→पथि**आ**+स्
एः ૧.૪.७७થી इ નો आ→**पथा**आ+स्
समानानां०१.२.१થી દીર્ઘ→**पथा**+स्
थो न्थ् ૧.૪.७८થી थ्નો न्थ्→**पन्था**+स्
પદસંજ્ઞા વિ.→पन्थाः ।

(૨) **हे पन्थाः !→**હે માર્ગ. पथिन्+सि

(૩) **मन्थाः→**મંથન કરનાર. मथिन्+सि

(૪) **ऋभुक्षाः→**ઇન્દ્ર. ऋभुक्षिन्+सि

ઉપરોક્ત તમામ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે યથાયોગ્ય જાણવી.

પ્ર.ઉદા. नान्तनिर्देशादिह न स्यात्→पथीः→માર્ગને ઈચ્છનારો.

पन्थानमिच्छन् इति पथीयतीति क्विप्

अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→पथिन्+**य**

૧.૪.૨૬માં सखीयति પ્રમાણે तिव् वि.→पथीयति

હવે, पथीयतीति क्विप् पथीय+०+सि

૧.૪.૨૬ પ્રમાણે य् અને अ નો લોપ →पथी+सि

પદસંજ્ઞા વિ.→पथीः ।

★ આ સૂત્રમાં ન્કારાન્ત पथिन् વિ.નો નિર્દેશ હોવાથી ન્કારાન્ત એવા पथिन् વિ.થી જ સૂત્ર પ્રવૃત્તિ થાય છે. જ્યારે અહીં ન્કારાન્ત पथिन् નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં નિમિત્તરૂપે દર્શાવેલ 'सौ' જેમ પ્ર.એ.વ. सि પ્રત્યયનું તેમ સ.બ.વ. सु પ્રત્યયનું પણ રૂપ છે. પણ અહીં 'घुटि' એ પ્રમાણે સામાન્ય નિમિત્તની અનુવૃત્તિ ચાલુ હોવાથી घुट्સંજ્ઞક પ્ર.એ.વ. सि પ્રત્યયનું જ ગ્રહણ થશે.

(૨) યદ્યપિ **एकदेशविकृतमनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે पथिन् વિ.માં પ્રવૃત્તિ કરતાં સૂત્રો 'पथीः' વિ.માં પ્રવૃત્ત થવા જોઈએ. પરંતુ સૂત્રમાં દ્વન્દ્વ સમાસગત શબ્દોનાં ન્ નો નામ્નો૦ ૨.૧.૯૧થી લોપ ન કરતાં ન્કારાન્ત નિર્દેશ કર્યો હોવાથી અહીં આ ન્યાય અનિત્ય થાય છે. તેથી આ સૂત્ર पथिन् વિ. પ્રવૃત્ત થવા છતાં पथीः વિ.માં નહીં લાગે.

(૩) બૃ.વૃ.માં बहुऋभुक्षाः પ્રયોગો દર્શાવ્યા હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભય સંબંધી પ્રયોગમાં જાણવી.

एः १/४/७७

अ.अ.सू. : पथिन्-मथिनृभुक्षः एः स्यादौ घुटि आः ।

अर्थ : नकारान्त पथिन्, मथिन् अने ऋभुक्षिन् शब्दोनां इनो स्यादि એવા घुट् प्रत्यय પર છતાં आ थाय छे.

ઉદા. (૧) **पन्थाः**→માર્ગ. पथिन्+सि
આ ઉદા.ની साधनिका पूर्व सूत्र प्रमाणे જાણવી.

(૨) **पन्थानौ**→બે માર્ગ. पथिन्+औ
पुं-स्त्रियोः०१.१.२९थी औने **घुट्संज्ञा** थवाथी,
આ सूत्रथी इनो आ→**पथा**न्+औ
थो न्थ् १.४.७८थी थ्नो न्थ्→**पन्था**नौ ।

(૩) **पन्थानः**→માર્ગો. पथिन्+जस्
घुट्संज्ञा वि. पूर्व प्रमाणे→**पन्था**नस्
पदसंज्ञा वि.→पन्थानः ।

(૪) **पन्थानम्**→માર્ગને. पथिन्+अम्
घुट्संज्ञा वि. पूर्व प्रमाणे→पन्थानम् ।

(૫) **सुपन्थानि कुलानि**→સારા માર્ગવાળાં બે કુળો.
शोभनाः पन्थाः येषु तानीति ।
एकार्थं०३.१.२२ वि.थी समास वि.→सुपथिन्+जस्
नपुंसकस्य०१.४.५५ वि.थी घुट्संज्ञक शि→सुपथिन्+**इ**
આ सूत्रथी इनो आ→सुप**था**नि
थो न्थ् १.४.७८थी थ्नो न्थ्→सुप**न्था**नि ।

प्र.ઉદા. नान्तनिर्देशाद् एरभावाच्चेह न स्यात्→

(૧) **पथीः**→માર્ગને ઈચ્છનાર. पथी+सि
साधनिका पूर्व सूत्र प्रमाणे જાણવી.

(૨) **पथ्यौ**→માર્ગને ઈચ્છનારાં બે. પથી+औ
क्विबन्ता धातुत्वं० ૨/૪૮ ન્યાયાનુસારે,
યોऽનેક०૨.૧.૫૬થી ईનો य्→**पथ्यौ** ।

(૩) **पथ्यः**→માર્ગને ઈચ્છનારાઓ. પથી+जस्
પૂર્વ પ્રમાણે→**पथ्यस्**
પદસંજ્ઞા વિ.→पथ्यः ।

★ આ સૂત્રમાં ન્કારાન્ત પથિન્ વિ.નો તેમજ 'एः' પદનો નિર્દેશ હોવાથી અહીં ન્કારાન્ત ન હોય તેવા દીર્ઘ ઈકારાન્ત पथीः થી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

વિશેષતા :

અહીં सुपन्थानि कुलानि પ્રયોગ દર્શાવ્યો હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં જાણવી.

थो न्थ् ૧/૪/૭૮

અ.અ.સૂ. : पथिन्-मथिनृभुक्षः थः स्यादौ घुटि न्थ् ।

અર્થ : પથિન્ અને મથિન્ શબ્દનાં થ્ નો સ્યાદિ એવા ઘુટ્ પ્રત્યય પર છતાં ન્થ્ આદેશ થાય છે.

ઉદા. પૂર્વ સૂત્રનાં છે તે જ જાણી લેવા.

વિશેષતા :

(૧) યદ્યપિ ऋभुक्षिन્માં સૂત્રનિર્દિષ્ટ કાર્યી થ્ ન હોવાથી ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. પરંતુ **सन्नियोगशिष्टानामेकापाये-ऽन्यतरस्याप्यपायः** ૧/૩૦ ન્યાયાનુસારે પથિન્ વિ.ની સાથે તેની અનુવૃત્તિ આવેલ છે.

(૨) અહીં सुपन्थानि कुलानि વિ. પ્રયોગો દર્શાવ્યા હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં જાણવી.

इन् ङीस्वरे लुक् १/४/७९

અ.અ.સૂ. : पथिन्-मथिनृभुक्षः इन् स्यादौ ङीस्वरे लुक् ।

અર્થ : ન્કારાન્ત पथिन्, मथिन् અને ऋभुक्षिन्નાં इन् ङी પ્રત્યય અને સ્યાદિ સ્વરાદિ (અઘુટ્) પ્રત્યય પર છતાં લુક્ પામે છે.

સ. : **ङीस्वरे**→ङीश्च स्वरश्च इति ङीस्वरः, तस्मिन्निति ।

ઉદા. (૧) सुपथी स्त्री→સારા માર્ગવાળી સ્ત્રી.
शोभनः पन्थाः यस्याः सा इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→सुपथिन्
स्त्रियां नृतो०૨.૪.૧થી ङी→सुपथिन्+**ई**
આ સૂત્રથી इन्નો લોપ→सुपथी
પ્રથમા सि વિ.→सुपथी ।

(૨) **सुपथी कुले**→સારા માર્ગવાળા બે કુળો.
शोभनः पन्थाः ययोस्ते इति ।
સમાસ વિ. પૂર્વ પ્રમાણે→ सुपथिन्+औ
औरी ૧.૪.૫૬થી औ નો ई→सुपथिन्+**ई**
આ સૂત્રથી इन्નો લોપ→सुपथी ।

(૩) **पथः**→માર્ગોને. पथिन्+शस्
આ સૂત્રથી इन्નો લોપ→पथस्
પદસંજ્ઞા વિ.→पथः ।

(૪) **सुमथी स्त्री**→સારું મન્થન કરનારી સ્ત્રી.
शोभनः मन्थाः यस्यां सा इति ।

(૫) **सुमथी कुले**→સારું મન્થન કરનારાં બે કુળો.
शोभनः मन्थाः ययोस्ते इति ।

(૬) **मथः**→મન્થન કરનારને. मथिन्+शस्

(૭) **अनृभुक्षी सेना**→ઇન્દ્ર નથી જેમાં એવી સેના.
नास्ति ऋभुक्षाः यस्यां सा इति ।

(૮) **अनृभुक्षी कुले**→ઇન્દ્ર નથી જેમાં એવા બે કુળો.
नास्ति ऋभुक्षाः ययोस्ते इति ।

(૯) **ऋभुक्षः**→ઇન્દ્રોને. ऋभुक्षिन्+शस्

પ્ર.ઉદા. (૧) मन्तस्येति किम् ? युवयोः आवयोरित्यत्र दस्य यत्वं यथा स्यात् ।

જો મ્કારાન્ત સુધીનો આદેશ ન કર્યો હોય તો युष्मद्/अस्मद्+ओस् સ્થાને સંપૂર્ણ युष्मद्-अस्मद्नો युव અને आव થતાં टाङ्योसि०૨.૧.૭થી અનો य् થાય. તેથી युव्योः, आव्योः આવા અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે.

(૨) **स्यादावित्येव→युष्मत्पुत्रः**→તમારા બેનો પુત્ર.
युवयोः पुत्र इति । षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→युष्मद्+पुत्र
પ્રથમા सि→युष्मद्+पुत्र+**स्**
પદસંજ્ઞા વિ.→युष्मत्पुत्रः ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્યાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં युष्मद्થી પર पुत्र નામ છે માટે આ સૂત્રથી त्व આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં કાર્યી 'युष्मदस्मदोः' અને કાર્ય 'युवा-ऽवौ' આ બન્ને દ્વિ.વ.માં હોવાથી તે બન્ને વચ્ચે **यथासङ्ख्यमनुदेशः समानाम्** ૧/૧૦ ન્યાયાનુસારે અનુક્રમ જાણવો.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतियुवाम् આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : युष्मान् अतिक्रान्तौ इति अतियुष्माम् સ્થાને દ્વિ.વ. હોવા છતાં પણ આ સૂત્રથી युव આદેશ કેમ ન થયો ?

સમા. : अतियुष्मान् પ્રયોગમાં સંપૂર્ણ સમાસ દ્વિ.વ.માં છે. અને युष्मद् બ.વ.માં જ છે. જ્યારે અહીં દ્વિ.વ.ની વાચ્યતાથી વિશિષ્ટ युष्मद्નો युव આદેશ થાય છે માટે આ પ્રયોગમાં युष्मद्નો युव આદેશ થયો નથી.

त्व-मौ प्रत्ययोत्तरपदे चैकस्मिन् २/१/११

અ.અ.સૂ. : प्रत्ययोत्तरपदे च(स्यादौ) एकस्मिन् युष्मदस्मदोः मन्तस्य त्व-मौ ।

અર્થ : પ્રત્યય, ઉત્તરપદ અને સ્યાદિ પ્રત્યય પર છતાં એ.વ.માં વર્ત્તતાં युष्मद् અને अस्मद्નાં म् અન્ત સુધીનાં અવયવનો અનુક્રમે त्व અને म આદેશ થાય છે.

સ. : (૧) **त्व-मौ**→त्वश्च मश्च इति ।
(૨) **प्रत्ययोत्तरपदे**→प्रत्ययश्च इति प्रत्ययोत्तरपदम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **त्वाम्**→તને. युष्मद्+अम् (દ્વિ.એ.વ.)
(૨) **माम्**→મને. अस्मद्+अम् (દ્વિ.એ.વ.)
(૩) **अतित्वाम्**→તને ઓળંગી જનારને.

(૪) **अतिमाम्**→મને ઓળંગી જનારને.
ઉપરોક્ત ચારે ઉદા.ની સાધનિકા ૨.૧.૬ પ્રમાણે જાણવી.

(૫) **अतित्वासु**→તને ઓળંગી જનારાઓ વિશે.
त्वामतिक्रान्त इति अतित्वम्, तेषु इति ।
प्राग्वतपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतियुष्मद्+सुप्
આ સૂત્રથી युष्म्નો त्व→अति**त्व**+अद्+सु
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→अतित्वद्+सु
युष्मदस्मदोः ૨.૧.૬થી દ્નો आ→अतित्व**आ**+सु
समानानां०૧.૨.૧થી દીર્ઘ→अतित्**वा**सु ।

(૬) **अतिमासु**→મને ઓળંગી જનારને વિશે.
मामतिक्रान्त इति अत्यहम्, तेषु इति ।

(૭) **त्वदीयः**→તારું. तव अयमिति ।
दोरीयः ૬.૩.૩૨થી ईय→तव+**ईय**
ऐकार्थ्ये०૩.૨.૮થી વિભક્તિનો લોપ→युष्मद्+ईय
આ સૂત્રથી युष्म्નો त्व→**त्व**+अद्+ईय
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→त्वदीय
પ્રથમા સિ વિ.→त्वदीयः ।

(૮) **मदीयः**→મારું. मम अयमिति ।

(૯) **त्वत्पुत्रः**→તારો પુત્ર. तव पुत्र इति ।
षष्ठ्यत्न०૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→युष्मद्+पुत्र
આ સૂત્રથી युष्म्નો त्व→**त्व**+अद्+पुत्र
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→त्वद्+पुत्र
अघोषे प्रथमो०૧.૩.૫૦થી દ્નો त्→त्वत्पुत्र
પ્રથમા સિ વિ.→त्वत्पुत्रः ।

(૧૦) **मत्पुत्रः**→મારો પુત્ર. मम पुत्र इति ।

પ્ર.ઉદા. (૧) **प्रत्ययोत्तरपद इति किम् ?**

(1) **अधियुष्मद्→**તારામાં. त्वयि अधि इति ।
વિભક્તિ-સમીપ૦૩.૧.૩૯ વિ.થી સમાસ વિ.→अधि+युष्मद्+सि
અનતો લુપ્ ૩.૨.૮થી સિનો લોપ→अधियुष्मद् ।

(2) **अध्यस्मद्→**મારામાં. मयि अधि इति ।
આ સૂત્રની પ્રવૃત્તિ પ્રત્યય કે ઉત્તરપદ પરમાં હોય તો થાય છે. જ્યારે અહીં યુષ્મદ્થી પર કાંઈ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) **एकस्मिन्निति किम् ?**

(1) **युष्माकम्→**તમારું. युष्मद्+**आम्** (ષ.બ.વ.)
आम आकम् ૨.૧.૨૦થી आकम्→युष्मद्+**आकम्**
शेषे लुक् ૨.૧.૮થી द्નો લોપ→युष्म+आकम्
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→युष्**मा**कम् ।

(2) **अस्माकम्→**અમારું. अस्मद्+आम् (ષ.બ.વ.)

★ આ સૂત્રની પ્રવૃત્તિ એ.વ.માં વર્ત્તતાં युष्मद्+अस्मद्थી થાય છે. જ્યારે અહીં બ.વ.માં વર્ત્તતાં युष्मद्-अस्मद् છે માટે સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

(૧) युष्मद्-अस्मद् સર્વનામમાં એકત્વની વાચ્યતા હોય અર્થાત્ સમસ્ત પદોમાં રહેલો युष्मद्-अस्मद् પદ પણ વિગ્રહમાં એ.વ.માં હોય તો જ આ સૂત્રથી त्व-म આદેશ થાય છે. અન્યથા થતો નથી. તેથી युष्मान् अतिक्रान्त इति વિ. સ્થાને દ્વિ.એ.વ.માં अतियुष्माम् પ્રયોગમાં त्व આદેશ થયો નથી.

(૨) કેટલાંક ઉત્પલ વિ. વ્યાકરણકારો त्वाम् आचष्टे इति આ સ્થાને પહેલા અન્ત્યસ્વરાદિનો લોપ કરીને પછી त्व આદેશ અને વૃદ્ધિ ઈચ્છે છે અને त्वा સ્વરૂપ પ્રાપ્ત થતાં पु આગમ કરે છે તેથી તેમના મતે त्वापयति પ્રયોગ સિદ્ધ થાય છે.

તો કેટલાંક ચન્દ્ર વિ. વ્યાકરણકારો નિમિત્ત વિના જ એ.વ.માં વર્ત્તતાં युष्मद्નો त्व આદેશ ઈચ્છે છે. તેથી તેમના મતે अधित्वत् વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૩) **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અહીં કાર્યી युष्मद्-अस्मद्નો કાર્ય એવા त्व-म સાથે અનુક્રમ જાણવો. તે પ્રમાણે ઉત્તર સૂત્રોમાં પણ જાણવું.

(૪) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतित्वाम् વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : પ્રત્યયનાં ગ્રહણથી સ્યાદિનું ગ્રહણ થઈ જ જાય છે. તો ચકારથી સ્યાદિનો સમુચ્ચય શા માટે કર્યો ?

સમા. : નીચેનાં સૂત્રમાં અનુવૃત્તિ થઈ જવા માટે અહીં સ્યાદિનો ચકાર દ્વારા સમુચ્ચય કરેલો છે.

જિ. : જ્યારે ઉત્તરપદ પરમાં હશે ત્યારે સમાસ હોવાથી અન્તર્વર્ત્તિ વિભક્તિની અપેક્ષાએ સ્યાદિ પ્રત્યયો હોવાનાં જ છે. તેથી નિમિત્ત તરીકે 'स्यादौ'નાં અધિકારથી જ સૂત્ર પ્રવૃત્તિ સિદ્ધ થાય છે. તો પ્રત્યયોત્તરપદેનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં युष्मद्નો त्व આદેશ પ્રકૃતિઆશ્રિત અંતરંગ કાર્ય છે. અને ઐકાર્થ્યે ૩.૨.૮થી થતું કાર્ય લોપ સ્વરૂપ છે. તેથી **लुबन्तरङ्गेभ्यः ૧/૪૭** ન્યાયાનુસારે પહેલાં વિભક્તિનો

લોપ થતાં સ્યાદિ પ્રત્યયો પર રહેતાં આ સૂત્ર દ્વારા ત્વ આદેશ થાય નહીં. તેથી 'પ્રત્યયોત્તરપદે'નું ગ્રહણ કરેલ છે.

त्वमहं सिना प्राक् चाऽकः २/१/१२

અ.અ.સૂ. : स्यादिना सिना युष्मदस्मदोः त्वमहं अकः च प्राक् ।

અર્થ : સ્યાદિ એવા સિ પ્રત્યયની સાથે મળીને યુષ્મદ્ અને અસ્મદ્નો અનુક્રમે ત્વમ્ અને અહમ્ આદેશ થાય છે. પણ અક્ કરવાનાં પ્રસંગમાં અક્ની પૂર્વે આદેશ કરવા.

સ. : त्वमहम्→त्वं च अहं च इति । (प्रथमा औ, सूत्रत्वात् लोपः)

ઉદા. (૧) **त्वम्→**તું. યુષ્મદ્+સિ (પ્ર.એ.વ.)
આ સૂત્રથી યુષ્મદ્+સિનો ત્વમ્ આદેશ→**त्वम्** ।

(૨) **अहम्→**હું. અસ્મદ્+સિ (પ્ર.એ.વ.)

(૩) **अतित्वम्→**તને ઓળંગી જનાર. त्वामतिक्रान्त इति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→અતિયુષ્મદ્+સિ
આ સૂત્રથી યુષ્મદ્+સિનો ત્વમ્→અતિ**त्वम्** ।

(૪) **अत्यहम्→**મને ઓળંગી જનાર. माममतिक्रान्त इति ।

★ **प्राक् चाऽक इति किम् ?**

(૧) **त्वकम्→**અજ્ઞાત એવો તું. अज्ञातः त्वमिति ।
આ સૂત્રથી યુષ્મદ્+સિનો ત્વમ્→ત્વમ્
યુષ્મદસ્મદો૦૭.૩.૩૦થી અક્→ત્વ્+**અક્**+અમ્→ત્વકમ્ ।

(૨) **अहकम्→**અજ્ઞાત એવો હું. अज्ञातः अहमिति ।

અહીં અક્ની પૂર્વે ત્વમ્:-અહમ્ આદેશ કર્યા તેથી, ત્વકમ્-અહકમ્ પ્રયોગો સિદ્ધ થયા. અન્યથા ત્વમ્-અહમ્ જ સિદ્ધ થાત.

વિશેષતા :

(૧)

प्रियत्वम्	अतित्वम्
प्रियः त्वं यस्य सः	त्वाम् अतिक्रान्तः
प्रियौ युवां यस्य सः	युवाम् अतिक्रान्तः
प्रियाः यूयं यस्य सः	युष्मान् अतिक्रान्तः

આમ, प्रियत्वम्/अतित्वम्નાં વિવિધ વિગ્રહ થાય છે. આવી જ રીતે આગામી સૂત્રોમાં પણ प्रिययूयम्/अतियूयम् વિ.નાં વિગ્રહો જાણી લેવા.

(૨) त्वम् અને अहम् આદેશ પર હોવાથી प्रियौ युवां यस्य सः, प्रियाः यूयं यस्य सः સ્થાને त्व-मौ०२.१.११થી त्व-म તેમજ, मन्तस्य०२.१.१०થી युव-आव આદેશ ન થતાં આ સૂત્રથી त्वम् આદેશ થાય છે.

(૩) त्वाम्/माम् आचष्टे इति क्विप् સ્થાને त्व-म આદેશ કર્યા બાદ કેટલાંક વ્યાકરણકારો વૃદ્ધિ કરે છે. તેથી त्वा-मा સ્વરૂપ પ્રાપ્ત થતાં સિ પર છતાં त्वा-ह सौ (પાણિની-૭.૨.૯૪) સૂત્રથી त्व-अह આદેશ થતાં નથી. માટે તેમના મતે પ્ર.એ.વ.માં त्वाम्, माम् પ્રયોગ સિદ્ધ થાય છે.

તો કોઈક વ્યાકરણનાં મતે વૃદ્ધિ ધાતુમાં જ થતી હોવાથી અહીં વૃદ્ધિ થતી નથી તેથી તેમના મતે त्वम्, मम् પ્રયોગ સિદ્ધ થાય છે.

(૪) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतित्वम् આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : યદ્યપિ અહીં સૂત્રમાં 'प्राक् चाऽकः'નું ગ્રહણ છે. પરંતુ સૂત્રમાં તો માત્ર युष्मद्-अस्मद्નો જ નિર્દેશ છે તો युष्मकद्-अस्मकद्માં સૂત્રપ્રવૃત્તિ કેવી રીતે થશે ?

સભા. : **तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते** ૨/૯ ન્યાયાનુસારે યુષ્મકદ્-અસ્મકદ્નું યુષ્મદ્-અસ્મદ્નાં ગ્રહણથી ગ્રહણ થાય છે. માટે ત્યાં પણ સૂત્રપ્રવૃત્તિ થશે.

જિ. : त्वं पुत्रोऽस्य इति त्वत्पुत्रः અહીં ऐकार्थ्ये૦૩.૨.૮થી સિનો લોપ થાય છે તો તેનો સ્થાનીવત્ભાવ માનીને त्वम् આદેશ કેમ ન થયો ?

સભા. : અહીં સિનો લુપ્ થયો છે. લુક્ નહીં માટે लुप्यव्यवृक्षेनद्[1] ૭.૪.૧૧૨ પરિભાષાનુસારે લોપનો સિ તરીકેનો સ્થાનીવત્ભાવ મનાતો નથી માટે આ સૂત્રથી त्वम् આદેશ થતો નથી.

જિ. : તો પછી अहङ्कारः, अहंमनः વિ. પ્રયોગોમાં સિનો લુપ્ હોવા છતાં પણ अहम् આદેશ કેવી રીતે થાય ?

સભા. : अहङ्कारः વિ. પ્રયોગોમાં રહેલો अहं તે ऊर्णाऽहं૦૭.૨.૧૭ સૂત્રનિર્દિષ્ટ अहं અવ્યય છે પણ अस्मद् સર્વનામનું રૂપ નહીં.

જિ. : युष्मद्+सि સ્થાને त्व-मौ૦૨.૧.૧૧થી થતો त्व આદેશ પ્રકૃતિઆશ્રિત અંતરંગ કાર્ય છે અને આ સૂત્રથી થતો त्वम् આદેશ પ્રત્યયાશ્રિત હોવાથી બહિરંગ કાર્ય છે. **अन्तरङ्गं बहिरङ्गात्** ૧/૪૨ ન્યાયાનુસારે त्व-म આદેશની પૂર્વે આ સૂત્રથી त्वम् આદેશ કેવી રીતે થાય ?

સભા. : આ સૂત્ર બહિરંગ હોવા છતાં પણ અન્ય વિષયરૂપ અવકાશવાળું ન હોવાથી **अन्तरङ्गाच्चानवकाशम्** ૧/૫૪ ન્યાયાનુસારે પ્રથમ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. તે પ્રમાણે तुभ्यं૦૨.૧.૧૪ વિ. સૂત્રોમાં પણ જાણી લેવું.

---

૧. लुप्यव्यवृ૦૭.૪.૧૧૨ પરિભાષાનો અર્થ ૧.૪.૫૪ સૂત્ર પેજ નં. ૯૩માંથી જાણવો.

यूयं-वयं जसा २/१/१३

अ.अ.सू. : स्यादिना जसा युष्मदस्मदोः यूयं-वयम्, अकः च प्राक् ।

अर्थ : स्यादि એવા जस् प्रत्ययनी साथे મળીने युष्मद् अने अस्मद्नो अनुक्रमे अने यूयम् अने वयम् आदेश थाय छे. પણ अक् કરવાનાં प्रसंगे अक्नी पूर्वे आदेश કરવા.

स. : **यूयं-वयम्→**यूयम् च वयम् च इति [प्रथमा औ, सूत्रत्वात् लोपः ।]

उदा. (१) **यूयम्→**तमे. युष्मद्+जस् (प्र.ब.व.)
आ सूत्रथी युष्मद्+अस्नो यूयम्→**यूयम्** ।

(२) **वयम्→**अमे. अस्मद्+जस् (प्र.ब.व.)

(३) **प्रिययूयम्→**प्रिय छे तुं जेने એवा तेओ.
प्रियः त्वं येषां ते इति ।
एकार्थं०३.१.२२ वि.थी समास वि.→प्रिययुष्मद्+जस्
आ सूत्रथी युष्मद्+जस्नो यूयम्→प्रिय**यूयम्** ।

(४) **प्रियवयम्→**प्रिय छुं हुं जेने એवा तेओ. प्रियः अहं येषां ते इति ।

★ **प्राक् चाऽक इत्येव→**

(१) **यूयकम्→**अज्ञात એवा तमे. अज्ञाताः यूयमिति ।
आ सूत्रथी युष्मद्+जस्नो यूयम्→**यूयम्**
युष्मदस्मदो०७.३.३०थी अक्→यूय्+**अक्**+अम्→यूयकम् ।

(२) **वयकम्→**अज्ञात એवा अमे. अज्ञाताः वयमिति ।

★ अहीं अक्नी पूर्वे आदेश કर्यो तेथी यूयकम्-वयकम् प्रयोगो सिद्ध थया अन्यथा यूयम्-वयम् ज सिद्ध थात.

વિશેષતા :

આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી પ્રિયયૂયમ્ જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

तुभ्यं-मह्यं ङ्या २/१/१४

અ.અ.સૂ. : स्यादिना ङ्या युष्मदस्मदोः तुभ्यं-मह्यम्, अकः च प्राक् ।

અર્થ : સ્યાદિ એવા ङ-ની સાથે મળીને युष्मद् અને अस्मद्-નો અનુક્રમે तुभ्यम् અને मह्यम् આદેશ થાય છે. પણ अक् કરવાનાં પ્રસંગે अक्-ની પૂર્વે જ આદેશ કરવો.

સ. : **तुभ्यं-मह्यम्→**तुभ्यं च मह्य च इति [प्रथमा औ, सूत्रत्वात् लोपः ।]

ઉદા. (૧) **तुभ्यम्→**તારા માટે. युष्मद्+ङे (ચ.એ.વ.)
આ સૂત્રથી युष्मद्+ङे નો तुभ्यम्→**तुभ्यम्** ।

(૨) **मह्यम्→**મારા માટે. अस्मद्+ङे (ચ.એ.વ.)

(૩) **प्रियतुभ्यम्→**પ્રિય છે તું જેને એવા તેની માટે.
प्रियः त्वं यस्य स इति प्रियत्वम्, तस्मै इति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→प्रिययुष्मद्+ङे
આ સૂત્રથી युष्मद्+ङे નો तुभ्यम्→प्रिय**तुभ्यम्** ।

(૪) **प्रियमह्यम्→**પ્રિય છું હું જેને એવા તેની માટે.
प्रियः अहं यस्य स इति प्रियाहम्, तस्मै इति ।

★ **प्राक् चाऽक इत्येव→**

(૧) **तुभ्यकम्→**અજ્ઞાત એવા તારી માટે. अज्ञाताय तुभ्यमिति ।
આ સૂત્રથી युष्मद्+ङेનો तुभ्यम्→**तुभ्यम्**
युष्मदस्मदो०૭.૩.૩૦થી अक्→तुभ्य्+**अक्**+अम्→तुभ्यकम् ।

(૨) **मह्यकम्→**અજ્ઞાત એવા મારી માટે. अज्ञाताय मह्यमिति ।

અહીં अक् પૂર્વે तुभ्यम्-मह्यम् આદેશ કર્યા તેથી ઉપરોક્ત પ્રયોગો સિદ્ધ થયા અન્યથા तुभ्यम्-मह्यम् જ સિદ્ધ થાત.

વિશેષતા :

આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી प्रियतुभ्यम् જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

तव-मम ङसा २/१/१५

અ.અ.સૂ. : स्यादिना ङसा युष्मदस्मदोः तव-मम, अकः च प्राक् ।

અર્થ : સ્યાદિ એવા ङस्ની સાથે મળીને युष्मद् અને अस्मद्નો અનુક્રમે तव અને मम આદેશ થાય છે. પણ अक् કરવાનાં પ્રસંગે अक्ની પૂર્વે જ આદેશ કરવા.

સ. : तव-मम→तवश्च ममश्च इति [प्रथमा औ, सूत्रत्वात् लोपः ।]

ઉદા. (૧) तव→તારું. युष्मद्+ङस्
આ સૂત્રથી युष्मद्+ङस्નો तव→**तव**

(૨) **मम→**મારું. अस्मद्+ङस्

(૩) **अतितव→**તને ઓળંગી જનારનું.
त्वामतिक्रान्त इति अतित्वम्, तस्येति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतियुष्मद्+अस्
આ સૂત્રથી युष्मद्+ङस्નો तव→अति**तव** ।

(૪) **अतिमम→**મને ઓળંગી જનારનું.
मामतिक्रान्त इति अत्यहम्, तस्येति ।

★ **प्राक् चाऽक इत्येव→**

(१) **तवक→**અજ્ઞાત એવા તારું. अज्ञातस्य तव इति ।
આ સૂત્રથી યુષ્મદ્+ઙસ્નો तव→**तव**
યુષ્મ૦૭.૩.૩૦થી अक्→तव्+**अक्**+अ→तवक ।

(૨) **ममक→**અજ્ઞાત એવા મારું. अज्ञातस्य मम इति ।

અહીં अक्ની પૂર્વે આદેશ કર્યા તેથી ઉપરોક્ત પ્રયોગો तवक ममक સિદ્ધ થયા અન્યથા तव-मम જ સિદ્ધ થાત.

विशेषता :

(૧) यद्यपि સંસ્કૃત સાહિત્યમાં तवता, ममता, तवायितम्, ममायितम् જેવા રૂપો પ્રયુક્ત થયા છે પરંતુ તત્ર નિર્દિષ્ટ तव અને मम આ સૂત્રથી થયેલ આદેશ ન જાણવા પણ સ્યાદ્યન્ત સદૃશ અવ્યયો હોવાથી અન્ય શબ્દ તરીકે સ્વીકારવા.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतितव આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

अमौ मः २/१/१९

અ.અ.સૂ. : युष्मदस्मदोः स्यादेः अमौ मः ।

અર્થ : યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ સ્યાદિ એવા અમ્ અને ઔનો મ્ આદેશ થાય છે.

સ. : **अमौ→**औश्च औश्च इति औ, अम् च औ च इति अमौ [પ્રથમા સિ, સૂત્રત્વાત્ લોપઃ]

ઉદા. (૧) **त्वाम्→**તને. યુષ્મદ્+અમ્ (દ્વિ.એ.વ.)

(૨) **माम्→**મને. અસ્મદ્+અમ્ (દ્વિ.એ.વ.)

(૩) **अतित्वाम्→**તને ઓળંગી જનારને.
त्वामतिक्रान्त इति अतित्वम्, तमिति ।

(૪) **अतिमाम्→**મને ઓળંગી જનારને.
मामतिक्रान्त इति अत्यहम्, तमिति ।
આ ઉદા.ની સાધનિકા ૨.૧.૭ પ્રમાણે જાણવી.

(૫) **युवाम्→**તમે બે. युष्मद्+औ (પ્ર.દ્વિ.વ.)
मन्तस्य०૨.૧.૧૦થી युष्म्નો युव→**युव**+अद्+औ
लुगस्यादे०૨.૧.૧૧૩થી अनो लोप→युवद्+औ
આ સૂત્રથી औનો म्→युवद्+**म्**
युष्मदस्म०૨.૧.૬થી द्नो आ→युव**आ**+म्
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**युवा**म् ।

(૬) **आवाम्→**અમે બે. अस्मद्+औ (પ્ર.દ્વિ.વ.)

(૭) **अतियुवाम्→**તમને બેને ઓળંગી જનારને.
युवामतिक्रान्तौ इति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतियुष्मद्
પ્રથમા औ→अतियुष्मद्+**औ**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૮) **अत्यावाम्→**અમને બેને ઓળંગી જનારને.
आवामतिक्रान्तौ इति ।

વિશેષતા :

(૧) સૂત્રમાં 'मः' પદમાં અકાર ઉચ્ચારણ માટે છે.

(૨) સૂત્રગત 'औ' પદમાં स्यादावसं०૩.૧.૧૧૯થી એક શેષ સમાસ છે. તેથી દ્વિતીયા અને પ્રથમા વિભક્તિ બન્નેનાં औનું ગ્રહણ થાય છે. અન્યથા अम्નાં સાહચર્યથી દ્વિતીયા વિભક્તિનાં જ औ પ્રત્યયનું ગ્રહણ થવાની આપત્તિ આવે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतियुवाम् આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : युष्मद्+अम् સ્થાને शेषे लुक् ૨.૧.૮ સૂત્રની પ્રવૃત્તિ પછી अम्નાં अनो समानाद०१.४.४६થી લોપ થઈ શકે છે. ત્યારબાદ વ્યંજનાદિ म् પ્રત્યય પર છતાં युष्मदस्मदोः ૨.૧.૬થી आत्व થઈ त्वाम् સિદ્ધ થાય છે. તો આ સૂત્રથી अम्નો म् શા માટે કર્યો ?

સભા. : युष्मदस्मदोः ૨.૧.૬થી થતું કાર્ય પ્રકૃતિઆશ્રિત હોવાથી અંતરંગ કાર્ય છે. અને समानाद०१.४.४६થી થતું કાર્ય પ્રત્યયાશ્રિત હોવાથી બહિરંગ કાર્ય છે. તેથી **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** ૧/૨૦ ન્યાયાનુસારે અંતરંગ કાર્ય કરતાં આત્વ કરવાનાં પ્રસંગે બહિરંગ કાર્ય अम्નો म् असत् મનાય છે. માટે વ્યંજનાદિ પ્રત્યય ન હોવાથી त्वाम् સિદ્ધ ન થાય માટે આ સૂત્રથી अम्નો म् કરેલ છે.

शसो नः ૨/૧/૧૭

અ.અ.સૂ. : **युष्मदस्मदोः स्यादेः शसः नः ।**

અર્થ : युष्मद् અને अस्मद्થી પર રહેલ स्यादि એવા शस् પ્રત્યયનો न् આદેશ થાય છે.

ઉદા. (૧) **युष्मान्**→તમને. युष्मद्+शस् (द्वि.બ.વ.)
આ સૂત્રથી शस्નો न्→युष्मद्+**न्**
युष्मदस्मदोः ૨.૧.૭થી द्નો आ→युष्म**आ**+न्
समानानां०१.२.१થી દીર્ઘ→**युष्मा**न् ।

(૨) **अस्मान्**→અમને. अस्मद्+शस् (द्वि.બ.વ.)

(૩) **प्रियत्वान्→**પ્રિય છે તું જેને એવા તેઓને.
प्रियः त्वं येषां ते इति प्रिययूयम्, तानिति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→प्रिययुष्मद्+शस्
त्व-मौ०૨.૧.૧૧થી યુષ્મ્નો त्व→प्रियत्व+अद्+शस्
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→प्रियत्वद्+शस्
આ સૂત્રથી શસ્નો न्→प्रियत्वद्+**न्**
युष्मदस्मदोः ૨.૧.૬થી દ્નો આ→प्रियत्व**आ**+न्
समानानां०૧.૨.૧થી દીર્ઘ→प्रियत्**वान्** ।

(૪) **प्रियमान्→**પ્રિય છું હું જેને એવા તેઓને.
प्रियः अहं येषां ते इति, प्रिययूयम्, तानिति ।

વિશેષતા :

(૧) આ સૂત્રનાં 'नः' પદમાં રહેલ અકાર ઉચ્ચારણ માટે છે.

(૨) यद्यपि પું.માં શેષે લુક્ ૨.૧.૮ સૂત્રની પ્રવૃત્તિ બાદ शसोऽता०૧.૪.૪૯ સૂત્ર દ્વારા युष्मान् વિ. પ્રયોગો સિદ્ધ જ હતાં. પરંતુ યુષ્મદ્-અસ્મદ્ સર્વનામ અલિંગી છે. તેથી ત્યાં પુંલિંગમાં વિવક્ષિત સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

તેમજ, સમાસાદિ કાર્ય થતાં અને અન્યપદનું વિશેષણ બનતાં યુષ્મદ્-અસ્મદ્ સ્ત્રી. અને નપું.માં પણ થાય છે. ત્યાં પણ न् કરવા માટે આ સૂત્રનું પ્રયોજન છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી प्रियत्वान् એવા પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : યુષ્મદ્+શસ્ સ્થાને શેષે લુક્ ૨.૧.૮ અને આ સૂત્ર એ પ્રમાણે બન્ને સૂત્રની પ્રાપ્તિ છે તો કયું સૂત્ર પ્રથમ પ્રવૃત્ત થશે ?

સમા. : શેષે લુક્ ૨.૧.૮ લાગ્યા બાદ પણ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાપ્ત છે. જ્યારે આ સૂત્રની પ્રવૃત્તિ બાદ કરાએલો न् તે

શેષ ન હોવાથી શેષે૦૨.૧.૮ની પ્રાપ્તિ રહેતી નથી. તેથી આ સૂત્રનું કાર્ય નિત્ય છે. અને શેષે૦૨.૧.૮નું કાર્ય અનિત્ય છે. માટે **बलवन्नित्यमनित्यात् ૧/૪૧** ન્યાયાનુસારે આ સૂત્ર દ્વારા થતું નિત્ય કાર્ય જ પ્રવર્ત્તે છે. પણ ૨.૧.૮ની પ્રવૃત્તિ થતી નથી.

अभ्यम् भ्यसः २/१/१८

અ.અ.સૂ. : युष्मदस्मदोः स्यादेः भ्यसः अभ्यम् ।

અર્થ : યુષ્મદ્ અને અસ્મદ્થી પર સ્યાદિ એવા ચતુર્થીનાં ભ્યસ્ પ્રત્યયનો અભ્યમ્ આદેશ થાય છે.

ઉદા. (૧) **युष्मभ्यम्**→તમારા માટે. યુષ્મદ્+ભ્યસ્ (ચ.બ.વ.)
આ સૂત્રથી ભ્યસ્નો અભ્યમ્→યુષ્મદ્+**अभ्यम्**
શેષે લુક્ ૨.૧.૮થી દ્નો લોપ→યુષ્મ+અભ્યમ્
લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી અનો લોપ→યુષ્મભ્યમ્

(૨) **अस्मभ्यम्**→અમારા માટે. અસ્મદ્+ભ્યસ્ (ચ.બ.વ.)

(૩) **अतियुवभ्यम्**→તમને બેને ઓળંગી જનારાઓ માટે.
युवामतिक्रान्ता इति अतियूयम्, तेभ्यः इति ।
પ્રાત્યવપરિ૦૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.અતિ+યુષ્મદ્
ચતુર્થી→અતિયુષ્મદ્+**भ्यस्**
મન્તસ્ય૦૨.૧.૧૦થી યુષ્મ્નો યુવ→અતિ**युव**+અદ્+ભ્યસ્
આ સૂત્રથી ભ્યસ્નો અભ્યમ્→અતિયુવ+અદ્+**अभ्यम्**
લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી અનો લોપ→અતિયુવદ્+અભ્યમ્
શેષે લુક્ ૨.૧.૮થી દ્નો લોપ→અતિયુવ+અભ્યમ્
લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી અનો લોપ→અતિયુવભ્યમ્ ।

(૪) **अत्यावभ्यम्→**અમને બેને ઓળંગી જનારાઓ માટે.
आवामतिक्रान्ता इति अतिवयम्, तेभ्यः इति ।

વિશેષતા :

(૧) પૂર્વસૂત્ર કરતાં નિમિત્ત અને કાર્યનો ક્રમ વિપરીત ગ્રહણ કરાયો છે. જે પ્રત્યાસત્તિ અને પારિશેષ્યને સૂચવે છે. તે આ પ્રમાણે છે.

(a) પ્રત્યાસત્તિ : આસન્નનું ગ્રહણ. **ઉદા.** પૂર્વ સૂત્રમાં દ્વિતીયા વિભક્તિનું કથન છે. તેથી દ્વિતીયા વિભક્તિની આસન્ન(નજીક) ચતુર્થીનો भ्यस् પ્રત્યય છે. માટે આ સૂત્રમાં भ्यस् પદથી પંચમીનાં भ्यस्નું ગ્રહણ ન કરતાં ચતુર્થીનાં भ्यस्નું ગ્રહણ થાય છે.

(b) પારિશેષ્ય : શેષનું ગ્રહણ. **ઉદા.** પરસૂત્રમાં ङसिનાં સાહચર્યથી ચથી ગ્રહણ થતો भ्यस् પ્રત્યય પણ પંચમીનો જ ગ્રહણ થાય છે. આમ, ચતુર્થીનો भ्यस् રહેતો હોવાથી અહીં તેનું જ ગ્રહણ થશે.

(૨) યદ્યપિ भ्यस्નો માત્ર भ्यम् આદેશ કર્યો હોય તો પણ युष्मभ्यम् પ્રયોગ સિદ્ધ જ હતો. પરંતુ भ्यम् આદેશ કરવાથી युष्मद्+ भ्यम् સ્થાને વ્યંજનાદિ પ્રત્યય પર છતાં युष्मदस्मदोः ૨.૧.૭થી આત્વની પ્રાપ્તિ હતી. જે ગ્રંથકારશ્રીને ઈષ્ટ નથી માટે अभ्यम् આદેશ કરેલ છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી अतियुवभ्यम् આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

ङसेश्चाऽद् ૨/૧/૧૯

અ.અ.સૂ. : युष्मदस्मदोः स्यादेः ङसेः च(भ्यसः) अद् ।

અર્થ : યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલા સ્યાદિ એવા ङસિ અને भ्यस् પ્રત્યયનો अद् આદેશ થાય છે.

ઉદા. (૧) **त्वद्**→તારી પાસેથી. યુષ્મદ્+ઙસિ(પં.એ.વ.)
સાધનિકા ૨.૧.૭ પ્રમાણે જાણવી.

(૨) **मद्**→મારી પાસેથી. અસ્મદ્+ઙસિ(પં.એ.વ.)

(૩) **अतियुवद्**→તમને બેને ઓળંગી જનારથી.
युवामतिक्रान्त इति अतित्वम्, तस्मादिति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.→अतियुष्मद्+ङसि
मन्तस्य०૨.૧.૧૦થી યુષ્મ્નો યુવ→अति**युव**+अद्+अस्
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→अतियुवद्+अस्
આ સૂત્રથી ઙસિનો અદ્→अतियुवद्+**अद्**
शेषे०૨.૧.૮થી દ્નો લોપ→अतियुव+अद्
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→अतियुवद् ।

(૪) **अत्यावद्**→અમને બેને ઓળંગી જનારથી.
आवामतिक्रान्त इति अत्यहम्, तस्मादिति ।

(૫) **युष्मद्**→તમારા પાસેથી. युष्मद्+भ्यस् (પં.બ.વ.)
આ સૂત્રથી ઙસિનો અદ્→युष्मद्+**अद्**
પૂર્વ પ્રમાણે દ્ અને અનો લોપ→युष्मद् ।

(૬) **अस्मद्**→અમારા પાસેથી. अस्मद्+भ्यस् (પં.બ.વ.)

(૭) **अतित्वद्**→તને ઓળંગી જનારાઓથી.
त्वामतिक्रान्त इति अतियूयम्, तेभ्यः इति ।

આ ઉદા.ની સાધનિકા ૨.૧.૮ પ્રમાણે જાણવી. પરંતુ ઙસિને બદલે भ्यस् પ્રત્યય લગાડવો.

(૮) **अतिमद्**→મને ઓળંગી જનારાઓથી.
मामतिक्रान्त इति अत्यहम्, तेभ्यः इति ।

વિશેષતા :

(૧) યદ્યપિ ઙસિનો અધિકાર શરૂ થવાથી भ्यस्નો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારથી પૂર્વે રહેલાં ષષ્ઠ્યન્ત ઙસિથી પૂર્વ સૂત્રગત સજાતીય ષષ્ઠ્યન્ત भ्यस्નો અધિકાર ગ્રહણ કરેલ છે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ भ्यस्નો અધિકાર હવે પછીનાં સૂત્રોમાં નહીં આવે.

(૨) અહીં યુષ્મદ્-અસ્મદ્ એ પ્રમાણે બે નિમિત્ત છે તથા ઙસ્ અને भ्यस् એ પ્રમાણે બે સ્થાની હોવાથી અનુક્રમની સંભાવના છે. પરંતુ તેમ કરતાં યુષ્મદ્થી પર ઙસિ અને અસ્મદ્થી પર भ्यस्ના अद् આદેશની પ્રાપ્તિ થાત. જે ઈષ્ટ નથી. અને તેથી જ ગ્રંથકારશ્રીએ અહીં વચનભેદ દ્વારા **यथासङ्ख्य० १/१०** ન્યાયની પ્રવૃત્તિનો નિષેધ દર્શાવ્યો છે. જેનાથી અનુક્રમનો બાધ થાય છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં થતી હોવાથી અતિયુવદ્ આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

आम आकम् २/१/२०

અ.અ.સૂ. : युष्मदस्मदोः स्यादेः आमः आकम् ।

અર્થ : યુષ્મદ્ અને અસ્મદ્થી પર રહેલ સ્યાદિ એવા आम् પ્રત્યયનો आकम् આદેશ થાય છે.

ઉદા. (૧) युष्माकम्→તમારું. યુષ્મદ્+आम् (ષ.બ.વ.)
આ ઉદા.ની સાધનિકા ૨.૧.૧૧ પ્રમાણે જાણવી.

(૨) **अस्माकम्→**અમારું. અસ્મદ્+आम् (ષ.બ.વ.)

(૩) **अतियुवाकम्**→તમને બેને ઓળંગી જનારાઓનું.
युवामतिक्रान्ता इति अतियूयम्, तेभ्यः इति ।
प्रात्यवपरि०૩.૧.૪૭ વિ.થી સમાસ વિ.अतियुष्मद्+आम्
मन्तस्य०૨.૧.૧૦થી युष्म्નો युव→अति**युव**+अद्+आम्
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→अतियुवद्+आम्
આ સૂત્રથી आम्નો आकम्→अतियुवद्+**आकम्**
शेषे लुक् ૨.૧.૮થી द्નો લોપ→अतियुव+**आकम्**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→अतियु**वा**कम् ।

(૪) **अत्यावाकम्**→તમને બેને ઓળંગી જનારાઓનું.
आवामतिक्रान्ता इति अतिवयम्, तेभ्यः इति ।

(૫) **युष्माकम्**→તમને કહેનારાઓનું.
युष्मान् आचष्टे इति युष्मयतीति क्विप्, तेषामिति ।
૨.૧.૯ પ્રમાણે युष्मयति જાણવું.
હવે, युष्मयतीति क्विप् युष्मि ।
ષષ્ઠી आम्→युष्मि+**आम्**
णेरनिटि ૪.૩.૮૩થી णिच्નો લોપ→युष्म्+आम्
આ સૂત્રથી आम्નો आकम्→युष्**माकम्** ।

(૬) **अस्माकम्**→અમને કહેનારાઓનું.
अस्मान् आचक्षाण इति अस्मयन्तीति क्विप्, तेषामिति ।

વિશેષતા :

(૧) અહીં પાણિની વ્યાકરણકારોનાં મતે સર્વત્ર સર્વનામમાં आकम् આદેશ ન થતાં જે સર્વનામથી પર साम् આદેશ થાય છે. ત્યાં જ साम्નો आकम् આદેશ ઈચ્છિત છે. તેથી તેમના મતે અન્યસંબંધી

प्रिययुष्मद्+आम् स्थाने आकम् आदेश न थतां टाङ्योसि० २.१.७ सूत्रानुसारे अन्त्यनो य् थतां युष्ययाम् प्रयोग स्वीकृत छे.

(२) आ सूत्रनी प्रवृत्ति उभयसंबंधी प्रयोगमां थती होवाथी अतियुवाकम् आवा प्रयोगो सिद्ध थाय छे.

जि. : युष्मद्+आम् स्थाने युष्मदस्मदोः २.१.७ सूत्रनी प्रवृत्ति द्वारा, आम्नां कम् आदेशथी पण युष्माकम् सिद्ध थाय ज छे. तो शा माटे आकम् आदेशनुं विधान कर्युं ?

सभा. : द्कारान्त युष्मद्थी कम् आदेश द्वारा पण युष्माकम् सिद्ध थशे. परंतु युष्मयतीति क्विप् युष्म् ए प्रमाणे म्कारान्त आदेशथी मात्र युषाकम् ज सिद्ध थशे. ते स्थाने पण युषाकम्/युष्माकम् आम बन्नेनी सिद्धि माटे आकम् आदेश कर्यो छे.

युष्मद्-अस्मद् विषयक कार्योनुं सारांश कोष्टक (२.१.७ थी २.१.२०)

★ **स्यादि प्रत्यय पर छतां युष्मद्-अस्मद्नां फेरफारोनुं कोष्टक :**

फेरफार	स्यादि प्रत्यय	सूत्र
(१) अन्त्यनो आ	व्यंजनादि प्रत्यय	युष्मद०२.१.६
(२) अन्त्यनो य्	टा, ङि, ओस्	टाङ्योसि०२.१.७
(३) अन्त्यनो लुक्	शेष प्रत्यय	शेषे लुक् २.१.८
(४) युष्म्-अस्म्नो त्व-म	ए.व. संबंधी प्रत्यय	त्व-मौ०२.१.१०
(५) युष्म्-अस्म्नो युव-आव	द्वि.व. संबंधी प्रत्यय	मन्तस्य० २.१.११

★ સ્યાદિ પ્રત્યયની સાથે મળીને સંપૂર્ણ યુષ્મદ્-અસ્મદ્નાં આદેશોનાં કોષ્ટક :

આદેશ	સ્યાદિ પ્રત્યય	સૂત્ર
त्वम्-अहम्	सि	त्वमहं०२.१.१२
यूयम्-वयम्	जस्	यूयं-वयं०२.१.१३
तुभ्यम्-अह्यम्	ङे	तुभ्यं-मह्यं०२.१.१४
तव-मम	ङस्	तव-मम०२.१.१५

★ યુષ્મદ્-અસ્મદ્થી ૫૨ સ્યાદિ પ્રત્યયોનાં આદેશોનું કોષ્ટક :

આદેશ	સ્યાદિ પ્રત્યય	સૂત્ર
म्	अम्-औ	अमौ०२.१.१६
न्	शस्	शसो०२.१.१७
अभ्यम्	भ्यस्	अभ्यम्०२.१.१८
अद्	ङसि, भ्यस्	ङसेश्चा०२.१.१९
आकम्	आम्	आम०२.१.२०

पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्-नसौ बहुत्वे २/१/२१

અ.અ.સૂ. : स्यादौ बहुत्वे युग्विभक्त्या पदात् युष्मदस्मदोः वस्-नसौ, एकवाक्ये ।

અર્થ : બ.વ. વિષયક, સમ સંખ્યક (બેકી) સ્યાદિ વિભક્તિની સાથે પદથી ૫૨ રહેલાં યુષ્મદ્ અને અસ્મદ્નો અનુક્રમે વસ્ અને નસ્ આદેશ વિકલ્પે થાય છે. જો તે પદ અને યુષ્મદ્-અસ્મદ્ એક વાક્યમાં હોય તો.

સા. : (૧) **युग्विभक्त्या→**युग्चासौ विभक्तिश्च इति युग्विभक्तिः, तयेति ।

(૨) **एकवाक्ये→**एकं च तद् वाक्यं च इति एकवाक्यम्, तस्मिन्निति ।

(૩) **वस्-नसौ→**वस् च नस् च इति ।

ઉદા. (૧) **धर्मो वो रक्षतु/धर्मो युष्मान् रक्षतु→**
ધર્મ તમારું રક્ષણ કરે.

(૨) **धर्मो नो रक्षतु/धर्मोऽस्मान् रक्षतु→**
ધર્મ અમારું રક્ષણ કરે.

ઉપરોક્ત બંને ઉદા.માં એકવાક્ય છે. અને 'धर्मः' પદથી પર યુષ્મદ્-અસ્મદ્ છે. તેથી આ સૂત્રથી યુષ્મદ્-અસ્મદ્નો અનુક્રમે વસ્-નસ્ આદેશ થાય છે.

★ તે જ પ્રમાણે ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિનાં પ્રત્યય સાથે પણ યુષ્મદ્-અસ્મદ્નાં આદેશ કરવા.

પ્ર.ઉદા. (૧) **पदादिति किम् ? युष्मान् पातु→**તમને રક્ષે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પદથી પર યુષ્મદ્થી થાય છે. જ્યારે અહીં પદથી પર યુષ્મદ્ નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) **युग्विभक्त्येति किम् ? तीर्थे यूयं यात→**તીર્થમાં તમે જાવ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમસંખ્યક વિભક્તિવાળા યુષ્મદ્થી થાય છે. જ્યારે અહીં પ્રથમા વિભક્તિ છે. જે સમસંખ્યક નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૩) **एकवाक्य इति किम् ?**

(1) **अतियुष्मान्, पश्य→**તમને ઓળંગી જનારાઓને તું જો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકવાક્યમાં થાય છે. જ્યારે અહીં તત્પુરૂષ સમાસ થવાથી अतियुष्मान् એ પ્રમાણે એકપદ રૂપે થયેલું છે. અને સૂત્રમાં એક વાક્યમાં પદથી પર રહેલ युष्मद्-अस्मद्નાં આદેશનું વિધાન હોવાથી એક જ પદમાં પદથી પર રહેલ युष्मद्નો वस् આદેશ થતો નથી.

(2) **ओदनं पचत, युष्माकं भविष्यति**→ભાત રાંધો, તમારો થશે.

★ અહીં पचत પદથી પર युष्मद् છે પણ બન્ને એકવાક્યમાં નથી પણ ભિન્ન-ભિન્ન વાક્યમાં છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

વિશેષતા :

(૧) દ્વિતીયા, ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિને યુગ્વિભક્તિ કહેવાય છે. જે અવિષમ સંખ્યાથી જણાવેલ પદાર્થ હોય તેને યુગ્ કહેવાય છે. તેથી અહીં યુગ્વિભક્તિ તરીકે સમ સંખ્યામાં રહેલ દ્વિતીયા વિભક્તિનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્રમાં કાર્યી युष्मद्-अस्मद् અને કાર્ય वस्-नस्નાં વચન અને સંખ્યા સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમ જાણવો. એ પ્રમાણે ઉત્તરનાં ત્રણ સૂત્રોમાં પણ જાણવું.

જિ. : પૂર્વ સૂત્રથી નવાનો અધિકાર નથી તેમજ, આ સૂત્રમાં પણ વાનું ગ્રહણ નથી તો અહીં સૂત્ર પ્રવૃત્તિમાં વિકલ્પ શી રીતે જાણવો ?

સમા. : नित्यमन्वादेशे ૨.૧.૩૧ સૂત્રથી અન્વાદેશમાં वस्-नस् વિ. આદેશો નિત્ય કરવાનું વિધાન છે. તે જ વિધાન સામર્થ્યથી

જ અહીં વિકલ્પનું ગ્રહણ થાય છે. તેવું આગામી સૂત્રોમાં પણ જાણવું.

જિ. : સૂત્રમાં 'एकवाक्ये' એ પ્રમાણે ગ્રહણ કરેલ છે. તો अतियुष्मान पश्य વિ. સમસ્ત પ્રયોગમાં પણ એકપદની સાથે એકવાક્યમાં પ્રયોગ થાય છે પણ અહીં આ સૂત્રની પ્રવૃત્તિ કેમ ન થઈ ?

સભા. : **सर्वं वाक्यं सावधारणम्** ૨/૫૮ ન્યાયાનુસારે સૂત્રગત 'एकवाक्ये' પદની સાથે અવધારણનું પણ ગ્રહણ કરવાનું છે. તેથી 'એકવાક્યમાં જ રહેનાર' એવો અર્થ ફલિત થાય છે. જેની અર્થાપત્તિ સ્વરૂપે એક જ સમાસમાં સાથે રહેલાં પદથી પર યુષ્મદ્નાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

द्वित्वे वाम्-नौ ૨/૧/૨૨

અ.અ.સૂ. : **स्यादौ द्वित्वे युग्विभक्त्या पदात् युष्मदस्मदोः वाम्-नौ, एकवाक्ये ।**

અર્થ : સ્યાદિ એવા દ્વિત્વ વિષયક, સમસંખ્યક વિભક્તિની સાથે પદથી પર યુષ્મદ્ અને અસ્મદ્નો અનુક્રમે વામ્ અને નૌ આદેશ વિકલ્પે થાય છે. જો તે પદ અને યુષ્મદ્-અસ્મદ્ એકવાક્યમાં હોય તો.

સ. : **वाम्-नौ**→वाम् च नौ च इति । [प्रथमा औ, सूत्रत्वात् लोपः]

ઉદા. (૧) **धर्मो वां पातु/धर्मो युवां पातु→**
ધર્મ તમારા બેનું રક્ષણ કરે.

(૨) **धर्मो नौ पातु/धर्म आवां पातु→**
ધર્મ અમારા બેનું રક્ષણ કરે.

★ આ બન્ને ઉદા.માં એકવાક્યમાં 'ધર્મ' પદથી પર પ્ર.દ્વિ.વ. વાળો યુષ્મદ્-અસ્મદ્ છે માટે આ સૂત્રથી યુષ્મદ્-અસ્મદ્નો અનુક્રમે વામ્ અને નૌ આદેશ થાય છે.

★ તેવી જ રીતે ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિની સાથે પણ યુષ્મદ્-અસ્મદ્નાં આદેશ કરવા.

ङे-ङसा ते-मे २/१/२३

અ.અ.સૂ. : स्यादिना ङे-ङसा पदात् युष्मदस्मदोः ते-मे, एकवाक्ये ।

અર્થ : સ્યાદિ એવા ङे અને ङस्ની સાથે મળીને પદથી પર રહેલ યુષ્મદ્ અને અસ્મદ્નો અનુક્રમે ते અને मे આદેશ વિકલ્પે થાય છે. જો તે પદ અને યુષ્મદ્-અસ્મદ્ એકવાક્યમાં હોય તો.

સા. (૧) **ङे-ङसा→**ङेश्च ङस् च इति ङेङस्, तेनेति ।
(૨) **ते-मे→**तेश्च मेश्च इति [प्रथमा औ, सूत्रत्वात् लोपः]

ઉદા. (૧) **धर्मस्ते दीयते/धर्मस्तुभ्यं दीयते→**ધર્મ તને અપાય છે.
(૨) **धर्मो मे दीयते/धर्मो मह्यं दीयते→**ધર્મ મને અપાય છે.
(૩) **धर्मस्ते स्वम्/धर्मस्तव स्वम्→**ધર્મ તારું ધન છે.
(૪) **धर्मो मे स्वम्/धर्मो मम स्वम्→**ધર્મ મારું ધન છે.

વિશેષતા :

સૂત્રમાં 'ङे-ङसा'નાં ગ્રહણથી 'युग्विभक्त्या'નો અધિકાર અટકી ગયો.

જિ. : ङे-ङसा અને ते-मे બન્નેમાં દ્વિત્વ છે. તો ङे-ङसा એ.વ. અને ते-मे (लुप्त)द्वि.व.માં આવો વચનભેદ શા માટે કર્યો ?

સમા. : અહીં 'ङे-ङसा' અને 'ते-मे'ની સંખ્યા સમાન હોવાથી અનુક્રમ આવવાની સંભાવના છે પરંતુ તેમ કરતાં ङे પર છતાં તે અને ङस् પર છતાં मे આદેશ જ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા ગ્રંથકારશ્રીએ વચનભેદ કરવા દ્વારા **यथासङ्ख्य० १/१०** ન્યાયની પ્રવૃત્તિનો નિષેધ દર્શાવ્યો છે. જેથી અનુક્રમનો બાધ થાય છે.

अमा त्वा-मा २/१/२४

અ.અ.સૂ. : स्यादिना अमा पदात् युष्मदस्मदोः त्वा-मा ।

અર્થ : સ્યાદિ એવા अम्ની સાથે પદથી પર રહેલ युष्मद् અને अस्मद्નો અનુક્રમે त्वा અને मा આદેશ વિકલ્પે થાય છે.

સ. : **त्वा-मा→→**त्वा च मा च इति । [प्रथमा औ, सूत्रत्वात् लोपः]

ઉદા. (૧) धर्मस्त्वा पातु/धर्मो मां पातु→ધર્મ તને રક્ષે.

(૨) धर्मो मा पातु/धर्मो मां पातु→ધર્મ અમને રક્ષે.

જિ. : અહીં સૂત્રગત 'अम्'થી સ્યાદિ દ્વિતીયા વિભક્તિનું જ ગ્રહણ કેવી રીતે કર્યું ?

સમા. : આ સૂત્રની પ્રવૃત્તિ युष्मद्-अस्मद् સર્વનામનાં વિષયમાં થાય છે. તેથી,

(a) अકારથી પરમાં જ થનાર अतः स्यमो०१.४.५७ સૂત્ર પ્રાપ્ત अम् આદેશ युष्मद्-अस्मद्થી પર થતો જ નથી.

(b) अકારાન્ત અવ્યયીભાવ સમાસથી પર अमव्ययी० ૩.૨.૨ સૂત્રથી પ્રાપ્ત વિભક્તિનો अम् આદેશ પણ युष्मद्-अस्मद् સર્વનામથી પર પ્રાપ્ત થતો નથી.

(c) ह्यस्तनीનો अम् પ્રત્યય છે તે ધાતુને લાગતો હોવાથી યુષ્મદ્-અસ્મદ્થી પર થતો નથી.

ઉપરોક્ત કારણવશાત્ સૂત્રગત 'अम्' સ્યાદિ દ્વિતીયા વિભક્તિનો જ ગ્રહણ થશે.

असदिवाऽऽमन्त्र्यं पूर्वम् २/१/२५

અ.અ.સૂ. : युष्मदस्मदोः पूर्वम् आमन्त्र्यम् असदिव, एकवाक्ये ।

અર્થ : યુષ્મદ્ અને અસ્મદ્ની પૂર્વે રહેલું આમન્ત્ર્યવાચી (સંબોધનવાચક) પદ અસત્ જેવું વિકલ્પે થાય છે. જો બંને પદ એક વાક્યમાં હોય તો.

ઉદા. (૧) जना! युष्मान् पातु धर्मः→ હે લોકો ! ધર્મ તમારું રક્ષણ કરે.

(૨) साधू! युवां पातु धर्मः→હે બે સાધુઓ ! ધર્મ તમારા બેનું રક્ષણ કરે.

(૩) साधु! त्वां पातु तपः→હે સાધુ ! તપ તમારું રક્ષણ કરે.

આ દરેક ઉદા.માં યુષ્મદ્ની પૂર્વે આમન્ત્ર્યવાચી પદ છે. આ સૂત્રથી તે પદ અસત્ જેવું (છે છતાં નથી' તેવું) મનાય છે. તેથી યુષ્મદ્નાં वस् આદેશ માટે નિમિત્તભૂત પદનો અભાવ થાય છે. તેથી અહીં वस्-नस् વિ. આદેશો થતાં નથી.

પ્ર.ઉદા. पूर्वमिति किम् ? मयैतत्सर्वमाख्यातम्, युष्माकं मुनि-पुङ्गवाः ।

હે મુનિઓમાં શ્રેષ્ઠ ! મારા વડે આ સર્વે તમારું કહેવાયેલું છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આમન્ત્ર્યવાચી પદથી પર યુષ્મદ્-અસ્મદ્ હોય તો થાય છે. જ્યારે અહીં યુષ્મદ્ની પૂર્વે

આમન્ત્યવાચી પદ નથી માટે આ સૂત્રથી आख्यातम् પદ असत् જેવું ન થયું. અને આ શ્લોકની પંક્તિ છે. જેમાં બે પદ છે અને 'युष्माकम्' પાદની આદિમાં છે. માટે અહીં पादाद्योः ૨.૧.૨૮થી वस् આદેશ થયો નથી.

વિશેષતા :

જિ. : नित्यमन्वादेशे ૨.૧.૩૧ સૂત્રમાં નિત્યનું ગ્રહણ હોવાથી पदाद्०२.१.२१માં વિકલ્પનું ગ્રહણ કરાય છે. તો અહીં પણ વિકલ્પનું ગ્રહણ કેમ ન કર્યું ?

સમા. : नित्यम०२.१.३१ અને पदाद्०२.१.२१ બન્ને વિધિ સૂત્ર છે. માટે એકમાં નિત્યનાં ગ્રહણથી બીજામાં વિકલ્પનો ભાવ આવે છે. પણ આ સૂત્ર નિષેધ સૂત્ર છે. તેથી અહીં नित्यम०२.१.३१માં નિત્યનાં ગ્રહણથી વિકલ્પનો ભાવ પ્રાપ્ત થતો નથી.

અન્યથા આ સૂત્રથી આમન્ત્યવાચી પદ વિકલ્પે असत् થતાં તન્નિમિત્તક वस्-नस् વિ. આદેશો પણ વિકલ્પે થશે જે पदाद् युग्० ૨.૧.૨૧ વિ. સૂત્રથી સિદ્ધ જ છે. માટે આ સૂત્ર નિરર્થક જવાની આપત્તિ આવે.

જિ. : અહીં માત્ર 'असत्' કહેવાથી પણ તન્નિમિત્તક वस्-नस्નો અભાવ થઈ જ જાય છે. છતાં 'इव'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં સંપૂર્ણ પદને असत् કરવાનું વિધાન છે. જો ત્યાં માત્ર 'असत्' જ કહેવામાં આવે તો સંપૂર્ણ પદની નિવૃત્તિ થતાં 'हे जनाः' એવા અર્થબોધની પ્રાપ્તિ ન થાય. આ આપત્તિનું વારણ કરવા અહીં ગ્રંથકારશ્રીએ 'इव' પદ દ્વારા માત્ર તન્નિમિત્તક કાર્યનો જ અભાવ કર્યો છે.

જિ. : અહીં **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે યુષ્મદ્-અસ્મદ્ સપ્તમ્યન્ત તરીકે સપ્તમ્યા પૂર્વસ્ય ૭.૪.૧૦૫ પરિભાષા દ્વારા પૂર્વે રહેલાં આમન્ત્યવાચી પદનું ગ્રહણ શક્ય હતું. તો 'પૂર્વમ્' પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : સપ્તમ્યા પૂર્વસ્ય ૭.૪.૧૦૫ પરિભાષાથી પ્રાપ્ત પૂર્વભાવ અનન્તર જ ગ્રહણ થાય છે. પરંતુ અહીં યુષ્મદ્-અસ્મદ્ આમન્ત્યવાચી પદ વચ્ચે વ્યવધાન હોય તો પણ સૂત્ર પ્રવૃત્તિ ઈષ્ટ છે. ઉદા. **चैत्र ! धर्मो वोऽथो रक्षतु** માટે અહીં 'પૂર્વમ્' પદનું ગ્રહણ છે.

जस्विशेष्यं वाऽऽमन्त्र्ये ૨/૧/૨૬

અ.અ.સૂ. : युष्मदस्मदोः पूर्वम् आमन्त्र्यं जस्विशेष्यम् आमन्त्र्ये असदिव वा, एकवाक्ये ।

અર્થ : યુષ્મદ્ અને અસ્મદ્ની પૂર્વે રહેલું વિશેષ્યભૂત જસ્ પ્રત્યયાન્ત આમન્ત્યવાચી પદ તે તેના જ વિશેષણભૂત જસ્ પ્રત્યયાન્ત પદ પરમાં હોતે છતે અસત્ જેવું વિકલ્પે થાય છે જો બન્ને પદ એકવાક્યમાં હોય તો.

સ. : **जस्विशेष्यम्→**जस् च तद् विशेष्यं च इति ।

ઉદા. (૧) **जिनाः शरण्याः ! युष्मान् शरणं प्रपद्ये/वः शरणं प्रपद्ये→**શરણ્ય હે જિનેશ્વર ! હું તમોને શરણ તરીકે સ્વીકારું છું.

(૨) **जिनाः शरण्याः ! अस्मान् रक्षत/न रक्षत→**શરણ્ય હે જિનેશ્વર ! અમારું રક્ષણ કરો.

★ અહીં આ સૂત્ર દ્વારા જસન્ત આમન્ત્યવાચી વિશેષ્યભૂત 'जिनाः' પદ તેનાં જ વિશેષણભૂત જસન્ત 'शरण्याः' પદ

૫૨ છતાં વિકલ્પે અસત્ જેવું થાય છે. તેથી યુષ્મદ્-અસ્મદ્નો વસ્-નસ્ આદેશ થતો નથી.

વિકલ્પે : જ્યારે આ સૂત્રથી જિના: પદ અસત્ જેવું ન થાય ત્યારે પૂર્વ સૂત્રથી શરણ્યા: અસત્ જેવું થાય છે. તેથી ત્યાં પદાદ્૦૨.૧.૨૧થી યુષ્મદ્-અસ્મદ્નો વસ્-નસ્ આદેશ થાય છે.

પ્ર.ઉદા. (A) **जसिति किम् ?**

(૧) **साधो सुविहित ! वोऽथो शरणं प्रपद्ये→**હે સુવિહિત સાધુ ! હું તમને શરણ તરીકે સ્વીકારું છું.

(૨) **साधो सुविहित ! नोऽथो रक्ष→**હે સુવિહિત સાધુ ! અમારું રક્ષણ કરો.

★ અહીં 'સુવિહિત' વિશેષણભૂત પદ જસ્ પ્રત્યયાન્ત નથી માટે આ સૂત્રથી 'સાધો' પદ અસત્ જેવું ન થયું. અને 'સુવિહિત' પદ અસદિવ૦૨.૧.૨૫થી અસત્ જેવું થતાં પદાદ્૦૨.૧.૨૧થી યુષ્મદ્-અસ્મદ્નો અનુક્રમે વસ્-નસ્ આદેશ થાય છે.

(B) **विशेष्यमिति किम् ? शरण्या: साधवो ! युष्मान् शरणं प्रपद्ये→**શરણ્ય સાધુઓ ! હું તમારું શરણ સ્વીકારું છું.

★ અહીં પૂર્વે રહેલું પદ જસ્ પ્રત્યયાન્ત આમન્ત્ર્યવાચી છે. પણ વિશેષ્યભૂત નથી માટે આ સૂત્રથી સાધવો પદ વિકલ્પે અસત્ જેવું ન થતાં અસદિવ૦૨.૧.૨૫ સૂત્રથી બન્ને પદ નિત્ય અસત્ જેવું થાય છે. તેથી પદાદ્ યુગ્૦૨.૧.૨૧થી યુષ્મદ્-અસ્મદ્નો વસ્-નસ્ આદેશ થતો નથી.

(C) **आमन्त्र्य इति किम् ? आचार्या ! युष्मान् शरण्या: शरणं प्रपद्ये→**હે આચાર્યો ! શરણ્ય તમને હું શરણ તરીકે સ્વીકારું છું.

★ અહીં આમન્ત્યવાચી 'शरण्याः' પદ 'आचार्याः' પદથી અનંતર પર ન હોવાથી આ સૂત્રથી વિકલ્પે અસત્ જેવું ન થતાં પૂર્વસૂત્રથી નિત્ય અસત્ જેવું થાય છે. તેથી તન્નિમિત્તક યુષ્મદ્નો વસ્ આદેશ થતો નથી.

(D) **अर्थात् तद्विशेषणभूत इति किम् ? आचार्या उपाध्याया ! युष्मान् शरणं प्रपद्ये→**હે આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો ! તમને હું શરણ તરીકે સ્વીકારું છું.

★ અહીં આમન્ત્યવાચી બે પદો વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ જણાતો નથી માટે આ સૂત્રથી વિકલ્પે અસત્ જેવું ન થતાં પૂર્વસૂત્રથી નિત્ય અસત્ જેવું થાય છે. તેથી તન્નિમિત્તક યુષ્મદ્નો વસ્ આદેશ થતો નથી.

વિશેષતા :

જિ. : સૂત્રમાં 'વિશેષણભૂત' પદનો ઉલ્લેખ નથી તો 'વિશેષ્યભૂત પદથી પર રહેલ આમન્ત્યવાચી પદ તેનાં જ વિશેષણભૂત હોવું જોઈએ' આવું અર્થઘટન કેવી રીતે સંભવિત છે ?

સભા. : **'सामर्थ्यात् तद्विशेषणभूतम्'** પંક્ત્યનુસારે સૂત્રમાં પૂર્વ રહેલું વિશેષ્યભૂત પદ અસત્ જેવું કરવાનું વિધાન છે. તેનાં સામર્થ્યથી જ પર રહેલું આમન્ત્યવાચી પદ તેનાં વિશેષણભૂત જ જાણી લેવું.

જિ. : **साधो सुविहित ! वोऽथो शरणं प्रपद्ये** પ્રયોગમાં આમન્ત્યવાચી નામ એ.વ.માં છે અને તેનો જ યુષ્મદ્ તરીકે ઉલ્લેખ હોવા છતાં તે બ.વ.માં કેવી રીતે ગ્રહણ કરાય ?

સમા. : એકને ઉદ્દેશીને કરેલી વાતમાં બીજા બધા પણ અભિમુખ થાય તેની માટે બ.વ. કરાય છે.

नाऽन्यत् २/१/२७

અ.અ.સૂ. : युष्मदस्मदोः पूर्वम् आमन्त्र्यं जस्विशेष्यम् अन्यत् आमन्त्र्ये असदिव न ।

અર્થ : યુષ્મદ્-અસ્મદ્થી પૂર્વે રહેલું વિશેષ્યભૂત જસ્ પ્રત્યયાન્ત સિવાયનું આમન્ત્ર્યવાચી પદ તે તેના જ વિશેષણભૂત આમન્ત્ર્યવાચી પદ પર છતાં અસત્ જેવું થતું નથી.

ઉદા. (૧) साधो सुविहित ! त्वा शरणं प्रपद्ये→હે સુવિહિત સાધુ ! તમને શરણ તરીકે સ્વીકારું છું.

(૨) साधो सुविहित ! मा रक्ष→હે સુવિહિત સાધુ ! મારું રક્ષણ કરો.

અહીં વિશેષ્ય બાદ વિશેષણભૂત આમન્ત્ર્યવાચી પદ છે. પણ તે સિ પ્રત્યયાન્ત છે માટે આ સૂત્રથી તે અસત્ જેવું ન થતાં તન્નિમિત્તક યુષ્મદ્-અસ્મદ્નો અમા ત્વા-મા ૨.૧.૨૪ સૂત્રથી ત્વા-મા આદેશ થયો છે.

વિશેષતા :

અહીં જસ્વિશેષ્યં ૨.૧.૨૬ સૂત્ર દ્વારા યુષ્મદ્-અસ્મદ્ની પૂર્વે રહેલું વિશેષ્યભૂત જસ્ પ્રત્યયાન્ત નામ વિકલ્પે અસત્ જેવું કરવાનું વિધાન હોવાથી તે સિવાયનાં સિ-ઔ પ્રત્યયાન્ત આમન્ત્ર્યવાચી નામ અસદિવ૦૨.૧.૨૫થી નિત્ય અસત્ જેવું થવાની પ્રાપ્તિ હતી તેથી આ સૂત્ર દ્વારા તેનો નિષેધ થતાં સિ અને ઔ પ્રત્યયાન્ત આમન્ત્ર્યવાચી નામ અસત્ જેવું થતું નથી. માટે આ સૂત્ર અસદિવ૦૨.૧.૨૫નું નિષેધ સૂત્ર છે.

જિ. : આમન્ત્ર્યવાચી નામ તે અભિમુખ થવાની ક્રિયા જણાવે છે. તેના પછીનું વાક્ય બીજી ક્રિયાને જણાવે છે. આમ, બે ક્રિયામાં ભેદ હોવાના કારણે તે બન્ને પૃથક્ વાક્ય સ્વરૂપે સ્વીકારાય છે. તેથી એકવાક્યમાં પદથી પર યુષ્મદ્-અસ્મદ્ ન હોવાથી પદાદ્ યુગ્૦૨.૧.૨૧ વિ. સૂત્રથી વસ્-નસ્ વિ. આદેશોની પ્રાપ્તિ જ નથી તો તેના નિષેધ સૂચક આ સૂત્રની રચના શા માટે કરી ?

સમા. : આ સૂત્રથી નિષેધ દર્શાવ્યો છે તે જ જણાવે છે કે, આમન્ત્ર્યવાચી પદ અને પછીનું વાક્ય એ બન્ને પૃથક્ ન ગણતા એક જ ગણાય છે.

पादाद्योः २/१/२८

અ.અ.સૂ. : **पदात् पादाद्योः युष्मदस्मदोः वस्-नसादिः न ।**

અર્થ : ચોક્કસ પ્રમાણવાળી માત્રાવાળા અક્ષરનો સમુદાય તે **પાદ.** પદથી પર પાદની આદિમાં રહેલાં યુષ્મદ્-અસ્મદ્નાં વસ્-નસ્ વિ. આદેશો થતાં નથી.

સ. : **पादाद्योः**→पादस्य आदी इति पादादी, तयोरिति ।

ઉદા. (૧) वीरो विश्वेश्वरो देवो ! युष्माकं कुलदेवता ।
स एव नाथो भगवानस्माकं पापनाशनः ॥

વિશ્વનાં ઈશ્વર એવા વીર પ્રભુ તમારા કુલદેવતા છે તે જ નાથ અમારા પાપનો નાશ કરનારાં છે.

★ શ્લોકનાં ચાર પાદમાંથી બીજા અને ચોથા પાદની આદિમાં પદથી પર રહેલ યુષ્માકમ્ અને અસ્માકમ્નો વસ્-નસ્ આદેશ થયો નથી.

પ્ર.ઉદા. पादाद्योरिति किम् ?

पान्तु वो देशनाकाले, जैनेन्द्रा दशनांशवः ।
भवकूपपतज्जन्तु-जातोद्धरणरज्जवः ॥

ભવરૂપી કૂવામાં પડતાં પ્રાણીઓનાં સમૂહનો ઉદ્ધાર કરવામાં દોરડા સમાન એવા જિનેશ્વર ભગવંતનાં દંતકિરણો દેશનાનાં સમયે તમારું રક્ષણ કરો.

★ અહીં યુષ્માકમ્ પ્રથમ પાદની મધ્યમાં છે. પણ પાદની આદિમાં નથી માટે પદાદ્ યુગ્૦૨.૧.૨૧થી પ્રાપ્ત વસ્-નસ્ આદેશનો આ સૂત્રથી નિષેધ થયો નથી.

વિશેષતા :

જિ. : અહીં પાદાદ્યોઃનો અર્થ 'પાદની આદિમાં' એવો જણાવેલ છે. તો ત્યાં દ્વિવચનનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો એકવચનાન્ત પાદાદિનું ગ્રહણ કરવામાં આવે તો પૂર્વસૂત્રથી પ્રાપ્ત આમન્ત્રેની સાથે પાદાદિનો અન્વય થવાની આપત્તિ આવે. તેથી સૂત્રનો અન્વય 'पादादौ आमन्त्र्ये असदिव' આ પ્રમાણે થાય. જે ઈષ્ટ નથી તેની અનિષ્ટતા આ પ્રમાણે છે.

जिनेश ! त्वां नमस्कृत्य, यन्नरो मुक्तिमिच्छति ।
अतो नरसुराधीश स्तुत्य स्तोत्रं त्वमर्हसि ॥

અહીં પાદની આદિમાં રહેલ 'जिनेश!' પદને असदिव० ૨.૧.૨૫થી असदिवની પ્રાપ્તિ હતી. પરંતુ આવા અન્વય દ્વારા असदिव ન થતાં પદથી પરમાં રહેલ त्वाम्નો अमा०૨.૧.૨૪થી त्वा આદેશ થવાની આપત્તિ આવે છે. આવું ન થાય અને પાદાદિનો અન્વય આમન્ત્યવાચી પદ સાથે ન થાય તે માટે અહીં દ્વિવચનાન્ત પદનું ગ્રહણ કરેલ છે. તે દ્વિવચનનાં ગ્રહણ દ્વારા 'पादाद्योः'નો સંબંધ યુષ્મદ્-અસ્મદ્ સાથે થાય છે.

चाऽह-ह-वैवयोगे २/१/२९

અ.અ.સૂ. : चाऽह-ह-वैवयोगे पदात् युष्मदस्मदोः वस्-नसादिः न ।

અર્થ : ચ, અહ, હ, વા અને એવનો યોગ હોતે છતે પદથી પર રહેલાં યુષ્મદ્ અને અસ્મદ્નો અનુક્રમે વસ્ અને નસ્ વિ. આદેશો થતાં નથી.

સ. : **चाऽह-ह-वैव→**चश्च अहश्च हश्च वाश्च एवश्च इति चाहहवैवाः, चाहहवैवैः योग इति । चाहहवैवयोगः, तस्मिन्निति ।

ઉદા. (૧) ज्ञानं युष्मांश्च रक्षतु, अस्मांश्च रक्षतु→જ્ઞાન તમારું અને અમારું રક્ષણ કરો.

★ અહીં પદથી પર રહેલ યુષ્મદ્-અસ્મદ્નો ચ્ની સાથે યોગ છે. માટે આ સૂત્રથી યુષ્મદ્-અસ્મદ્નો વસ્-નસ્ આદેશો થતાં નથી.

★ એ પ્રમાણે **अह વિ.**નાં યોગમાં પણ ઉદા. જાણી લેવા.

પ્ર.ઉદા. योग इति किम् ? ज्ञानञ्च शीलञ्च ते स्वम्→જ્ઞાન અને શીલ તમારું ધન છે.

અહીં ચનો યોગ જ્ઞાન અને શીલ સાથે છે. યુષ્મદ્ સાથે નથી માટે આ સૂત્રથી વસ્-નસ્ આદેશોનો નિષેધ થયો નથી. તેથી ङે ૨.૧.૨૩થી તે આદેશ થયેલ છે.

વિશેષતા :

(૧) આ સૂત્ર पदाद्युग्०૨.૧.૨૧થી अमा त्वा०૨.૧.૨૪ સુધીનાં સૂત્રોનું નિષધ સૂત્ર છે.

(૨) **સૂત્રગત અવ્યયનાં અર્થ :**

(a) અહ=હવે. **(b)** હ=સ્પષ્ટ અર્થક **(c)** હે=ઈતિ અર્થમાં.

જિ. : ચાऽહ-હવૈ-વૈ: એ પ્રમાણે તૃતીયાન્ત સૂત્ર દ્વારા યોગનો અર્થ સિદ્ધ જ હતો તો સૂત્રમાં 'યોગે' પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : સૂત્રમાં માત્ર તૃતીયા વિભક્ત્યન્ત પદનાં ગ્રહણ દ્વારા શીલાદિ અર્થમાં રહેલ યુષ્મદ્-અસ્મદ્નાં વિષયમાં પણ પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે. પણ, અહીં તેવા વ્યવધાનવાળાં યુષ્મદ્-અસ્મદ્નો નિષેધ કરી જે સાક્ષાત્ યુષ્મદ્-અસ્મદ્ શબ્દ છે. તેને સૂત્રનાં વિષય તરીકે ગ્રહણ કરવા માટે. ગ્રંથકારશ્રી 'યોગ' શબ્દનું ગ્રહણ કર્યું છે.

તથા, કોઈ તૃતીયા વિભક્ત્યન્તનો માત્ર 'સાથે' જ અર્થ કરે તો યુષ્મદ્-અસ્મદ્ની માત્ર સાથે જ આવેલા च વિ.થી યુષ્મદ્-અસ્મદ્નાં वस्-नस् આદેશ થવાની આપત્તિ આવે. જેનું વારણ કરવા 'યોગ' પદ દ્વારા અર્થની દૃષ્ટિએ યુષ્મદ્-અસ્મદ્ની સાથે સંબંધ રાખતાં જ च વિ. અવ્યયનું ગ્રહણ થાય છે.

दृश्यर्थैश्चिन्तायाम् ૨/૧/૩૦

અ.અ.સૂ. : चिन्तायां दृश्यर्थैः युष्मदस्मदोः वस्-नसादिः न ।

અર્થ : દૃશ્ ધાતુનાં અર્થવાળા ધાતુઓ જો ચિંતા અર્થમાં વપરાયા હોય તો તેના યોગમાં યુષ્મદ્ અને અસ્મદ્નો અનુક્રમે વસ્ અને નસ્ વિ. આદેશો થતાં નથી.

સ. : **दृश्यर्थैः→**दृशिना समानोऽर्थो येषां ते दृश्यर्थाः, तैः इति ।

ઉદા. (૧) **जनो युष्मान् सन्दृश्यागतः/अस्मान् सन्दृश्यागतः→** મનુષ્ય તમારી/અમારી ચિંતા કરીને આવ્યો.

અહીં દૃશ્ ધાતુનો ચિંતા અર્થ છે માટે આ સૂત્રથી યુષ્મદ્-અસ્મદ્નાં પદાદ્૦૨.૧.૨૧થી પ્રાપ્ત વસ્-નસ્ આદેશ થયા નહીં.

(૨) **जनो युवां समीक्ष्यागतः/आवां समीक्ष्यागतः→**મનુષ્ય તમારા બેની/અમારા બેની ચિંતા કરીને આવ્યો.

આ ઉદા.માં દૃશ અર્થક સમ્-ઈક્ષ્ ધાતુ છે. જેની ચિંતા કરવી અર્થ હોવાથી પદથી પર રહેલ યુષ્મદ્-અસ્મદ્નો દ્વિન્વ૦ ૨.૧.૨૨ સૂત્ર દ્વારા વામ્-નૌ આદેશ થયો નહીં.

(૩) **जनस्त्वामपेक्षते/जनो मामपेक्षते→**મનુષ્ય તારી/મારી ચિંતા કરે છે.

આ ઉદા.માં દૃશ્ અર્થક અપ્+ઈક્ષ્ ધાતુ છે જેનો ચિન્તા કરવી અર્થ છે. માટે અમા૦૨.૧.૨૪થી પ્રાપ્ત યુષ્મદ્-અસ્મદ્નાં ત્વા-મા આદેશનો આ સૂત્રથી નિષેધ થાય છે.

પ્ર.ઉદા. (૧) **दृश्यर्थैरिति किम् ? जनो वो मन्यते→**મનુષ્ય તમારો વિચાર કરે છે.

આ સૂત્રમાં દૃશ્ અર્થવાળા ધાતુથી પ્રવૃત્તિ થાય છે. જ્યારે અહીં મન્ ધાતુ છે જે દૃશ અર્થક નથી માટે આ સૂત્રથી નિષેધ ન થતાં પદાદ્૦૨.૧.૨૧થી વસ્ આદેશ થયેલ છે.

(૨) **चिन्तायामिति किम् ? जनो वः पश्यति→**મનુષ્ય તમને જુએ છે.

આ સૂત્રમાં દૃશ્ અર્થક ધાતુ ચિંતા અર્થમાં હોય તો જ નિષેધ થાય છે. જ્યારે અહીં દૃશ્ ધાતુ ચિંતા અર્થમાં નથી માટે આ સૂત્રથી નિષેધ થતાં પદાદ્૦૨.૧.૨૧થી યુષ્મદ્નો વસ્ આદેશ થયેલ છે.

વિશેષતા :

सर्वत्र मनसा चिन्तनं दृश्यर्थानामर्थः→સૂત્રગત 'चिन्तायाम्' પદ દ્વારા સર્વ સ્થાને મનોવ્યાપાર રૂપ વિચાર-અનુપ્રેક્ષા આદિનું પણ ગ્રહણ કરવું.

જિ. : સૂત્રમાં दृश् પદ દ્વારા 'દૃશ ધાતુ' એ પ્રમાણે અર્થ કેવી રીતે ગ્રહણ કર્યો ?

સમા. : અહીં इकिश्तिव्०५.૩.૧૩૮ સૂત્રથી સ્વરૂપ અર્થમાં दृश्+कि પ્રત્યય થઈ दृशि થયેલ છે. જેથી दृशिનો અર્થ दृश् ધાતુ થાય છે. આ વ્યાકરણશાસ્ત્રમાં વ્યંજનાન્ત ધાતુથી આ પ્રમાણે इकि०५.૩.૧૩૮થી સ્વરૂપ અર્થમાં कि વિ. પ્રત્યય લાગીને નિર્દેશ કરવામાં આવે છે.

नित्यमन्वादेशे २/१/૩૧

અ.અ.સૂ. : अन्वादेशे पदात् युष्मदस्मदोः वस्नसादिः नित्यम् ।

અર્થ : કંઈક વિધાન કરેલું હોય ત્યારબાદ પુનઃ તેનાં સંબંધમાં વિધાન કરવું તેને અન્વાદેશ કહેવાય છે.

અન્વાદેશનાં વિષયમાં પદથી પર રહેલાં युष्मद्-अस्मद्નાં અનુક્રમે वस्-नस् વિ. આદેશો નિત્ય થાય છે.

સ. : अन्वादेशे→अनुः पश्चादादेश इति अन्वादेशः, तस्मिन्निति ।

ઉદા. (૧) यूयं विनीता तद्वो गुरवो मानयन्ति→તમે વિનીત છો તેથી ગુરુઓ તમને માન આપે છે.

(૨) वयं विनीता तन्नो गुरवो मानयन्ति→અમે વિનીત છીએ તેથી અમને ગુરુઓ માન આપે છે.

(૩) धनवांस्त्वमथो त्वा लोको मानयन्ति→તું ધનવાન છે તેથી તને લોકો માન આપે છે.

(૪) **धनवानहमथो मा लोको मानयन्ति→**હું ધનવાન છું તેથી મને લોકો માન આપે છે.

ઉપરોક્ત ઉદા.માં 'यूयं वीनीता' વિ. પદ દ્વારા એક વાત કર્યા પછી 'तद्वोः' વિ. દ્વારા અન્ય વાત કરવામાં આવી છે.

વિશેષતા :

જિ. : અહીં પૂર્વસૂત્રથી 'वस्-नस्' આદેશો થતાં નથી. આ પ્રમાણે નિષેધનો અધિકાર પ્રાપ્ત થાય છે. તો પ્રસ્તુત સૂત્રમાં તે અધિકારનું ગ્રહણ ન કરતાં અન્વાદેશનાં વિષયમાં વિધિ સ્વરૂપ કાર્યનું ગ્રહણ કેવી રીતે કર્યું ?

સમા. : પૂર્વ સૂત્રથી આવતો નિષેધનો અધિકાર નિત્ય પ્રવૃત્તિ રૂપે જ પ્રાપ્ત થાય છે તે નિત્ય પ્રવૃત્તિનાં અધિકારમાં પુનઃ નિત્યનું ગ્રહણ કરીને અહીં ગ્રંથકારશ્રીએ નિષેધ કાર્યનાં અધિકારને અટકાવી વિધેય કાર્યનું ઉપાદાન કર્યું છે.

सपूर्वात् प्रथमान्ताद् वा २/१/३२

અ.અ.સૂ. : अन्वादेशे सपूर्वात् प्रथमान्तात् पदात् युष्मदस्मदोः वस्-नसादिः वा ।

અર્થ : અન્વાદેશ જણાતે છતે વિદ્યમાન પૂર્વપદવાળા પ્રથમાન્ત પદથી પર રહેલ યુષ્મદ્-અસ્મદ્નો અનુક્રમે વસ્-નસ્ આદેશો વિકલ્પે થાય છે.

સ. : (૧) **सपूर्वात्→**सह पूर्वेण वर्त्तते इति सपूर्वः, तस्मादिति ।

(૨) **प्रथमान्तात्→**प्रथमा अन्ते यस्य तत् इति प्रथमान्तं, तस्मादिति ।

ઉદા. (૧) **यूयं विनीता तद्गुरवो वो/युष्मान् मानयन्ति→**તમે વિનીત છો તેથી ગુરુઓ તમને માન આપે છે.

(૨) **वयं विनीता तद्गुरवो नो/अस्मान् मानयन्ति→**અમે વિનીત છીએ તેથી ગુરુઓ અમને માન આપે છે.

(૩) **युवां सुशीलौ तज्ज्ञानं वां/युवाभ्यां दीयते→**તમે બે સુશીલ છો તેથી જ્ઞાન તમને બેને અપાય છે.

(૪) **आवां सुशीलौ तज्ज्ञानं नौ दीयते→**અમે બે સુશીલ છીએ તેથી જ્ઞાન અમને બેને અપાય છે.

★ અહીં અન્વાદેશ છે તેમજ 'तत्' એ પ્રમાણે વિદ્યમાન પૂર્વપદવાળા गुरवः અને ज्ञानं બન્ને પ્રથમાન્ત પદ છે. તેથી તે પદથી પર રહેલાં युष्मद्-अस्मद्નાં वस्-नस् આદેશ વિકલ્પે થાય છે.

વિશેષતા :

(૧) ગમ્ય (માત્ર અર્થથી જણાતાં હોય) તેવા અન્વાદેશનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી ग्रामे कम्बलस्ते/तव स्वम् અહીં यूयं धनवन्तः વિ. કથન વિના જ સીધું પશ્ચાત્નું કથન છે. પણ અન્વાદેશનાં દ્યોતક એવા અથો પદનો પ્રયોગ હોવાથી આ સૂત્રથી वस् આદેશ થયેલ છે.

જિ. : સૂત્રમાં 'પ્રથમા' પદ દ્વારા प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫ પરિભાષાનુસારે તદન્તનું ગ્રહણ થવાનું હતું. છતાં સૂત્રમાં 'अन्त'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં 'अन्त' પદનું ગ્રહણ प्रत्ययः૦૭.૪.૧૧૫ પરિભાષાનાં અનુસરણ માટે છે તો પણ 'अन्त'નાં ગ્રહણ દ્વારા સૂત્રગત પ્રથમા, દ્વિતીયા પદ દ્વારા માત્ર વિભક્તિનું ગ્રહણ થશે તેવું સૂચિત કરવા માટે છે.

★ युष्मद्-अस्मद्नां वस्-नस् वि. आदेशोनी प्राप्ति माटेनुं कोष्टक

	निमित्त	निमित्तसूत्र	आदेशकार्य	कार्यसूत्र	निषेध/ विकल्पे नित्य	उदाहरण
१.	पदथी पर अने बहुवचन.	–	वस्-नस्	पदाद्०२१	विकल्पे	धर्मो वो/युष्मान् रक्षतु
२.	पदथी पर अने द्विवचन.	–	वाम्-नौ	द्वित्वे०२२	विकल्पे	धर्मो वां/युवां पातु
३.	पदथी पर, ङे-ङस् प्रत्यय सहित.	–	ते-मे	ङे-ङसा०२३	विकल्पे	धर्मस्ते/तव स्वम्
४.	पदथी पर अम् प्रत्यय सहित	–	त्वा-मा	अमा०२४	विकल्पे	धर्मस्त्वा/त्वाम् पातु
५.	पूर्वे रहेल संबोधनवाची पद असत्	असदिवा० २.१.२५	वस्-नस् आदि	२१ थी २४	विकल्पे	जना ! युष्मान् पातु धर्मः
६.	पूर्वे रहेल विशेष्यभूत जसन्त संबोधनवाची पद असत्	जस्० २.१.२६	वस्-नस् आदि	२१ थी २४	विकल्पे	जिनाः शरण्याः युष्मान् शरणं प्रपद्ये

૭.	जसन्त सिवायनां विशेष्यभूत संबोधनवाची पदने असत्नो निषेध.	नाऽन्यत् २.१.२७	वस्-नस् आदि	२१ थी २४	विकल्पे	साधो सुविहित ! त्वा शरणं प्रपद्ये
८.	पादनी आदिमां	पादाद्योः २.१.२८	वस्-नस् आदि	–	निषेध	वीरो विश्वेश्वरो देवोः युष्माकं.....
९.	च-अह-ह-वा-एव ना योगमां	चा-ऽह० २.१.२९	वस्-नस् आदि	–	निषेध	ज्ञानं युष्मांश्च अस्मांश्च रक्षतु
१०.	चिंता अर्थमां रहेलां दृश् अर्थवाळां धातुनां योगमां	दृश्यर्थै० २.१.३०	वस्-नस् आदि	–	निषेध	जनो युष्मान् सन्दृश्यागतः
११.	अन्वादेशमां	–	वस्-नस् आदि	नित्यम्०३१	नित्य	यूयं विनीता तद्वो गुरवो मानयन्ति
१२.	अन्वादेशमां पूर्वपद सहित प्रथमान्त पदथी पर.	–	वस्-नस् आदि	सपूर्वा०३१	नित्य	यूयं विनीता तद्गुरवो वो/ युष्मान् मानयन्ति

त्यदामेनदेतदो द्वितीया-टौस्यवृत्त्यन्ते २/१/३३

અ.અ.સૂ. : अन्वादेशे स्यादौ द्वितीयाटौसि त्यदां एतदः एनद्, अवृत्त्यन्ते ।

અર્થ : અન્વાદેશનાં વિષયમાં સ્યાદિ એવા દ્વિતીયા વિભક્તિનાં પ્રત્યયો, ટા અને ઓસ્ પ્રત્યય પર છતાં ત્યદાદિ સંબંધી એતદ્નો એનદ્ આદેશ થાય છે. જો વૃત્તિના અન્તે ન હોય તો.

સ. : (૧) **द्वितीयाटौसि→**द्वितीया च टाश्च ओस् च इति द्वितीयाटौस्, तस्मिन्निति ।

(૨) **त्यदाम्→**त्यच्च, त्यच्च इति त्यदः, तेषामिति ।

(૩) **अवृत्त्यन्ते→**वृत्तेः अन्त इति वृत्त्यन्तः, न वृत्त्यन्तः इति अवृत्त्यन्तः, तस्मिन्निति ।

ઉદા. (૧) **उद्दिष्टमेतदध्ययनमथो एनदनुजानीत→**આ અધ્યયન ઉદ્દેશ કરાએલું છે. તેથી આની જ તમે અનુજ્ઞા આપો.

(૨) **एतकं साधुमावश्यकमध्यापय, अथो एनमेव सूत्राणि→** આ સાધુને આવશ્યક ભણાવ, તે પછી આને જ સૂત્રો ભણાવ.

(૩) **एतेन रात्रिरधीता अथो एनेनाहरप्यधीतम्→**આના વડે રાત્રિમાં ભણાયું તે પછી આના જ વડે દિવસે પણ ભણાયું.

(૪) **एनयोः शोभनं शीलमथो एनयोर्महती कीर्त्तिः→**આ બન્નેનું શીલ સુંદર છે તેથી આ બન્નેની મોટી કીર્ત્તિ છે.

પ્ર.ઉદા. (૧) **त्यदामिति किम् ? (संज्ञायाम्) एतदं संगृह्याण अथो एतदमध्यापय→**એતદને ગ્રહણ કરો તે પછી એતદને ભણાવો.

(૨) **अवृत्त्यन्त[1] इति किम् ? अथो परमैतं पश्य→**શ્રેષ્ઠ એવા આને તું જો.

★ આ સૂત્રમાં વૃત્તિનાં અન્તે ન હોય તેવા એતદ્નો એનદ્ થવાની પ્રાપ્તિ છે. જ્યારે અહીં પરમૈતમ્ પ્રયોગમાં વૃત્તિનાં અન્તે એતદ્ છે માટે આ સૂત્રથી એનદ્ આદેશ થયો નથી.

★ અહીં અન્વાદેશનો અધિકાર હોવાથી આ ઉદા. 'अयं परमैषः अथो परमैतं पश्य ।' આ પ્રમાણે જાણવું.

વિશેષતા :

જિ. : સૂત્રમાં 'त्यदाम्' એ પ્રમાણે બ.વ. શા માટે કર્યું ?

સમા. : 'त्यदाम्' એ પ્રમાણે બ.વ. દ્વારા ત્યદાદિનું ગ્રહણ કરાય છે. તેથી અહીં કોઈપણ પદાર્થની સંજ્ઞાનું ગ્રહણ ન કરતાં સર્વાદિ અંતર્ગત ત્યદાદિ નિર્દિષ્ટ એતદ્ સર્વનામનું જ ગ્રહણ થશે.

જિ. : એતદ્+અમ્ આ અવસ્થામાં અનતો૦૧.૪.૫૯ અને આ સૂત્ર એમ બન્નેની પ્રાપ્તિ છે. તો પ્રથમ કયા સૂત્રની પ્રવૃત્તિ કરવી ?

સમા. : યદ્યપિ આ સૂત્ર પર અને અંતરંગ કાર્ય હોવાથી બળવાન છે પણ **लुबन्तरङ्गेभ्यः** ૧/૪૭ ન્યાયાનુસારે આ સૂત્ર પ્રવૃત્તિરૂપ અંતરંગ કાર્ય પ્રથમ ન થતાં લોપ કાર્ય પ્રથમ થાય છે.

---

૧. વૃત્તિનું સ્વરૂપ ૧.૧.૨૫નાં વિવેચનમાંથી જાણવું.

જિ. : ઉપરોક્ત કથનાનુસારે એતદ્થી અમ્નો લોપ પહેલાં થાય તો આ સૂત્રથી તન્નિમિત્તક એનદ્ આદેશ કેવી રીતે થશે ?

સમા. : लुप्यव्वृल्लेनद् ૭.૪.૧૧૨ પરિભાષામાં લોપથી થતાં કાર્યનાં સ્થાનીવત્ ભાવનાં નિષેધમાં એનદ્નું વર્જન કરેલ છે તેથી અહીં લુપ્ હોવા છતાં સ્થાનીવા૦૭.૪.૧૦૯થી પ્રત્યય સ્થાનીવત્ મનાય છે.

इदमः २/१/३४

અ.અ.સૂ. : **अन्वादेशे स्यादौ द्वितीया-टौसि त्यदाम् इदमः एनद्, अवृत्त्यन्ते ।**

★ ઉપરોક્ત સાધનિકામાં पूषण्+अस् સ્થાને अनो०२.१.१०८થી अनो લોપ કરવો છે. પરંતુ अनोऽस्य २.१.१०८ સૂત્ર દ્વારા अन्નાં अनो લોપ થાય છે. જ્યારે અહીં अण् છે. વસ્તુતઃ अनोऽ०२.१.१०८ સૂત્ર પરવિધિનું સૂત્ર છે. તેથી તેની પ્રવૃત્તિમાં ર-ષૃવર્ણાન્નો०२.૩.૬૩થી થયેલ न्નો ण् આ સૂત્રથી असत् મનાતાં न् સ્વરૂપે મનાય છે. તેથી अन्નાં अनो લોપ થાય છે.

★ **तक्ष्णः→**ઘણાં સુથારોને. तक्षन्+जस् સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૨) **પરવિધિમાં ષ્ અસત્ : पिपठीः**→ભણવાને ઈચ્છનાર.
पठितुमिच्छतीति क्विप् (पठ व्यक्तायां वाचि-૨૧૩)
तुमर्हा०૩.૪.૨૧થી सन्→पठ्+**स**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→**प**पठ्+स
सन्यस्य ૪.૧.૫૯થી इ→पिपठ्स्
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→पिप**ठि**स्
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→पिपठि**ष्**
तिव् वि.→पिपठि**षति**
હવે, पिपठिषतीति क्विप्
क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→पिपठिष्+**०**+सि
अतः ૪.૩.૮૨થી अनो लोप→पिपठि**ष्**+स्
दीर्घङ्याब्०૧.૪.૪૫થી सिनो लोप→पिपठिष्
આ સૂત્રથી **પરવિધિમાં ષ્ અસત્** થતાં,
सो रुः ૨.૧.૭૨થી ष्नो र्→पिपठि**र्**
पदान्ते ૨.૧.૬૪થી દીર્ઘ→पिपठी**र्**
रः पदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→पिपठीः ।

★ ઉપરોક્ત સાધનિકામાં पिपठीष् અવસ્થામાં सो रुः ૨.૧.૭૨થી र् કર્યો છે. પરંતુ सो रुः ૨.૧.૭૨ સૂત્ર દ્વારા स्नो र् થાય છે. જ્યારે અહીં ष् છે. વસ્તુતઃ सो रुः ૨.૧.૭૨ સૂત્ર પરવિધિનું સૂત્ર છે. તેથી તેની પ્રવૃત્તિમાં नाम्यन्तस्था० ૨.૩.૧૫ સૂત્રથી થયેલ स्नो ष् આ સૂત્રથી असत् मनातां स् स्વરૂપે મનાય છે. તેથી ष्नो र् થાય છે.

(૩) **સ્યાદિવિધિમાં ણ્ અસત્ : अर्वाणौ**→બે ઘોડા. अर्वन्+औ
र-षृवर्णान्नो०૨.૩.૧૫થી न्नो ण्→अर्वण्+औ
આ સૂત્રથી **સ્યાદિવિધિમાં ણ્ અસત્** થતાં,
नि दीर्घः ૧.૪.૮૫થી ण्ની પૂર્વનો સ્વર દીર્ઘ→अ**र्वा**णौ ।

★ ઉપરોક્ત સાધનિકામાં અર્વણ્+ઔ સ્થાને નિ દીર્ઘઃ ૧.૪.૮૫થી દીર્ઘ થયેલ છે. પરંતુ નિ દીર્ઘઃ ૧.૪.૮૫ સૂત્રની પ્રવૃત્તિ ન્ની પૂર્વે રહેલાં સ્વરમાં થાય છે. જ્યારે અહીં ણ્ છે વસ્તુતઃ નિ દીર્ઘઃ ૧.૪.૮૫ સૂત્ર પૂર્વની સ્યાદિવિધિનું સૂત્ર છે. તેથી ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી થયેલ ન્નો ણ્ આ સૂત્રથી નિ દીર્ઘઃ ૧.૪.૮૫નાં કાર્યમાં અસત્ મનાતાં ન્ સ્વરૂપે મનાય છે. માટે આ સૂત્રથી તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

(૪) **સ્યાદિવિધિમાં ષ્ અસત્ : સર્પીંષિ**→ધી. સર્પિસ્+જસ્
નપુંસકસ્ય૦૧.૪.૫૫થી જસ્નો શિ→સર્પિસ્+**ઇ**
નામ્યન્તસ્થા૦૨.૩.૧૫થી સ્નો ષ્→સર્પિ**ષ્**+ઇ
ધુટાં પ્રાક્ ૧.૪.૬૬થી ન્ આગમ→સર્પિ**ન્ષ્**+ઇ
આ સૂત્રથી **ષ્ સ્યાદિવિધિમાં અસત્** મનાતાં,
ન્સમહતોઃ ૧.૪.૮૬થી દીર્ઘ→સર્પીંષ્ણિ
શિડ્ઢે૦૧.૩.૪૦થી અનુસ્વાર→સર્પીંષિ ।

★ ઉપરોક્ત સાધનિકામાં સર્પિન્ષ્+ઇ સ્થાને ન્સમહતોઃ ૧.૪.૮૬થી દીર્ઘ થયેલ છે પરંતુ ન્સમહતોઃ ૧.૪.૮૬ સૂત્રની પ્રવૃત્તિ ન્ની પછી સ્ હોય તો થાય છે. જ્યારે અહીં ષ્ છે. વસ્તુતઃ ન્સમહતોઃ ૧.૪.૮૬ સૂત્ર પૂર્વની સ્યાદિવિધિનું સૂત્ર છે. તેથી નામ્યન્તસ્થા૦ ૨.૩.૧૫થી થયેલ સ્નો ષ્ આ સૂત્રથી ન્સમહતોઃ ૧.૪.૮૬નાં કાર્યમાં અસત્ મનાતાં સ્ સ્વરૂપે મનાય છે. માટે આ સૂત્રથી ન્ની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

★ ષ્ પછી ણ્નાં કાર્યમાં ષત્વનાં અસત્નો અભાવ :
(ષત્વનું કાર્ય કરતાં ણત્વ અસત્)→

अभिषुणोति→તે સોમરસ કાઢે છે.
(षुंगट् अभिषवे०१२८६)
षः सोऽष्ट्यै०२.३.९८થી ष्नो स्→**सु धातु.**
वर्त्तमाना०३.३.६થી तिव्→अभि+सु+**ति**
स्वादेः श्नुः ३.४.७५થી श्नु→अभि+सु+**नु**+ति
उश्नोः ४.३.२થી उनो गुण→अभिसु**नो**ति
उपसर्गात्०२.३.३९થી स्नो ष्→अभि+**षु**नोति ।
र-षृवर्णान्नोः०२.३.६३થી न्नो ण्→अभिषु**णो**ति ।

ઉપરોક્ત સાધનિકામાં વસ્તુતઃ उपसर्गात्०२.३.३९થી કરેલ स्नो ष् પરવિધિ કાર્ય હોવાથી અસત્ મનાય છે. તેથી र-षृवर्णान्नो० २.३.६३થી न्नो ण्ની પ્રાપ્તિ રહેતી નથી. પરંતુ સૂત્રમાં 'ण-षम्'એ પ્રમાણે णत्वનો પહેલાં નિર્દેશ કર્યો હોવાથી णत्वનાં કાર્યમાં षत्व અસત્ મનાતું નથી. તેથી न्नो ण् થયો છે.

વિશેષતા :

(૧) (a) ण-षम्०२.१.६०થી रात्सः २.१.९० સુધીનાં સૂત્રો બન્ને વિધિમાં અસત્ થાય છે. તથા, (b) नाम्नो नो०२.१.९१થી नोर्म्यादिभ्यः २.१.९९ સુધીનાં સૂત્રો માત્ર સ્યાદિવિધિમાં અસત્ મનાય છે.

(૨) વસ્તુતઃ સૂત્રમાં જણાવેલ ष्નાં કાર્યમાં ण्ની અસત્વિધિ, પરવિધિ ण्નાં અસત્ કાર્યમાં સમાવેશ થઈ જ જાય છે. તેમ છતાં આવો નિર્દેશ કરીને ગ્રંથકારશ્રી એવું જણાવે છે કે, 'ष्નાં કાર્યમાં ण् અસત્ કરવો પણ ण्નાં કાર્યમાં ष् અસત્ કરવો નહીં.' એ પ્રમાણે આ પરવિધિનો એક આપવાદિક નિષેધ હોય તેવું જણાય છે.

क्तादेशोऽषि २/१/६१

અ.અ.સૂ. : क्तादेशः अषि परे स्यादिविधौ च असत् ।

અર્થ : क् અનુબંધવાળો त પ્રત્યયનો આદેશ ष्थी પર અન્ય કાર્ય પ્રસંગે પરવિધિ અને સ્યાદિવિધિમાં असत् થાય છે.

સ. : (૧) **क्तादेशः**→क्तस्य आदेशः इति ।
(૨) **अषि**→न ष् इति अष्, तस्मिन्निति ।

ઉદા. (૧) **क्षामिमान्**→દુર્બળ સંતાનવાળો.
क्षायति स्म इति । (क्षैं क्षये-४२)
आत् सन्ध्य०४.२.१थी ऐनो आ→**क्षा**
क्त-क्त०५.१.१७४थी क्त→क्षा+**त**
क्षै-शुषि०४.२.७८थी तनो म→क्षा**म**
प्रथमा सि वि.→क्षामः ।
क्षामस्य अपत्यमिति અર્થમાં,
अत इञ् ६.१.३१थी इञ्→ क्षाम+**इ**
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→क्षामि
હવે, क्षामिः अस्ति अस्य इति ।
तदस्यास्त्य०७.२.१थी मतु→क्षामि+**मत्**
प्रथमा सि→क्षामिमत्+**स्**
ऋदुदितः १.४.७०थी न् आगम→क्षामिमन्त्+स्
अभ्वादे०१.४.९०थी दीर्घ→क्षामि**मान्त्**+स्
दीर्घङ्याब्०१.४.४५ वि.थी પૂર્વ પ્રમાણે सि वि.નો लोप→क्षामिमान्

★ ઉપરોક્ત સાધનિકામાં मावर्णान्तो०२.१.९४ સૂત્ર દ્વારા क्षामि+मान् સ્થાને મતુનાં म्नां व्नी પ્રાપ્તિ છે. પરંતુ मावर्णान्तो०

૨.૧.૯૪ સૂત્ર પરવિધિનું સૂત્ર હોવાથી એની પ્રવૃત્તિમાં ક્તનાં સ્થાને થયેલ મ આ સૂત્રથી અસત્ થાય છે. તેથી મ તે ત સ્વરૂપે મનાતાં માવર્ણા૦૨.૧.૯૪થી મ્નો વ્ થશે નહીં.

(૨) **लून्युः**→કાપવાને ઈચ્છનાર.
લૂયતે સ્મ ઇતિ ક્વિપ્ (લૂગ્શ્ છેદને-૧૫૧૯)
ક્ત-ક્ત૦૫.૧.૧૭૪થી ક્ત→લૂ+**त**
ઋૃલ્વાદે૦૪.૨.૬૮થી તનો ન→**लून**
હવે, લૂનમિચ્છતીતિ ક્વિપ્
પૂર્વમાં ૨.૧.૫૬માં દર્શાવેલ પત્યિ પ્રમાણે લૂની
ષષ્ઠી ઙસ્→લૂની+**अस्**
યોઽનેકસ્વર૦૨.૧.૫૬થી ય→**लून्य्**+અસ્
આ સૂત્રથી થયેલ **ન સ્યાદિવિધિમાં અસત્** થતાં,
ખિ-તિ૦૧.૪.૩૬થી ઙસ્નો ઉર્→લૂન્ય્+**उर्**
પદસંજ્ઞા વિ.→**लून्युः** ।

★ ઉપરોક્ત સાધનિકામાં ખિ-તિ૦૧.૪.૩૬ સૂત્ર દ્વારા લૂન્ય્+અસ્ સ્થાને ઙસ્ પ્રત્યયનો ઉર્ આદેશ કરવો છે. પરંતુ ખિ-તિ૦૧.૪.૩૬ સૂત્ર દ્વારા તિ સંબંધી ય્થી પર રહેલ ઙસ્નો ઉર્ થાય છે. વસ્તુતઃ ખિ-તિ૦૧.૪.૩૬ સૂત્ર પૂર્વ સ્યાદિવિધિનું સૂત્ર છે. તેથી તેની પ્રવૃત્તિમાં આ સૂત્ર દ્વારા ક્તનાં સ્થાને થયેલ ન અસત્ મનાય છે. તેથી તે ન ક્ત સ્વરૂપે મનાતાં ખિ-તિ૦૧.૪.૩૬થી ઙસ્નો ઉર્ થાય છે.

પ્ર.ઉદા. **अषीति किम् ? वृक्णः**→કાપેલું.
વૃશ્ચતિ સ્મ ઇતિ (ઔવ્રસ્ચોત્ છેદને-૧૩૪૧)
ક્ત-ક્ત૦૫.૧.૧૭૪થી ક્ત→વ્રશ્ચ્+**त**
સૂયત્યાદ્યો૦૪.૨.૭૦થી તનો ન→વ્રશ્ચ+**न**

ग्रह-व्रस्च०४.१.८४थी र्नो ऋ→**वृश्च**+न
संयोगस्यादौ०२.१.८८थी श्नो लोप→वृच्+न
आ सूत्रथी **परविधिमां न् असत्** थतां,
चजः०२.१.८६थी च्नो क्→**वृक्**+न
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→**वृक्ण**
प्रथमा सि वि.→वृक्णः ।

★ वृच्+न स्थाने आ सूत्रथी नने परविधिमां असत् मानीने यज-सृज० २.१.८७थी च्नां ष्नी प्राप्ति हती. परंतु आ सूत्रमां तेनुं वर्जन होवाथी ष् करवानां प्रसंगे आ सूत्रथी क्तनां स्थाने थयेल न असत् मनायो नथी.

विशेषता :

अहीं याद राखवुं के, आ सूत्रमां ष्नां कार्यमां क्तनां आदेशने असत् मानवानो निषेध छे. परंतु वृक्णःमां चजः०२.१.८६थी क् करवानां प्रसंगे असत्विधि थयेल छे.

ष-ढोः कस्सि २/१/६२

अ.अ.सू. : सि ष-ढोः कः । (परे स्यादिविधौ च असत् ।)

अर्थ : स् पर छतां ष् अने ढ्नो क् थाय छे.

स. : **ष-ढोः**→ष् च ढ् च इति ष्ढौ, तयोरिति ।

उदा. (१) पेक्ष्यति→ते चूरो करशे. (पिष्लृंप् संचूर्णने-१४९३)
भविष्यन्ती०३.३.१५थी स्यति→पिष्+**स्यति** ।
आ सूत्रथी ष्नो क्→पि**क्**+स्यति
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→पिक्+**ष्यति**
लघोरुपा०४.३.४थी गुण→**पे**क्ष्यति ।

(૨) **लेक्ष्यति→**તે ચાટશે. (लिहींक् आस्वादने-११२९)
પૂર્વ પ્રમાણે→लेह्+स्यति
हो धुट्०२.१.८२थी ह्नो द्→ले**द्**+स्यति
આ સૂત્રથી द्नो क्→ले**क्**+स्यति
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→ले**क्ष्यति** ।

વિશેષતા :

(૧) યદ્યપિ પૂર્વે કહ્યા મુજબ 'असत्परे'નો અધિકાર रात् सः २.१.९० સુધી તથા 'स्यादिविधौ'નો અધિકાર नोर्म्यादि०२.१.९९ સૂત્ર સુધી ગ્રહણ કરેલ છે. તેથી તે સૂત્રો સુધી જણાવેલ દરેક કાર્યો નિર્દિષ્ટ વિધિમાં असत् જાણવા. પરંતુ તે-તે સૂત્રોમાં લઘુવૃત્તિમાં નિર્દેશ કરેલો ન હોવાથી અહીં બતાવવામાં આવેલ છે.

(૨) **આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च' અધિકારનું ફળ :**
निघोक्ष्यते→તે ઢાંકશે. (गुहौग् संवरणे-९३५)
भविष्यन्ती०३.३.१५थी स्यते→नि+गुह्+**स्यते**
हो धुट्०२.१.८२थी ह्नो द्→नि+गु**द्**+स्यते
ष-ढोः०२.१.६२थी द्नो क्→निगु**क्**+स्यते
लघोरुपा०४.३.४थी गुण→क् नि**गो**क्+स्यते
આ સૂત્રથી થયેલ **क् પરવિધિમાં असत्** થતાં,
गडदबादे०२.१.७७थी ग्नो घ्→नि**घो**क्+स्यते
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→निघो**क्ष्यते** ।

ઉપરોક્ત સાધનિકામાં गडदबादे०२.१.७७ સૂત્ર દ્વારા निगोक्+स्यते સ્થાને ग्नो घ् કર્યો છે. પરંતુ गडदबादे०२.१.७७ સૂત્રની પ્રવૃત્તિ ચોથો અક્ષર અંતે હોય તો થાય છે. જ્યારે અહીં क् અંતે

છે. પરંતુ વસ્તુતઃ ગડદબાદે૦૨.૧.૭૭ સૂત્ર ષ-ઢોઃ૦૨.૧.૬૨ માટે પર સૂત્ર હોવાથી તેનાથી થયેલ ક્ તે ગડદબાદે૦૨.૧.૭૭ની પ્રવૃત્તિ માટે અસત્ મનાતાં દ્ મનાતાં તે સૂત્રથી આદિ ગ્નો ઘ્ થાય છે.

જિ. : લેક્ષ્યતિ પ્રયોગમાં લેક્+સ્યતિ સ્થાને આ સૂત્રથી થયેલ ક્ ષત્વ રૂપ પરવિધિમાં અસત્ મનાય છે તો હ્થી પર રહેલ સ્નો ષ્ કેવી રીતે થાય ?

સમા. : પૂર્વ સૂત્રથી આ સૂત્રમાં અષિનો અધિકાર ગ્રહણ થાય છે. તેથી ષત્વ સ્વરૂપ પરવિધિમાં ક્તાડદેશો૦૨.૧.૬૧ વિ. સૂત્રોનાં કાર્યો અસત્ મનાતાં નથી માટે આ સૂત્રથી ક્ અસત્ ન મનાતાં લેક્ષ્યતિ પ્રયોગ સિદ્ધ થાય છે.

ભ્વાદેર્નામિનો દીર્ઘો વોં વ્યઞ્જને ૨/૧/૬૩

અ.અ.સૂ. : **વ્યઞ્જને ભ્વાદેઃ ધાતોઃ વોંઃ(ભ્વાદેઃ) નામિનઃ દીર્ઘઃ ।**

અર્થ : વ્યંજન પર છતાં ભ્વાદિ ધાતુ સંબંધી ર્ અને વ્ની પૂર્વે રહેલો નામી સ્વરનો દીર્ઘાદેશ થાય છે.

સ. : **વોંઃ**→ર્ ચ વ્ ચ ઇતિ વોં, તયોરિતિ ।

ઉદા. (૧) **હૂર્ચ્છા**→વક્રતા. (હુર્છા કૌટિલ્યે-૧૨૫) હૂર્ચ્છનમિતિ
ક્તેટો૦૫.૩.૧૦૬થી અ→હૂર્ચ્છ્+**અ**
આત્ ૨.૪.૧૮થી આપ્→હુર્ચ્છ્+અ+**આ**
સમાનાનાં૦૧.૨.૧થી દીર્ઘ→હુર્ચ્છા
આ સૂત્રથી ર્ની પૂર્વનો સ્વર દીર્ઘ→**હૂ**ર્ચ્છા
પ્રથમા સિ વિ.→હૂર્ચ્છા ।

(૨) **आस्तीर्णम्→**ઢાંકેલું. (स्तृगश् आच्छादने-૧૫૨૧)
आस्तीर्यते स्म इति ।
क्त-क्त०૫.૧.૧૭૪થી क्त→आ+स्तृ+**त**
ऋतां क्ङि०૪.૪.૧૧૬થી इर्→आ+**स्तिर्**+त
ऋल्वादे०૪.૨.૭૮થી तनो न→आस्तिर्+**न**
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्नो ण्→आस्ति**र्ण**
આ સૂત્રથી इ દીર્ઘ→आस्**ती**र्ण
પ્રથમા સિ વિ.→आस्ती**र्णम्** ।

(૩) **दीव्यति→**તે ક્રીડા કરે છે. (दिवूच् क्रीडा०૧૧૪૪)
વર્ત્તમાના०૩.૩.૬થી तिव्→दिव्+**ति**
दिवादेः०૩.૪.૭૨થી श्य→दिव्+**य**+ति
આ સૂત્રથી દીર્ઘ→**दी**व्यति ।

પ્ર.ઉદા. भ्वादेरिति किम् ?

(૧) **कुर्कुरीयति→**તે કુરકુરિયાને ઈચ્છે છે.
कुर्कुरमीच्छतीति ।
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→ कुर्कुर+य
तिव् वि.→कुर्कुर+य+**अ**+**ति**
क्यनि ૪.૩.૧૧૨થી દીર્ઘ ई→कुर्कु**री**यति ।

(૨) **दिव्यति→**તે સ્વર્ગની ઈચ્છા કરે છે. दिवमीच्छतीति ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ भ्वादि ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં નામધાતુ છે માટે આ સૂત્રથી र् અને व्ની પૂર્વનો સ્વર દીર્ઘ થયો નહીં.

વિશેષતા :

(૧) નામધાતુનાં વિષયમાં આ સૂત્રનું કાર્ય ન થાય માટે સૂત્રમાં 'भ्वादेः'નું ગ્રહણ કરેલ છે.

(૨) આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च'નાં અધિકારનું ફળ :

ओर्मन्→હિંસા કરનાર ઊર્વતીતિ મન

(उर्वै-हिंसायाम्-४७०)

मन्-वन्०५.१.१४७થી मन्→उर्व+**मन्**

राल्लुक् ४.१.११०થી વ્નો લોપ→उर्+मन्

આ સૂત્રથી દીર્ઘ→**ऊर्**+मन्

આ સૂત્રથી થયેલ **દીર્ઘ પરવિધિમાં અસત્ થતાં,**

लघोरुपा०४.३.४થી ગુણ→**ओर्**+मन्

प्रथमा सि वि.→ओर्मन् ।

★ ઉપરોક્ત સાધનિકામાં लघोरुपा०४.३.४ દ્વારા ऊर्मन् સ્થાને ઊનો ગુણ કર્યો છે. પરંતુ लघोरुपा०४.३.४ સૂત્ર હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. વસ્તુતઃ અહીં लघोरुपा० ४.३.४ પરવિધિનું સૂત્ર હોવાથી એની પ્રવૃત્તિમાં આ સૂત્રથી થતું દીર્ઘત્વ અસત્ થાય છે. તેથી તે દીર્ઘ ऊ હ્રસ્વ उ સ્વરૂપે મનાતાં लघोरुपा०४.३.४થી ગુણ થયો છે.

જિ. : જે પ્રમાણે हुर्छ् વિ. ધાતુઓમાં સ્વર હ્રસ્વ હોવા છતાં પણ આ સૂત્રથી દીર્ઘ થાય છે. તે જ પ્રમાણે स्फूर्ज्, ऊर्ज् વિ. ધાતુઓમાં પણ દીર્ઘત્વ શક્ય છે. તો શા માટે स्फूर्ज् વિ. વિશે મૂળધાતુ પાઠમાં જ દીર્ઘત્વનું ઉપાદાન કર્યું છે ?

સભા. : **स्थानीवद्भाव-पुंवद्भावैकशेषद्वन्द्वैकत्वदीर्घत्वान्यनित्यानि** ૨/૩૯ ન્યાયાનુસારે આ સૂત્રથી થતી દીર્ઘત્વ વિધિ અનિત્ય મનાય છે. જ્યારે स्फूर्ज् વિ. ધાતુઓમાં જ દીર્ઘત્વનું ઉપાદાન નિત્યપણે ઈષ્ટ છે. તે માટે તે ધાતુઓને મૂળ ધાતુપાઠમાં જ દીર્ઘસ્વર સહિત ગ્રહણ કરેલ છે.

અહીં ઉપરોક્ત ન્યાયાનુસારે જ કુર્દ્+અન=કુર્દન, ગુર્વ્+ણિન્+ङी=ગુર્વિણી વિ. પ્રયોગોમાં આ સૂત્રથી થતી દીર્ઘત્વની વિધિ અનિત્ય જાણવી.

જિ. : प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव ૨/૨ ન્યાયાનુસારે પ્રત્યય અને સામાન્ય વર્ણમાંથી પ્રત્યયનું જ ગ્રહણ થતું હોય છે તો સૂત્રગત 'व्यञ्जने' પદ દ્વારા વ્યંજનાદિ પ્રત્યયનું ગ્રહણ ન કરતાં સામાન્યતયા કોઈપણ વ્યંજનનું ગ્રહણ કેવી રીતે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ रदादमूर्च्छ०४.२.६९ સૂત્રમાં (ધાતુપાઠમાં હ્રસ્વસ્વરવાળો) मूर्च्छ् ધાતુ આ સૂત્ર દ્વારા જ દીર્ઘસ્વર સહિત ગ્રહણ કરેલ છે. તે નિર્દેશથી જ અહીં સૂત્રગત 'व्यञ्जने' પદ દ્વારા માત્ર પ્રત્યયનું ગ્રહણ ન કરતાં તમામ વ્યંજન નિમિત્ત તરીકે ગ્રાહ્ય છે.

જિ. : અહીં પુર્યામ્ વિ. પ્રયોગોમાં પૃ ધાતુને-ઉણાદિનો इ પ્રત્યય લાગીને બનેલ पुरि શબ્દથી સપ્તમી વિભક્તિનાં પ્રત્યય ગ્રહણ કરેલ છે તે પ્રયોગમાં રહેલ र् ધાતુ સંબંધી છે. તો य् પર છતાં આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ કેમ ન કર્યો ?

સમા. : પુર્યામ્ પ્રયોગમાં योऽनेकस्वर०२.१.५६ સૂત્ર દ્વારા થયેલ પ્રત્યયાશ્રિત यकार्य બહિરંગ છે. જ્યારે આ સૂત્રથી થતું પ્રકૃતિ આશ્રિત દીર્ઘત્વ અંતરંગ કાર્ય છે તેથી, **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** ૧/૨૦ ન્યાયાનુસારે દીર્ઘ કરવા સ્વરૂપ અંતરંગ કાર્ય પ્રસંગે इनो य् असत् મનાય છે. માટે વ્યંજન પર ન રહેતાં આ સૂત્રથી દીર્ઘ કાર્ય થતું નથી.

તે જ પ્રમાણે गिरि+ओस् સ્થાને પણ ઉપરોક્ત ન્યાયાનુસારે गिर्यो: પ્રયોગ થાય છે. પણ દીર્ઘત્વ થતું નથી.

पदान्ते २/१/६४

अ.अ.सू. : पदान्ते भ्वादेः धातोः वोः(भ्वादेः) नामिनः दीर्घः ।

अर्थ : પદાન્તે રહેલાં ભ્વાદિ ધાતુ સંબંધી ર્ અને વ્ ૫૨ છતાં તેની પૂર્વનો નામી સ્વર દીર્ઘદિશ થાય છે.

ઉદા. (૧) **गीः**→વાણી. गिरणमिति क्विप् (गॄ निगरणे-१३३५)
क्रुत्-संपदादि०५.३.११४थी क्विप्→गॄ+०
પ્રથમા सि→गॄ+**स्**
ऋतां क्ङिः०४.४.११६थी इर्→**गिर्**+स्
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→गिर्
પદસંજ્ઞા વિ.→**गिः**
આ સૂત્રથી ર્ની પૂર્વનો સ્વર દીર્ઘ→**गीः** ।

(૨) **गीरर्थः**→વાણીની માટે. गिरेरयमिति ।
तदर्थार्थेन ३.१.७२ વિ.થી સમાસ વિ.→गिर्+अर्थ
પ્રથમા सि→गिर्+अर्थ+**सि**
અન્તવર્ત્તિ વિભક્તિની અપેક્ષાએ गिर्ને **પદસંજ્ઞા** થતાં
આ સૂત્રથી દીર્ઘ→**गी**रर्थः ।

પ્ર.ઉદા. अपदान्त इति किम् ?

(૧) **गिरः**→વાણી. गिर्+जस्
પદસંજ્ઞા વિ.→गिरः ।

(૨) **लुवः**→લણનારાં. लुनातीति क्विप् लूः
પૂર્વ પ્રમાણે क्विप् વિ.→लू+जस्
क्विबन्ता० २/४८ ન્યાયાનુસારે,
धातोरिवर्णो०२.१.५०थी ऊनो उव्→**लुव**स्
પદસંજ્ઞા વિ.→लुवः ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પદાન્તે ર્ કે વ્ હોય તો જ થાય છે. જ્યારે અહીં પદાન્તે ર્ નથી પણ જસ્ પ્રત્યયનો સ્ છે માટે આ સૂત્રથી દીર્ઘ થયું નહીં.

વિશેષતા :

આ+શાસ્ ધાતુનાં ક્વિપ્ પ્રત્યયાન્ત આશિસ્ શબ્દનાં પ્ર.એ.વ. આશીઃ વિ. પ્રયોગમાં પદને અન્તે વિસર્ગ હોવાથી આ સૂત્રની પ્રાપ્તિ રહેતી નથી. પરંતુ આ સૂત્ર લાગ્યા બાદ પણ વિસર્ગ તો થવાનો જ હોવાથી તે વિસર્ગરૂપ કાર્ય નિત્યવિધિ છે. અને આ સૂત્રથી થતું દીર્ઘત્વ કાર્ય અંતરંગ વિધિ છે. તેથી **નિત્યાદન્તરઙ્ગમ્ ૧/૫૩** ન્યાયાનુસારે અહીં ર્નો વિસર્ગ કર્યા પૂર્વે જ આ સૂત્ર દ્વારા દીર્ઘ કર્યું છે. ત્યારબાદ વિસર્ગ કરેલ છે.

જિ. : પૂર્વ સૂત્રમાં ૨.૧.૬૦થી આવતાં 'असत्परे स्यादिविधौ च'નાં ફળસ્વરૂપે ઉદા. દર્શાવ્યા છે. પરંતુ અહીં દર્શાવ્યાં નથી. તેથી જણાય છે કે, અહીં આ અધિકારનું ફળ મળતું નહીં હોય. તો પછી આ સૂત્રને અસત્વિધિમાં શા માટે ગ્રહણ કર્યું ?

સમા. : આ સૂત્રને અસત્વિધિમાં જણાવવા દ્વારા ન સન્ધિ-ङी० ૭.૪.૧૧૧ પરિભાષામાં નિર્દિષ્ટ અસત્વિધિમાં આ સૂત્રનું ગ્રહણ થાય છે. તે જ અહીં અસત્વિધિનાં અધિકારનું મુખ્ય પ્રયોજન છે. જેનું ફળ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

क्षुरयतीति क्विप्→क्षुर्+**णिग्**+०
णेरनिटि ४.३.८३થી णिग्નો લોપ→क्षुर्+०
तृतीया भ्याम्→क्षुर्+**भ्याम्**

આ અવસ્થામાં નામ સિદય્૦૧.૧.૨૧થી પૂર્વનું નામ પદ થતાં આ સૂત્રથી ર્‌ની પૂર્વનાં નામી સ્વરને દીર્ઘ થવાની પ્રાપ્તિ છે. પરંતુ સ્વરસ્ય પરે૦૭.૪.૧૧૦ પરિભાષાનુસારે ણિગ્‌ને સ્થાનીવત્ મનાતાં આ સૂત્રથી થનારાં દીર્ઘત્વનાં અભાવની આપત્તિ આવે છે. પણ ન સન્ધિ૦૭.૪.૧૧૧ સૂત્રની અસત્‌વિધિમાં આ સૂત્રનું ગ્રહણ કરવાથી તે સૂત્ર દ્વારા સ્વરસ્ય પરે૦૭.૪.૧૧૦નો બાધ થાય છે. આ સૂત્રથી ર્‌ની પૂર્વનો સ્વર દીર્ઘ થતાં ક્ષૂર્ભ્યામ્ આવું રૂપ પ્રાપ્ત થશે. અને તેવું આગામી સૂત્રોમાં પણ જાણવું.

न यि तद्धिते २/१/६५

અ.અ.સૂ. : यि तद्धिते वोः नामिनः दीर्घः न ।

અર્થ : યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં ર્ અને વ્‌ની પૂર્વના નામી સ્વરનો દીર્ઘાદેશ થતો નથી.

ઉદા. धुर्यः→ધુરાને વહન કરનાર. (બળદ વિ.)
ધૂરૌ૦૭.૧.૩થી ય પ્રત્યય→ધુર્+**ય**
આ સૂત્રથી ય પર છતાં દીર્ઘત્વનો નિષેધ→ધુર્ય
પદસંજ્ઞા વિ.→ધુર્યઃ ।

પ્ર.ઉદા. (૧) यीति किम् ? गीर्वत्→વાણીની જેમ. गीः इव इति ।
સ્યાદેરિવે ૭.૧.૫૨થી વત્→ગિર્+**વત્**
પદાન્તે ૨.૧.૬૪થી દીર્ઘ→**ગી**ર્વત્ ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં યકારાદિ પ્રત્યય નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) **तद्धित इति किम् ?**

(A) **गीर्यति→**વાણીને ઈચ્છે છે.

गिरमीच्छतीति । अमाव्ययात्०૩.૪.૨૩ વિ.થી क्यन् વિ. પૂર્વ પ્રમાણે જાણવું.

(૨) **गीर्यते→**વાણીની જેમ આચરણ કરે છે.

गीः इव आचरतीति । क्यङ् ૩.૪.૨૬થી→गि+**य**

તે વિ. થતાં→गिर्+य+अ+ते

पदान्ते ૨.૧.૬૪થી દીર્ઘ→**गी**र्यते ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં યકારાદિ નામધાતુનો પ્રત્યય છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

વિશેષતા :

(૧) આ સૂત્ર भ्वादेर्ना०૨.૧.૬૩નું નિષેધ સૂત્ર છે.

(૨) અહીં ધ્યાનમાં લેવા યોગ્ય છે કે, આ સૂત્રો સ્વયં र्કારાન્ત અથવા र्કારાન્ત અંગવાળા જ ધાતુઓને વિષે પ્રવૃત્ત થાય છે. કારણ કે व्કારાન્ત ધાતુથી પર યકારાદિ તદ્ધિત પ્રત્યય આવે ત્યારે અનુનાસિકે०૪.૧.૧૦૮ સૂત્ર દ્વારા व्નો ऊ આદેશ થાય છે. તેથી व्કારાન્ત ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ સંભવતી જ નથી. પણ પૂર્વસૂત્રથી र् અને व् બન્નેનો અધિકાર ચાલતો હોવાથી અહીં પણ બન્નેનું ગ્રહણ કરેલ છે.

(૩) કેટલાંક વ્યાકરણકારો क्यन् અને क्यङ् પ્રત્યય પર છતાં પણ દીર્ઘત્વનો નિષેધ ઈચ્છે છે. તેથી તેમના મતે गिर्यति/गिर्यते વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

कुरुच्छुरः २/१/६६

अ.अ.सू. : भ्वादेः कुरुच्छुरः धातोः नामिनः वोः दीर्घः न ।

अर्थ : उ विकरणवाळा भ्वादि એवा कृ धातु अने छुर् धातुनो नामी स्वर र् પર છતાં દીર્ઘ થતો નથી.

स. : **कुरुच्छुरः**→कुरुश्च छुर् च इति कुरुच्छुर्, तस्येति ।

ઉદા. (૧) कुर्यात्→તે કરે. (डुकृंग् करणे-८८८)
सप्तमी०૩.૩.૭થી यात्→कृ+**यात्**
कृग्-तनादे०૩.૪.८૩થી उ→कृ+**उ**+यात्
नामिनो०૪.૩.૧થી गुण→**कर्**+उ+यात्
अतः शित्युत् ૪.૨.८९થી उ→**कुर्**+उ+यात्
कृगो यि०૪.૨.८८થી उनो लोप→कुर्यात् ।

(૨) छुर्यात्→તે છેદે. (छुरत् छेदने-૧૪૫९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. कुर्वित्युकार इति किम् ? कूर्यात्→તે અવાજ કરે.
(कुरत् शब्दे-૧૩९૧) आशीः०૩.૩.૧૩થી→कुर्+**क्यात्**
भ्वादेर्नामिनो०૨.૧.૬૩થી દીર્ઘ→**कू**र्यात् ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ उ વિકરણવાળા कृ ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં कुर् ધાતુ છે. જેને उ વિકરણની પ્રાપ્તિ નથી માટે આ સૂત્રથી દીર્ઘત્વનો નિષેધ થયો નથી.

તે જ પ્રમાણે, कृणाति હિંસાર્થક कृ ધાતુનાં પ્રયોગમાં રેફનો જ અભાવ હોવાથી તેનું અહીં ગ્રહણ થશે નહીં.

વિશેષતા :

(૧) કેટલાંક વ્યાકરણકાર कुरत् ધાતુથી પણ દીર્ઘત્વનો નિષેધ ઈચ્છે છે. તેથી તેમના મતે कुरत् ધાતુનાં कुर्यात् વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) પૂર્વે ૨.૧.૫૬માં જણાવ્યા મુજબ રિ+અતુસ્ સ્થાને **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** ૧/૨૦ યોઽનેક૦૨.૧.૫૬થી થતો યત્વ અસત્ મનાતાં વ્યંજન પરમાં આવતાં શ્વાદે૦૨.૧.૬૩થી જ દીર્ઘત્વની પ્રાપ્તિ નથી. પરંતુ આ નિષેધ સૂત્રનાં કારણે દીર્ઘનો નિષેધ થતો નથી.

मो नो म्वोश्च ૨/૧/૬૭

અ.અ.સૂ. : श्वादेः धातोः मः म्वोः पदान्ते च नः ।

અર્થ : મ્કારાન્ત શ્વાદિ ધાતુનાં મ્નો પદાન્તમાં અને મ્ કે વ્થી શરૂ થતાં પ્રત્યય પર છતાં ન્ આદેશ થાય છે.

સ. : **म्वोः**→म् च व् च इति म्वौ, तयोरिति ।

ઉદા. (૧) **प्रशान्**→શાંતિવાળો. प्रशाम्यतीति क्विप्
क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→प्र+शम्+०
अहन्-पञ्चम०૪.૧.૧૦૭થી शाम्→प्र+**शाम्**
પ્રથમા સિ વિ.→प्रशाम्
तदन्तं०૧.૧.૨૦થી प्रशाम्ને **પદસંજ્ઞા.**
તેથી આ સૂત્રથી પદાન્ત મ્નો ન્→**प्रशान्** ।

(૨) **प्रशान्भ्याम्**→શાંતિવાળા બે વડે. प्र+शाम्+भ्याम्
नाम सिदय्०૧.૧.૨૧થી प्रशाम्ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી મ્નો ન્→प्रशान्भ्याम् ।

(૩) **जङ्गन्मि**→હું કુટિલ રીતે ગમન કરું છું.
कुटिलं गच्छतीति । (गम्लृं गतौ-૩૯૬)
गत्यर्थात्०૩.૪.૧૧થી यङ्→गम्+**य**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**ग**गम्+य
गहोर्जः ૪.૧.૪૦થી ગ્નો જ્→**ज**गम्+य

मुरतोऽनुना०४.१.५१थी मु आगम→**जम्**गम्+य
म्नां धुड्वर्गे०१.३.३९थी म्नो ङ्→जङ्गम्+य
बहुलं०३.४.१४थी यनो लोप→जङ्गम्
वर्त्तमाना०३.३.६थी मिव्→जङ्गम्+**मि**
आ सूत्रथी म्नो न्→जङ्गन्मि ।

(४) **जङ्गन्वः**→અમે બે કુટિલ રીતે જઈએ છીએ.
સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ મિવ્ને સ્થાને વસ્ પ્રત્યય કરવો.

વિશેષતા :

(૧) અહીં સૂત્ર નિર્દિષ્ટ ચકારથી મ્-વ્થી શરૂ થતાં પ્રત્યયની સાથે પૂર્વસૂત્રથી આવતી 'पदान्ते'ની અનુવૃત્તિનો માત્ર સમુચ્ચય કર્યો છે. અન્યથા **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે પદાન્તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં ગ્રહણ થશે નહીં.

(૨) યદ્યપિ પ્રશાન્મા રાજન્ પ્રમાણે નામ્નો નો०૨.૧.૯૧થી ન્નાં લોપની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રની અપેક્ષાએ ૨.૧.૯૧ પર વિધિનું સૂત્ર છે. માટે આ સૂત્રથી થતો મ્નો ન્ અસત્ મનાય છે. તેથી ન્ તે મ્ સ્વરૂપે મનાતાં નામ્નોऽ०૨.૧.૯૧થી ન્નો લોપ થતો નથી.

स्त्रंस्-ध्वंस्-क्वस्सनडुहो दः २/१/९८

અ.અ.સૂ. : स्त्रंस्-ध्वंस्-क्वस्सनडुहः पदान्ते दः ।

અર્થ : સ્ત્રંસ, ધ્વંસ્, સ્કારાન્ત ક્વસ્ પ્રત્યયાન્ત અને અનડુહ્ નામનાં અન્ત્ય વર્ણનો પદાન્તે દ્ થાય છે.

સ. : **स्त्रंस्-ध्वंस्-क्वस्सनडुहः**→स्त्रंस् च ध्वंस् च क्वस् च अनड्वांश्च इति स्त्रंस्-ध्वंस्-क्वस्सनडुह्, तस्येति ।

ઉદા. (૧) **उखास्रद्→**તપેલીથી ટપકનાર પદાર્થ.
उखेन स्रस्यते/उखया स्रंसते इति क्विप् (स्रसूङ् अवस्रंसने-२५३) क्विप् ५.१.१४८थी क्विप्→उखेन+स्रंस्+**०**
ङस्युक्तं०३.१.४९ वि.थी समास वि.→उखस्रंस्+०
घञुपसर्गस्य०३.२.८६थी उखनुं उखा→**उखा**स्रंस्+०
प्रथमा सि→उखास्रंस्+०+**सि**
क्विबन्ता० २/४८ न्यायानुसारे,
नो व्यञ्जन०४.२.४५थी न् (अनुस्वार)नो लोप→
उखास्रस्+स्
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→उखास्रस्
तदन्तं०१.१.२०थी उखास्रस्ने **पदसंज्ञा.**
आ सूत्रथी स्नो द्→उखास्रद् ।

(૨) **पर्णध्वद्→**પાંદડાંને કાપનાર. (ध्वंसूङ् गतौ०-९५४)
पर्णानि ध्वंसते इति क्विप् । साधनिका पूर्व प्रमाणे जाणवी.

(૩) **विद्वत् कुलम्→**વિદ્વાન કુળ.
वेत्तीति (विदक् ज्ञाने-१०९९)
वाः वेत्ते०५.२.२२थी क्वसु→विद्+व**स्**+सि
अनतो०१.४.५९थी सिनो लोप→विद्वस्
तदन्तं०१.१.२०थी विद्वस्ने **पदसंज्ञा**
आ सूत्रथी स्नो द्→विद्वद्
अघोषे प्रथमो०१.३.५०थी द्नो त्→विद्वत् ।

(૪) **स्वनडुद्→**સારા બળદવાળું કુળ. शोभना अनड्वाहो यत्रेति ।
एकार्थं०३.१.२२ वि.थी समास वि.→सु+अनडुह्
इवर्णादे०१.२.२१थी उनो व्→**स्व**नडुह्
प्रथमा सि वि. पूर्व प्रमाणे जाणवुं.

પ્ર.ઉદા. **क्वस्सीति किम् ? द्विसकारपाठादिह मा भूत् ।**

विद्वान्→વિદ્વાન. વેત્તીતિ

પૂર્વ પ્રમાણે વિદ્વસ્+સિ

પું-સ્ત્રિયો:૦૧.૧.૨૯થી સિને **ધુટ્સંજ્ઞા.**

ઋદુદિત: ૧.૪.૭૦થી ન્ આગમ→વિદ્વન્સ્+સ્

ન્સ્મહતો: ૧.૪.૮૬થી દીર્ઘ→**વિદ્વાન્સ્**+સ્

દીર્ઘડ્યાબ્૦૧.૪.૪૫ વિ.થી સિ વિ.નો લોપ→વિદ્વાન્ ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્કારાદિ ક્વસ્નાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં ક્વસ્નાં સ્નો લોપ થયો છે. માટે આ સૂત્રથી દ્ થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્ર સ્રંસ્-ધ્વંસ્ની અપેક્ષાએ સો રુ: ૨.૧.૭૨ અને અનડુહની અપેક્ષાએ હો ધુટ્૦૨.૧.૮૨નું અપવાદ સૂત્ર છે.

(૨) અહીં સ્વનડુદ્ આવો પ્રયોગ દર્શાવેલ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં જણાય છે.

(૩) **આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च'નાં અધિકારનું ફળ :**

विद्वज्जनः→વિદ્વાન્ ચ જનશ્ચ ઇતિ ।

વિશેષણં૦૩.૧.૯૬ વિ.થી સમાસ વિ.→વિદ્વસ્+જન

અન્તવર્ત્તિ વિભક્તિની અપેક્ષાએ વિદ્વસ્ને **પદસંજ્ઞા.**

આ સૂત્રથી સ્નો દ્→વિદ્વદ્+જન

તવર્ગસ્ય૦૧.૩.૬૦થી દ્નો જ્→**વિદ્વજ્જન**

પ્રથમા સિ વિ.→વિદ્વજ્જનઃ ।

ઉપરોક્ત સાધનિકામાં પદાન્તે રહેલા જ્નો चજ:૦૨.૧.૮૬થી ગ્ થવાની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રની અપેક્ષાએ ચ-જ:૦

૨.૧.૮૬ પરવિધિનું સૂત્ર હોવાથી આ સૂત્રથી થયેલ દ્ અસત્ મનાતાં તેનાં સ્થાને થયેલ જ્ પણ અસત્ મનાય છે. માટે આ સૂત્રથી જ્નો ગ્ થતો નથી.

જિ. : અહીં સૂત્રમાં 'क्वस्स' એ પ્રમાણે પ્રયોગમાં ન જણાતા ककारનું ગ્રહણ શા માટે કર્યું છે ?

સમા. : જો અહીં ककનું ગ્રહણ ન કરવામાં આવે તો માત્ર वस्નાં વિધાનથી અને **साहचर्यात्० ૨/૬** ન્યાયાનુસારે वसिक्-૧૧૧૭ એ પ્રમાણે वस् ધાતુરૂપ પ્રકૃતિનું તથા वस् ધાતુનાં यङ्लुबन्तમાંના ભ્વ.ત્રી.પુ.એ.વ.માં થતું अवावस्स રૂપ ગ્રહણ થવાની આપત્તિ આવે. તેવું ન થાય માટે અહીં ककારનું ગ્રહણ છે.

જિ. : આ સૂત્રથી सि પ્રત્યય પર છતાં अनड्वान्નાં અન્ત્ય ન્નો દ્ કેમ ન થયો ?

સમા. : જો સૂત્રકારશ્રીને દ્ આદેશ જ ઈષ્ટ હોય તો ન્ આગમને બદલે દ્ આગમ જ કરે તેથી અહીં ન્ આગમનાં સામર્થ્યથી જ દ્ આદેશ થતો નથી.

ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्-दधृषुष्णिहो गः २/१/६९

અ.અ.સૂ. : **ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्-दधृषुष्णिहः पदान्ते गः ।**

અર્થ : ऋत्विज्, दिश्, दृश्, स्पृश्, स्रज्, दधृष् અને उष्णिह् શબ્દનાં અન્ત્યવર્ણનો પદાન્તે ગ્ આદેશ થાય છે.

સ. : **ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्-दधृषुष्णिहः→**ऋत्विज् च दिश् च दृश् च स्पृश् च स्रज् च दधृष् च उष्णिह् च इति ऋत्विज्दिशदृश्स्पृश्स्रज्दधुषुष्णिह्, तस्येति ।

ઉદા. (૧) **ऋत्विग्→**ઋતુની પૂજા કરનાર.
ऋतुं यजते इति क्विप्. (यजीं देवपूजा०-९९१)
क्विप् ५.१.१४८थी क्विप्→ऋतुं+यज्+**०**
यजादि-वचेः०४.१.७९थी य्नो इ→ऋतुं+**इ**ज्
ङस्युक्तं०३.१.४९ वि.थी समास वि.→ऋत्विज्
प्रथमा सि→ऋत्विज्+**स्**
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→ऋत्विज्
तदन्तं०१.१.२०थी ऋत्विज्ने **पदसंज्ञा.**
आ सूत्रथी ज्नो ग्→**ऋत्विग्** ।

(૨) **दिग्→**દિશા. दिश्यते इति क्विप् (दिशींत् अतिसर्जने-१३१८)

(૩) **दृग्→**જોનાર. पश्यतीति क्विप् (दृशृं प्रेक्षणे-४९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ दिग्માં क्रुत्०५.३.११४थी અને दृग्માં भ्यादि०५.३.११५थी क्विप् પ્રત્યય કરવો.

(૪) **अन्यादृग्→**બીજા જેવો દેખાતો. अन्यः इव दृश्यते इति । २.१.४५માં દર્શાવેલ अमूदृशः પ્રમાણે अन्यादृश्+सि કરવો. આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૫) **घृतस्पृग्→**ઘીને સ્પર્શ કરનાર.
घृतं स्पृशतीति क्विप् (स्पृशंत् संस्पर्शे-१४१२)
સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ स्पृशोऽनु० ५.१.१४९थी क्विप् કરવો.

(૬) **स्त्रग्→**માળા. स्रज्+सि

(૭) **दधृग्→**તિરસ્કાર કરનાર. दधृष्+सि

(૮) **उष्णिग्**→પાઘડી. उष्णिह्+सि

ઉપરોક્ત ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રનાં વિધાન સામર્થ્યથી दधृष्मां धृष्+० અવસ્થામાં દ્વિત્વ થઈ द् થયેલ છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે. તેથી अतिऋत्विग् જેવા પ્રયોગો થવા જોઈએ.

જિ. : સૂત્રનિર્દિષ્ટ ऋत्विज् વિ. શબ્દોમાં અન્ત્યવર્ણનો ग् કરવાનું વિધાન છે તો તે જ શબ્દોને સૂત્રમાં જ ग् અન્તવાળા નિપાતન કેમ ન દર્શાવ્યા ?

સમા. : અહીં ગ્રંથકારશ્રીને માત્ર પદાન્તમાં જ અન્ત્યવર્ણનો ग् આદેશ ઈષ્ટ છે. જો સૂત્રમાં જ ग् અન્તવાળા નિપાતન દર્શાવવામાં આવે તો અપદાન્તમાં પણ गकારાન્ત શબ્દને સ્યાદિ પ્રત્યય લાગવાથી ऋत्विजौ વિ.નાં સ્થાને ऋत्विगौ પ્રયોગો થવાની આપત્તિ આવે.

नशो वा २/१/७०

અ.અ.સૂ. : नशः पदान्ते गः वा ।

અર્થ : नश्નાં અન્ત્યવર્ણનો પદાન્તે ग् વિકલ્પે થાય છે.

ઉદા. जीवनग्/जीवनड्→જીવનો નાશ.

जीवस्य नशनमिति (नशौच् अदर्शने-१२०२)

भ्यादिभ्यो०५.३.११५थી क्विप्→जीव+नश्+०

ङस्युक्तं०३.१.४९ વિ.થી સમાસ વિ.→जीवनश्+०

પ્રથમા સિ→जीवनश्+**स्**

दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→जीवनश्
तदन्तं०१.१.२०थी जीवनश्ने **पदसंज्ञा.**
आ सूत्रथी श्नो ग्→जीवन**ग्**
विकल्पे : જ્યારે ग् न थाय त्यारे, जीवनश्
यज-सृज०२.१.८७थी ष्→जीवन**ष्**
धृटस्तृतीयः २.१.७६थी ष्नो ड्→जीवन**ड्** ।

विशेषता :

(१) અહીં જ્યારે ग् थाय त्यारे, विरामे वा १.३.५१ सूत्रथी जीवनक्/ग् अने ग् न थाय त्यारे जीवनट्/ड् એ प्रमाणे चार प्रयोगो थाय छे.

(२) આ सूत्रनी प्रवृत्ति उभयसंबंधी प्रयोगमां संभवित જણાય છે. तेथी अतिजीवनग् वि. प्रयोगो पण संभवी शके छे.

युजञ्च-क्रुञ्चो नो ङः २/१/७१

अ.अ.सू. : युजञ्च-क्रुञ्चः नः पदान्ते ङः ।

अर्थ : युज्, अञ्च् अने क्रुञ्च्नो न्नो पदान्ते ङ् थाय छे.

स. : **युजञ्चक्रुञ्चः**→युज् च अञ्च् च क्रुञ्च् च इति युजञ्च-क्रुञ्च्, तस्येति ।

उदा. (१) युङ्→જોડવાવાળો. युनक्तीति क्विप् (युजृंपी योगे-१४७६)
क्विप् ५.१.१४८थी क्विप्→युज्+०+सि
पुं-स्त्रियोः०१.१.२९थी सिने **धुट्संज्ञा.**
युञ्रोऽ०१.४.७१थी न् आगम→युन्ज्+स्
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→युन्ज्
तदन्तं०१.१.२०थी युन्ज्ने **पदसंज्ञा.**

पदस्य २.१.८९थी ज्नो लोप→युन्
आ सूत्रथी न्नो ङ्→युङ् ।

(२) **प्राङ्→**पूर्व दिशा संबंधी.
साधनिका १.४.६९ प्रमाणे जाणवी.

(३) **क्रुङ्→**બગલો, हंस. क्रुञ्च्+सि
पूर्व प्रमाणे सि अने च्नो लोप वि.→क्रुञ्
निमित्ताभावे नैमित्तिकस्याप्यभावः १/२९ न्यायानुसारे,
च्नां कारणे थयेल ञ्नो न्→क्रुन्
आ सूत्रथी न्नो ङ्→क्रुङ् ।

विशेषता :

(१) 'क्रुञ्चः' એ प्रमाणे प्रयोगमां नो व्यञ्जन०४.२.४५थी न्नां लोपनी प्राप्ति हती पण आ सूत्रमां 'क्रुञ्च्' એ प्रमाणे धातुनो निर्देश कर्यो होवाथी तथा न्नुं ज कार्य करेल होवाथी आ सूत्रथी न्नो लोपनो बाध थाय छे.

(२) पूर्वे १.४.६९ सूत्रमां अतिप्राङ् वि. प्रयोगो दर्शाव्या होवाथी आ सूत्रनी प्रवृत्ति उभयसंबंधी प्रयोगमां जणाय छे.

जि. : अहीं सूत्रमां षष्ठ्यान्त्य०७.४.१०६ परिभाषाथी युज् वि. शब्दनां अन्त्य न्नो ज ङ् थवानी प्राप्ति हती तेम छतां 'नो ङः' એ प्रमाणे स्थानी 'न्'नो निर्देश केम कर्यो ?

समा. : अहीं दिवादि गणनां युज् धातुनां पण अन्त्य वर्णनो ङ् थईने 'युङ्' એ प्रमाणे तथा सूत्रमां न् नां ग्रहणनां अभावथी अपदान्ते रहेल क्रुञ्च्नां न् नो नो व्यञ्जन० ४.२.४५थी लोप थतां क्रुचौ, क्रुचः એ प्रमाणे अनिष्ट प्रयोग थवानी आपत्ति आवे. तेनुं वारण करवा सूत्रमां स्थानी न्नो निर्देश करेल छे.

જિ. : આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च' નો અધિકાર આવે છે તો નામ્નો નો०૨.૧.૯૧થી પરવિધિરૂપ ન્નાં લોપ માટે આ સૂત્રથી થયેલ ङ् असत् મનાતાં ન્નો લોપ કેમ થયો નહીં ?

સમા. : જો તે પ્રમાણે લોપ કરવામાં આવે તો આ સૂત્રની રચના નિરર્થક જાય. માટે આ સૂત્ર રચનાનાં સામર્થ્યથી જ ન્નાં લોપ માટે ङ् असत् મનાશે નહીં.

सो रुः २/१/७२

અ.અ.સૂ. : पदान्ते सः रुः ।

અર્થ : પદાન્તે રહેલાં સ્નો રુ થાય છે.

ઉદા. (૧) आशीः→શુભેચ્છા. आशासनमिति क्विप्
(शासूकि इच्छा०१११८) क्विप् ५.१.१४८થી क्विप्→
आ+शास्+०
क्विबन्ता० २/४८ ન્યાયાનુસારે,
आङः०४.४.१२०થી आस्નો इस्→आ+शि**स्**+०
गतिक्वन्य०૩.૧.૪૨ વિ.થી સમાસ વિ.→आशिस्
પ્રથમા सि→आशिस्+**स्**
दीर्घङ्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→आशिस्
तदन्तं०૧.૧.૨૦થી आशिस्ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી સ્નો રુ→आशि**र्**
पदान्ते २.१.६४થી इ દીર્ઘ→आ**शीर्**
रःपदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→आशीः ।

(૨) **वायुः**→પવન. वायु+सि સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : અહીં કાર્ય તરીકે માત્ર ર્નો નિર્દેશ ન કરતાં ઉ સહિતનાં રુનો નિર્દેશ કેમ કર્યો ?

સમા. : અહીં માત્ર ર્નો નિર્દેશ ન કરતાં લાક્ષણિક રુનો નિર્દેશ કરવાની અરોઃ સુપિ૦૧.૩.૫૭ વિ. નિષેધ સૂત્રમાં તથા ઘોષવતિ ૧.૩.૧૯ વિ. વિધિ સૂત્રમાં રુ પદનાં નિર્દેશ દ્વારા આ સૂત્રનાં વિષય તરીકે બતાવેલ લાક્ષણિક રુનું જ ગ્રહણ થશે. અન્યથા તે-તે સૂત્રની પ્રવૃત્તિ સ્વાભાવિક ર્નાં વિષયમાં થવાની પણ આપત્તિ આવે.

જિ. : ઉખાસ્રદ્ વિ. પ્રયોગમાં ઉખાસ્રંસ્ અવસ્થામાં આ સૂત્રથી રુની પ્રાપ્તિ છે. તથા સ્રંસ્-ધ્વંસ્૦ ૨.૧.૬૮ પૂર્વ સૂત્ર હોવાથી આ સૂત્ર બળવાન છે. તો આ સૂત્રની પ્રવૃત્તિ ન કરતાં સ્રંસ્૦૨.૧.૬૯ની પ્રવૃત્તિ શા માટે કરી ?

સમા. : આ સૂત્ર દ્વારા પ્રાપ્ત રુ વિધિમાં સ્રંસ્-ધ્વંસ્૦૨.૧.૬૮ દ્વારા દ્નો કાર્ય પ્રારંભ કરાય છે. તેથી **येन नाप्राप्ते यो विधिरारभ्यते सो तस्यैव बाधकः** ૧/૪૩ ન્યાયાનુસારે આ સૂત્રનો બાધ થઈ સ્રંસ્-ધ્વંસ્૦૨.૧.૬૮ દ્વારા દ્ની જ પ્રવૃત્તિ થાય છે.

सजुषः ૨/૧/૭૩

અ.અ.સૂ. : पदान्ते सजुषः रुः ।

અર્થ : પદાન્તે રહેલાં સજુષ્નાં ષ્નો રુ થાય છે.

ઉદા. (૧) सजूः→સેવક. સજુષ્+સિ
દીર્ઘડ્યાબ્૦૧.૪.૪૫થી સિનો લોપ→સજુષ્
તદન્તં૦૧.૧.૨૦થી **પદસંજ્ઞા.**

આ સૂત્રથી ष्નો રુ→सजुर्
पदान्ते २.१.६४थी દીર્ઘ→**सजूः**
रःपदान्ते०१.३.५३थी વિસર્ગ→सजूः ।

(२) **सजूर्वत्→**સેવકની જેમ. सजुः इव ।
स्यादेरिवे ७.१.५२थी वत्→सजुष्+**वत्**
नाम सिदय्०१.१.२१थी सजुष्ने **पदसंज्ञा.**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) આ સૂત્ર धुटस्तृतीयः २.१.७६નું અપવાદ સૂત્ર છે.

(२) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે. તેથી अतिसजूः આવા પ્રયોગો પણ સંભવે છે.

अह्नः २/१/७४

અ.અ.સૂ. : पदान्ते अह्नः रुः ।

અર્થ : પદાન્તે રહેલાં अहन्નાં न्નો રુ થાય છે.

ઉદા. (१) हे दीर्घाहो निदाघः→હે લાંબા દિવસવાળી ગ્રીષ્મઋતુ !
दीर्घाणि अहानि यस्मिन् स इति ।
एकार्थं०३.१.२२ वि.थी સમાસ वि.→दीर्घाहन्+सि
दीर्घङ्याब्०१.४.४५थी सिનો લોપ→दीर्घाहन्
तदन्तं०१.१.२०थी दीर्+घाहन्ने **पदसंज्ञा.**
આ સૂત્રથી न्નો રુ→दीर्घाहर्
હવે, दीर्घाहर्+निदाघः સ્થાને,
घोषवति १.३.२१थी र्નો उ→दीर्घाहउ+निदाघः
अवर्णस्ये०१.२.६थी अ+उ=भो→दीर्घाह**ो** निदाघः ।

(૨) **दीर्घाह्ना निदाघः**→લાંબા દિવસવાળી ગ્રીષ્મઋતુ.
પૂર્વ પ્રમાણે दीर्घाहर्+निदाघः
અહીં પું-સ્ત્રિયોઃ૦૧.૧.૨૯થી સિને ઘુટ્સંજ્ઞા. હોવાથી અને આ સૂત્રથી થયેલ ર્ સ્યાદિવિધિમાં અસત્ થતાં,
નિ दीर्घः ૧.૪.૮૫થી દીર્ઘ→**दीर्घाहार्**+निदाघः
અવર્ણભો૦૧.૩.૨૨થી ર્નો લોપ અને અસંધિ→दीर्घाह्ना निदाघः ।

વિશેષતા :

(૧) અહીં दीर्घाहः પ્રયોગ દર્શાવેલ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં જણાય છે.

(૨) **આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च'નાં અધિકારનું ફળ :**

(a) સ્યાદિવિધિ : दीर्घाह्ना निदाघः પ્રયોગની સાધનિકામાં નિ दीर्घः ૧.૪.૮૫ સૂત્ર દ્વારા दीर्घाहरુમાં ર્ની પૂર્વનો સ્વર દીર્ઘ કર્યો છે. પરંતુ નિ दीर्घः ૧.૪.૮૫થી ન્ની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. વસ્તુતઃ અહીં નિ दीर्घः ૧.૪.૮૫ પૂર્વની સ્યાદિવિધિનું સૂત્ર હોવાથી એની પ્રવૃત્તિમાં આ સૂત્રથી થયેલ ર્ અસત્ થાય છે. તેથી ર્ તે ન્ સ્વરૂપે મનાતાં પૂર્વનો સ્વર દીર્ઘ થઈ શકે છે.

(b) પરવિધિ : दीर्घाहन्+सि સ્થાને આ સૂત્રની થયેલ ર્ નામ્નો૦ ૨.૧.૯૧ સ્વરૂપ પરવિધિમાં અસત્ મનાતાં ન્નાં લોપની પ્રાપ્તિ હતી. માટે તે સૂત્રમાં 'अनहनः' પદનું ગ્રહણ કરેલ છે.

જિ. : સૂત્રમાં हन् ધાતુનાં દ્વ.ત્રી.પુ.એ.વ.નાં अहन् પ્રયોગનાં અનુકરણ સ્વરૂપે ષ.એ.વ.નું રૂપ ગ્રહણ કર્યું હોય તેવું કેમ ન વિચારી શકાય ?

સમા. : હન્ ધાતુનું અહન્ રૂપ લાક્ષણિક છે. જ્યારે દિવસ અર્થવાળો અહન્ શબ્દ સ્વાભાવિક હોવાથી પ્રતિપદોક્ત છે. તેથી **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५** ન્યાયાનુસારે હન્ ધાતુનાં રૂપનું ગ્રહણ ન કરતાં અહન્ શબ્દનું ગ્રહણ થાય છે.

रो लुप्यरि २/१/७५

અ.અ.સૂ. : अरि पदान्ते अहनः रः, लुपि ।

અર્થ : ર્ સિવાયનો વર્ણ પર છતાં પદાન્તે રહેલાં અહન્નાં ન્નો ર્ થાય છે. જો પ્રત્યયનો લોપ થયો હોય તો.

સ. : **अरि→**न र् इति अर्, तस्मिन्निति ।

ઉદા. (૧) अहरधीते→તે દિવસે ભણે છે. અહન્+અમ્+અધીતે
અનતો૦૧.૪.૫૯થી અમ્નો લોપ→અહન્+અધીતે
તદન્તં૦૧.૧.૨૦થી અહન્ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી ન્નો ર્→અહ**ર**ધીતે ।

(૨) **अहर्दत्ते→**તે આખો દિવસ આપે છે. અહન્+અમ્+દત્તે ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) लुपीति किम् ? हे दीर्घाहोऽत्र!→હે લાંબા દિવસવાળા ! અહીં.
પૂર્વ સૂત્ર પ્રમાણે→દીર્ઘાહર્+અત્ર
અતોઽતિ૦૧.૩.૨૦થી ર્નો ઉ→દીર્ઘાહ**ઉ**+અત્ર
અવર્ણસ્યે૦૧.૨.૬થી ઓ→દીર્ઘાહ**ો**+અત્ર
એદોતઃ૦૧.૨.૨૮થી અનો લોપ→દીર્ઘાહોઽત્ર ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રત્યયનો લુપ્ નિર્દિષ્ટ લોપ થયે છતે થાય છે. જ્યારે અહીં લુક્ નિર્દિષ્ટ લોપ થયેલ છે. માટે અહીં આ સૂત્રથી ન્નો ર્ થયો નહીં.

(૨) **अरीति किम् ? अहोरुपम्→**દિવસનું સ્વરૂપ.

अहन: रुपमिति । षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→अहन्+रुप

પૂર્વ પ્રમાણે ન્નો રુ વિ. યથાયોગ્ય જાણી લેવું.

★ આ સૂત્રમાં ર્ પર છતાં કાર્ય થતું નથી. માટે અહીં આ સૂત્રથી ન્નો ર્ થયો નથી. અન્યથા રો રે૦૧.૩.૪૧થી अहारुपम् આવું અનિષ્ટ રૂપ થાત.

વિશેષતા :

(૧) કેટલાંક અન્ય વ્યાકરણકાર માત્ર રાત્રિ, રુપ અને રથન્તર શબ્દ પર છતાં જ આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ ઈચ્છે છે.

(૨) પૂર્વ સૂત્રની જેમ આ સૂત્રની પ્રવૃત્તિ પણ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે.

घुटस्तृतीयः ૨/૧/૭૬

અ.અ.સૂ. : पदान्ते धुटः तृतीयः ।

અર્થ : પદાન્તે રહેલા ધુટ્વ્યંજનનો ત્રીજો અક્ષર થાય છે.

ઉદા. (૧) वाग्→વાણી. वाच्+सि

दीर्घङ्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→वाच्

तदन्तं०૧.૧.૨૦થી वाच्ને **પદસંજ્ઞા.**

चजः०૨.૧.૮૬થી च्નો क्→**वाक्**

આ સૂત્રથી क्નો ग्→**वाग्** ।

(૨) **अज्भिः→**સ્વર વડે. अच्+भिस्
નામ સિદય્૦૧.૧.૨૧થી अच्ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી च्નો ज्→अज्भिस्
પદસંજ્ઞા વિ.→अज्भिः ।

વિશેષતા :

(૧) યદ્યપિ षष्ठः પ્રયોગમાં વ્યંજનાદિ પ્રત્યય પર છતાં षष्નો મૂર્ધન્ય ष् પદાન્તે આવવાથી આ સૂત્રથી ड्ની પ્રાપ્તિ છે. પરંતુ षष्ठी वाऽ०२.२.१०८ વિ. સૂત્રમાં નિર્દેશ હોવાથી તે સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૨) શાકટાયન વિ. વ્યાકરણકારો दुःख શબ્દમાં વિસર્ગ અને જીહ્વામૂલીયનો પણ ग् માને છે. તેથી તેમના મતે दुग्भ्याम् વિ. પ્રયોગો પણ થાય છે.

(૩) **આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च'નાં અધિકારનું ફળ :**

तच्चारुः→तद्+अम्+चारु
અનતો૦૧.૪.૫૯થી अम्નો લોપ→तद्+चारु
આ સૂત્રથી પદાન્તે રહેલ દ્નો પુનઃ द्→**तद्**+चारु
અઘોષે૦૧.૩.૫૦થી દ્નો त्→**तत्**+चारु
તવર્ગસ્ય૦૧.૩.૬૦થી त्નો च्→**तच्**चारु

★ ઉપરોક્ત સાધનિકામાં **तच्**+चारुः સ્થાને પદાન્તે રહેલ च्નો क् કરવાની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રથી થયેલ द् असत् મનાતાં તેનાં સ્થાને થયેલ च् પણ च-जः૦૨.૧.૮૬ સ્વરૂપ પરવિધિ માટે असत् મનાતાં તેનો તે સૂત્રથી क् થશે નહીં.

જિ. : कर्+चरति વિ. સ્થાનોમાં चटते૦૧.૩.૬ લાગવાથી कश्+चरति વિ. સ્વરૂપો પ્રાપ્ત થાય છે. ત્યાં તાલવ્ય श् પદાન્તે

આવવાથી આ સૂત્રની પ્રવૃત્તિ સંભવિત છે. તેમ છતાં શ્નો જ્ ન કરતાં કञ्चरति વિ. પ્રયોગો શા માટે કરવામાં આવ્યા છે ?

સમા. : ચ-ટ-તે૦૧.૩.૬માં ર્નાં સ્થાને શ્, ષ્, સ્ રૂપે વિશેષ પ્રકૃતિનું વિધાન છે. તે વિધાન સામર્થ્યથી આવા સ્થાને આ સૂત્રનો બાધ થાય છે. અન્યથા चटते૦૧.૩.૬ સૂત્રમાં જ તૃતીય વ્યંજનનું વિધાન કરે.

જિ. : ઉપરોક્ત ઉદા.માં अच् શબ્દનું તૃતીયા બ.વ.નાં રૂપ अग्भिः એમ ન કરતાં 'अज्भिः' એ પ્રમાણે શા માટે કર્યું ?

સમા. : 'अच्'એ પ્રમાણે પાણિની વ્યાકરણગત સંજ્ઞાઓમાંની એક સંજ્ઞા છે. જે સ્વર માટે વપરાય છે. તેથી यज्-सृजः૦ ૨.૧.૮૭ની પ્રવૃત્તિ ન કરતાં अज्भिः પ્રયોગ થાય છે.

ग-ड-द-बा-देश्चतुर्थान्तस्यैकस्वरस्याऽदेश्चतुर्थः स्ध्वोश्च प्रत्यये ૨/૧/૭૭

અ.અ.સૂ. : पदान्ते स्ध्वोः च प्रत्यये ग-ड-द-बादेः चतुर्थान्तस्य एकस्वरस्य धातोः आदेः चतुर्थः ।

અર્થ : પદાન્તે અને સ્ તેમજ ધ્વથી શરૂ થતાં પ્રત્યય પર છતાં ગ્, ડ્, દ્ અને બ્ આદિમાં હોય અને ચોથો અક્ષર અંતે હોય તેવા એકસ્વરી ધાતુરૂપ અવયવનાં આદિ અક્ષરનો ચોથો અક્ષર થાય છે.

સ. : (૧) **ग-ड-द-बादेः→**गश्च डश्च दश्च बश्च इति गडदबाः, गडदबा आदिर्यस्याऽसौ इति गडदबादिः, तस्येति ।

(૨) **चतुर्थान्तस्य→**चतुर्थोऽन्ते यस्याऽसौ इति चतुर्थान्तः, तस्येति ।

(૩) **एकस्वरस्य**→एकः स्वरो यस्याऽसौ इति एकस्वरः, तस्येति ।

(૪) **स्थ्वोः**→स् च ध्व् च इति स्थ्वौ, तयोरिति ।

ઉદા. (૧) **पर्णघुट्**→પાંદડાને ઢાંકનાર.

पर्णानि गूहतीति क्विप् (गुहौग् संवरणे-૯૩૫)

क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→पर्ण+शस्+गुह्+०

ङस्युक्तं०૩.૧.૪૯ વિ.થી સમાસ વિ.→पर्णगुह्

પ્રથમા सि→पर्णगुह्+**सि**

दीर्घङ्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→पर्णगुह्

तदन्तं०૧.૧.૨૦થી पर्णगुह्ने **पदसंज्ञा.**

हो धुट्०૨.૧.૮૨થી હ્નો ढ्→पर्णगुढ्

આ સૂત્રથી ગ્નો घ्→पर्णघुढ्

धुटस्तृतीयः ૨.૧.૭૬થી ड्→पर्णघुड्

विरामे०૧.૩.૫૧થી ट्→पर्णघुट् ।

(૨) **तुण्ढप्**→મોટા પેટવાળાને કહેનાર. तुण्ढभमाचष्टे इति ।

णिज्बहुलं०૩.૪.૪૨થી णिच्→तुण्डभ+**इ**

त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩થી અનો લોપ→तुण्ढभि

तिव् वि. थतां→तुण्डभयति

तुण्डभयतीति क्विप्,

क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→तुण्डभि+०

णेरनिटि ૪.૩.૮૩થી णिनो लोप→तुण्डभ्

પ્રથમા सि→तुण्डभ्+स्

दीर्घङ्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→तुण्डभ्

तदन्तं०૧.૧.૨૦થી तुण्डभ्ने **पदसंज्ञा.**

આ સૂત્રથી ड्નો ढ्→तुण्ढभ्

धुटस्तृतीयः २.१.७६थी भ्नो ब्→तुण्ढि**ब्**
विरामे वा १.३.५१थी ब्नो प्→तुण्ढि**प्** ।

(૩) **गर्द्धप्**→ગધેડાને કહેનાર. गर्दभमाचष्टे इति क्विप्
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ र्हादर्ह० १.३.३१थी ध्नुं द्वित्व थयेल छे. अने तृतीयस्तृ० १.३.४९थी द् थयेल छे.

(૪) **धर्मभुत्**→ધર્મને જાણનાર. धर्म बुध्यते इति क्विप्
(बुधिं ज्ञाने-१२६२) આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૫) **निघोक्ष्यते**→તે સંતાડશે. (गुहौग् संवरणे-९३५)
આ ઉદા.ની સાધનિકા २.१.६२માં દર્શાવેલ છે. ત્યાંથી જાણી લેવી.

(૬) **न्यघूढ्वम्**→તમે છૂપાવ્યું.
अद्यतनी०३.३.११थी ध्वम्→नि+गुह्+**ध्वम्**
ह-शिटो नाम्यु०३.४.५५थी सक्→नि+गुह्+**स**+ध्वम्
हो धुट्०२.१.८२थी ह्नो ढ्→नि+गु**ढ्**+स+ध्वम्
दुह-दिह०४.३.७४थी सनो लोप→नि+गुढ्+ध्वम्
આ સૂત્રથી ग्नो घ्→नि+**घु**ढ्+ध्वम्
ढस्ताड्ढे १.३.४२थी ढ्नो लोप અને उ दीर्घ→
नि+**घू**ढ्वम्
अड्धातो०४.४.२९थी अट् आगम→नि+**अ**+घूढ्वम्
इवर्णादे०१.२.२१थी इनो य्→**न्य**घूढ्वम् ।

(૭) **धोक्ष्यते**→તે દોહશે. (दुहींक्-क्षरणे-११२७)
भविष्यन्ती०३.३.१५थी दुह्+**स्यते**

भ्वादेर्दादे०२.१.८३थी घ्→दुघ्+स्यते
लघोरुपा०४.३.४थी गुण→**दो**घ्+स्यते
आ सूत्रथी द्नो ध्→**धो**घ्+स्यते
अघोषे०१.३.५०थी घ्नो क्→धो**क्**+स्यते
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→धो**क्ष्**यते ।

(८) **अधुग्ध्वम्**→तमे બધાએ દોહ્યું.
अद्यतनी०३.३.११ वि.थी पूर्व प्रमाणे→अ+दुह्+स+ध्वम्
भ्वादेर्दादे०२.१.८३थी ह्नो घ्→अ+दुघ्+स+ध्वम्
आ सूत्रथी द्नो ध्→अधुघ्+ध्वम्
दुह-दिह०४.३.७४थी सनो लोप→अधुघ्+ध्वम्
तृतीयस्तृतीय०१.३.४९थी घ्नो ग्→अधु**ग्ध्वम्**

(९) **भोत्स्यते**→તે જાણશે. (बुधिं ज्ञाने-१२६२)
भविष्यन्ती०३.३.१५ वि.थी स्यते वि.→बोध्+स्यते
आ सूत्रथी ब्नो भ्→**भो**ध्+स्यते
अघोषे प्रथमो०१.३.५०थी ध्नो त्→भोत्स्यते ।

(१०) **अभुद्ध्वम्**→तमे બધાએ જાણ્યું.
अद्यतनी०३.३.११थी ध्वम्→बुध्+**ध्वम्**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→बुध्+**स्**+ध्वम्
सो धि०४.३.७२थी स्नो लोप→बुध्+ध्वम्
आ सूत्रथी ब्नो भ्→**भु**ध्+ध्वम्
तृतीयस्तृतीय०१.३.४९थी द्→भु**द्**+ध्वम्
अड्धातो०४.४.२९थी अट्→**अ**भुद्ध्वम् ।

प्र.ઉદા. (१) **ग-ड-द-बादेरिति किम् ? अजञ्जप्**→વારંવાર મૈથુન સેવ્યું. निन्दितं जभतीति (जभ मैथुने-३७९)

गृ-लुप०३.४.१२थी यङ्→जभ्+**य**
सन्यङ्०४.१.३थी द्वित्व→**ज**जभ्+य
जप-जभ०४.१.५२थी म् आगम→ज**म्**जभ्+य
ह्यस्तनी०३.३.९थी सिव्→जम्जभ्+य+**सि**
तौ मु-मो०१.३.१४थी म्नो ञ्→जञ्जभ्+य+सि
बहुलं०३.४.१४थी च्नो लोप→जञ्जभ्+सि
सेः सद्धां०४.३.७९थी सिनो लोप→जञ्जभ्
अड्धातो०४.४.२९थी अट् आगम→**अ**जञ्जभ्
तदन्तं०१.१.२०थी अजञ्जभ्ने **पदसंज्ञा.**
धुटस्तृतीयः २.१.७६थी ब्→अजञ्ज**ब्**
विरामे वा १.३.५१थी प्→अजञ्ज**प्** ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગ્ વિ. આદિમાં હોય તેવા ધાતુથી થાય છે. જ્યારે અહીં જ્ આદિવાળો ધાતુ છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) **एकस्वरस्येति किम् ? दामलिट्**→માળાને ચાટનારને ઈચ્છનાર.

दामलिहमिच्छतीति क्विप्
क्विप् ५.१.१४८थी क्विप्→दामलिह्+०+सि
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→दामलिह्
तदन्तं०१.१.२०थी दामलिह्ने **पदसंज्ञा.**
हो धुट्०२.१.८२थी ह्नो ढ्→दामलि**ढ्**
धुटस्तृतीयः २.१.७६थी ढ्नो ड्→दामलि**ड्**
विरामे वा १.३.५१थी ड्नो ट्→दामलि**ट्**

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકસ્વરી ધાતુથી થાય છે. જ્યારે અહીં दामलिह् ધાતુ અનેકસ્વરી છે માટે આ સૂત્રથી આદિ દ્નો ધ્ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં કહેવાયેલ નિમિત્તમાંનો ધ્વ આદિ પ્રત્યય માત્ર ધાતુ સંબંધી પ્રાપ્ત થાય છે. તેથી **साहचर्यात्० २/६** ન્યાયાનુસારે તેનાં સહચારી સ્ આદિ પ્રત્યય તથા પદાન્ત પણ ધાતુ સંબંધી જ ગ્રહણ કરવો.

(૨) અહીં પદાન્ત માત્ર ધાતુ સંબંધી જ લેવો તે જણાવવા દ્વારા તાત્પર્ય એ છે કે, યદ્યપિ સૂત્રમાં 'धातोः'નું ગ્રહણ નથી તો પણ સૂત્રગત તમામ શરતો પૂર્ણ થતી હોવા છતાં પણ જો કોઈ ધાતુ સિવાયનો શબ્દ હોય તો ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

(૩) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસગત ગ, ડ, દ, બ ચારે પદ આદિ પદ સાથે જોડાય છે.

જિ. : प्रत्यया-ऽप्रत्ययोः प्रत्ययस्यैव २/२ ન્યાયાનુસારે સૂત્રગત 'स्ध्वोः'થી પ્રત્યયનું જ ગ્રહણ થવાનું હતું, તો સૂત્રમાં 'प्रत्यये'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : धा ધાતુનું વર્ત્તમાના પ્ર.પુ.દ્વિ.વ.માં દ્વિત્વ આદિ કાર્ય કરતાં दद्ध्वः રૂપ પ્રાપ્ત થાય છે. ત્યાં અન્તે રહેલ **उभय-स्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्** ૨/૪૯ ન્યાયાનુસારે, ઉભય સ્થાનને આશ્રયીને બનેલાં ધ્વ વિ. અંગનું વર્જન કરવા અહીં ગ્રંથકારશ્રીએ 'प्रत्यये'નું ઉપાદાન કર્યું છે. અન્યથા આવા સ્થાને धद्ध्वः આવો અનિષ્ટ પ્રયોગ થાત.

धागस्तथोश्च २/१/७८

અ.અ.સૂ. : ग-ड-द-बा-देः चतुर्थान्तस्य धागः धातोः तथोः च (स्ध्वोः) आदेः चतुर्थः ।

અર્થ : ચોથો અક્ષર અંતે હોય અને દ્ આદિમાં હોય એવા ધા ધાતુનાં આદિ દ્નો ત્કારાદિ, થ્કારાદિ, સ્કારાદિ અને ધ્વકારાદિ પ્રત્યય પર છતાં ચોથો વ્યંજન ધ્ થાય છે.

સ. : **तथोः**→तश्च थश्च इति तथौ, तयोरिति ।

ઉદા. (૧) **धत्तः**→તેઓ બે ધારણ કરે છે. (डुधांग्क् धारणे च-૧૧૩૯) વર્ત્તમાના૦૩.૩.૬થી तस्→धा+**तस्**
हवः शिति ૪.૧.૧૨થી દ્વિત્વ→**धा**धा+तस्
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**ध**धा+तस्
द्वितीय-तुर्ययोः૦૪.૧.૪૨થી द्→**द**धा+तस्
આ સૂત્રથી આદિ દ્નો ધ્→**ध**धा+तस्
शनश्चातः ૪.૨.૯૬થી આનો લોપ→धध्+तस्
अघोषे प्रथमो૦૧.૩.૫૦થી ધ્નો त्→धत्तस्
પદસંજ્ઞા વિ.→धत्तः ।

(૨) **धत्थः**→તમે બે ધારણ કરો છો. धा+**थस्**

(૩) **धत्से**→તું ધારણ કરે છે. धा+**से**

(૪) **धद्ध्वे**→તમે ધારણ કરો છો. धा+ध्वे

અહીં સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ ઉદા.(૪)માં અઘોષે૦૧.૩.૫૦નાં સ્થાને તૃતીયસ્તૃતીય૦૧.૩.૪૯થી ધ્નો દ્ કરવો.

પ્ર.ઉદા. (૧) **तथोश्चेति किम् ? दध्वः**→તે બે ધારણ કરે છે.
વર્ત્તમાના૦૩.૩.૬ વિ. પૂર્વ પ્રમાણે→दध्+वस्
પદસંજ્ઞા વિ.→दध्वः ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ત્કારાદિ વિ. પ્રત્યય પર છતાં થાય છે. પરંતુ અહીં વ્કારાદિ પ્રત્યય છે માટે આ સૂત્રથી આદિ દ્નો ધ્ થયો નહીં.

(૨) **चतुर्थान्तस्येत्येव→दधाति→**તે ધારણ કરે છે.
પૂર્વ પ્રમાણે તિવ્ વિ.→દધા+તિ

★ આ સૂત્રની પ્રવૃત્તિ ચોથો અક્ષર અંતે હોય તેવા ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સ્વર અન્તે છે માટે આ સૂત્રથી આદિ દ્નો ધ્ થયો નહીં.

વિશેષતા :

(૧) કેટલાંક વ્યાકરણકારો યઙ્લુબન્તમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે યઙ્લુબન્તમાં ધાત્તઃ, ધાત્થઃ વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) જ્યારે સ્વરને સૂત્રમાં 'ધાગ્' ધાતુનો ગ્ અનુબંધ સહિત નિર્દેશ હોવાથી **तिवाशवानुबन्धेन निर्दिष्टं यद् गणेन च ।**

एकस्वरनिमित्तं च पञ्चैतानि न यङ्लुपि ૧/૧૮ ન્યાયાનુસારે યઙ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. માટે આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

(૩) યદ્યપિ ધા ધાતુનું દ્વિત્વ થતાં તેની આદિમાં દ્ જ આવે છે. તેથી સૂત્રમાં કાર્યી તરીકે દ્નો જ નિર્દેશ કરાય. પરંતુ **सन्नियोग शिष्टाना० ૧/૩૦** ન્યાયાનુસારે દ્ની સાથે ચાલતો ગ-ડ-દ-બાદેઃ અધિકારનું ગ્રહણ કર્યું છે.

(૪) આ સૂત્રમાં ધ્વનાં સાહચર્યથી ત્કારાદિ વિ. પ્રત્યયો પણ ધાતુસંબંધી જ ગ્રહણ થાય છે.

(૫) યદ્યપિ અહીં 'તથોઃ'નો અધિકાર શરૂ થવાથી સ્ધ્વોઃનો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારથી પૂર્વે રહેલ ષષ્ઠ્યન્ત તથોઃથી પૂર્વ સૂત્રગત સજાતીય ષષ્ઠ્યન્ત 'સ્ધ્વોઃ'નો અધિકાર ગ્રહણ કરેલ છે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ 'स्ध्वोः'નો અધિકાર હવે પછીનાં સૂત્રમાં નહીં આવે.

જિ. : અહીં સ્ અને ધ્વ પ્રત્યય પર છતાં પૂર્વનાં સૂત્રથી કાર્ય થવાનું જ હતું તો પણ સૂત્રમાં च દ્વારા स्ध्वोःનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : વિ.૨માં કહ્યા મુજબ આ સૂત્રની પ્રવૃત્તિ व्यति+दात्+से આવી यङ्लुबन्तની અવસ્થામાં થતી નથી. જો સૂત્રમાં च દ્વારા 'स्ध्वोः'નું ગ્રહણ ન કર્યું હોત તો સ્ અને ધ્વ પ્રત્યય પર છતાં यङ्लुबन्त અવસ્થામાં પૂર્વ સૂત્ર દ્વારા પ્રવૃત્તિ થઈને व्यतिधात्से વિ. પ્રયોગો થવાની આપત્તિ આવે. જેનું વારણ કરવા स्ध्वोःનું ચકારથી ગ્રહણ કરેલ છે.

જિ. : दधा+तस् અવસ્થામાં श्नश्चातः ૪.૨.૯૬થી આનો લોપ થાય છે. ત્યારે स्वरस्य०૭.૪.૧૧૦ પરિભાષાનુસારે આનો લોપ સ્થાનીવત્ મનાય છે. તે જ પ્રમાણે धत्तः વિ. પ્રયોગમાં આનું વ્યવધાન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થાય ?

સમા. : આ સૂત્ર અસત્વિધિ અંતર્ગત નિર્દિષ્ટ છે. તેથી न सन्धि-ङी० ૭.૪.૧૧૧ પરિભાષાનુસારે પ્રસ્તુત અસત્વિધિમાં સ્વરનો લોપ સ્થાનીવત્ (આ સ્વરૂપે) મનાતો નથી. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થતાં धत्तः વિ. પ્રયોગો સિદ્ધ થાય છે.

अधश्चतुर्थात् तथोर्धः ૨/૧/૭૯

અ.અ.સૂ. : **अधः चतुर्थात् तथोः धः ।**

અર્થ : धा સિવાયનાં ધાતુનાં ચોથા અક્ષરથી પર વિધાન કરાએલાં પ્રત્યયનાં त् અને थ્નો ध् થાય છે.

સ. : (૧) **अधः**→न धा इति अधा, तस्येति ।

(૨) **तथोः**→त् च थ् च इति तथौ, तयोरिति ।

ઉદા. (૧) **अदुग्ध**→તેણે દોહ્યું. (दुहींक् क्षरणे-૧૧૨૭)

ह्यस्तनी०૩.૩.૯થી त→दुह्+**त**

भ्वादेर्दर्दि०૨.૧.૮૩થી घ्→दु**घ्**+त

આ સૂત્રથી તનો ध्→दुघ्+**ध**

तृतीयस्तृतीय०૧.૩.૪૯થી घ્નો ग्→दुग्ध

अड्धातो०૪.૪.૨૯થી अट्→**अ**दुग्ध ।

(૨) **अदुग्धाः**→તેં દોહ્યું. दुह्+थास्

સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **अलब्ध**→તેણે મેળવ્યું. (डुलभिंष् प्राप्तौ-૭૮૬)

अद्यतनी०૩.૩.૧૧થી त→लभ्+**त**

सिजद्य०૩.૪.૫૩થી सिच्→लभ्+**स्**+त

धुड्-ह्रस्वा०૪.૩.૭૦થી सिच्નો लोप→लभ्+त

આ સૂત્રથી તનો ध→लभ्+**ध**

तृतीयस्तृतीय०૩.૪૯થી भનો ब्→लब्ध

अड्धातो०૪.૪.૨૯થી अट्→**अ**लब्ध ।

પ્ર.ઉદા. (૧) **अध इति किम् ?**

(1) **धत्तः**→તેઓ બે ધારણ કરે છે.

(2) **धत्थः**→તમે બે ધારણ કરો છો.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં धा ધાતુનું વર્જન કર્યું છે. માટે અહીં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૨) **विहितविशेषणं किम् ? ज्ञानभुत्त्वम्→**જ્ઞાનને સમજનારાનો ધર્મ.

ज्ञानं बुध्यते इति क्विप् ज्ञानभुत्, तस्य भावः इति ।

भावे०७.१.५५थी त्व→ज्ञानबुध्+**त्व**

गडदबादे०२.१.७७थी ब्नो भ्→ज्ञानभुध्+त्व

अघोषे प्रथमो०१.३.५०थी ध्नो त्→ज्ञानभुत्**त्व**

प्रथमा सि वि.→ज्ञानभुत्**त्वम्** ।

★ સૂત્રની ટીકામાં 'धातुथी विहित' એ પ્રમાણે વિશેષણનું ગ્રહણ કરેલ છે. જ્યારે અહીં शब्दथी विहित तકારાદિ પ્રત્યય છે માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

विशेषता :

(૧) અહીં 'अधः'માં पर्युदास् नञ्નું ગ્રહણ છે. જે तद्भिन्न तद्सदृग्ग्राही છે. तदनुसारे અહીં धा थी ભિન્ન અને शुद्ध धातु तરીકે सदृश એવા જ धातुथी પર સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી क्विबन्त પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૨) કેટલાંક વ્યાકરણકાર धा धातुનાં यङ्लुबन्तમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમના મતે दाद्धः, दाद्ध वि. પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : અહીં પૂર્વસૂત્રથી 'तथोः'ની અનુવૃત્તિ આવતી જ હતી તો પુનઃ 'तथोः'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : પૂર્વસૂત્રમાં तथोः સપ્તમી વિભક્ત્યન્ત પદ છે. જે નિમિત્ત તરીકે દર્શાવેલ છે. જ્યારે અહીં 'तथोः' પદ ષષ્ઠી વિભક્ત્યન્ત પદ છે. જે કાર્યી તરીકે દર્શાવેલ છે. તેથી પૂર્વસૂત્રથી અધિકાર આવતો હોવા છતાં પણ કાર્યી તરીકે ગ્રહણ કરવા પુનઃ વિધાન કરેલ છે. યદ્યપિ **अर्थवशाद्०**

૧/૧૩ ન્યાયાનુસારે આ વિધાન સિદ્ધ જ હતું. પરંતુ સૂત્રથી જ સરળતાપૂર્વક બોધ થઈ શકે માટે 'तथोः'નું પુનઃ ગ્રહણ કરેલ છે.

र्नाम्यन्तात् परोक्षाद्यतन्याशिषो धो ढः २/१/८०

અ.અ.સૂ. : र्नाम्यन्तात् परोक्षाद्यतन्याशिषः धः ढः ।

અર્થ : રકારાન્ત તેમજ નામ્યન્ત ધાતુથી પર રહેલાં પરોક્ષા, અદ્યતની અને આશીઃવિભક્તિનાં પ્રત્યયનાં ધ્નો ઢ્ થાય છે.

સ. : (૧) **र्नाम्यन्तात्→**र् च नामी च, र्नामिनौ, र्नामिनावन्ते यस्याऽसौ इति र्नाम्यन्तः, तस्मादिति ।

(૨) **परोक्षाद्यतन्याशिषः→**परोक्षा च अद्यतनी च आशीश्च इति परोक्षाद्यतन्याशिष्, तस्येति ।

ઉદા. (૧) **अतीर्ढ्वम्→**તમે બધા તર્યા. (तॄ प्लवन०-२७)
अद्यतनी०३.३.११थी ध्वम्→**तॄध्वम्**
सिजद्यत०३.४.५३थी सिच्→तॄ+**स्**+ध्वम्
ऋवर्णात्०४.३.३६थी सिच् **कितवत्.**
ऋतां क्ङि०४.४.११६थी इर्→**तिर्**+स्+ध्वम्
सो धि०४.३.७२थी स्नो लोप→तिर्+ध्वम्
भ्वादे र्नामिनो०२.१.६३थी दीर्घ→**तीर्**+ध्वम्
આ સૂત્રથી ધ્નો ઢ્→तीर्**ढ्**वम्
अड्धातो०४.४.२९थी अट्→**अ**तीर्ढ्वम् ।

(૨) **तीषीर्ढ्वम्→**તમે બધા તરો.
आशीः०३.३.१३थी सीध्वम्→तॄ+**सीध्वम्**
ऋतां०४.४.११६थी इर्→**तिर्**+सीध्वम्

भ्वादेर्नामिनो०२.१.९३थी दीर्घ→**तीर्**+सीध्वम्
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→ती**र्षी**ध्वम्
आ सूत्रथी ध्नो द्→तीर्षी**द्ध्वम्** ।

(३) **तुष्टुद्ध्वे**→तमे बधाએ स्तुति करी. (ष्टुंग्क् स्तुतौ-११२४)
परोक्षा०३.३.१२थी ध्वे→स्तु+**ध्वे**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**स्तु**स्तु+ध्वे
अघोषे शिटः ४.१.४५थी स्नो लोप→तुस्तु+ध्वे
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→तु**ष्टु**+ध्वे
तवर्गस्य०१.३.९०थी त्नो ट्→तु**ष्टु**+ध्वे
आ सूत्रथी ध्नो द्→तुष्टु**द्ध्वे** ।

(४) **अदिद्ध्वम्**→तमे आજે આપ્યું. (डुदांग्क् दाने-११३८)
अद्यतनी०३.३.११थी ध्वम्→दा+**ध्वम्**
सिजद्यत०३.४.५३थी सिच्→दा+**स्**+ध्वम्
इश्च०४.३.४१थी सिच् कित्वत् अने दानो दि→**दि**स्+ध्वम्
सो धि०४.३.७२थी स्नो लोप→दिध्वम्
आ सूत्रथी ध्नो द्→दि**द्ध्**वम्
अइधातो०४.४.२९थी अट् आगम→**अ**दिद्ध्वम् ।

(५) **चेषीद्ध्वम्**→तमे બધા ભેગું કરો. (चिंग्ट् चयने-१२९०)
आशी०३.३.१३थी सीध्वम्→चि+**सीध्वम्**
नामिनो०४.३.१थी गुण→**चे**+सीध्वम्
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→चे**षी**ध्वम्
आ सूत्रथी ध्नो द्→चेषी**द्ध्**वम् ।

प्र.उदा. (१) **र्नाम्यन्तादिति किम् ? अपग्ध्वम्**→तमे બધાએ રાંધ્યું. (डुपचींष् पाके-८९२) पूर्व प्रમાણે अद्यतनीनो ध्वम्,

सिच् અને सिच्નો લોપ તેમજ अट् આગમ વિ.→
अपच्+ध्वम्
धुटस्तृतीय०२.१.७६થી च्નો ज्→अपज्+ध्वम्
चजः०२.१.८६થી ज्નો ग्→अपग्+ध्वम्

(२) **आसिध्वम्→**તમે બધા બેઠા હતા.
अद्यतनी વિ. પૂર્વ પ્રમાણે→आस्+ध्वम्
स्ताद्यशितो०४.४.३२થી इट्→**आसि**ध्वम् ।
स्वरादेस्तासु ४.४.३१થી વૃદ્ધિ→**आ**सिध्वम्

★ આ સૂત્રની પ્રવૃત્તિ ऋકારાન્ત અને નામ્યન્ત ધાતુથી થાય છે. માટે અહીં આ સૂત્રથી ધ્નો ढ્ થયો નહીં.

વિશેષતા :

(१) યદ્યપિ ધાતુપાઠમાં મૂળથી જ ऋકારાન્ત અનિટ્ ધાતુનું ગ્રહણ નથી. તથા સેટ્ સંબંધી પ્રત્યયનાં વિષયમાં ઉત્તર સૂત્રથી ધ્નો ढ્ થાય છે. તો પણ અહીં ऋકારાન્તનું ગ્રહણ ऋતાં ક્ડિ ०४.४.११६ વિ. સૂત્રથી થતાં अतीर्ढ्वम् વિ. લાક્ષણિક ऋકારાન્ત ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ થશે.

તે જ પ્રમાણે, अदिढ्वम् લાક્ષણિક નામ્યન્ત ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે.

જિ. : સૂત્ર નિર્દિષ્ટ 'र्नाम्यन्तात्'નું વિશેષણ હોવાથી विशेषणमन्तः ७.४.११३ પરિભાષાનુસારે અન્તનાં ગ્રહણ વિના જ માત્ર 'नामी' પદથી નામ્યન્ત ધાતુ જ ગ્રહણ થવાનાં હતાં. તો આ સૂત્રમાં 'अन्त'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે, પરિભાષા વિના પણ માત્ર સૂત્રથી જ સરળતાપૂર્વક બોધ થાય તે માટે અહીં 'अन्त'નું ગ્રહણ છે.

हान्तस्थाञ्ञीड्भ्यां वा २/१/८१

અ.અ.સૂ. : हान्तस्थाञ्ञीड्भ्यां परोक्षाद्यतन्याशिषः धः ढः वा ।

અર્થ : હકારાન્ત અને અન્તસ્થા અંતવાળા ધાતુઓથી પર ञિट् કે इट् હોય તો તેનાથી પર રહેલ પરોક્ષા, અદ્યતની અને આશીઃનાં પ્રત્યયનાં ધ્નો ढ् વિકલ્પે થાય છે.

સ. : (૧) **हान्तस्थात्→**हश्च अन्तस्था च इति हान्तस्थम्, तस्मादिति ।
(૨) **ञीड्भ्याम्→**ञिश्च इट् च इति ञीटौ, ताभ्यामिति ।

ઉદા. (૧) **अग्राहिढ्वम्/अग्राहिध्वम्→**તમે બધા ગ્રહણ કરાયા.
(ग्रहीश् उपादाने-१५१७)
अद्यतनी०३.३.११थी ध्वम्→ग्रह्+**ध्वम्**
सिजद्यत०३.४.५३थी सिच्→ग्रह्+**स्**+ध्वम्
स्वर-ग्रह०३.४.६९थी ञिट्→ग्रह्+**इ**+स्+ध्वम्
सो धि०४.३.७२थी सिच्नो लोप→ग्रह्+इ+ध्वम्
ञ्णिति ४.३.५०थी वृद्धि→**ग्रा**हि+ध्वम्
अड्धातो०४.४.२९थी अट्→**अ**ग्राहिध्वम्
આ સૂત્રથી ધ્નો ढ्→अग्राहि**ढ्व**म्
વિકલ્પે : જ્યારે ધ્નો ढ् ન થાય ત્યારે, अग्राहिध्वम् ।

(૨) **ग्राहिषीह्वम्/ग्राहिषीध्वम्→**તમે બધા ગ્રહણ કરાઓ.
आशीः०३.३.१३थी सीध्वम्→ग्रह्+**सीध्वम्**
स्वर-ग्रह०३.४.६९थी ञिट्→ग्रह्+**इ**+सीध्वम्
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**ग्रा**हि+सीध्वम्
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→ग्राहि**षी**ध्वम्
આ સૂત્રથી ધ્નો ढ्→ग्राहिषी**ढ्व**म्
વિકલ્પે : જ્યારે ધ્નો ढ् ન થાય ત્યારે, ग्राहिषीध्वम् ।

(૩) **अनायिद्ध्वम्/अनायिध्वम्→**તમે બધા લવાયા.
(णींग् प्रापणे-८८४)
અદ્યતની વિ. પૂર્વ પ્રમાણે→अ+ नी+इ+ध्वम्
नामिनोऽ०४.३.५१थी વૃદ્ધિ→अना**यि**ध्वम्
આ સૂત્રથી ધ્નો દ્→अनायि**द्ध्**वम्
વિકલ્પે : જ્યારે ધ્નો દ્ ન થાય ત્યારે, अनायि**ध्व**म् ।

(૪) **नायिषीद्ध्वम्/नायिषीध्वम्→**તમે બધા લવાઓ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ ञ्णिति ४.३.५०નાં સ્થાને नामिनोऽ०४.३.५१थी વૃદ્ધિ કરવી.

(૫) **अकारिद्ध्वम्/अकारिध्वम्→**તમે બધા કરાયા.
(डुकृंग् करणे-८८८)

(૬) **अलाविद्ध्वम्/अलाविध्वम्→**તમે બધા કપાયા.
(लूग्श् छेदने-१५१९)
આ ઉદા.ની સાધનિકા ઉદા.૩ પ્રમાણે જાણવી.

(૭) **जगृहिद्ध्वे/जगृहिध्वे→**તમે બધાએ ગ્રહણ કર્યું.
परोक्षा०३.३.१२थी ध्वे→ग्रह+**ध्वे**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**ग्रह**ग्रह्+ध्वे
व्यञ्जनस्या०४.१.४४थी र् અને હ્નો લોપ→गग्रह्+ध्वे
गहोर्जः०४.१.४०थी ग्नो ज्→**ज**ग्रह्+ध्वे
स्क्रसृ-वृ०४.४.८१थी इट्→जग्रह्+**इ**+ध्वे
इन्ध्यसंयोगात्०४.३.२१थी ध्वे **कितवत्.**
ग्रह-व्रश्च०४.१.८४थी ष्वृत्→**जगृ**हिध्वे
આ સૂત્રથી ધ્નો દ્→जगृहि**द्ध्**वे
વિકલ્પે : જ્યારે ધ્નો દ્ ન થાય ત્યારે, जगृहिध्वे ।

(૮) **आयिढ्वम्/आयिध्वम्→**તમે બધા જાઓ છો.
(अयि गतौ-७९०) સાધનિકા ઉદા.(૧) પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. हान्तस्थादिति किम् ?

(1) **घानिषीध्वम्→**તમે બધા માર્યા જાઓ.
(हनंक् हिंसा-गत्योः-११००)
પૂર્વ પ્રમાણે-आशीः०३.३.१३ વિ.થી→हन्+**इ**+सीध्वम्
जिणवि०४.३.१०१થી हन्નો घन्→**घन्**+इ+सीध्वम्
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**घा**नि+सीध्वम्
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→घानि**षी**ध्वम्

(2) **आसिषीध्वम्→**તમે બધા બેસો.
સાધનિકા પૂર્વ પ્રમાણે યથાયોગ્ય જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હકારાન્ત અને અન્તસ્થા અન્તવાળા ધાતુના વિષયમાં થાય છે. જ્યારે અહીં ન્કારાન્ત ધાતુ છે માટે આ સૂત્રથી ધ્નો ઢ્ થયો નહીં.

વિશેષતા :

(૧) 'हान्तस्थात्' એ પ્રમાણે એ.વ. અને 'ञीङ्भ्याम्' એ પ્રમાણે દ્વિવચન આવો વચનભેદ **यथासङ्ख्य० १/१०** ન્યાયની પ્રવૃત્તિનાં નિષેધ માટે છે.

(૨) સૂત્રમાં इટ્નો નિર્દેશ હોવા છતાં ञિટ્નું ગ્રહણ **एकानुबन्धग्रहणे न द्वयनुबन्धकस्य १/३३** ન્યાયને જણાવવા માટે છે.

(૩) इટ્તે પ્રત્યયનાં અવયવ તરીકે હોવાથી તથા ञિટ્ પ્રત્યય ધાતુથી પર વ્યવધાન સ્વરૂપે હોવાથી ધાતુ નામ્યન્ત ન થતાં બન્નેનાં વિષયમાં પૂર્વ સૂત્રથી ધ્નાં ઢ્ની પ્રાપ્તિ ન હતી. તે અપ્રાપ્ત વિધિને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

हो धुट्-पदान्ते २/१/८२

अ.अ.सू. : धुट्-पदान्ते हः ढः ।

अर्थ : ધુડાદિ પ્રત્યય પર છતાં તેમજ, પદાન્તે રહેલાં હ્નો ઢ્ થાય છે.

स. : **धुट्-पदान्ते**→धुट् च पदान्तश्च इति धुट्पदान्तम्, तस्मिन्निति ।

ઉદા. (१) **लेढा**→તે ચાટશે. (લિહીંક્ આસ્વાદને-૧૧૨૯)
श्वस्तनी०३.३.१४थी ता→लिह्+**ता**
लघोरुपा०४.३.४थी गुण→**ले**ह्+ता
આ સૂત્રથી હ્નો ઢ્→ले**ढ्**+ता
अधश्चतुर्थात्०२.१.७९थी तानो धा→लेढ्+**धा**
तवर्गस्य०१.३.६०थी ध्नो ढ्→लेढ्+**ढा**
ढस्ट्टे १.३.४२थी પૂર્વના ढ्नो लोप→लेढा ।

(२) **मधुलिट्**→ભમરો. मधु लेढीति क्विप्
क्विप् ५.१.१४८ वि.थी→मधुलिह्
પદસંજ્ઞા થવાથી, આ સૂત્રથી હ્નો ઢ્→मधुलि**ढ्**
धुटस्तृतीयः २.१.७६थी ढ्नो ड्→मधुलि**ड्**
विरामे वा १.३.५१थी ड्नो ट्→मधुलि**ट्** ।

(३) **गुडलिण्मान्**→મધમાખીવાળો.
गुडं लेढीति क्विप् इति गुडलिट्
આ સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી,
હવે, गुडलिहोऽस्ति अस्येति ।
तदस्यास्त्य०७.२.१थी मतु→गुडलिह्+**मत्**
नाम सिदय्०१.१.२१थी गुडलिह्ने **पदसंज्ञा.**

આ સૂત્રથી હ્નો ढ्→गुडलि**ढ्**+मत्
धुटस्तृतीयः०२.१.७६थी ढ्नो ड्→गुडलि**ड्**+मत्
प्रत्यये च०१.३.२थी ड्नो ण्→गुडलि**ण्**मत्
प्रथमा सि वि.→गुडलिण्**मान्** ।

प्र.ઉદા. धुट्-पदान्त इति किम् ? मधुलिहौ→બે ભમરા.
मधु लेढीति क्विप् वि. પૂર્વ પ્રમાણે→मधुलिह्+औ

★ આ સૂત્રની પ્રવૃત્તિ धुट् પ્રત્યય પરમાં હોય અને પદાન્ત હોતે છતે થાય છે. માટે અહીં આ સૂત્રથી હ્નો ढ् થયો નહીં.

विशेषता :

(१) सो रुः २.१.७२માં જણાવ્યા મુજબ स्वनड्वुद् પ્રયોગમાં स्वंस्०२.१.६९ની પ્રવૃત્તિ થતી હોવાથી આ સૂત્રથી હ્નો ढ् થતો નથી.

(२) **આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च'નાં અધિકારનું ફળ :**

(a) औजढत्→તેણે વહન કર્યું.
ऊह्यते स्म इति ऊढः, ऊढमाख्यत् इति । (વહીં પ્રાપણે-૯૯६)
क्त-क्तः५.१.१७४थी वह्+**त**
यजादि-वचेः०४.१.७९थी प्वृत्→**उह्**+त
આ સૂત્રથી હ્નો ढ्→उ**ढ्**+त
अधश्चतुर्थात्०२.१.७९थी तनो ध→उढ्+**ध**
तवर्गस्य०१.३.६०थी धनो ढ्→उढ्+**ढ्**
ढस्तङ्ङे १.३.४२थी ढ्नो લોપ અને દીર્ઘ→**ऊढ**
प्रथमा सि वि.→ऊढः ।
હવે, ऊढमाख्यत् અર્થમાં णिज्बहुलं०३.४.४२थी णिच्→ऊढ+**इ**

अद्यतनी०३.३.११थी दिव्→ऊढि+**द्**
थी अङ्→ऊढि+**अ**+द्
णेरनिटि ४.३.८३थी इनो लोप→ऊढ्+अ+द्
णिच्नो स्थानीवद्भाव मनातां अने आ सूत्रथी थयेल ढ् असत्
स्वरादेर्द्वितीयः ४.१.३थी द्वित्व→ऊ**ह्त**+ढ्+अ+द्
व्यञ्जनस्या०४.१.४४थी त्नो लोप→**ऊ**ह्+ढ्+अ+द्
गहोर्जः४.१.४०थी ह्नो ज्→ऊ**ज**ढद्
स्वरादेस्तासु ४.४.३१थी वृद्धि→**औ**जढद्
विरामे०१.३.५१थी द्नो त्→औजढ**त्** ।

★ ઉપરોક્ત સાધનિકામાં ऊढ्+अ+त् સ્થાને ढ्નાં દ્વિત્વની પ્રાપ્તિ છે. પરંતુ स्वरादे०४.१.३थी દ્વિત્વ કરનારી વિધિ પરવિધિ હોવાથી આ સૂત્રથી થયેલ ढ् असत् મનાય છે. તેથી તેનાં સ્થાને થયેલ ध વિ. પણ असत् મનાતાં હતનું દ્વિત્વ થાય છે.

(b) गुडलिण्मान् પ્રયોગમાં मावर्णान्तो०२.१.९४થી મતુનાં म्નાં व्ની પ્રાપ્તિ છે. પણ આ સૂત્રથી થયેલ ढ् मावर्णा० २.१.९४ સ્વરૂપ પરવિધિ માટે असत् મનાતાં તેના સ્થાને થયેલ ण् પણ असत् મનાય છે. તેથી પાંચમો અક્ષર અંતે न् આવતાં म्નો व् આ સૂત્રથી થતો નથી.

भ्वादेर्दादेर्घः २/१/८३

અ.અ.સૂ. : दादेः भ्वादेः हः धुट्-पदान्ते घः ।

અર્થ : द् આદિવાળા भ्वादि ધાતુનાં ह्નો धुडादि પ્રત્યય પર છતાં તેમજ પદાન્તે घ् થાય છે.

સ. : **दादेः**→द आदिर्यस्याऽसौ इति दादिः, तस्येति ।

ઉદા. (૧) **दोग्धा**→તે દોહશે. (दुहींक् क्षरणे-૧૧૨૭)
श्वस्तनी०૩.૩.૧૪થી ता→दुह्+**ता**
આ સૂત્રથી હ્નો घ्→**दुघ्**+ता
अधश्चतुर्थात्०૨.૧.૭૯થી त्नो ध्→दुघ्+**धा**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**दोघ्**+धा
तृतीयस्तृतीय०૧.૩.૪૯થી घ्नो ग्→**दोग्**धा ।

(૨) **धोक्ष्यति**→તે દોહશે. अदुह्+स्यति
આગળની સાધનિકા ૨.૧.૭૭ પ્રમાણે જાણવી.

(૩) **अधोक्**→તેણે દોહ્યું.
ह्यस्तनी०૩.૩.૯થી दिव्→दुह्+**द्**
व्यञ्जनाद् दे:०૪.૩.૭૮થી दिव्નો લોપ→दुह्
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**दोह्**
तदन्तं०૧.૧.૨૦થી दोह्ने **पदसंज्ञा.**
આ સૂત્રથી હ્નો घ्→**दोघ्**
गडदबादे०૨.૧.૭૭થી द्નો ध→**धोघ्**
धुटस्तृतीयः ૨.૧.૭૬થી घ्નો ग्→**धोग्**
विरामे वा ૧.૩.૫૧થી क्→**धोक्**
अड्धातो०૪.૪.૨૯થી अट्→**अ**धोक् ।

(૪) **गोधुक्**→ગાયને દોહનાર. गां दोग्धीति क्विप्
क्विप् ૫.૧.૧૪૮થી क्विप् वि.→गोदुह्+सि
दीर्घङ्याब्०૧.૪.૪૫થી सिનો લોપ→गोदुह्
પદસંજ્ઞા વિ. કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. भ्वादेरिति किम् ? दामलिट्→માળાને ચાટનાર.
दाम लेहीति क्विप् સાધનિકા ૨.૧.૭૭ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર ભ્વાદિ સંબંધી ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં નામધાતુ છે માટે આ સૂત્રથી હ્નો ઘ્ થયો નહીં.

વિશેષતા :

આ સૂત્ર હો ધુટ્૦૨.૧.૮૨નું અપવાદ સૂત્ર છે.

જિ. : અદુહ્+દિવ્ સ્થાને આ સૂત્રથી હ્નો ઘ્ કર્યા બાદ તૃતીયસ્તૃતીય૦૧.૩.૪૯થી ગ્ થવાનો જ છે. તો પ્રક્રિયા લાઘવ માટે અહીં ગ્ આદેશનું વિધાન શા માટે ન કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ જો અહીં ઘ્ને બદલે ગ્ આદેશ કરીએ તો, ચોથો અક્ષર અંતે ન્ આવવાથી અધશ્ચતુર્થાત્૦૨.૧.૭૯થી પ્રત્યયનાં ત્ અને થ્નો ધ્ તેમજ, ગડદબાદેઃ ૨.૧.૭૭થી આદિ દ્નો ધ્ આદેશ ન થતાં અદોક્ જેવા અનિષ્ટ પ્રયોગો પ્રાપ્ત થાત.

मुह-द्रुह-ष्णुह-ष्णिहो वा २/१/८४

અ.અ.સૂ. : **मुह्-द्रुह्-ष्णुह्-ष्णिहः हः धुट्-पदान्ते घः वा ।**

અર્થ : મુહ, દ્રુહ, ષ્ણુહ્ અને ષ્ણિહ્ ધાતુનાં હ્નો ધુડાદિ પ્રત્યય પર છતાં તેમજ પદાન્તે ઘ્ વિકલ્પે થાય છે.

સ. : **मुह-द्रुह-ष्णुह-ष्णिहः**→मुहश्च द्रुहश्च ष्णुहश्च ष्णिहश्च इति मुहद्रुहष्णुहष्णिह्, तस्येति ।

ઉદા. (૧) मोग्धा/मोढा→તે મુગ્ધ થશે. (मुहौच् वैचित्ये-१२३८)
श्वस्तनी०३.३.१४થી ता→मुह्+**ता**
लघोरुपा०४.३.४થી गुण→**मो**ह्+ता
આ સૂત્રથી હ્નો ઘ્→**मोघ्**+ता

अधश्चतुर्था०२.१.७९थी त्नो ध्→मोघ्+**धा**
तृतीयस्तृतीय०१.३.४९थी घ्नो ग्→मोग्धा ।
विकल्पे : જ્યારે હ્નો ઘ્ ન થાય ત્યારે, मोह्+ता
हो धुट्०२.१.८२थी ह्नो द्→मोद्+ता
अधश्चतुर्थात्०२.१.७९थी त्नो ध्→मोद्+**धा**
तवर्गस्य०१.३.६०थी ध्नो द्→मोद्+**ढा**
ढस्तङ्ढे १.३.४२थी द्नो लोप→मोढा ।

(२) **उन्मुक्/उन्मुट्**→અતિશય મુગ્ધ થનાર. उन्मुह्यतीति क्विप्
क्विप् ५.१.१४८ वि.थी→उन्मुह्
પદસંજ્ઞા થતાં આ સૂત્રથી હ્નો ઘ્→उन्मुघ्
धुटस्तृतीयः २.१.७६थी घ्नो ग्→उन्मुग्
विरामे०१.३.५१थी ग्नो क्→उन्मुक् ।
विकल्पे : જ્યારે હ્નો ઘ્ ન થાય ત્યારે, उन्मुह्
हो धुट्०२.१.८२थीद्→उन्मुद्
धुटस्तृः०२.१.७६ वि.→उन्मुट् ।

(३) **द्रोग्धा/द्रोढा**→દ્રોહ કરશે. (द्रुहोच् जिघांसा०१२३९)

(४) **मित्रध्रुक्/मित्रध्रुट्**→મિત્રનો દ્રોહ કરનાર. मित्रं द्रुह्यतीति क्विप्

(५) **स्नोग्धा/सोढा**→ઊલટી કરશે. (ष्णुहौच् उद्गिरणे-१२४०)
षः सोऽ०२.३.९८थी ष्नो स्→स्नुह् धातु.

(६) **उत्स्नुक्/उत्स्नुट्**→ઉપર વમન કરનાર. उत्स्नुह्यतीति क्विप् ।

(७) **स्नेग्धा/सेढा**→સ્નેહ કરશે. (ष्णिहौंच् प्रीतौ-१२४१)
षः सो०२.३.९८थी ष्नो स्→स्निह् धातु.

(૮) **चेलस्निक्/चेलस्निट्→**કપડા ભીંજાવનાર.
चेलं स्निह्यतीति क्विप् ।

ઉપરોક્ત ઉદા.ની સાધનિકા મોग्धा વિ. ઉદા.૧-૨ પ્રમાણે જાણવી.

વિશેષતા :

મુહ્ વિ. ધાતુનાં હ્નાં સ્થાને હો ધુટ્૦૨.૧.૮૨થી દ્ધની પ્રાપ્તિ હતી. તેમજ દ્રુહ્ ધાતુનાં હ્નાં સ્થાને ભ્વાદે૦૨.૧.૮૩થી ઘ્ની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્ર નિર્દેશ દ્વારા ઉપરોક્ત બન્ને કાર્યનો બાધ થઈને હ્નાં સ્થાને વિકલ્પે ઘ્ થાય છે.

જિ. : ધાતુપાઠમાં મુહ્ વિ. ચાર ધાતુ પુષાદિ ગણનાં અન્તે જ દર્શાવ્યા હોવાથી અહીં માત્ર 'मुहादेः' એ પ્રમાણે મુહાદિ ગણનાં નિર્દેશથી પણ કાર્ય સિદ્ધ જ હતું તો પણ સૂત્રમાં ચારે ધાતુનો પૃથક્ નિર્દેશ કેમ કર્યો ?

સમા. : ચારે ધાતુને સ્વતંત્ર દર્શાવવા દ્વારા ગ્રંથકારશ્રીએ યङ्लुબન્તમાં પણ આ સૂત્ર પ્રવૃત્તિનો નિર્દેશ કર્યો છે. કારણ કે **तिवाशवानुबन्धेन निर्दिष्टं यद् गणेन च, एकस्वरनिमित्तं च पञ्चैतानि न यङ्लुपि** ૧/૧૮ ન્યાયાનુસારે ગણથી નિર્દેશવાળાં સૂત્રની પ્રવૃત્તિ યङ्લુબન્તમાં થતી નથી.

नहाहोर्ध-तौ ૨/૧/૮૫

અ.અ.સૂ. : नहाहोः हः धुट्-पदान्ते ध-तौ ।

અર્થ : નહ્ ધાતુનાં તેમજ બ્રૂનાં સ્થાને થયેલ આહ્ આદેશનાં હ્નો અનુક્રમે ધુડાદિ પ્રત્યય પર છતાં તેમજ પદાન્તે ધ્ અને ત્ થાય છે.

સ. : (૧) **नहाहोः**→नहश्च चाह् च इति नहाहौ, तयोरिति ।
(૨) **ध-तौ**→धश्च तश्च इति ।

ઉદા. (૧) **नद्धा**→બાંધશે. (णहींच् बन्धने-૧૨૮૫)
पाठे धात्वादे०૨.૩.૯૭થી **नह्** धातु.
श्वस्तनी०૩.૩.૧૪થી ता→नह्+**ता**
આ સૂત્રથી હ્નો ध्→**नध्**+ता
अधश्चतुर्थात्०૨.૧.૭૯થી त्नो ध्→नध्+**धा**
तृतीयस्तृतीय०૨.૩.૪૯થી ध्नो द्→**नद्धा** ।

(૨) **उपानद्भ्याम्**→બે જોડાથી. उपानह्यते इति क्विप् इति उपानह्, ताभ्यामिति
क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→उप+नह्+**०**
गतिक्वन्य०૩.૧.૪૨ वि. समास वि.→उपनह्
गतिकारकस्य०૩.૨.૮૫થી उपनो उपा→**उपा**नह्
तृतीया भ्याम्→उपानह्+**भ्याम्**
नाम सिदय्०૧.૧.૨૧થી उपानह्ने **पदसंज्ञा.**
આ સૂત્રથી હ્નો ध्→उपान**ध्**+भ्याम्
धुटस्तृतीयः०૨.૧.૭૬થી ध्नो द्→उपान**द्**भ्याम् ।

(૩) **आत्थ**→તું બોલે છે. (ब्रूंग्क् व्यक्तायां वाचि-૧૧૨૫)
वर्त्तमाना०૩.૩.૬થી सिव्→ब्रू+**सिव्**
ब्रूगः पञ्चानां०૪.૨.૧૧૮થી आह्अने थव्→**आह्**+**थ**
આ સૂત્રથી હ્નો त्→आत्थ ।

વિશેષતા :

(૧) આ સૂત્ર हो धुट्०૨.૧.૮૨નું અપવાદ સૂત્ર છે.

(૨) સૂત્રમાં કાર્યી 'नहाहोः'અને ध-तौ આમ બન્ને દ્વિ.વ.માં હોવાથી **यथासङ्ख्य० ૧/૧૦** ન્યાયાનુસારે તે બન્ને કાર્ય વચ્ચે અનુક્રમ જાણવો.

જિ. : અહીં સૂત્રમાં આહ્ ધાતુનાં હ્નો પણ ધ્ જ કર્યો હોય તો અઘોષે૦૧.૩.૫૦થી ત્કારની પ્રાપ્તિ હતી જ તો સૂત્રમાં તકારનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો આહ્ ધાતુમાં હ્નાં સ્થાને ધ્ કર્યો હોય તો ચોથો અક્ષર અંતે આવતા અધશ્ચતુર્થાત્૦૨.૧.૭૯થી થવ્નાં થ્નો ધ્ થવાથી આદ્ધ એવો અનિષ્ટ પ્રયોગ પ્રાપ્ત થાય. તેનું વારણ કરવા માટે તકારનું ગ્રહણ કરેલ છે.

च-जः क-गम् २/१/८६

અ.અ.સૂ. : धुट्-पदान्ते च-जः क-गम् ।

અર્થ : ધુડાદિ પ્રત્યય પર છતાં તેમજ પદાન્તે ચ્નો ક્ અને જ્નો ગ્ થાય છે.

સ. : (૧) **चजः→**च् च ज् च इति चजम्, तस्येति ।

(૨) **कगम्→**क् च ग् च इति ।

ઉદા. (૧) **वक्ता→**બોલશે. (વચંક્ ભાષણે-૧૦૯૬)
શ્વસ્તની૦૩.૩.૧૪થી તા→વચ્+**તા**
આ સૂત્રથી ચ્નો ક્→**वक्ता** ।

(૨) **वाक्→**વાણી. વાચ્+સિ
દીર્ઘડ્યાબ્૦૧.૪.૪૫થી સિનો લોપ→વાચ્
તદન્તં૦૧.૧.૨૦થી વાચ્ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી ચ્નો ક્→**વાક્**
ધુટસ્તૃ૦૨.૧.૭૬થી ક્નો ગ્→વાગ્
વિરામે૦૧.૩.૫૧થી ગ્નો ક્→**વાક્** ।

(૩) **त्यक्ता**→ત્યાગ કરશે. (त्यजं हानौ-૧૭૨)
શ્વસ્તની૦૩.૩.૧૪થી તા→ત્યજ્+**તા**
આ સૂત્રથી જ્નો ગ્→ત્યગ્+તા
અઘોષે૦૧.૩.૫૦થી ગ્નો ક્→**त्यक्ता** ।

(૪) **अर्द्धभाक्**→અડધાને ભજનાર.
(भजीं सेवायाम्-૮૯૫) अर्द्धं भजतीति विण्
भजो विण्૦૫.૧.૧૪૬થી विण्→અર्द्ध+भज्+૦
પ્રથમા સિ→અર्द्धभज्+સ્ **क्विबन्ता૦ ૨/૪૮** ન્યાયાનુસારે,
જ્ઞિતિ ૪.૩.૫૦થી વૃદ્ધિ→અર्द्ध**भाज्**+સિ
દીર્ઘઙ્યાબ્૦૧.૪.૪૫થી સિનો લોપ→અર्द्ध**भाज्**
તદન્તં૦૧.૧.૨૦થી અર्द्धभाज્ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી જ્નો ગ્→અર्द्धभाગ્
અઘોષે૦૧.૩.૫૦થી ગ્નો ક્→અર्द्धभा**क्** ।

વિશેષતા :

જિ. : આ સૂત્રની પ્રવૃત્તિ કર્યા બાદ પણ धुटस्तृतीयः ૨.૧.૭૬, વિરામે વા ૧.૩.૫૧ વિ. સૂત્રો દ્વારા ગ્નો ક્ અને ક્નો ગ્ થાય જ છે. તો સૂત્રમાં બે કાર્ય ન દર્શાવતાં માત્ર ક્ અથવા ગ્ એક જ કાર્ય દર્શાવવામાં આવે તો શું આપત્તિ આવે ?

સમા. : धुटस्तृतीयः ૨.૧.૭૬, વિરામે વા ૧.૩.૫૧ વિ. સૂત્રની પ્રવૃત્તિ આ સૂત્રનું કાર્ય કર્યા બાદ દરેક સ્થાને થાય જ છે. તેવું નથી તેથી જો અહીં માત્ર ક્ સ્વરૂપ કાર્ય દર્શાવવામાં આવે તો लग्नः વિ. પ્રયોગ સિદ્ધ ન થાય. તથા એ જ પ્રમાણે માત્ર ગ્ સ્વરૂપ કાર્ય દર્શાવવામાં આવે તો पक्वः વિ. પ્રયોગ સિદ્ધ નહીં થાય.

જિ. : तच्चञ्चुः, तच्चणः, तच्चरति વિ. પ્રયોગોમાં આ સૂત્રની પ્રાપ્તિ હોવા છતાં પણ च्નો क् કેમ ન કર્યો ?

સમા. : तद्+चञ्चुः આદિ અવસ્થામાં धुटस्तृ०२.१.७६ દ્વારા द्નો द् કરવામાં આવ્યો છે. ત્યારબાદ અન્ય વિધિ દ્વારા તે પ્રયોગ સિદ્ધ થાય છે. धुटस्तृतीयः २.१.७६ સૂત્રમાં असत्નો અધિકાર હોવાથી તેનાથી થયેલ द् આદેશ असत् મનાતાં તેના પછી થયેલ દરેક વિધિ પણ असत् મનાય છે. તેથી અહીં च् પણ असत् થવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. અહીં ધ્યાનમાં લેવું કે, **यस्य तु विधेर्निमित्तमस्ति नाऽसौ विधिर्बाध्यते** १/३९ ન્યાયાનુસારે धुटस्तृ०२.१.७६થી द्નો द् આદેશ થયો.

તે જ પ્રમાણે निञ्ध्याम् વિ.માં धुटस्तृतीयः २.१.७६થી થયેલ श्નો ज् असत् થતાં આ સૂત્રથી ज्નો ग् થતો નથી.

यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रश्च-परिव्राजः शः षः २/१/८७

અ.અ.સૂ. : **यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रश्चपरिव्राजः शः (चजः) धुट्-पदान्ते षः ।**

અર્થ : यज्, सृज्, मृज्, राज्, भ्रज्, भ्रस्ज्, व्रश्च् અને परिव्राज्નાં અન્ત્ય વર્ણનો તેમજ शकारान्त धातुનાં श्નો धुडादि प्रत्यय પર છતાં તેમજ પદાન્તે ष् થાય છે.

સ. : **यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रश्च-परिव्राजः→** यजश्च सृजश्च मृजश्च राजश्च भ्राजश्च भ्रस्जश्च व्रश्चश्च परिव्राजश्च इति यजसृजमृजराजभ्राजभ्रस्जव्रश्चपरिव्राज्, तस्येति ।

ઉદા. (૧) **यष्टा**→તે યજ્ઞ કરશે. (यजीं देवपूजा०-૯૯૧)
श्वस्तनी०૩.૩.૧૪થી ता→यज्+**ता**
આ સૂત્રથી જ્નો ष्→**यष्**+ता
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→**यष्टा** ।

(૨) **देवेट्**→દેવની પૂજા કરનાર. देवं यजते इति क्विप्
क्विप् ૫.૧.૧૪૮ વિ.થી→देव+यज्+०+सि
यजादि०૪.૧.૭૯થી ष्वृत् →देव+**इज्**
આ સૂત્રથી જ્નો ष्→देव+**इष्**
अवर्णस्ये०૧.૨.૬થી अ+इ=ए→**देवेष्**
धुटस्तृतीयः ૨.૧.૭૬થી ड्→देवे**ड्**
विरामे वा ૧.૩.૫૧થી ड्નો ट्→देवे**ट्** ।

(૩) **स्रष्टा**→સર્જન કરશે. (सृजंत् विसर्गे-૧૩૪૯)
श्वस्तनी०૩.૩.૧૪થી ता→सृज्+**ता**
अः सृजि०૪.૪.૧૧૧થી अ આગમ→सृ**अ**ज्+ता
इवर्णादे०૧.૨.૨૧થી ऋનો र्→स्र**ज्**+ता
આ સૂત્રથી જ્નો ष्→स्र**ष्**ता
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→स्र**ष्टा** ।

(૪) **तीर्थसृट्**→તીર્થકર. तीर्थं सृजतीति क्विप्
क्विप् ૫.૧.૧૪૮ વિ.થી→तीर्थसृज्+०+सि
दीर्घङ्याब्०૧.૪.૪૫થી सिનો लोप→तीर्थसृज्

(૫) **मार्ष्टा**→તે સાફ કરશે. (मृजौंक् शुद्धौ-૧૦૯૭)
श्वस्तनी ૩.૩.૧૪થી ता→मृज्+**ता**
मृजोऽस्य०૪.૩.૪૨થી वृद्धि→**मार्ज्**+ता
આ સૂત્રથી જ્નો ष्→मार्**ष्**+ता
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→मार्**ष्टा** ।

(૬) **कंसपरिमृट्**→કાંસાને સાફ કરનાર. कंसं परिमार्ष्टीति क्विप्
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૭) **राष्ट्रिः**→શોભવું તે. (राजृग् दीप्तौ-८९३)
स्त्रियां क्तिः ५.३.९१थी क्ति→राज्+**ति**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૮) **सम्राट्**→રાજા. सम्यग् राजते इति क्विप्
સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૯) **भ्राष्ट्रिः**→શોભવું તે. (टुभ्राजि दीप्तौ-८९४)
स्त्रियां०५.३.९१थी क्ति→भ्राज्+**ति**
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૦) **विभ्राट्**→વિશેષ શોભનાર. विभ्राजते इति क्विप् ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૧) **भ्रष्ठा**→તે પકાવશે. (भ्रस्जींत् पाके-१२१६)
श्वस्तनी०३.३.१४थी ता→भ्रस्ज्+**ता**
संयोगस्यादौ०२.१.८८थी स्नो लोप→भ्रज्+ता
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૨) **धानाभृट्**→અભાડભુંજો. धाना भृज्जतीति क्विप्
क्विप् वि. પૂર્વ પ્રમાણે→धानाभ्रस्ज्+०+सि
संयोगस्यादौ०२.१.८८थी स्नो लोप→धानाभ्रज्+०+सि
यजादि-वचेः ४.१.७९थी व्यृत्→धानाभृज्+०+सि
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૩) **व्रष्ठा**→તે કાપશે. (औव्रस्चौत् छेदने-१३४१)
આ ઉદા.ની સાધનિકા भ्रष्ठा પ્રમાણે જાણવી.

(૧૪) **मूलवृट्→**મૂળને કાપનાર. मूलं वृश्चतीति क्विप्
આ ઉદા.ની સાધનિકા धानाभृट् પ્રમાણે જાણવી.

(૧૫) **परिव्राट्→**સંન્યાસી. परिव्रजतीति क्विप् (व्रज गतौ-૧૩૭)
दिद्युद्-ददृद्-૫.૨.૮૩થી નિપાતન→परिव्राज्+०+सि
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૬) **लेष्ट्या→**તે જશે. (लिंशत् गतौ-૧૪૧૭)
સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૭) **प्रष्ट्या→**તે પૂછશે. (प्रच्छंत् ज्ञीप्सायाम्-૧૩૪૭)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ અનુનાસિકે૦૪.૧.૧૦૮થી છ્નો શ્ થશે.

(૧૮) **शब्दप्राट्→**શબ્દને પૂછનાર. शब्दं पृच्छतीति क्विप्
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **यजादिसाहचर्याच्छेऽपि धातोरेव स्यात्, इह मा भूत्→**
निज्भ्याम्→બે રાત્રિ વડે. निशा+भ्याम्
मास-निशा०२.१.१००थी **निश्**+भ्याम्
नाम सिदय्०१.१.२१थी निश्ને **पदसंज्ञा.**
धुटस्तृतीयः ૨.૧.૭૬થી શ્નો જ્→**निज्भ्याम्** ।

★ સૂત્રમાં દર્શાવેલ यज् વિ. ધાતુ છે. તેનાં સાહચર્યથી સૂત્રગત શ્ પણ ધાતુ સંબંધી લેવો. જ્યારે અહીં निश्માં રહેલ શ્ શબ્દસંબંધી છે માટે આ સૂત્રથી શ્નો ષ્ થયો નહીં.

(૨) **च-ज इत्येव→वृक्षव्→**કઠિયારાને કહેનાર. वृक्षवयतीति
क्विप् वृक्षं वृश्चतीति क्विप्, वृक्षवृट्, तमिति
क्विप् ૫.૧.૧૪૮ વિ.થી क्विप् वि.वृक्षव्रश्च्+०

यजादि-वचेः०४.१.७९थी→वृक्षवृश्च्
द्वितीया अम्→वृक्षवृश्चम् हवे,
वृक्षवृश्चमाचष्टे इति वृक्षवयति इति ।
णिज्बहुलं०३.४.४२थी णिच्→वृक्षवृश्च्+**इ**
त्रन्त्यस्वरादेः ७.४.४३थी ऋश्च्नो लोप→वृक्षवि
तिव् वि. थवाथी→वृक्षव**यति**
हवे, वृक्षवयतीति क्विप्
क्विप् ५.१.१४८थी वृक्षवि+०+सि
णेरनिटि ४.३.८३थी णिच्नो लोप→वृक्षव्+स्
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→वृक्षव् ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અંતે च् અને ज् હોય તો થાય છે. જ્યારે અહીં અંતે व् છે માટે આ સૂત્રથી ष् થયો નહીં.

વિશેષતા :

આ સૂત્ર च-जः०२.१.८६નું અપવાદ સૂત્ર છે.

જિ. : લઘુવૃત્તિમાં સૂત્રગત તમામ પ્રકૃતિનાં પદાન્ત અને ધુટ્ પ્રત્યયાન્તનાં ઉદા. દર્શાવ્યા છે. પરંતુ પરિવ્રાટ્ શબ્દનો ધુટ્ પ્રત્યયાન્ત ઉદા. ન બતાવતાં પદાન્તનું જ ઉદા. શા માટે બતાવ્યું છે ?

સમા. : અહીં ગ્રંથકારશ્રીએ यज-सृज પ્રકૃતિની જેમ परि+व्रज्ने धातु तरीके ગ્રહણ કર્યો નથી. પરંતુ दिधुद्०५.२.८३ સૂત્રથી ક્વિબન્ત નિપાતન થયેલ પરિવ્રાટ્ શબ્દનો નિર્દેશ કરેલ છે. અને શબ્દથી ૫૨ ત્તા વિ. ધુટ્ પ્રત્યયનો સંભવ ન હોવાથી ધુટ્ પ્રત્યયાન્તનાં ઉદા. દર્શાવ્યા નથી.

संयोगस्यादौ स्कोर्लुक् २/१/८८

અ.અ.સૂ. : घुट्-पदान्ते संयोगस्यादौ स्कोः लुक् ।

અર્થ : ધુડાદિ પ્રત્યય પર છતાં તેમજ પદાન્તે સંયોગની આદિમાં રહેલાં સ્ અને ક્નો લોપ થાય છે.

સ. : **स्कोः**→स् च क् च इति स्कौ, तयोरिति ।

ઉદા. (૧) लग्नः→શરમાયો.
लज्जते स्मेति । (औलस्जेति व्रीडे-१४७०)
क्त-क्त०५.१.१७४थी क्त→लस्ज्+**त**
આ સૂત્રથી સ્નો લોપ→लज्+त
डीय-श्व्यै०४.४.६१थी इट्नो निषेध.
सूयत्याद्यो०४.२.७०थी तनो न→लज्+**न**
क्तादेशोऽ०२.१.६१थी तनो न् असत् मनातां,
च-जः०२.१.८६थी ज्नो ग्→**लग्न**
प्रथमा सि वि.→लग्नः ।

(૨) **साधुलक्**→સારી લજ્જાવાળો. साधु लज्जते इति क्विप्
क्विप् ५.१.१४८थी क्विप् वि.→साधुलस्ज्+०+सि
આ સૂત્રથી સ્નો લોપ→साधुलज्+स्
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→साधुलज्
तदन्तं०१.१.२०थी साधुलज्ने **पदसंज्ञा.**
च-जः०२.१.८६थी ज्नो ग्→साधुल**ग्**
अघोषे०१.३.५०थी ग्नो क्→साधुल**क्** ।

(૩) **मूलवृट्**→મૂળને કાપનાર.
साधनिका २.१.८७ प्रमाणे जाणवी.

(૪) **तष्टः**→છોલવું તે. (तक्षौ तनूकरणे-૫૭૧)
क्त-क्त०૫.૧.૧૭૪થી क्त→तक्ष्+**त**
આ સૂત્રથી क्નો લોપ→**तष्**+त
तवर्गस्य०૧.૩.૬૦થી त्નો ट्→**तष्ट**
પ્રથમા સિ વિ.→तष्टः ।

(૫) **काष्ठतट्**→લાકડાંનો છોલનાર. काष्ठं तक्ष्णोतीति क्विप्
क्विप् ૫.૧.૧૪૮ વિ.થી→काष्ठतक्ष्+०+सि
આ સૂત્રથી क्નો લોપ→काष्ठत**ष्**+०+स्
પૂર્વ પ્રમાણે સિનો **લોપ** અને **પદસંજ્ઞા** થતાં,
धुटस्तृतीयः ૨.૧.૭૬થી ष्નો ड्→काष्ठत**ड्**
विरामे०૧.૩.૫૧થી ड्નો ट्→काष्ठत**ट्** ।

વિશેષતા :

જિ. : આ સૂત્ર અસત્ વિધિનું હોવાથી साधुलक् વિ. પ્રયોગમાં આ સૂત્રથી થયેલ આદિ સ્કારનો લોપ અસત્ મનાય છે તો પણ पदस्य ૨.૧.૮૯થી સંયોગાન્તનો લોપ કેમ નથી કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે, આ સૂત્રમાં દર્શાવેલ આદિ સ્ અને क्નાં લોપનાં વિધાનથી જ पदस्य ૨.૧.૮૯નો બાધ થાય છે. કારણ કે જો આ રીતે અસત્ માનીને पदस्य ૨.૧.૮૯થી અન્ત્યવ્યંજનનો લોપ પણ ગ્રંથકારશ્રીને ઈષ્ટ હોય તો આ સૂત્રમાં માત્ર આદિ અવયવનો લોપ ન બતાવતાં સંપૂર્ણ સંયુક્ત સમુદાય જ લોપ દર્શાવે.

पदस्य २/१/८९

अ.अ.सू. : संयोगस्य पदस्य लुक् ।

अर्थ : પદને અંતે સંયોગ હોય તો સંયોગનાં અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે.

ઉદા. (૧) **पुमान्**→પુરુષ. પુમ્સ્+સિ
પુંસોઃ૦૧.૪.૭૩થી પુમન્સ્→**पुमन्स्**+સ્
ન્સ્મહતોઃ ૧.૪.૮૬થી દીર્ઘ→**पुमान्स्**+સ્
પૂર્વ પ્રમાણે સિનો લોપ અને **પદસંજ્ઞા** થતાં,
આ સૂત્રથી સ્નો લોપ→પુમાન્ ।

(૨) **पुंभिः**→પુરુષો વડે. પુમ્સ્+ભિસ્
નામ સિદય્૦૧.૧.૨૧થી પુમ્સ્ને **પદસંજ્ઞા.**
આ સૂત્રથી સ્નો લોપ→પુમ્+ભિસ્
તૌ મુ-મો૦૧.૩.૧૪થી અનુસ્વા૨→**पुंभिस्**
પદસંજ્ઞા વિ.પુંભિઃ ।

(૩) **महान्**→મહાન. મહત્+સિ
આ ઉદા.ની સાધનિકા ૧.૪.૭૦માંથી જાણવી.

પ્ર.ઉદા. पदस्येति किम् ? स्कन्त्त्वा→ચાલીને/શોષીને.
(स्कन्दृं गति-शोषणयोः-૩૧૯) स्कन्दनं पूर्वमिति
પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा→स्कन्द्+**त्वा**
અઘોષે૦૧.૩.૫૦થી દ્નો ત્→स्कन्त्वा
પ્રથમા સિ વિ.→स्कन्त्वा ।

★ આ સૂત્રમાં પદાન્તે રહેલાં સંયોગનાં અન્ત્યવ્યંજનનો લોપ થાય છે. જ્યારે અહીં સંયોગ પદને અંતે નથી માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

વિશેષતા :

(૧) અહીં गृहप्राद्ड्, क्षेत्रप्राद्ट् क्षेत्रं સ્થાને अद्ड् અને अद्टिं આ બે ધાતુને क्विप् પ્રત્યય લાગેલ છે. ત્યાં આ સૂત્રથી ड् અને ट्નો લોપ થશે. તેથી क्षेत्रपात्, गृहप्रात् પ્રયોગો પ્રાપ્ત થાય છે. પરંતુ કેટલાંક વ્યાકરણકારોનાં મતે પૂર્વ સૂત્રથી જ स् અને क्ની જેમ સંયોગનાં આદિ द्નો પણ લોપ મનાતો હોવાથી क्षेत्रप्राट्, गृहप्राट् વિ. પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) **આ સૂત્રમાં 'असत्परे स्यादिविधौ च'નાં અધિકારનું ફળ :**

(a) **स्यादिविधि :** पुमान् પ્રયોગમાં स्पर्द्धे ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સૌ પ્રથમ આ સૂત્રથી स्નો લોપ થાય છે. પરંતુ न्स्महतोः ૧.૪.૮૬ સૂત્રની स्यादि વિધિમાં આ સૂત્રથી થયેલ स्નો લોપ असत् મનાય છે તેથી न्स्म० ૧.૪.૮૬ સૂત્રથી દીર્ઘદિશ થાય છે.

(b) **परविधि :** पुमान् પ્રયોગમાં આ સૂત્રથી થયેલ स्નો લોપ नाम्नो०૨.૧.૯૧ સ્વરૂપ કાર્યમાં असत् મનાતાં તે સૂત્રથી न्નો લોપ થશે નહીં.

रात्सः ૨/૧/૯૦

અ.અ.સૂ. : पदस्य संयोगात् रात् सः लुक् ।

અર્થ : પદાન્તે રહેલાં સંયોગી એવા रथी પર રહેલાં स्નો લોપ થાય છે.

ઉદા. (૧) चिकीः→કરવાની ઈચ્છાવાળો. चिकीर्षतीति क्विप् क्विप् ૫.૧.૧૪૮થી→चिकीर्ष्+०+सि

આ સૂત્રનાં કાર્યમાં ણ-ષમ્૦૨.૧.૬૦થી ષ્તે સ્ સ્વરૂપે મનાતાં,
આ સૂત્રથી ષ્નો લોપ→चिकीर्+०+सि
પૂર્વ પ્રમાણે સિનો લોપ વિ.→चिकीः ।

(૨) **कटचिकीः**→સાદડી કરવાની ઈચ્છાવાળો.
कटं चिकीर्षतीति क्विप् (डुकृंग् करणे-८८८)
क्विप् ५.१.१४८ વિ.થી क्विप् વિ.→कटचिकीर्ष्+०+सि
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **स एवेति किम् ? ऊर्क्**→શક્તિમાન.
ऊर्जयतीति क्विप् (ऊर्जण् बल०-१५८२)
क्विप् ५.१.१४८ વિ.થી ऊर्ज्+०+सि
પૂર્વ પ્રમાણે સિનો લોપ વિ.→ऊर्ज्
च-जः०२.१.८६થી જ્નો ગ્→**ऊर्ग्**
विरामे०१.३.५१થી ક્→**ऊर्क्** ।

(૨) **न्यमार्ट्**→તેં સમાધાન કર્યું. (मृजौंक् शुद्धौ-१०८७)
ह्यस्तनी०३.३.८થી सिव्→नि+मृज्+**स्**
लघोरुपा०४.३.४થી ગુણ→नि+**मर्ज्**+स्
मृजोऽस्य ४.३.४२થી વૃદ્ધિ→नि+**मार्ज्**+स्
यज-सृज्०२.१.८७થી જ્નો ષ્→नि+**मार्ष्**+स्
सेः स्द्०४.३.७८થી સ્નો લોપ→नि+मार्ष्
धुटस्तृतीयः २.१.७६થી ડ્→नि+**मार्ड्**
विरामे वा १.३.५१થી ડ્નો ટ્→नि+**मार्ट्**
अड्धातो०४.४.२८થી अट् આગમ→नि+**अ**+मार्ट्
इवर्णादे०१.२.२१થી इનો य्→**न्य**मार्ट् ।

★ આ સૂત્રમાં ર્થી પર રહેલ સ્નો જ લોપ કરવાનું વિધાન છે. જ્યારે અહીં ર્થી પર ક્ અને ટ્ છે માટે તેનો લોપ થયો નથી.

नाम्नो नोऽनह्नः २/१/९१

અ.અ.સૂ. : पदान्ते नाम्नः नः लुक्, अनह्नः ।

અર્થ : પદાન્તે રહેલાં નામનાં ન્નો લોપ થાય છે. જો તે અહન્ સંબંધી ન્ ન હોય તો.

ઉદા. (૧) राजा→રાજા. राजन्+सि

પું-સ્ત્રિયો૦૧.૧.૨૯થી સિને **धुट्संज्ञा.**

નિ દીર્ઘઃ ૧.૪.૮૫થી ન્ની પૂર્વનો સ્વર દીર્ઘ→**राजान्**+સ્ પૂર્વ પ્રમાણે સિનો લોપ અને राजान्ને **पदसंज्ञा** થતાં. આ સૂત્રથી ન્નો લોપ→राजा ।

(૨) **राजपुरुषः→**રાજાનો પુરુષ. राज्ञः पुरुषः इति ।

षष्ठ्ययत्ना०૩.૧.૭૬ વિ.થી સમાસ વિ.→राजन्+ पुरुष+सि

અન્તવર્ત્તિ વિભક્તિની અપેક્ષાએ राजन्ને **पदसंज्ञा** થતાં આ સૂત્રથી ન્નો લોપ→राजपुरुषः ।

પ્ર.ઉદા. अनह्न इति किम् ? अहरेति→દિવસ જાય છે.

अहन्+सि+एति સ્થાને, अनतो૦૧.૪.૫૯થી સિનો લોપ. रोलुप्यरि ૨.૧.૭૫થી ન્નો ર્→अहरेति ।

★ આ સૂત્રમાં अहन् પદનું વર્જન છે માટે અહીં આ સૂત્રથી ન્નો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પુનઃ યાદ કરી લેવું કે, णषम०२.१.६०માં જણાવ્યા મુજબ रात्सः २.१.९० સુધીનાં સૂત્રોનું કાર્ય બન્ને વિધિમાં અસત્ થાય છે. પણ नाम्नो०२.१.९१થી नोर्म्या०२.१.९९ સુધીનું કાર્ય માત્ર સ્યાદિવિધિમાં જ અસત્ થાય છે. પરવિધિમાં નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, अह्नः ૨.૧.૭૪માં જણાવ્યાનુસારે તે સૂત્રથી થતાં न्નો રુ પરવિધિ એવા આ સૂત્રકાર્યમાં અસત્ મનાય છે. તેથી જો અહીં અહ્નનો નિષેધ ન કર્યો હોત તો આ સૂત્ર દ્વારા અહ્નનાં न्નો રુ થયા બાદ પણ લોપ થવાની આપત્તિ આવે.

(૩) આ સૂત્રમાં 'असत् स्यादिविधौ'નાં અધિકારનું ફળ :

(a) સ્યાદિવિધિ : राजा પ્રયોગમાં સ્પર્દ્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે સૌ પ્રથમ આ સૂત્રથી न्નો લોપ થાય છે. પરંતુ निदीर्घः ૧.૪.૮૫ સ્વરૂપ પૂર્વની સ્યાદિવીધિમાં न्નો લોપ અસત્ મનાતાં તે સૂત્રથી દીર્ઘત્વ થયું છે. તેમજ, राजभ्याम् પ્રયોગમાં अत आः० ૧.૪.૧થી राज+भ्याम् અવસ્થામાં અનો આ થયો નથી.

(b) પરવિધિ : राजायते→राजा इव आचरतीति ।
क्यङ०३.४.२६થી राजन्+**य**
અન્તવર્ત્તિ વિભક્તિની અપેક્ષાએ राजन्ને પદસંજ્ઞા થતાં,
આ સૂત્રથી न्નો લોપ→राज+य
તે વિ.राज+य+**अ**+**ते**
दीर्घश्च्विय०४.३.१०८થી દીર્ઘ→**राजा**यते ।

અહીં આ સૂત્રથી થયેલ न्નો લોપ પરવિધિ સ્વરૂપ ૪.૩.૧૦૮ સૂત્રનાં કાર્યમાં અસત્ ન થતાં દીર્ઘ થયેલ છે.

જિ. : વૃત્રહન્ વિ. પ્રયોગમાં ક્વિપ્ પ્રત્યયાન્ત હન્ ધાતુનાં ન્નો લોપ આ સૂત્રથી કરવામાં આવે છે. અને તે પરવિધિ સ્વરૂપ હ્રસ્વસ્ય૦ ૪.૪.૧૧૩ સૂત્રનાં વિષયમાં અસત્ મનાતો નથી તો હ્રસ્વ સ્વર અંતે હોવા છતાં પણ તે સૂત્રથી ત્ આગમ કેમ ન કર્યો ?

સમા. : અહીં ત્ આગમ પ્રકૃતિ આશ્રિત કાર્ય હોવાથી અંતરંગ કાર્ય છે અને આ સૂત્રથી થતાં ન્નો લોપ પ્રત્યયાશ્રિત કાર્ય હોવાથી બહિરંગ કાર્ય છે. તેથી **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** ૧/૨૦ ન્યાયાનુસારે ન્નો લોપ ત્ આગમ કરવા માટે અસત્ મનાય છે. માટે અંતે હ્રસ્વ સ્વર ન આવતાં ત્ આગમ થયો નથી.

नाऽऽमन्त्र्ये ૨/૧/૯૨

અ.અ.સૂ. : आमन्त्र्ये नाम्नः नः लुक् न ।

અર્થ : આમન્ત્ર્ય અર્થમાં વર્ત્તતાં નામનાં ન્નો લોપ થતો નથી.

ઉદા. **हे राजन्**→હે રાજા ! राजन्+सि
दीर्घड्याब्०૧.૪.૪૫થી સિનો લોપ→राजन्
राजन्ને **पदसंज्ञा** થતાં નામ્નો નો૦૨.૧.૯૧થી પ્રાપ્ત
ન્નાં લોપનો આ સૂત્રથી નિષેધ→राजन् !

વિશેષતા :

જિ. : હે રાજન્ ! વિ. પ્રયોગોમાં દીર્ઘડ્યાબ્૦૧.૪.૪૫થી સિનો લુક્ નિર્દિષ્ટ લોપ થતો હોવાથી સ્થાનીવત્ભાવ મનાય છે. અને અંતે રહેલ સિ કારણે राजन् વિભક્ત્યન્ત હોવાથી નામ્નો૦૨.૧.૯૧થી ન્નાં લોપની પ્રાપ્તિ જ નથી તો આ સૂત્રથી નિષેધ શા માટે કર્યો ?

સમા. : અહીં નામ સિદય્૦૧.૧.૨૧થી રાજન્ને પદસંજ્ઞા થાય છે. તેથી પદને અંતે ન્ આવતો હોવાથી નામ્નો૦૨.૧.૯૧થી ન્નાં લોપની પ્રાપ્તિ છે. માટે તેનો નિષેધ કરવા આ સૂત્રની રચના છે.

क्लीबे वा २/१/९३

અ.અ.સૂ. : आमन्त्र्ये क्लीबे नाम्नः नः लुक् वा ।

અર્થ : આમન્ત્ર્યમાં વર્ત્તતાં નપું. નામોમાં રહેલાં ન્નો લોપ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) हे दाम !/हे दामन्!→હે માળા. दामन्+सि
અહીં પૂર્વ સૂત્રથી ન્નાં લોપનો નિષેધ હતો તેની આ સૂત્રથી વિકલ્પે પ્રાપ્તિ થઈ છે.

मावर्णान्तोपान्तापञ्चमवर्गान् मतोर्मो वः २/१/९४

અ.અ.સૂ. : मावर्णान्तोपान्तापञ्चमवर्गात् नाम्नः मतोः मः वः ।

અર્થ : મ્ કે અવર્ણ અન્ત્ય કે ઉપાન્ત્યમાં હોય તથા વર્ગનાં પાંચમા સિવાયનો કોઈપણ વ્યંજન અંતે હોય તેવા નામથી પર રહેલાં મતુનાં મ્નો વ્ થાય છે.

સ. : **मावर्णान्तोपान्तापञ्चमवर्गात्→**मश्च अवर्णश्च मावर्णौ, अन्तश्च उपान्तश्च अन्तोपान्तौ, मावर्णौ अन्तोपान्तौ यस्याऽसौ मावर्णान्तोपान्तः ।

पञ्चमश्चासौ वर्गश्च इति पञ्चमवर्गः, न पञ्चमवर्गः, इति अपञ्चमवर्गम्, मावर्णान्तोपान्तश्च अपञ्चमवर्गश्च इति मावर्णान्तोपान्तापञ्चमवर्गम्, तस्मादिति ।

ઉદા. (૧) **किंवान्**→થોડી(સંપત્તિ)વાળો. किम् अस्ति यस्य स इति । तदस्यास्ति०७.२.१थी मतु→किम्+**मत्**
આ સૂત્રથી म्नो व्→किम्+**वत्**
પ્રથમા સિ વિ.૧.૪.૭૦માં દર્શાવેલ गोमान् પ્રમાણે જાણવું. અને
तौ मु-मो०१.३.१४थी म्नो अनुस्वार→**किं**वान् ।

(૨) **शमीवान्**→શમી નામની લત્તાવાળો. शमी अस्ति अस्य इति ।

(૩) **वृक्षवान्**→વૃક્ષવાળો. वृक्षाः सन्ति अस्य इति ।

(૪) **मालावान्**માળાવાળો. मालाः अस्ति अस्य इति ।

(૫) **अहर्वान्**→દિવસવાળો. अहः अस्ति अस्य इति ।

(૬) **भास्वान्**→દિવસવાળો. भासो विद्यन्ते अस्य इति ।

(૭) **मरुत्वान्**→પવનવાળો. मरुतः अस्ति अस्य इति ।

આ દરેક ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વ સૂત્રથી અનુવૃત્ત ષષ્ઠ્યન્ત 'नाम्नः' પદની **अर्थवशात् विभक्तिपरिणामः** ૧/૧૩ ન્યાયાનુસારે પંચમ્યન્ત રૂપે પરિણમે છે. તેથી 'मावर्णान्तो०' પદનું વિશેષ્ય બને છે.

(૨) અહીં સૂત્રમાં 'मावर्णान्तो०' પદ હોવા છતાં પણ મ્ વર્ણ અન્તે અને અ વર્ણ ઉપાન્ત્ય એવો અનુક્રમ લીધો નહીં કારણ કે नोर्म्यादिभ्यः ૨.૧.૯૯ સૂત્રનાં ઊર્મિ વિ. શબ્દોનું ગ્રહણ કર્યું છે. જેમાં મ્ ઉપાન્ત્યમાં જ છે. પણ અન્તે નથી. જો આ સૂત્રથી તે શબ્દોમાં પ્રાપ્તિ ન હોય તો नोर्म्यादिभ्यः ૨.૧.૯૯ સૂત્રથી નિષેધ

પણ આવશ્યક રહે નહીં. માટે અહીં અન્તે કે ઉપાન્ત્યમાં મ્ કે અ વર્ણ હોય તેવો જ અર્થ લેવો.

नाम्नि २/१/९५

અ.અ.સૂ. : नाम्नि नाम्नः मतोः मः वः ।

અર્થ : સંજ્ઞાનાં વિષયમાં મતુનાં મ્નો વ્ થાય છે.

ઉદા. (૧) अहीवती नदी→નદીનું નામ. अहयः सन्ति यस्यां सा
नद्यां०६.२.७२થી મતુ→અહિ+**मत्**
अनजिरादि०७.२.७८થી हि દીર્ઘ→**अही**+मत्
अधातुदृदितः २.४.२થી ङी→अहीमत्+**ई**
આ સૂત્રથી મ્નો વ્→अही**व**તી ।

(૨) **मुनीवती→**નદીનું નામ. मुनयो अस्ति अस्य इति ।

વિશેષતા :

જિ. : પૂર્વસૂત્રથી 'नाम्नः' એ પ્રમાણે નામ પદનો અધિકાર આવી રહ્યો છે. છતાં અહીં નામ્નિ પદ દ્વારા પુનઃ નામનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ નામ બે પ્રકારે છે. (a) અહીવતી વિ. રૂઢિથી વપરાતાં નામો. (b) અધાતુવિભક્તિ૦ ૧.૧.૨૭ સૂત્રમાં દર્શાવેલ 'નામ' સંજ્ઞક નામો.
પૂર્વ સૂત્રથી આવતાં 'नाम्नः'નાં અધિકારથી પ્રત્યાસત્તિ દ્વારા નામ સંજ્ઞક થયેલાં નામની જ પ્રાપ્તિ થાય છે. પણ તે સિવાયનાં રૂઢ અહીવતી વિ. નામોનું ગ્રહણ કરવા માટે જ નામ્નિ પદનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

चर्मण्वत्यष्ठीवच्चक्रीवत्-कक्षीवद्-रुमण्वत् २/१/९६

अ.अ.सू. : नाम्नि चर्मण्वत्यष्ठीवच्चक्रीवत्-कक्षीवत्-रुमण्वत् (निपात्यन्ते)।

अर्थ : संज्ञानां विषयमां चर्मण्वती, अष्ठीवत्, चक्रीवत्, कक्षीवत् अने रुमण्वत् नाम मतु अन्तवाळा नामो निपातन[1] कराय छे.

स. : **चर्मण्वत्यष्ठीवच्चक्रीवत्-कक्षीवत्-रुमण्वत्**→चर्मण्वती च अष्ठीवत् च चक्रीवत् च कक्षीवत् च रुमण्वत् च (प्रथमा जस्, सूत्रत्वात् लोपः)

उदा. (१) चर्मण्वती नाम नदी→नदीनुं नाम.
चर्माणि विद्यन्ते यस्यां सा इति ।
नद्यां०६.२.७२थी मतु→चर्मन्+**मत्**
पूर्व प्रमाणे ङी वि.→चर्मन्+मती
आ सूत्रथी न्नां लोपनो अभाव, न्नो ण् अने म्नो व् थयेल छे.

(२) **अष्ठीवान् जानुः**→जंघा-साथळनी संधिनुं स्थान.
अस्थीनि विद्यन्ते यस्याऽसौ इति ।
तदस्या०७.२.१थी मतु→अस्थि+**मत्**
आ सूत्रथी अस्थिनो अष्ठीअने मतुनां म्नो व्→**अष्ठीव**त्
प्रथमा सि वि.→अष्ठीवान् ।

(३) **चक्रीवान् खरः**→गधेडो.
चक्राकारं लिङ्गं विद्यते यस्याऽसौ इति ।
तदस्या०७.२.१थी मतु→चक्र+**मत्**

---

१. निपातन अर्थने जणावनार विशेष पदार्थ भाग-१ १.उ.५८मांथी जाणी लेवुं.

આ સૂત્રથી चक्रनो चक्री निपातन, मतुनां म्नो व्→ **चक्रीव**त्
प्रथमा सि वि.→चक्री**वान्** ।

(४) **कक्षीवान् ऋषिः**→ऋषिनुं नाम.
कक्ष्या विद्यते यस्याऽसौ इति ।
तदस्या०७.२.१थी मतु→कक्ष्या+**मत्**
आ सूत्रथी कक्ष्याथी कक्षी निपातन अने म्नो व् कक्षी**वत्**
प्रथमा सि वि.→कक्षीवान् ।

(५) **रुमण्वान् गिरिः**→पर्वतनुं नाम.
लवणं विद्यते यस्याऽसौ इति ।
आ सूत्रथी लवणनो रुमण्, म्नो व् निपातन→**रुमण्व**त्
प्रथमा सि वि.→रुमण्**वान्** ।

उदन्वानब्धौ च २/१/९७

अ.अ.सू. : अब्धौ च(नाम्नि) उदन्वान् (निपात्यते) ।

अर्थ : अब्धिः જલનો આધાર અર્થમાં અને સંજ્ઞાનાં વિષયમાં મતુ પ્રત્યયાન્ત उदन्वान् નિપાતન થાય છે.

ઉદા. (१) **उदन्वान् घटः**→ઘડો (જલનો આધાર).
उदकं विद्यते अस्य इति ।
तदस्या०७.२.१थी मतु→उदक+**मत्**
આ સૂત્રથી उदकनो उदन्अने म्नो व्→उदन्**वत्**
प्रथमा सि वि.→उदन्वान् ।

(२) **उदन्वान् समुद्रः**→समुद्र. उदको विद्यते अस्येति ।

(३) **उदन्वान् ऋषिः/आश्रमः**→ऋषि/आश्रमनुं नाम.
આ બન્ને ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) બીજા કેટલાંક ચન્દ્રગોમિ, દેવનન્દી, લલિત સ્વભાવ વિ. વ્યાકરણકારો આ સૂત્રથી અબ્ધિને ગ્રહણ નહીં કરીને સંજ્ઞામાત્રમાં જ ઉદન્વાન્ નિપાતન કરે છે.

(૨) યદ્યપિ અહીં 'અબ્ધૌ'નો અધિકાર શરૂ થવાથી 'નામ્નિ'નો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારથી પૂર્વે રહેલ સપ્તમ્યન્ત 'અબ્ધૌ'થી પૂર્વસૂત્રગત સજાતીય સપ્તમ્યન્ત 'નામ્નિ'નો અધિકાર ગ્રહણ કરેલ છે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ 'નામ્નિ'નો અધિકાર હવે પછીનાં સૂત્રમાં નહીં આવે.

राजन्वान् सुराज्ञि ૨/૧/૯૮

અ.અ.સૂ. : सुराज्ञि नाम्नः मतोः राजन्वान् (निपात्यते) ।

અર્થ : સારા રાજાવાળો અર્થમાં મતુ પ્રત્યયાન્ત રાજન્વાન્ શબ્દ નિપાતન થાય છે.

ઉદા. (૧) **राजन्वान् देशः**→સારા રાજાવાળો દેશ.
શોભનો રાજા યસ્મિન્ સ ઇતિ ।
તદસ્યાસ્ત્ય૦૭.૨.૧થી મતુ→રાજન્+**મત્**
નામ્નો૦૨.૧.૯૧થી થતાં ન્નાં લોપનો આ સૂત્રથી નિષેધ. **રાજન્વત્**
પ્રથમા સિ વિ.→રાજન્વાન્ ।

(૨) **राजन्वत्यः प्रजाः**→સારા રાજાવાળી પ્રજા.
શોભનો રાજા અસ્યામ્ ઇતિ ।

मतु वि. पूर्व प्रमाणे→राजन्वात्
अधातुदृ०२.४.२थी ङी→राजन्वती
प्रथमा जस् वि.→राजन्वत्यः ।

नोर्म्यादिभ्यः २/१/९९

अ.अ.सू. : ऊर्म्यादिभ्यः नामभ्यः मतोः मः वः न ।

अर्थ : ऊर्मि वि. शब्दोथी पर रहेलां मतु प्रत्ययनां म्नो व् थतो नथी.

स. : **ऊर्म्यादिभ्यः**→ऊर्मिशब्द आदिर्येषां ते इति ऊर्म्यादयः, तेभ्यः इति ।

उदा. (१) ऊर्मिमान्→समुद्र. ऊर्मयः विद्यन्ते यत्र इति ।
तदस्यास्त्य०७.२.१थी मतु→ऊर्मि+**मत्**
प्रथमा सि वि.→ऊर्मिमान् ।

(२) **दल्लिमान्**→ईन्द्र. दल्लि विद्यते अस्येति ।
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

विशेषता :

(१) आ सूत्र मावर्णान्तो०२.१.९४ अने नाम्नि २.१.९५नुं निषेध सूत्र छे.

(२) **ऊर्म्यादि गण :**

(a) ऊर्मि, दल्लि, भूमि, तिमि, कृमि, यव, क्रुञ्चा, द्राक्षा, घ्राङ्क्षा, वासा, हरित्, गरुत्, ध्वजित्, ककुद्द्→आ शब्दोथी पर रहेल मतुनां म्नां व्नी प्राप्ति मावर्णान्तो०२.१.९४ सूत्रथी होवाथी

(b) ज्योतिस्, महिष, गो, कान्ति, शिम्बी, हरि, चारु, इक्षु, बन्धु, मधु, बिन्दु, इन्दु, द्रु, वसु, अंशु, श्रु, हनु, सानु, भानु वि.→આ શબ્દોને મતુ પર છતાં નામ્નિ ૨.૧.૯૫ સૂત્રથી મ્નાં વ્ની પ્રાપ્તિ હતી.

તથા, સૂત્રમાં દર્શાવેલ 'ऊर्म्यादिभ्यः' એ પ્રમાણે બ.વ. આકૃતિગણ માટે છે. તેથી જ્યાં નિમિત્ત પ્રાપ્ત થયે છતે પણ મતુનાં મ્નો વ્ ન થયો હોય ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી.

मास-निशा-ऽसनस्य शसादौ लुग् वा २/१/१००

અ.અ.સૂ. : शसादौ स्यादौ मास-निशा-ऽसनस्य लुग् वा ।

અર્થ : शस् वि. स्यादि પ્રત્યય પર છતાં मास, निशा અને आसन નામનાં અન્ત્ય વર્ણનો વિકલ્પે લોપ થાય છે.

સ. : (૧) **मास-निशा-ऽऽसनस्य→**मासश्च निशा च आसनं च इति मासनिशासनम्, तस्येति ।

(૨) **शसादौ→**शस् आदिर्यस्याऽसौ इति शसादिः, तस्मिन्निति ।

ઉદા. (૧) **मासः/मासान्→**મહિનાઓને. मास+शस्
આ સૂત્રથી અનો લોપ→**मास्**+अस्
પદસંજ્ઞા વિ.→**मासः**
વિકલ્પે : અનો લોપ ન થાય ત્યારે, मास+शस्
આ સાધનિકા ૧.૪.૪૯ પ્રમાણે જાણવી.

(૨) **निशः/निशाः→**રાત્રિઓને. निशा+शस्

(૩) **आसनि/आसने→**આસન ઉપર. आसन+ङि
આ સૂત્રથી અનો લોપ→आसन्+इ→आसनि
વિકલ્પે : અનો લોપ ન થાય ત્યારે, आसन+**इ**
अवर्णस्ये०૧.૨.૬થી ए→**आसने** ।

વિશેષતા :

(૧) આ સૂત્રમાં સ્યાદિ સંબંધી शस् વિ. પ્રત્યયોનું ગ્રહણ થાય છે. કારણ કે તદ્ધિતનો शस् संख्यैका० ७.२.१५१ સૂત્રથી થતો હોવાથી માત્ર સંખ્યાવાચીને જ લાગે છે. **અથવા** दृन्-पुन०२.१.५९ સૂત્રમાંથી **मण्डुकप्लुतिः १/१२** ન્યાયાનુસારે સ્યાદૌનો અધિકાર આવતો હોવાથી સ્યાદિ સંબંધી જ शस् વિ. પ્રત્યયોનું ગ્રહણ થાય છે.

(૨) તેમજ, સૂત્રગત 'आदि' પદ વ્યવસ્થાવાચી હોવાથી અહીં દ્વિ.બ.વ.(शस्)થી સ.બ.વ.(सुप्) સુધીનાં સ્યાદિ પ્રત્યયોનું ગ્રહણ થાય છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે તેથી प्रियमासः/प्रियमासान् આવા પ્રયોગો સંભવી શકે છે.

दन्त-पाद-नासिका-हृदया-ऽसृग्-यूषोदक-दोर्यकृच्छकृतो दत्-पन्नस्-हृदसन्-यूषन्नुदन्-दोषन्-यकन्-शकन् वा २/१/१०१

અ.અ.સૂ. : शसादौ स्यादौ दन्त-पाद-नासिका-हृदया-ऽसृग्-यूषोदक-दोर्यकृच्छकृतः दत्-पन्नस-हृदसन्-यूषन्नुदन्-दोषन्-यकन्-शकन् वा ।

અર્થ : शस् વિ. સ્યાદિ પ્રત્યય પર છતાં दन्त, पाद, नासिका, हृदय, असृज्, यूष, उदक, दोष्, यकृत અને शकृत् શબ્દનો અનુક્રમે दत्, पत्, नस्, हृद्, असन्, यूषन्, उदन्, दोषन्, यकन् અને शकन् આદેશ વિકલ્પે થાય છે.

સ. : (૧) **दन्तपादनासिकाहृदयाऽसृग्युषोदकदोर्यकृच्छकृतः→** दन्तश्च पादश्च नासिका च हृदयं च असृग् च यूषश्च उदकं च दोश्च यकृच्च शकृच्च इति दन्तपादनासिकाहृदया ऽसृग्यूषोदकदोर्यकृच्छकृत्, तस्येति ।

(૨) **दत्पन्नस्हृदसन्यूषन्नुदन्दोषन्यकञ्शकन्→**दच्च, पद् च नस् च, हृच्च, असन् च यूषन् च उदन् च दोषन् च यकन् च शकन् च इति ।

ઉદા. (૧) **दतः/दन्तान्→**દાંતોને. दन्त+शस्
આ સૂત્રથી દન્તનો दत्→**दत्**+अस्
પદસંજ્ઞા વિ.→दतः ।
વિકલ્પે : दत् આદેશ ન થાય ત્યારે, दन्त+शस्
૧.૪.૪૯માં દર્શાવેલ ઉદા. પ્રમાણે સાધનિકા જાણવી.

(૨) **पदः/पादान्→**પગોને. पाद+शस्
આ સૂત્રથી પાદનો पद् આદેશ→**पद्**+अस्
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **नसा/नासिकया→**નાક વડે. नासिका+**टा**
આ સૂત્રથી નાસિકાનો नस्→नस्+आ+नसा ।
વિકલ્પે : नस् આદેશ ન થાય ત્યારે, नासिका+टा
टौस्येत् ૧.૪.૧૯થી ए→नासिके+आ
एदैतोऽ०૧.૨.૨૩થી अय्→नासि**कया** ।

(૪) **हृदि/हृदये→**હૃદયમાં. हृदय+ङि
આ સૂત્રથી हृद् આદેશ→**हृद्**+इ→हृदि ।
વિકલ્પે : हृद् ન થાય ત્યારે, हृदय+ङि
अवर्णस्ये०૧.૨.૬થી ए→**हृदये** ।

(૫) **अस्ना/असृजा→**લોહી વડે. असृज्+टा
આ સૂત્રથી असन्→**असन्**+आ
अनोऽस्य २.१.१०८થી अन्નાં अनो લોપ→**अस्ना** ।
વિકલ્પે : असन् ન થાય ત્યારે, असृज्+आ

(૬) **यूष्णा/यूषेण→**જૂ વડે. यूष+टा
આ સૂત્રથી यूषन् આદેશ→**यूषन्**+आ
अनोऽस्य २.१.१०८થી अनो લોપ→**यूष्ना**
र-षृवर्णान्तो०२.३.६૩થી न्નો ण्→यूष्णा ।
વિકલ્પે : यूषन् ન થાય ત્યારે, यूष+टा
टा-ङसो०१.४.५થી इन→यूष+**इन**
अवर्णस्ये०१.२.६થી ए→**यूषेन**
र-षृवर्णान्नो०२.३.६૩થી न्નો ण्→**यूषेण** ।

(૭) **उद्ना/उदकेन→**પાણી વડે. उदक+टा
આ સૂત્રથી उदकनो उदन्→**उदन्**+आ
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૮) **दोष्णा/दोषा→**ભુજા વડે. दोष्+टा
આ સૂત્રથી दोष्નો दोषन्→**दोषन्**+आ
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૯) **यक्ना/यकृता→**યકૃત્ વડે. यकृत्+टा
આ સૂત્રથી यकृत्નો यकन्→**यकन्**+टा
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૧૦) **शक्ना/शकृता→**વિષ્ટા વડે. शकृत्+टा
આ સૂત્રથી शकृत्નો शकन्→**शकन्**+टा
આગળની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રગત 'दन्त०' સ્થાની અને 'दत्' કાર્ય વચ્ચે વચન અને સંખ્યાની સમાનતા હોવાથી **यथासङ्ख्य० ૧/૧૦** ન્યાયાનુસારે તે બન્ને વચ્ચે અનુક્રમ જાણવો.

(૨) દ્વ્યાશ્રય મહાકાવ્યમાં દ્વિડસ્ના પ્રયોગ દર્શાવ્યા હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે.

य-स्वरे पादः पदणिक्यघुटि २/१/१०२

અ.અ.સૂ. : अणिक्यघुटि य-स्वरे पादः पद् ।

અર્થ : णि, क्य અને घुट् સિવાયનાં યકારાદિ તેમજ સ્વરાદિ પ્રત્યય પર છતાં પાદનો पद् આદેશ થાય છે.

સ. : (૧) **य-स्वरे→**यश्च स्वरश्च इति यस्वरम्, तस्मिन्निति ।

(૨) **अणिक्यघुटि→**णिश्च क्यन् च घुट् च इति णिक्यघुट्, न णिक्यघुट् इति अणिक्यघुट्, तस्मिन्निति ।

ઉદા. (૧) **वैयाघ्रपद्यः→**વાઘ જેવા પગવાળાનું સંતાન.
व्याघ्रवत् पादौ यस्य स इति ।
व्याघ्रपादस्य अपत्यमिति ।
पात् पादस्या०७.३.१४८थी पाद्→व्याघ्र**पाद्**
उपमानं०३.१.१०१थी સમાસ→व्याघ्र+पाद
गर्गादि०६.१.४२थी य→व्याघ्रपाद्+**य**
य्वोः०४.४.१२१थी ऐ આગમ→**वै**याघ्रपाद्+य
આ સૂત્રથી પાદનો પદ્→वैयाघ्र**पद्य**
પ્રથમા સિ વિ.→वैयाघ्रपद्यः ।

(૨) **द्विपदः पश्य**→બે પગવાળાઓને તું જો.
द्वौ पादौ येषां ते इति द्विपादः, तानिति ।
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→द्विपाद
द्वितीया शस्→द्विपाद+**शस्**
सुसंख्यात्०૭.૩.૧૫૦થી पादનો पाद्→द्वि**पाद्**+अस्
આ સૂત્રથી पाद्નો पद्→द्वि**पद्**+अस्
પદસંજ્ઞા વિ.→द्विपदः ।

(૩) **पदी कुले**→પાદ બોલવાવાળા બે કુળો.
पादमाचष्टे इति पादयतीति क्विप्
णिञ्बहुलं०૩.૪.૪૨થી णिच्→पाद+**इ**
त्रन्त्यस्वरादेः૭.૪.૪૩થી અનો લોપ→पादि
तिव् વિ.→पाद**यति** ।
હવે, पादयतीति क्विप्,
क्विप् ૫.૧.૧૪૮ વિ.થી क्विप् વિ.→पाद्+इ+**०**+औ
णेरनिटि ૪.૩.૮૩થી इનો લોપ→**पाद्**+औ
આ સૂત્રથી पाद्નો पद्→**पद्**+औ
औरी ૧.૪.૫૬થી औનો ई→पद+**ई**→पदी ।

પ્ર.ઉદા. (૧) **य-स्वर इति किम् ? द्विपाद्भ्याम्**→બે પગવાળા બેથી.
द्वौ पादौ ययोस्तौ इति द्विपादौ, ताभ्यामिति,
एकार्थं०૩.૧.૨૨ વિ.થી સમાસ વિ.→द्विपाद
सुसंख्यात्०૭.૩.૧૫૦થી पाद्→द्वि**पाद्**
तृतीया भ्याम्→द्विपाद्**भ्याम्** ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યકારાદિ-સ્વરાદિ પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં भ्याम् પ્રત્યય છે માટે આ સૂત્રથી पद् આદેશ થયો નહીં.

(२) **अणिक्यघुटीति किम् ?**

(१) **पादयति→**ऋचानो पाद બોલે છે.
पूर्व પ્રમાણે पादयतिની साधनिका જાણવી.

(२) **व्याघ्रपाद्यति→**વાઘ જેવા પગવાળાને ઈચ્છે છે.
व्याघ्रपादमिच्छतीति
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→व्याघ्रपाद्+**य**
तिव् वि.→**व्याघ्रपाद्यति** ।

(૩) **द्विपादौ→**બે પગવાળા બે.
સમાસ વિ. પૂર્વ પ્રમાણે→द्विपाद्+औ
पुं.स्त्रियोः०૧.૧.૨૯થી औને **घुट्संज्ञा.**

★ આ સૂત્રમાં णि, क्य અને घुट् પ્રત્યયનું વર્જન કર્યું છે. જ્યારે ઉપરોક્ત ત્રણ ઉદા. અનુક્રમે णिच्, क्य અને घुट् પ્રત્યયાન્ત છે માટે આ સૂત્રથી पाद्નો पद् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) **निर्दिश्यमानानां आदेशाः भवन्ति ૨/૨૧** નિયમાનુસારે, અહીં સંપૂર્ણ व्याघ्रपाद्નો पद् આદેશ ન થતાં અન્ત્ય पाद्નો જ पद् આદેશ થાય છે.

(૨) અહીં वैयाघ्रपद्यः આવા પ્રયોગ દર્શાવેલ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં જાણવી.

જિ. : पदी પ્રયોગમાં पादमाचष्टे इति पादयति આ અવસ્થામાં त्रन्त्य० ૭.૪.૪૩થી अनो લોપ થયેલ છે. પણ स्वरस्य०૭.૪.૧૧૦ પરિભાષાથી अनो લોપ સ્થાનીવત્ મનાતાં તે 'पाद' સ્વરૂપે રહે છે. જ્યારે સૂત્રમાં 'पाद्' શબ્દનું વિધાન છે. તો પ્રવૃત્તિ કેવી રીતે થશે ?

સમા. : જે પ્રત્યય પર છતાં લોપ થાય છે. તે લોપ તે જ પ્રત્યય પર છતાં સ્થાનીવત્ મનાય છે. તેથી ણિ પ્રત્યય પર છતાં થયેલ અકારનો લોપ શસ્ પ્રત્યય પર છતાં સ્થાનીવત્ ન મનાતાં આ સૂત્ર દ્વારા પદ્ આદેશ થયેલ છે.

उदच उदीच् २/१/१०३

અ.અ.સૂ. : अणिक्यघुटि य-स्वरे उदचः उदीच् ।

અર્થ : ણિ, ક્ય અને ઘુટ્ સિવાયનાં યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં उदच् નામનો उदीच् આદેશ થાય છે.

ઉદા. (૧) **उदीच्यः**→ઉત્તર દિશા સંબંધી. उदीचि साधुरिति भवे ६.३.१२३થી य→उदच्+**य**
આ સૂત્રથી उदच्નો उदीच्→**उदीच्**+य
પ્રથમા સિ વિ.→उदीच्यः ।

(૨) **उदीची**→ઉત્તર દિશા સંબંધી કુળ. उदच्+औ
આ સૂત્રથી उदच्નો उदीच्→**उदीच्**+औ
औरी १.४.५६થી ई→उदी**ची** ।

પ્ર.ઉદા. (૧) अणिक्यघुटीत्येव→

(૧) **उदयति**→'ઉત્તરદિશા સંબંધી' એમ બોલે છે.
उदञ्चमाचष्टे इति ।
णिज्बहुलं०३.४.४२થી णिच् વિ.પૂર્વ પ્રમાણે જાણી લેવું.

(૨) **उदच्यति**→ઉત્તરદિશા સંબંધી (વ્યક્તિ)ને ઈચ્છે છે.
उदञ्चमिच्छतीति । साधनिका व्याघ्रपाद्यति પ્રમાણે જાણવી.

(૩) **उदञ्चः**→ઉત્તરદિશા સંબંધીઓ. उदच्+जस्
पुं-स्त्रियोः०१.१.२९થી जस्ને **घुट्संज्ञा.**

अचः १.४.६९थी न् आगम→उदन्च्+अस्
म्नां धुड्वर्गे०१.३.३९थी न्नो ञ्→उदञ्च्+अस्
पदसंज्ञा वि.→उदञ्चः ।

★ પૂર્વ પ્રમાણે અહીં પણ સૂત્રમાં વર્જિત ણિ, क्य અને ઘુટ્ પ્રત્યયાન્ત પ્રયોગો છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

(૨) **उदच इति किम् ? नि मा भूत् ।**

उदञ्चा/उदञ्चे→ઉત્કૃષ્ટ પૂજા કરનાર વડે/માટે.

★ આ સૂત્રમાં उदच्નું ગ્રહણ હોવાથી न् આગમ ન થયો હોય એવા उदच्નાં उदीच्નું વિધાન છે. જ્યારે અહીં અર્ચાર્થક उदञ्च् હોવાથી अञ्चोऽनर्चा०४.२.४६थी અર્ચાર્થમાંથી न्नो લોપ થયો નથી. માટે આ સૂત્રથી उदीच् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં उदच्નો उदीच् આદેશ દર્શાવેલ છે. તેથી જ્યારે न् આગમવાળો उदञ्च् શબ્દ હોય ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. અર્ચા અર્થમાં રહેલ अञ्च् ધાતુનાં न्नो अञ्चोऽनर्चा० ४.२.४६ સૂત્રથી લોપ થતો નથી. માટે અર્ચાર્થક उदञ्च् શબ્દનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉભયસંબંધી પ્રયોગમાં સંભવિત જણાય છે તેથી પ્રિયોદીચી વિ. પ્રયોગો સંભવી શકે છે.

अच्च् प्राग् दीर्घश्च २/१/१०४

અ.અ.સૂ. : अणिक्यघुटि य-स्वरे अच् च प्राग् च दीर्घः ।

અર્થ : ણિ, क्य અને ઘુટ્ સિવાયનાં યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં अच् તે च् રૂપે થાય છે. અને ત્યારે પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

ઉદા. (૧) **प्राच्यः**→પૂર્વ દિશામાં થનાર. प्राचि भव इति ।
द्युप्राग०६.૩.८થી य→प्र+अच्+**य**
આ સૂત્રથી अच्નો च् અને પૂર્વનો સ્વર દીર્ઘ→**प्राच्य**
સિ વિ.→प्राच्यः ।

(૨) **दधीचा**→દહીં મેળવનાર વડે. दधि अञ्चतीति क्विप्
क्विप् ५.१.१४८ વિ.થી क्विप् વિ.→दधि+अच्+**०**+टा
આ સૂત્રથી अच्નો च् અને પૂર્વનો સ્વર દીર્ઘ→**दधी**चा

